


# મહારાજા
# ખારવેલ









પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૫૧

# મહારાજા ખારવેલ

સમ્રાટ્-સંપ્રતિ ને કુમારપાળ જેવા શાસન પ્રભાવક છતાં
અપ્રસિદ્ધ પ્રાયઃ કલિંગ ચક્રવર્તીની કીર્તિ કથા

શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧



પ્રકાશન-નિમિત્ત
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

## લેખક પરિચય

જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય **મુક્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


નામ : **મહારાજા ખારવેલ**
**Maharaja Kharvel**

નવસંસ્કરણ : વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬

સાહિત્યસેવા : ૬૦-૦૦

પૃષ્ઠ : ૧૬ + ૧૬૦

પ્રતિ : ૨૦૦૦

મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત. (મો.) 9376770777**

પ્રાપ્તિસ્થાન
(૧) જિતેન્દ્ર જ્વેલર્સ ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462
(૩) ગૂર્જર પ્રકાશન રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : 079-22144663
(૪) પ્રવચન શ્રુતતીર્થ વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929



# ઓળખ
## સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.
**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**
કારણ ? એમના હાથમાં જાદુ છે.
**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**
ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,
**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**
નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.
**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**
કોઈને જોઈને પાણી પાણી થયા નથી.
**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**
મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,
**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**
તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,
**ઇતિહાસને એમણે પ્રામાણિકતાથી રજૂ કર્યો છે,**
એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને
**દેવના દીકરા જેવા બતાવનારા કે**
એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને
**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**
એમની કલમ અલગ તરી આવે છે.
**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**
નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,
**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**
આવી અઢળક કૃતિઓથી તેઓએ
**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**
'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊછી ઉધારા ન કરીએ'
**કવિના આ શબ્દો મુજબ**
સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**
હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.
**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**
**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

## લાભાર્થી પરિવારો

### મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઈ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઈ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઈ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઈ જોગાણી - મુંબઈ
- શ્રીમતી સોનલબેન કેતનભાઈ ઝવેરી- મુંબઈ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઈ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઈ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઈ સરકાર - મુંબઈ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઈ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઈ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઈ શાહ - મુંબઈ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઈ
- શ્રીમતી મમતાબેન લલિતભાઈ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઈ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઈ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઈ પૌષધશાળાના આરાધક ભાઈઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઈ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઈ



- માતુશ્રી મંગનીબાઈ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઈ
- મનુભાઈ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઈ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઈ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઈ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઈ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઈ
- ભાઈ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઈ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઈ ગાંધી - મુંબઈ
- અ.સૌ. ઈન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઈ જે. શેઠ તથા મનોજભાઈ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઈ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઈ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઈન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઈ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રૂપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઈ-સુનંદાબેન, અશોકભાઈ-સુનીતાબેન, આશિષભાઈ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, કીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઈ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઈ
- શ્રીમાન દિનેશભાઈ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઈ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઈ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઈ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઈ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઈ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઈ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઈ

## રાજા મહામેઘવાહન ખારવેલ : સંક્ષિપ્ત પરિચય

પૂર્વ ભારતમાં મહામેઘવાહન નામનો મહાપ્રતાપી અને જૈનધર્મનો મહાપ્રભાવક રાજા થયો, તેનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે.

મહામેઘવાન રાજા ખારવેલ તે 'હિમવંત સ્થવિરાવલી'ના કથન મુજબ વિશાલા નગરીના ગણસત્તાક રાજ્યતંત્રના પ્રમુખ, પરમાર્હતોપાસક મહારાજા ચેડા (ચેટક)નો વંશજ છે. મહારાજા ચેડા અને મગધસમ્રાટ કોણિક વચ્ચે ભયંકર યુદ્ધ થતાં આખરે મહારાજા ચેડા અનશન કરી મૃત્યુ પામી સ્વર્ગે ગયા. આ વખતે મહારાજા ચેડાનો પુત્ર શોભનરાય ત્યાંથી નાસીને કલિંગ દેશમાં તે વખતના રાજા સુલોચનના આશ્રયે ગયો. કલિંગ રાજાઓ ભગવાન શ્રી પાર્શ્વનાથના ઉપાસક જૈન હતા. કલિંગનરેશ સુલોચનરાય પણ જૈન હતો. તેને સંતાનમાં પુત્ર ન હતો, માત્ર એક પુત્રી હતી. સુલોચનરાયે પોતાની કન્યા અને રાજ્ય બન્ને શોભનરાયને આપ્યા. તેના મૃત્યુ પછી શોભનરાય કલિંગાધિપતિ બન્યો; અને તેનો વીર સં. ૧૮માં કનકપુરમાં રાજ્યાભિષેક થયો. શોભનરાય પણ પિતાની જેમ પરમ જૈનધર્મી હતો, તે કલિંગદેશમાં આવેલ શત્રુંજયાવતાર રૂપ કુમારગિરિ અને ઉજ્જયંતાવતાર રૂપ કુમારીગિરિ તીર્થ ઉપર યાત્રા કરવા ગયો. અહીં રાજા શ્રેણિકના સમકાલીન રાજા સુલોચનરાયે ધ્યાનાદિ કરવા માટે પાંચ ગુફાઓ બનાવી હતી, તેમજ શ્રી સુધર્માસ્વામીના હાથે સુવર્ણની શ્રી ઋષભદેવ પ્રભુજીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. એટલે આ સ્થાન તીર્થરૂપ તો હતું જ, તેમાં શોભનરાયે આ તીર્થનો મહિમા વધારી ખૂબ પ્રચાર કર્યો.

શોભનરાયની પાંચમી પેઢીએ વીર સં. ૧૪૯માં કલિંગની ગાદીએ ચંડરાય આવ્યો. તેના સમયમાં મગધના નંદવંશના આઠમાં રાજા મહાનંદે અહીં કલિંગ ઉપર ચડાઈ કરી હતી, જે યુદ્ધમાં કલિંગની ખૂબ જ ખુવારી થઈ દેશ પાયમાલ થયો, કિંતુ એની આઝાદીની તમન્ના ઊભી રહી. નંદરાજા ગુસ્સામાં કુમારગિરિ ઉપરના મંદિરને તોડીને ઋષભદેવની સુવર્ણમૂર્તિને પટણા (પાટલીપુત્ર) લઈ ગયો.

આ પછી વીર સં. ૨૨૭માં શોભનરાયની આઠમી પેઢીએ ક્ષેમરાજ કલિંગનો રાજા બન્યો. આ ક્ષેમરાજ પટણાની સત્તાને ફગાવી સ્વતંત્ર થયો હતો એટલે મગધસમ્રાટ અશોકે કલિંગ ઉપર પુનઃ ચઢાઈ કરી. કલિંગની સેનાએ

પણ ખૂબ જોરથી તેનો સામનો કર્યો અને તેને પરાજયની સ્થિતિમાં લાવી મૂક્યો. પછી તો અશોકે પણ ઝનૂનમાં આવી મગધની આખી સેના કલિંગમાં ઉતારી, ખૂબ જુલમ ગુજારી, કલિંગરાજને હરાવ્યો અને કલિંગની સંપત્તિ લૂંટી લીધી. આ ઘટના વીર સં. ૨૩૯માં બની. અશોકે કલિંગરાજને હરાવ્યા પછી અહીં મૌર્ય સંવત ચલાવ્યો. ભારતીય ઇતિહાસકારો અને બૌદ્ધ ગ્રંથો સુદ્ધાં લખે છે કે અશોકના હાથે આ જ છેલ્લો મહાભયંકર માનવસંહાર થયો હતો. અહીંના વીરતાભર્યા બલિદાનો અને કરુણ દૃશ્યો જોઇને આખરે અશોકનું હૃદય દ્રવી ઊઠ્યું. એટલે તેણે બહાદુર કલિંગને સ્વતંત્રતા આપી અને પોતે રાજ્ય-લોલુપતાથી થતાં આવાં યુદ્ધો પણ બંધ કર્યાં.

ક્ષેમરાજનો પુત્ર વુડ્ઢરાજ વીર સં. ૨૭૫માં કલિંગની ગાદીએ આવ્યો. આ વખતે કલિંગમાં શાંતિ હતી. કલિંગના તીર્થરૂપ કુમારગિરિ અને કુમારીગિરિ ઉપર જૈન શ્રમણ-નિર્ગ્રન્થો અને શ્રમણીઓ અને સાધકો માટે ૧૧ ગુફાઓ તૈયાર કરાવી તે તીર્થોને પુનઃ સતેજ કર્યાં. વીર સં. ૩૦૦માં તેનો પુત્ર 'ભિક્ખુરાય' કલિંગનો રાજા બન્યો. તે પણ પોતાના પૂર્વજોની જેમ પરમ જૈનધર્મી અને મહાપ્રતાપી થયો. એનાં ત્રણ નામો પ્રસિદ્ધ છે.

૧. **ભિક્ખુરાય** : જૈન નિર્ગ્રન્થ ભિક્ષુઓ-શ્રમણોનો પરમ ભક્ત હોવાથી તે ભિક્ખુરાય કહેવાતો હતો.

૨. **મહામેઘવાહન** : એને એના પૂર્વજોથી ચાલ્યા આવતા મહામેઘ જેવા હાથીનું વાહન હોવાથી તે મેઘવાહન કહેવાતો. તેણે કુમારગિરિની એક ગુફામાં હાથી કોતરાવેલ, તે ગુફા આજે **હાથીગુફા** તરીકે પ્રસિદ્ધ છે.

૩. **ખારવેલાધિપતિ** : એની રાજધાની સમુદ્રને કિનારે હોવાથી તેમજ એની રાજ્યની મર્યાદા-સીમા સમુદ્ર સુધી હોવાથી તે ખારવેલાધિપતિ કહેવાતો હતો.

આ ભિક્ખુરાય ખારવેલે મગધના રાજા પુષ્યમિત્રને હરાવ્યો હતો, પાટલીપુત્રની પાસે ગંગામાં પોતાના હાથીઓને સ્નાન કરાવ્યું હતું, મગધના રાજાઓ અવારનવાર કલિંગને લૂંટીને જે સંપત્તિ લઈ ગયા હતા, તે પાછી મેળવી હતી. તેમજ આઠમા નંદરાજા શ્રી ઋષભદેવની જે સુવર્ણની મૂર્તિને લઈ ગયા હતા, તે મૂર્તિને પાટલીપુત્રમાંથી કલિંગ લઈ જઈ કુમારગિરિ પર્વત ઉપર શ્રેણિક રાજાએ બંધાવેલા મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી, તેમાં તેના મૂળ સ્થાને ભારે મહોત્સવપૂર્વક સ્થાપી હતી અને પૂ.આ.શ્રી સુસ્થિતસૂરિજી અને

પૂ.આ.શ્રી સુપ્રતિબદ્ધસૂરિજીની નિશ્રામાં જ પ્રતિષ્ઠા થઈ હતી. ભિકખુરાયે કુમારગિરિ પર નવી ગુફાઓ બનાવી, તેમાં વિશાળ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી, શ્રમણસંઘને આમંત્રી મોટું શ્રમણ-સંમેલન કરાવ્યું, જેમાં બીજી આગમવાચના કરાવી જિનાગમોને વ્યવસ્થિત કરાવ્યાં. આ ઘટનાઓથી તે વખતે કુમારગિરિ મહાન તીર્થરૂપ બન્યું હતું. ભિક્ખુરાય જૈન શાસનની મહાન પ્રભાવના કરી વીર સં. ૩૩૦માં સ્વર્ગવાસ પામ્યો. એનો પુત્ર વક્રરાય કલિંગનો રાજા બન્યો. તે જૈનધર્મની પ્રભાવના કરી વીર સં. ૩૬૨માં સ્વર્ગે ગયો. તેના પછી વિદુહરાય કલિંગનો રાજા થયો. તે પણ જૈનધર્મનો મહાન ઉપાસક થયો છે. એનું વીર સં. ૩૯૫માં સ્વર્ગગમન થયું.

**('હિમવંત સ્થવિરાવલી' પૃ. ૫ થી ૮)**

મહામેઘવાહન રાજા ખારવેલનો એક લેખ ઈ.સ. પૂર્વે બીજા સૈકાનો ઓરિસામાં ખંડગિરિ પરની હાથીગુફામાં ઉત્કીર્ણ વિદ્યમાન છે, જે ભારતીય પુરાતત્ત્વ વિભાગમાં ઐતિહાસિક ઘટનાઓ અને જીવનચરિત્રનું વર્ણન આપનાર સૌથી વધારે પ્રાચીન અને મોટો શિલાલેખ છે. આ લેખ ઉપરથી જાણી શકાય છે કે મહામેઘવાહન રાજા ખારવેલ 'કલિંગ ચક્રવર્તી' તરીકે મનાયો છે. આ રાજાએ આંધ્ર, મહારાષ્ટ્ર અને વિદર્ભ દેશને કલિંગની છત્રછાયામાં આણ્યા હતા. આ રાજાનો પ્રતાપ તેના રાજ્યકાળના બીજા વર્ષમાં જ મહી નદીથી કૃષ્ણા સુધી પ્રસર્યો હતો. પછી તો એની વિજયપતાકા ભારતવર્ષમાં ઉત્તરાપથથી માંડી પાંડ્ય દેશ સુધી ફરકતી થઈ હતી. ખારવેલે મગધ ઉપર ચઢાઈ કરી. શ્રી ઋષભદેવની પ્રતિમા કે જે 'કલિંગજિન' તરીકે વિખ્યાત હતી, તેને પાછી કલિંગમાં લાવી કુમારગિરિ પર મંદિરમાં પધરાવી હતી. કલિંગની રાણીએ જૈન સાધુઓ માટે વિહાર બંધાવ્યા હતા, શ્રમણોને વસ્ત્રો વહોરાવ્યાં હતાં. રાજાએ આગમોનો સંગ્રહ કરાવ્યો હતો વગેરે.

**(જૈનપ્રાચીનલેખસંગ્રહ, ભા. ૧ જૈન સાહિત્ય સંશોધક, વર્ષ ૩, અં. ૪)**

શ્રીયુત જાયસ્વાલ આ લેખની સમીક્ષા કરતાં ઊમેરે છે કે, "આ પરથી જણાય છે કે, ઇ. સ. પૂર્વે ૪૫૮, વિ. સં. પૂર્વે ૪૦૦ વર્ષે ઉડીસામાં જૈનધર્મનો એટલો પ્રચાર હતો કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૭૫ વર્ષમાં જ ત્યાં મૂર્તિઓ પ્રચલિત થઈ ગઈ હતી." જૈનસૂત્રોમાં લખ્યું છે કે, ભગવાન શ્રી મહાવીર પોતે ઉડીસામાં ગયા હતા અને ત્યાં તેમના પિતાના એક મિત્ર રાજ્ય કરતા હતા. આ ખંડગિરિના લેખમાં લખ્યું છે કે કુમારી પર્વત અર્થાત્ ખંડગિરિ

ઉપર જ્યાં આ લેખ છે ત્યાં ધર્મવિજયચક્ર પ્રવર્ત્યું હતું, અર્થાત્ ભગવાન મહાવીરે-પોતે જ અહીં જૈનધર્મનો ઉપદેશ કર્યો હતો, અથવા તેઓના પૂર્વવર્તી કોઈ જિન-તીર્થંકરે ઉપદેશ કર્યો હતો. ત્યાં પર્વત ઉપર એક કાયનિષદી અર્થાત્ જૈનસ્તૂપ હતો, જેમાં કોઈ અરિહંતનાં અસ્થિ પ્રતિષ્ઠિત કરવામાં આવેલ હતાં. ખારવેલની કે એના પહેલાના વખતની એવી અનેક ગુફાઓ અને મંદિરો આ પર્વત ઉપર છે, જેના ઉપર પાર્શ્વનાથના ચિહ્નો તેમજ પાદુકાઓ છે, જે કોરી કાઢેલાં છે, અને બ્રાહ્મી લિપિના લેખવાળા છે. તેમાં 'જૈન સાધુઓ રહેતા હતા' એ વાતનો ઉલ્લેખ છે. આ ઉપરથી એ સ્પષ્ટ છે કે આ સ્થાન એક જૈનતીર્થ છે તેમજ ઘણું પ્રાચીન છે.

('જૈન સાહિત્ય સંશોધક' ખંડ ત્રીજો, અંક ચોથો, પૃ. ૯૬)

આથી સ્પષ્ટ છે કે કલિંગદેશ જૈનધર્મની પ્રાચીન કેન્દ્રભૂમિ છે.[૧] આવી રીતે આ પ્રતાપી અને મહાન શાસનપ્રભાવક જૈનધર્મી મહારાજા ખારવેલ ઈ.સ. પૂર્વે બસોમાં કલિંગ દેશમાં થઈ ગયો છે. આ સમય સુધી કલિંગમાં જૈનધર્મનું પ્રાબલ્ય હતું.

---

૧. શ્રીનિર્મળકુમાર બસુ લખે છે કે, ભુવનેશ્વરનું સ્થાપત્ય એક અને અજોડ છે. આપણે અહીંના પ્રાચીન ઈતિહાસથી ઘણા અજ્ઞાત છીએ. ભુવનેશ્વરના લિંગરાજ મંદિરથી અગ્નિખૂણે પાંચ માઈલ પર ધવલી પહાડ છે, ત્યાં અશોકનો શિલાલેખ છે. બીજી દિશામાં પાંચેક માઈલ પર ખંડગિરિ અને ઉદયગિરિ છે, ત્યાં સમ્રાટ ખારવેલના શિલાલેખો છે. ઐતિહાસિક દૃષ્ટિએ ભાસ્કરેશ્વરનું મંદિર વધારે કીમતી છે. ભાસ્કરેશ્વરનું મંદિર પ્રાચીન કાળે અશોકનો સ્તૂપ હશે, એમ નક્કી મનાય છે. ત્યાંથી મળેલ મૂર્તિઓનું શિલ્પ બરાબર ઉદયગિરિની રાણીગુફાને મળતું આવે છે. મંદિરની ઉત્તરમાં ગિરિગુફાઓ છે. ત્યાં બે જૈનમૂર્તિઓ જોવામાં આવી. અહીં ઘણી પ્રાચીન વસ્તુઓ ભૂગર્ભમાં ધૂળમાં દટાયેલ છે. વિશેષ પ્રયત્ન કરવામાં આવે તો અહીંથી ઘણાં સત્યો પ્રકટ થશે. ભુવનેશ્વરનું સ્થાપત્ય નવમીથી બીજી સદીના મધ્યનું છે.

ભુવનેશ્વરનું તીર્થ એ અસલી શૈવતીર્થ નથી. આપણે જાણીએ છીએ કે સમ્રાટ ખારવેલે અહીં જૈન મંદિરો વગેરે બનાવ્યાં હતાં. શંકરાચાર્યના અનુયાયીઓએ ધર્મ આક્રમણ કર્યું ત્યારે જગન્નાથપુરી વગેરે જૈનતીર્થો જ શૈવતીર્થો બન્યા છે, તેવું જ અહીં પણ બન્યું છે. એટલે કે ભાસ્કરેશ્વર એ પ્રાચીન જૈનમંદિર છે. જો કે લેખક અહીં બૌદ્ધ વસ્તુ હોવાનું જણાવે છે, તે માત્ર જૈન સ્થાપત્ય અને જૈન ઈતિહાસનું જ્ઞાન ન હોવાના કારણે હોય એમ લાગે છે. આ સ્થાનમાં બૌદ્ધો કરતાં જૈનોને વધારે લાગેવળગે છે, એ વાત તો ત્યાંની હાથીગુફાના લેખો જ પુરવાર કરી આપે છે. આથી સ્પષ્ટ છે કે, ભુવનેશ્વર, ઉદયગિરિ વગેરે વગેરે જૈનધર્મના પ્રાચીન કેન્દ્રો છે. ખારવેલે કલિંગ નગરનો ગઢ સમરાવ્યો હતો તેમ શિલાલેખમાં સૂચન છે તો તે કલિંગનગર તે આ શિશુપાલગઢ જ હોવો જોઈએ. એટલે આ ભારતવર્ષનો ૨૧૦૦ વર્ષ જૂનો કિલ્લો છે.

('પ્રજાબંધુ', તા. ૧૫-૮-૧૯૪૮, 'જૈન સત્ય પ્રકાશ', ક્રમાંક ૧૭૩)

આધાર : જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ ૧, પૃષ્ઠ ૧૭૫ થી ૧૭૯

# વિશ્વમંગલની પુસ્તક સૂચિ

## સળંગ વાર્તાઓ


૫ મૃગજળની માયા (કુમાર રણસિંહ)
૬ પળપળના પલટા (રાજર્ષિ પ્રસન્નચન્દ્ર)
૧૧ વેર અને વાત્સલ્ય (પ્રભુપાર્શ્વ કથા)
૨૧ યુદ્ધ વિરામ (ચાર પ્રત્યેક બુદ્ધ)
૨૪ ફૂલ નાનું શૂલ મોટી (કામગજેન્દ્ર)
૩૦ પગલે પગલે પુણ્ય પ્રભાવ હરિબળ
૩૩ દંડનાયક મહામંત્રી વિમલ
૩૭ ભોગે શૂરા ત્યાગે શૂરા (ધન્ના-શાલિભદ્ર)
૩૮ મૈત્રીના મૂલ અમૂલ (ચિત્રસેન-પદ્માવતી)
૩૯ ભાગ્યચક્ર (વીરભદ્ર)
૪૦ પુણ્યે જય પાપે ક્ષય (લલિતાંગકુમાર)
૪૧ લેખ મીટે નહિ મેખ લગાયો (અમરદત્ત-મિત્રાનંદ)
૪૨ હસતાં તે બાધ્યાં કર્મ (મંગલકળશ)
૪૪ સુકૃતસાગર (પેથડશાહ)
૫૦ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી
૫૧ નળ દમયંતી
૭૪ સુખ દુ:ખની ઘટમાળ (તરંગવતી)
૮૧ સૌભાગ્યનો સૂર્ય (કયવન્ના શેઠ)
૮૨ મહાસતી મૃગાવતી
૮૭ ૨૪ તીર્થંકર
૮૮ મહારાજા ખારવેલ
૮૯ ઈર્ષાના ઈંધણ (ચંદરાજા)
૯૦ ભગવાન શ્રી શાંતિનાથ
૯૬ મંત્રીશ્વર વિમલ
૯૭ અમર ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી
● ૧૦૧ મનનાં મોડ અજોડ (પ્રસન્નચંદ્ર)
૧૨૬ જળ ઝાંઝવાનાં અને ઝરણાનાં
● ૧૨૭ પાટલિપુત્રની ઐતિહાસિક પ્રદક્ષિણા
● ૧૨૮ भगवान महावीर : जीवनयात्रा
૧૨૯ महामंत्र महिमा
● ૧૩૦ श्री हरिभद्रसूरि
● ૧૩૭ अमर उपाध्यायजी
● ૧૪૦ શંખેશ્વર તીર્થ : અતીતથી આજ
● ૧૪૨ शंखेश्वर तीर्थ : अतीत से आज


## જૈન કથાઓ


૧ કલિકાલ સર્વજ્ઞ અને કુમારપાળ
૨ અંધારે અજવાળાં
૩ કમળની કેદ
૧૩ પ્રકાશ પ્રતિ પ્રયાણ
૧૪ તૂટ્યા તાર ગુંજે ગીત
૧૫ ફૂલ અને ફોરમ
૨૨ મધુબિંદુની માયા
૨૩ દાસ : દેવાધિદેવના
૨૮ સંસ્કૃતિના સાદે
૩૧ ફૂલડાં ફોરમ ભર્યાં
૩૨ ધૂપ સુગંધ
૩૪ શૌર્યની શાહીથી
૩૫ શૌર્યનું શિલ્પ
૪૫ ગિરનારના ગીત ગાયકો
૪૭ શંખેશ્વરના શરણે
૪૮ ગરવી ગાથા ગિરનારની
૫૪ રક્ષણહાર એક નવકાર
૬૦ અમર યાત્રિકો
૬૧ ઈતિહાસની સુવાસ
૬૫ આંખો ખોલી આગમે
૬૭ અંતરની અમીરી
૭૨ શ્રી મહાવીર પ્રભુના દશ મહાશ્રાવકો
૭૮ ધર્મધ્વજના ધારકો
૭૯ સંઘર્ષમાં હર્ષ
૮૦ જીવદયા કાજે જંગ
૯૩ દિલના દરિયે ભાવનાની ભરતી
● ૧૧૧ તેજસ્વી તારલા
● ૧૩૧ તેજોવલય
● ૧૩૭ ગરવી ગાથા ગિરિરાજની
● ૧૩૯ ઝળકતી ઝિંદાદિલી
● ૧૪૨ મહિમા : મંત્રાધિરાજનો


## સચિત્ર બાળવાર્તા


૨૬ વાદળી કાળી કોર રૂપાળી
૨૯ વરસે વાદળ ઝબૂકે વીજ

● ૧૧૨ ભગવાન શ્રી પાર્શ્વનાથ
● ૧૨૨ બુદ્ધિના ખેલ


### શ્રી રામચન્દ્રાચાર્યના જીવન પ્રસંગો


૪૬ ધ્રુવધામ એકરામ
૪૯ જ્યોતિર્ધામ રામનામ
● ૮૩ રામને પ્રણામ (સચિત્ર)


### સુભાષિત-ચિંતન


૮ કલ્યાણ યાત્રા
૧૪ કલ્યાણ મંત્ર
૨૫ કલ્યાણનો કુંભ
૨૭ કલ્યાણ કંકોત્રી
૪૩ કલ્યાણની કેડી
૬૮ કલ્યાણના કિનારે
૮૬ કલ્યાણનું ગાન
૯૨ કલ્યાણ પ્રતિ પ્રયાણ
● ૧૧૫ કલ્યાણ જ્યોત
● ૧૧૬ કલ્યાણ ધારા
● ૧૧૭ કલ્યાણ ધ્વનિ
● ૧૧૮ કલ્યાણ સ્રોત
● ૧૩૨ કલ્યાણ સંદેશ
● ૧૩૩ કલ્યાણ કામના
● ૧૩૪ કલ્યાણ ભાવના


### સાંસ્કૃતિક વાર્તાઓ


૩ ઝેર તો પીધાં જેણે જાણી જાણી
૪ દરિયામાં એક વીરડી મીઠી
૯ સો સો સલામ સંસ્કૃતિને
૧૨ શૌર્ય અને શહાદત
૧૭ દિલ જેના દરિયાવ
૧૮ સતના ત્રાજવે
૩૬ બલિદાન બોલે છે
૫૭ કર્તવ્ય કાજે કુરબાની
૭૦ ખજાનો:ખુમારી ને ખમીરીનો
૭૩ સત્ત્વ અને સમર્પણ
૮૫ इतिहास के झरोखों से
૯૪ સંસ્કૃતિના સપૂતો
૯૯ મર્દાનગીની મહેફિલ
● ૧૦૨ જવાંમર્દી
● ૧૦૪ ઝિંદાદિલી
● ૧૧૯ માર્ગ ચીંધતી મશાલ
● ૧૨૦ માનવતાનો મહેરામણ
● ૧૨૧ આર્યત્વનાં અજવાળાં
● ૧૩૮ તાજો ઈતિહાસ તાજી સુવાસ
● ૧૪૧ અહિંસાની અમરવેલ


### પ્રેરક પ્રસંગો


૧૯ મૂંઝાતા માનવીને
૨૦ મુંઝવણમાંથી મુક્તિ
૫૨ પોઢેલા પથિકને
૫૩ આજનો બાળ કાલનો રખેવાળ
૫૮ જ્યોત જલાવીએ જૈનત્વની
૫૯ મહિમા : મિચ્છા મિ દુક્કડંનો
૬૯ રોજનીશીની રોશની
૮૪ મુનિને માર્ગદર્શન
● ૧૦૩ મન સાથે મૈત્રી
● ૧૦૫ મન સાથે મુલાકાત
● ૧૨૪ સાધના સંદેશ
● ૧૨૫ સર્વં ક્ષણિકમ્
● ૧૩૫ જૈનત્વનું જાગરણ


### સુવિચાર સંકલન


૬૩ હંસા ! ચરો મોતીનો ચારો
૬૪ સ્વાતિના મોતી
૭૧ મોતીની માળા
● ૧૦૬ જીવનની જડીબુટ્ટી
● ૧૦૭ ધ્રુવતારક
● ૧૦૮ મનન મોતી
● ૧૦૯ બોધબિંદુ
● ૧૧૦ અમૃતકુંભ
● ૧૧૪ પ્રેરણાના પુષ્પો
● ૧૨૩ જાત સાથે વાત


### પ્રકીર્ણ


૧૦ ચિંતન અને ચિનગારી
૫૫ સંસ્કૃતિનો સિંહનાદ
૬૨ પ્રસંગના રંગતરંગ
૬૬ પ્રભાવ : પર્યુષણનો
૭૬ કાવ્યોપદેશ
૭૭ 'હું'ની હારમાળા
૯૧ ઘરઘરની કથા ઘરઘરની વ્યથા
● ૯૮ મુક્તિનો મારગ મીઠો
● ૧૦૦ શબ્દાત્મક શાલિભદ્રની ૯૯ પેટી


● આ નિશાનીવાળા પુસ્તકો જ ઉપલબ્ધ છે.

# વાર્તા શૈલીનો પરિચય

"કલિંગ ચક્રવર્તી મહારાજાધિરાજ ખારવેલ" આ એક અપરિચિત-પ્રાય: નામ હોવા છતાં આનો પરિચય જાણવા-માણવા જેવો છે. આ એક ઐતિહાસિક વિરલ-વિભૂતિ છે. આ સળંગ-વાર્તાનું પ્રથમ-પ્રકરણ જ આ પરિચય સુપેરે કરાવી જાય છે. આ વાર્તા ઐતિહાસિક-ગ્રંથોના ખૂબ જ મનન-મંથન-સંશોધન બાદ લખાઈ છે. બીજા શબ્દોમાં કહીએ, તો ઐતિહાસિક-ગ્રંથોમાં વેર-વિખેર પડેલા મણકાંઓને માળા રૂપે ગુંથવાનો આમાં કષ્ટ સાધ્ય છતાં અત્યંતોપકારી પ્રયાસ થયો છે.

વિવિધ સમય-સ્થળને સ્પર્શતી આ વાર્તાની પાત્ર-સૃષ્ટિનું દર્શન કરનારો સ્વયં જ સમજી શકે એમ છે કે, આવું આલેખન કેટલું બધું કઠિન ગણાય. કોઈ એક જ ગ્રંથના આધારેય વાર્તા લખવી જ્યાં સહેલી નથી, ત્યાં અનેક ગ્રંથોને નજર સામે રાખીને ખોજની દૃષ્ટિ અપનાવવા પૂર્વક વાર્તા લખવી અને એમાં પુન: કથારસ તેમજ ઐતિહાસિકતા : આ બંનેને ટકાવી રાખવા કેટલા અઘરા હોય, એ તો કોઈ સર્જક જ સમજી શકે ! વાચક જે પ્રકરણ ૧૫ મિનિટમાં વાંચી જાય, એની પાછળ સર્જકને ઘણીવાર પાંચ કલાકની ખોજ પણ કરવી પડી હોય, એ સંભવિત છે.

❀


# કથા પરિચય

ઓરીસા પ્રદેશમાં આવેલ ભુવનેશ્વર તીર્થની નજીક અડીખમ ઉભેલી અને આજે ખંડગિરિ-ઉદયગિરિના નામે ઓળખાતી એ પહાડી પર બે હજાર વર્ષો પૂર્વે અંકિત થયેલો 'હાથી ગુફા લેખ' તરીકે પ્રસિદ્ધ એક શિલાલેખ આજે ભારત વર્ષના સૌથી પ્રાચીન અને પહેલવહેલા શિલાલેખ તરીકેનું સ્થાન-માન ધરાવે છે. આમાં મહારાજા ખારવેલના કાળની ઘણી ઘણી ઐતિહાસિક ઘટનાઓ સાલવાર અને સિલસિલાબદ્ધ અક્ષરાંકિત કરવામાં આવી છે. સંભવ છે કે આ શિલાલેખ તરફ આપણું ધ્યાન ન ગયું હોત, તો આપણે આજે પણ કલિંગ ચક્રવર્તી ખારવેલનાં નામથીય પરિચિત ન થઈ શક્યા હોત ! આજે એ નામ ઉપરાંત એ મહારાજવીના કામથીય આપણે ઠીકઠીક પરિચિત બની શકવા ભાગ્યશાળી બન્યા છીએ, એ પ્રભાવ બે હજાર વર્ષ પ્રાચીન એ શિલાલેખનો છે, તેમજ થોડા વર્ષો પૂર્વે હસ્તલિખિત જ્ઞાનભંડારમાંથી અચાનક જ મળી આવેલ 'હિમવંત સ્થવિરાવલિ' નામક ગ્રંથનો છે. આ બંનેએ મહારાજા ખારવેલના યશસ્વી-તેજસ્વી જીવન અંગે એવા એવા સંકેતો દર્શાવ્યા કે, જેથી આવા રાજવીના નામ-કામના શ્રવણથીય આપણી છાતી ગજગજ ફુલી જાય અને નખથી શિખ સુધીના આપણાં અંગે અંગ એ મહાવિભૂતિના ચરણમાં વિનયાવનત બન્યા વિના નહિ રહે !

આ પુસ્તકના પ્રત્યેક પ્રકરણના પ્રારંભે
ખંડગિરિ-ઉદયગિરિના વિવિધ દશ્યો
નિહાળવા મળશે.

# કથાક્રમ


| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૧ | પ્રવેશ અને પાર્શ્વ ભૂમિકા | ૧ |
| ૨ | તે કાળ ! તે સમય ! | ૯ |
| ૩ | નંદ વંશનો નવ રાજ્યોદય | ૧૭ |
| ૪ | શકટાલનો શિરચ્છેદ | ૨૫ |
| ૫ | પ્રભુ પરંપરાના પ્રોજ્જવળ પ્રકાશસ્થંભો | ૩૬ |
| ૬ | કલિંગ : તે કાળે તે સમયે | ૪૭ |
| ૭ | મૌર્ય સામ્રાજ્યની તેજી-મંદી | ૫૮ |
| ૮ | શ્રી ખારવેલ : ઉગતા જ મધ્યાકાશે | ૬૮ |
| ૯ | કલિંગની આમૂલ-ચૂલ કાયાપલટ | ૭૭ |
| ૧૦ | ઝનૂનનો ઝેરી નાગ, કલિંગના કરંડિયે | ૮૭ |
| ૧૧ | કાયાથી કલિંગરાજ ! ભીતરથી ભિક્ષુરાજ | ૯૬ |
| ૧૨ | દ્વાદશાંગી રક્ષક ભિક્ષુરાજ | ૧૦૬ |
| ૧૩ | મધ્યાહ્ને જ સૂર્યાસ્ત | ૧૧૬ |
| ૧૪ | અનુમાનોના ઓવારેથી અવલોકન | ૧૨૬ |
| ૧૫ | પરિશિષ્ટ-શિલાલેખનું વિવરણ | ૧૩૯ |




# ૧

# પ્રવેશ અને પાર્શ્વ-ભૂમિકા

ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ-કાળ પર ત્રણ-ત્રણ શતાબ્દીઓના વહાણા વાઈ ગયા હતાં. ભગવાનના નિર્વાણ સમયે મગધના મહારાજ્યમાં તેમજ આસપાસના પ્રદેશોમાં જિનધર્મની જે જાહોજલાલી હતી, એણે ત્રણસો વર્ષ જેટલાં આ ટૂંકા ગાળામાં જ ઠીક-ઠીક તડકી-છાંયડી જોઈ લીધી હતી. આ વર્ષોમાં મગધના સિંહાસને પણ ઘણી-ઘણી રાજ્યક્રાંતિઓ જોઈ નાંખી હતી.

પ્રભુના નિર્વાણ સમયની આસપાસ તો મગધની રાજ્યગાદી પર શિશુનાગ-વંશીય શ્રેણિક-પુત્ર અજાતશત્રુ કૌણિક અને મહારાજા

ઉદાયીનું રાજ્ય તપ્યું હતું. આ પછી નંદવંશના નવ રાજાઓ મગધ પર શાસન કરી ગયા. ત્યારબાદ મગધની સત્તા મૌર્યવંશીય રાજા ચન્દ્રગુપ્તે કબજે કરી. મૌર્યના રાજ્યમાં પણ એક દહાડો પલટો આવ્યો, મૌર્યવંશના એક રાજાના સેનાપતિ પુષ્યમિત્રે બળવો જગાવીને મગધની સત્તાના સૂત્રો સંભાળ્યા અને જૈનો તેમજ બૌદ્ધો માટે જાણે મૃત્યુઘંટ વાગ્યો.

મોર્યકાલીન મગધમાં આંતર-બાહ્ય અનેક આક્રમણો આવ્યા, પણ જૈનો અને બૌદ્ધો માટે પુષ્યમિત્ર એક ઝનૂની-કટ્ટરતા પુરવાર થઈ, પુષ્યમિત્રની પૂર્વેના કાળમાં બાર-બાર વર્ષનો દુકાળ પડી ચૂક્યો હતો, પણ તોય જૈનત્વની જાહોજલાલીના સાવ વળતા પાણી નહોતા થયા, જોકે આવા કુદરતી કોપના કારણે જૈન-શ્રમણોએ પોતાની વિહાર-દિશા જરૂર બદલી હતી, પણ એટલા માત્રથી જ જૈનત્વની જાહોજલાલીના એ મૂળિયા હાલી ઉઠે, એમ ન હતું. પણ પુષ્યમિત્રનો રાજ્ય-કાળ પ્રારંભાયો, અને જાણે જૈન-સંઘના આકાશે એક ધૂમકેતુ ઉગ્યો ! એનામાં માત્ર સ્વ-ધર્મનો સ્નેહ હોત, તો તો હજી એ સારું હતું, પણ આ સ્નેહની સાથે જૈન અને બૌદ્ધો ઉપર વિષ જેવો કડવો વિદ્વેષ પણ ભળ્યો હતો. એથી જૈનશ્રમણોને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે અન્ય દેશો અને અન્ય દિશાઓ તરફ મીટ માંડ્યા સિવાય છૂટકો જ નહોતો !

જૈન-શાસનનું ભાગ્ય ત્યારે એટલું જોર કરતું હશે કે, કલિંગ ત્યારે એક સ્વતંત્ર રાજ્ય હતું. એટલું જ નહિ, ભગવાન શ્રી મહાવીર દેવના શાસનકાળથી જ એ રાજ્ય જૈન-શાસનનાય એક અતૂટ ગઢ તરીકેની પોતાની પ્રખ્યાતિ ટકાવી શક્યું હતું. કલિંગ-રાજ્ય મગધની સરહદથી કંઈ બહુ દૂર પણ નહોતું. એથી સેનાપતિમાંથી સરમુખત્યાર બની બેઠેલા પુષ્યમિત્રના દમનનો દોર શરૂ થાય, એ પૂર્વે જ ચેતી જઈને ઘણાં શ્રમણ-શ્રમણીઓ કલિંગ દેશમાં પહોંચી ગયા અને ત્યાં કલિંગમાં તો જૈનત્વની જાહોજલાલીનો કોઈ વાળ પણ વાંકો વાળી શકે એમ નહોતું ! કારણ કે ભગવાનના નિર્વાણની ત્રણ શતાબ્દીઓ પૂરી થવા આવી. એ જ વર્ષમાં કલિંગના રાજ્ય પર મહારાજા ખારવેલનો અભિષેક થઈ ચૂક્યો હતો.

મહારાજા ખારવેલ એક જૈન રાજવી હતા. જૈનત્વના સંસ્કાર એમના હાડેહાડમાં વસેલા હતા. એમણે મગધ તરફથી આવેલા જૈન શ્રમણ-શ્રમણીઓને મોતીના અક્ષતે વધાવી લીધા. એટલું જ નહિ, આતતાયી-પુષ્યમિત્રને નાથવાનો એમણે દૃઢ સંકલ્પ પણ કર્યો. નવયુવાન એ રાજવીએ પોતાના રાજ્યાભિષેકના થોડાં જ વર્ષો બાદ જગતને એ બતાવી આપ્યું કે, અસત્ય અને અન્યાયનો ઝનૂની ઝંડો ઝાઝા સમય સુધી અણનમ નથી રહી શકતો ! ઉગતાની સાથે જ મધ્યાન્હ જેવું તેજ ધરાવતા મહારાજા ખારવેલે પોતાની તમામ તાકાત એકઠી કરીને એક દહાડો પુષ્યમિત્રની પાશવી-પકડમાંથી મગધ રાજ્યને મુક્ત કર્યું અને ત્યાં પુનઃ જૈનત્વની જાહોજલાલીનો ઝંડો લહેરતો મૂકીને પોતાનું કર્તવ્ય અદા થયાના સંતોષ સાથે એઓ ગૌરવોન્નત મસ્તકે કલિંગમાં પાછા ફર્યાં.

રાજવી ખારવેલે પોતાના જીવનમાં આ એક જ યશસ્વી જવાબદારી અદા કરી હતી, એમ નહોતું. આ પછીય એમણે આવા અનેક કર્તવ્યો પૂરા પ્રેમથી અદા કર્યાં, જેનાં કારણે એમનાં નામ-કામ ઈતિહાસનાં પાને સુવર્ણાક્ષરે અંકિત થઈને અમર બની જાય ! પણ હકીકત કોઈ જુદી જ નજરે પડે છે ! ત્યારથી આજ સુધીના ઈતિહાસમાં કોઈ સામાન્ય જૈન રાજાનીય અમરતાના ગાન જેટલાં સચવાયેલા જોવા મળે છે, એટલાં પણ ગાન આ મહામેઘવાહન કલિંગ ચક્રવર્તી શ્રી ખારવેલના જોવા મળતા નથી ! મહારાજા સંપ્રતિ કે પરમાર્હત્ કુમારપાળ જેવી વિભૂતિઓએ જૈન શાસનની જે સેવા કરી, એક અપેક્ષાએ એથીય અધિક સેવા કરીને, એ કાળે જૈન-શાસનની કીર્તિને દિગદિગંતમાં ગજાવી જનારા મહારાજા ખારવેલનાં નામ-કામને ઈતિહાસે કેમ સ્થાન નહિ આપ્યું હોય ! અથવા ઈતિહાસમાં મળેલા એ સ્થાનને ભૂંસી નાખનારા પરિબળો ક્યાં હશે ?

આ અને આવાં અનેક પ્રશ્નોનો જવાબ ઈતિહાસ પાસેથી મેળવવાનો આપણો અધિકાર અબાધિત ગણીએ, તોય આજે એનો ભોગવટો કરવાનું ભાગ્ય આપણું નથી, એટલું તો સ્વીકારવું જ રહ્યું.

કારણ કે આજના ઉપલબ્ધ ઈતિહાસ પાસે આ પ્રશ્નોના જવાબ નથી. અને જે ઈતિહાસમાં આ જવાબો અંકિત થયા હોય, એ ઈતિહાસ અપ્રસિદ્ધિની અંધાર પછેડી ઓઢીને હજી સૂતો જ હોય, એ સાવ અસંભવિત નથી ! છતાં આ યુગનું એટલું તો ભાગ્ય ગણવું જ જોઈએ કે, મોડે મોડે પણ બે હજાર વર્ષ કરતાંય પ્રાચીન એક શિલાલેખને થોડા વર્ષો પૂર્વે વાચા ફૂટી નીકળી અને મહારાજા ખારવેલનાં નામથી આપણે પરિચિત બની શક્યાં.

પુરાતત્ત્વ અને પ્રાચીનતાના પૂજારીઓ માટે પણ સામાન્ય રીતે જ પરિચિત મહારાજા ખારવેલનું નામ આ શિલાલેખ પર થયેલી શોધખોળ પછી સવિશેષ પરિચિત બન્યું અને આમ, ખારવેલની કીર્તિના દબાયેલા એ સપ્તરંગી સૂરોમાં પાછા પ્રાણ પૂરાયા !

ઓરીસા પ્રદેશમાં આવેલ ભુવનેશ્વર તીર્થની નજીક અડીખમ ઉભેલી અને આજે ખંડગિરિ-ઉદયગિરિના નામે ઓળખાતી એ પહાડી પર બે હજાર વર્ષો પૂર્વે અંકિત થયેલો 'હાથી ગુફા લેખ' તરીકે પ્રસિદ્ધ એ શિલાલેખ આજે ભારત વર્ષના સૌથી પ્રાચીન અને પહેલવહેલા શિલાલેખ તરીકેનું સ્થાન-માન ધરાવે છે. આમાં મહારાજા ખારવેલના કાળની ઘણી ઘણી ઐતિહાસિક ઘટનાઓ સાલવાર અને સિલસિલાબદ્ધ અક્ષરાંકિત કરવામાં આવી છે. સંભવ છે કે આ શિલાલેખ તરફ આપણું ધ્યાન ન ગયું હોત, તો આપણે આજે પણ કલિંગ-ચક્રવર્તી ખારવેલના નામથીય પરિચિત ન થઈ શક્યા હોત ! આજે એ નામ ઉપરાંત એ મહારાજવીનાં કામથીય આપણે ઠીક-ઠીક પરિચિત બની શકવા ભાગ્યશાળી બન્યા છીએ. એ પ્રભાવ બે હજાર વર્ષ પ્રાચીન એ શિલાલેખનો છે, તેમજ થોડાં વર્ષો પૂર્વે હસ્તલિખિત જ્ઞાન ભંડારમાંથી અચાનક જ મળી આવેલ 'હિમવંત સ્થવિરાવલિ' નામક ગ્રંથનો છે. આ બંનેએ મહારાજા ખારવેલના યશસ્વી તેજસ્વી જીવન અંગે એવા એવા સંકેતો દર્શાવ્યા કે, જેથી આવા રાજવીના નામ-કામના શ્રવણથીય આપણી છાતી ગજગજ ફુલી જાય અને નખથી શિખ સુધીના આપણાં

અંગેઅંગ એ મહાનતાના ચરણ સમક્ષ વિનયાવનત બન્યા વિના ન જ રહે !

લગભગ ત્રીસેક વર્ષ જેટલા ટૂંકા રાજ્ય-કાળ દરમિયાન સૂર્યોદયે જ મધ્યાન્હનો મહિમા પામનારા મહારાજા ખારવેલ જે યશસ્વી કાર્યો કરી ગયા, એની ઝાંખી મેળવીએ, તોય એમ થઈ જાય કે, આવા જૈનયુગ-પ્રવર્તક મહારાજા ખારવેલ જો પાક્યા ન હોત, તો આજે મગધ-દેશના જૈન-ઇતિહાસમાં ગૌરવ પૂર્વક યાદ કરી શકાય, એવા ઉલ્લેખોનું અસ્તિત્વ જ ન હોત ! ૩૦થી ૪૦ આસપાસની સાવ નાની ગણાય, એવી કાળ-મર્યાદામાં મહારાજા ખારવેલે પોતાની સમક્ષ ઉપસ્થિત થયેલાં અનેક-પ્રશ્નોને વીરતા અને વફાદારીપૂર્વક ઉકેલીને જે ઇતિહાસ સર્જ્યો, એનું વિહંગાવલોકન કંઈક આવું છે :

ઇતિહાસ-વિખ્યાત મગધ-સમ્રાટ અશોકે કલિંગની સ્વતંત્રતા પર તરાપ મારીને, ત્યાં મૌર્ય-શાસનનો ધ્વજ લહેરતો કરવા, અસંખ્ય-માનવોને યુદ્ધની વેદી પર વધેર્યા હતા અને અંતે સર્વનાશ વેરીને કલિંગને પરાધીન બનાવ્યો હતો. આ 'કલિંગ-જંગ' પછી કલિંગની જનતામાં ઘર કરી ગયેલી હતાશા-નિરાશાની રાખ નીચે ઢંકાઈ ગયેલા આઝાદીના અરમાનોના અંગારાઓને ફરી તેજસ્વી બનાવવાની મુખ્ય જવાબદારી રાજા ખારવેલને અદા કરવાની હતી. આ પૂર્વે નંદવંશના આઠમાં રાજા મહાનંદે કલિંગ પર વિજય મેળવ્યા બાદ, કલિંગમાંથી એક સુવર્ણ પ્રતિમાનું પણ અપહરણ કર્યું હતું. કલિંગ જિન તરીકે ઓળખાતી એ પ્રતિમાના અપહરણથી કલિંગના કપાળે જે કલંક લાગ્યું હતું, એને ભૂંસવાનું કાર્ય પણ ખારવેલની સામે જ ઊભું હતું અને ખારવેલે આ જવાબદારીઓ રાજ્યપ્રાપ્તિ પછીના થોડા જ વર્ષોમાં જવાંમર્દીપૂર્વક અદા કરીને લૂંટાયેલી એ આબરૂને પાછી વાળી, એટલું જ નહિ, પણ કલિંગની આણ નીચે ઘણા મોટા પ્રદેશને પોતાની ભૂજાના બળે આણીને એમણે પોતાના પૂર્વજોનું નામ રોશન કર્યું.

આ મહાવિજયોમાં મહારાજા ખારવેલને મગધ પર પણ લાલ આંખ કરવી પડી ! આમાં પ્રદેશ-ભૂખ નહિ, પણ ધર્મની દાઝ નિમિત્ત બની

હતી. સેનાપતિમાંથી સરમુખત્યાર બનેલા પુષ્યમિત્રે મગધમાં જે જોહુકમી ચલાવવા માંડી અને એથી જૈનશાસનના અસ્તિત્વ સામે જે એક પડકાર ઉભો થયો, એનો સજ્જડ-જવાબ વાળવા ખારવેલ માટે ધર્મ યુદ્ધ ખેલવું અનિવાર્ય બન્યું અને એ એમણે ખરેખરી ખુમારીથી ખેલી બતાવ્યું.

કલિંગની પાટનગરી તોષાલી-કનકપુરની નજીકમાં જ કુમારગિરિ અને કુમારીગિરિ નામના બે પર્વતો શત્રુંજયાવતાર અને ઉજ્જયંતાવતાર તરીકે પ્રસિદ્ધ હતા. આની ઉપર મહારાજ શ્રેણિકે જિન-મંદિરો બંધાવ્યા હતા અને સાધકોની આરાધના માટે અનેક ગુફાઓ પણ બનાવરાવી હતી. આ બધાનો જીર્ણોદ્ધાર કોઈ જીર્ણોદ્ધારકની રાહ જોઈ રહ્યો હતો અને આ માટે એ મૂંગો-મૂંગો સાદ નાખી રહ્યો હતો, મહારાજા ખારવેલે આ સાદ ઝીલી લીધો અને આ બે સ્થાનો ફરીથી તીર્થ તરીકે કલિંગમાં વધુ વિખ્યાત બને, એવું પુનરૂદ્ધાર-કાર્ય એમણે કરાવ્યું.

દુકાળ, રાજ્યપલટાઓ આદિની અસરથી તત્કાલીન શ્રમણ સંઘ પણ મુક્ત નહોતો રહી શક્યો. આનાં કારણે આગમ-શ્રુતના સ્વાધ્યાયથી માંડીને પઠન-પાઠન-સર્જનની પ્રવૃત્તિમાંય જબરી ઓટ અને ખોટ આવી હતી. મહારાજા ખારવેલ આ પ્રશ્નનોય ઉકેલ લાવવાની શ્રુત-ભક્તિથી સભર રાજવી હતા, અને કલિંગમાં જૈન-શ્રમણોનું વિરાટ સંમેલન યોજીને એમણે પોતાની શ્રુત-ભક્તિ અદા કરી બતાવી. આ સંમેલનના પ્રતાપે અને આગમ-વાચનના પ્રભાવે ફરીથી એ શ્રુત-સરવાણી ખળખળ નાદે વહેતી થઈ ! કલિંગનો વિશાળ-પ્રદેશ જિન-ધર્મથી વધુ સુવાસિત બને, એ ભાવનાની સફળતા, આ સંમેલનનું એક સર્વભોગ્ય ફળ બની ગયું અને મહારાજા ખારવેલને એ દ્વાદશાંગી રક્ષકનું બિરૂદ આપી ગયું.

ખારવેલની સામે સમ્રાટ અશોક આદિના યુદ્ધોથી નિસ્તેજ બની ગયેલી કલિંગની ધરતીને પુનઃ શણગારીને રાષ્ટ્ર અને પ્રજા તરફની ફરજ અદા કરવાનીય મસ મોટી જવાબદારીઓ હતી અને એમણે નહેરો આદિ ખોદાવીને તેમજ કોટ-કિલ્લાના પુનરુદ્ધાર કરીને કલિંગને એક એવું અજેય રાષ્ટ્ર બનાવ્યું કે, ગમે તેવો બળિયો-દેશ પણ કલિંગની સામે આંગળી કરી શકે નહિ !

આમ, કલિંગ-રાજ્યની સત્તા હસ્તગત કર્યા પછી થોડાક જ સમયમાં મહારાજા ખારવેલ જે કંઈ કરી ગયા, એ ધર્મ, સંસ્કૃતિ કે રાષ્ટ્રની દૃષ્ટિએ પણ ઓછું ગૌરવાસ્પદ નહોતું ! એથી જ તો એમની પ્રસિદ્ધિ ત્રણ-ત્રણ નામો દ્વારા થવા પામી હતી. ખારવેલાધિપતિ, મહામેઘવાહન અને ભિક્ખુરાય તરીકે ઓળખાતા આ કલિંગ ચક્રવર્તીના જીવનની વિશેષતાઓ તરફ પણ આ ત્રણ નામો સંકેત કરી જાય એવા છે.

કલિંગ ચક્રવર્તીની રાજધાની સમુદ્રકિનારે હતી તેમજ એમના રાજ્યની સરહદો સાગર સુધી લંબાયેલી હતી, આનો નિર્દેશ ખારવેલાધિપતિ આ નામમાંથી મળે છે. કલિંગ હાથીઓનો પ્રદેશ હોવાથી આ રાજાનું પણ પોતાના પૂર્વજોની જેમ હાથી એક પ્રિય વાહન હતું. આનો સંકેત 'મહામેઘવાહન' આ નામમાંથી મળી રહે છે. તેમજ આ રાજવીએ પોતાના બાહુબળથી ભારતવ્યાપી પ્રતિષ્ઠા મેળવી હતી. છતાં ભીતરથી તો એઓ ભિક્ષુ જેવા જ હતા, આ વાતનો ખ્યાલ 'ભિક્ખુરાય' આ નામ આપી જાય છે.

ભિક્ખુરાય-ખારવેલ આ રીતે ભારત વર્ષના એક ભાગ્યવિધાતા હતા, આવા રાજવીને પોત પોતાના સંપ્રદાયની પ્રતિષ્ઠા વધારવા માટે પોત-પોતાના સંપ્રદાયના સંદેશાવાહક તરીકે ગણાવવા સૌ લલચાય, એ સહજ હોવાથી 'બૌદ્ધો' ખારવેલને 'બુદ્ધાનુયાયી' ગણાવતા રહ્યા હતા અને ઈતિહાસમાં આવી ગણના ધીમે ધીમે બદ્ધમૂલ બન્યે જતી હતી, પણ આ અસત્યનો પ્રચાર જાણે કાળ-બ્રહ્મથી પણ જોયો ન ગયો અને હાથી-ગુફાના એ શિલાલેખની પ્રસિદ્ધિ રૂપે, બે હજાર વર્ષના લાંબા ગાળા બાદ, મૌન રહેવાના મિજાજમાં મહાલતા એ કાળબ્રહ્મે જાણે બે બોલ બોલી નાખ્યા અને વર્તમાન યુગની સમક્ષ એક 'જૈન રાજવી' તરીકે મહારાજા ખારવેલ ખડા થયા ! તેમજ સૂર્યોદયે જ મધ્યાન્હનું તેજ પાથરી જનારું અને મધ્યાન્હે જ સૂર્યાસ્ત ભણી ઢળી જનારું એમનું વિરલ વ્યક્તિત્વ છતું થવા પામ્યું !

અપ્રસિદ્ધ-પ્રાયઃ ઇતિહાસને પ્રસિદ્ધિમાં લાવવા લખાતી આ વાર્તાના પ્રવેશ રૂપે અને આ કથાની પાર્શ્વભૂમિકા રૂપે થતી આટલી રજૂઆત પછી એ વાત પણ જણાવવી જરૂરી છે કે, મહારાજા ખારવેલનું ખરા સ્વરૂપમાં દર્શન મેળવવા, એમના ચરણ ચિહ્નો જ્યાં પડ્યાં છે, એ કાળસાગરના કિનારેથી પાછા હટીને ૩૦૦ વર્ષ સુધીનો ભૂતકાલીન પ્રવાસ ખેડતા-ખેડતા છેક ભગવાન શ્રી મહાવીરપ્રભુ નિર્વાણ પામ્યા, એ ઘડી-પળ સુધીની સીમાએ પહોંચવું જ રહ્યું. કારણ કે એ સમયથી અને એ સમયના રાજવીઓથી આ કલિંગ ચક્રવર્તીની કથા ઓછાવત્તા અંશે સંબંધિત રહી છે. પ્રભુના નિર્વાણ પછીના ૩૦૦ વર્ષોનો પરિચય મેળવ્યા વિના, આ ગાળામાં થયેલા રાજવીઓની ઝાંખી મેળવ્યા વિના તેમજ મગધ અને કલિંગ વચ્ચેના સ્નેહ અને સંગ્રામોની માહિતી મેળવ્યા વિના મહારાજા ખારવેલની શબ્દ-મૂર્તિને મનભર નિહાળવી અશક્ય ગણાય ! એથી આ ત્રણસો વર્ષોના કાળ-સાગરના કિનારે, ચાલો, એક લટાર મારી આવીએ અને પછી મહારાજા ખારવેલના વ્યક્તિત્વના દર્શન કરવા ઉપરાંત એમાંથી જૈનત્વને જ્વલંત બનાવવાની પ્રેરણાના પીયૂષને ખોબે ખોબે પીવાની તાકાત અને તૈયારી કેળવીએ !

•



## ૨

## તે કાળ !
## તે સમય !

મગધ અને કલિંગ અરસપરસ સુમેળ ધરાવતા વિરાટ-સામ્રાજ્ય તરીકે તત્કાલીન ભારત-વર્ષમાં ઠીક ઠીક પ્રખ્યાતિ ધરાવતા હતા. ભગવાન શ્રી મહાવીર દેવની ચરણ રજથી પાવન થઈને મગધ વધુને વધુ મહાન બન્યે જતું હતું. આ મહાનતાની અસર એક દહાડો મહારાજા શ્રેણિક ઉપર પણ થઈ અને બુદ્ધાનુયાયી મટીને એઓ જિનાનુયાયી બન્યા. થોડા વર્ષોમાં તો ભગવાનના એક અપ્રતિમ ભક્ત તરીકે એઓની નામના વિસ્તરતી ચાલી.

મગધસામ્રાજ્યને મહાન બનાવનાર રાજા શ્રેણિક ધર્મના રંગે રંગાયા, ત્યારબાદ રાજકાજની ચિંતાથી લગભગ મુક્ત થઈને

એઓ ભગવાનના ભક્ત તરીકેના જીવનની મસ્તી વધુ ને વધુ પ્રમાણમાં માણવા લાગ્યા. પ્રધાન અને પુત્ર તરીકે અભયકુમાર જેવી શક્તિ-વ્યક્તિ સેવામાં સજ્જ હતી, પછી શ્રેણિકને રાજ્યની વધુ ચિંતા કરવાની જરૂર પણ શી હતી ?

મગધના વિરાટ પ્રદેશમાં રાજવી શ્રેણિકની એક બુદ્ધિશાળી, બળશાળી અને પુણ્યશાળી સમ્રાટ તરીકેની અમિટ છાપ હતી અને એ સાચી જ હતી, કારણ કે પુણ્ય અને પુરૂષાર્થના બળે જ રાજા શ્રેણિકે મગધને એવી ઊંચી કક્ષાએ પહોંચાડ્યું હતું કે, એની ધાકથી ભલભલા ધ્રુજી ઉઠતા હતા. મગધની પાટનગરી તરીકે રાજગૃહીની રચના પણ એવી ભવ્ય કરવામાં આવી હતી કે લોકો એની શોભા જોતા જ મોંમાં આંગળા નાંખી જતા !

રાજગૃહીની ચોમેર પ્રકૃતિએ પણ મુક્ત હાથે પ્રસન્નતા વેરી હતી. વૈભારગિરિ, સુવર્ણગિરિ, ઉદયગિરિ, રત્નગિરિ અને વિપુલાચલ. આ પાંચ પહાડીઓની વચ્ચે સુરક્ષિત રાજગૃહીનાં દર્શન કરનારો ધન્ય બની જતો. રાજા શ્રેણિકે રાજગૃહીની રચના કરીને મગધની મહાનતાને ટોચે પહોંચાડી હતી, તો ભગવાન શ્રી મહાવીરદેવની ધર્મ દેશનાના ધ્વનિએ આ ધરતી પરથી ફેલાવો ધરીને જાણે મગધની એ મહાનતાને ધર્મ વાસિત બનાવી દીધી હતી ! એથી શ્રી મહાવીર પ્રભુ અને મગધ તથા રાજવી શ્રેણિક અને રાજગૃહી આ બધા વચ્ચે એવી તો અભેદ-શૃંખલા રચાઈ ગઈ હતી કે, કોઈ એકની સ્મૃતિ થતાં જ બીજાની યાદ અનાયાસે આવી જતી !

ભગવાનના ભક્ત તરીકે પંકાયેલા પચાસેક રાજાઓમાં મગધ સમ્રાટ શ્રેણિકની જેમ મહારાજા ચેટકનું નામ પણ ઠીક ઠીક પ્રસિદ્ધ હતું. ચેડાં મહારાજા તરીકે ઓળખાતા તેઓ ભગવાન શ્રી મહાવીરદેવના મામા થતા હતા, પ્રભુએ તીર્થ-સ્થાપના નહોતી કરી, ત્યાં સુધી એઓ શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય શ્રમણોના અનુયાયી હતા. લિચ્છવીઓના જુદા જુદા નવ રાજ્યોના બનેલા સંઘ રાજ્યના તેઓ ગણનાયક પણ હતા, જેની રાજધાની વૈશાલી હતી.

મગધની નજીકમાં જ આવેલા કલિંગ દેશમાં ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ વિશેષ હતો. કલિંગમાં કુમાર અને કુમારી નામના બે પર્વતો હતા. જે આ દેશના આભુષણ રૂપ ગણાતા હતા. મગધની પાસે તાકાતનો એવો ભંડાર હતો કે, એ ધારત તો આ કલિંગને મગધમાં ભેળવીને મગધ સામ્રાજ્યની કીર્તિના ચાર ચાર ચાંદ લગાડી શકત ! પણ રાજવી શ્રેણિકે કલિંગને સ્વતંત્ર સામ્રાજ્ય તરીકે જ અણનમ રહેવા દીધું, એની પાછળ અનેક કારણો હતા, એક તો કલિંગ તપોધનો અને તપોવનોનો દેશ ગણાતો હતો, કુમાર-કુમારી પર્વતના કારણે એની ગણના એક તીર્થધામમાં થતી હતી. વધારામાં કલિંગની પ્રજામાં વીરત્વના સંસ્કાર ઠાંસી-ઠાંસીને ભર્યા હતા. આવા અનેક કારણોસર કાંડામાં કૌવત હોવા છતાં મગધ સામ્રાજ્યને કલિંગ સામે આક્રમણ કરવાનો વિચાર સરખોય કર્યો ન હતો. એટલું જ નહિ, પણ મહારાજા શ્રેણિકે કલિંગની તીર્થધામ તરીકેની ખ્યાતિ વધુ સુદઢ બને, એવા કંઈ સર્જનો કલિંગમાં ઉભા કરાવવામાં ગૌરવ અનુભવ્યું હતું.

મહારાજા શ્રેણિકે શ્રી ઋષભદેવ પ્રભુની એક ભવ્ય સુવર્ણપ્રતિમાનું નિર્માણ કરીને, શ્રી સુધર્માસ્વામીજી દ્વારા એને પ્રાણ-પ્રતિષ્ઠિત કરવા પૂર્વક એની પ્રતિષ્ઠા કુમાર પર્વત પર નવનિર્મિત ભવ્ય મંદિરમાં કરી હતી. આ મંદિરના નિર્માણ પછી અને શ્રી સુધર્માસ્વામીજી દ્વારા પ્રતિષ્ઠિત આ સુવર્ણમૂર્તિની સ્થાપના બાદ કલિંગને કોઈ અજબ-ગજબનું ધર્મ-ગૌરવ પ્રાપ્ત થયું હતું. આ મંદિરના નિર્માણ ઉપરાંત રાજવી શ્રેણિકે કુમાર-કુમારી તરીકે ઓળખાતા આ પર્વતમાં અનેક ગુફાઓ કોતરાવીને એને સાધકોનું ધામ બનાવ્યો હતો. આથી તપોધનો અને તપોવનોના રમણીયધામ તરીકેની કલિંગની કીર્તિમાં ઠીક ઠીક વધારો થવા પામ્યો હતો. તેમજ મગધ-કલિંગ વચ્ચેના મૈત્રી-સંબંધોની સાંકળ વધુ મજબૂત બની હતી.

કલિંગ ત્યારે નાના-મોટા વિભાગોમાં વહેંચાયેલું હોવા છતાં એક અખંડ અને અણનમ રાજ્ય હતું. પોતાની પડખે આવેલા મગધની એને હૂંફ હતી. એથી એની સ્વતંત્રતા સામે કોઈને સમશેર ઉગામવાનો વિચાર

પણ આવી શકતો નહોતો. આજ કારણે ત્યારે કલિંગનો આશ્રય પામીને કેટલાય તપસ્વીઓ અને સાધકો કોઈ જાતની રોકટોક વિના પોતાના માર્ગે આગળ વધી શકતા હતા.

મહારાજા શ્રેણિકનું જીવન ધર્મપરાયણ હતું. છતાં જીવનનાં પાછલા વર્ષોમાં પૂર્વ ભવના કોઈ પાપ ઉદયમાં આવ્યા અને એથી સગો દીકરો કોણિક જ દુશ્મન બન્યો. એણે પિતા શ્રેણિકને જેલના સળિયા પાછળ ધકેલી દીધા. પરંતુ ધર્મનું ધાવણ પીને પુષ્ટ થયેલા મહારાજા શ્રેણિક એ જેલને જ મહેલ માણવાની સમતાના સ્વામી સાબિત થયા. એથી એક દહાડો કોણિકને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવતા જ એની આંખ ઉઘડી. એમાંથી બોર બોર જેવડાં મોટા આંસુઓ ટપકવા માંડ્યા અને એ કૌણિક ખભે કુહાડો નાખીને જેલના સળિયા તોડીનેય પિતા શ્રેણિકને જેલમુક્ત કરવા દોડ્યો. પણ વિધિના વિધાન વિચિત્ર હતા ! દીકરા કોણિકને કુહાડો લઈને આવતો જોતા જ શ્રેણિક વિચારી રહ્યા : શું આજે મારી હત્યા કરીને આ કોણિક "પિતૃ-હત્યા"ના કલંકને સગે હાથે કપાળે ચોડશે ?

આ વિચારની વીજના સંસ્પર્શે રાજવી શ્રેણિકનું પુત્ર-વાત્સલ્ય ઝણઝણાટી અનુભવી રહ્યું અને મનોસૃષ્ટિને મહાવીરમય બનાવીને, વીંટીમાં રહેલા હીરાને ચૂંસીને એમણે દેહત્યાગ કર્યો. આ બલિદાન એળે ન ગયું. રોજના સો સો હંટરો ફટકારવા છતાં જેનો પિતા પરનો દ્વેષ શમતો નહોતો, એ કોણિક પિતા-શ્રેણિકના એ નિષ્પ્રાણ દેહને પશ્ચાતાપપૂર્વક ભેટી પડ્યો. એના અંતરમાંથી વલોવાતી વાણી દ્વારા નીકળતો ક્ષમા-પ્રદાનનો ધ્વનિ પડઘા પાડી રહ્યો, પણ એ ક્ષમાધ્વનિ પ્રતિધ્વનિ મેળવી ન શક્યો. કારણ કે રાજવી શ્રેણિકના દેહ-પિંજરમાંથી આતમનો હંસલો તો એ જ વખતે ઊડી ગયો હતો. જે પળે એમણે હીરો ચૂસ્યો હતો !

પિતા-શ્રેણિકનું આ મૃત્યુ કોણિકના કાળજાને દિવસો સુધી વલોવતું રહ્યું. રાજગૃહીના મહેલો, રાજમાર્ગો અને બજારો આદિને જોતા જ

કોણિકને પિતા શ્રેણિકની યાદ વધુ સતાવતી. આથી એક દહાડો મગધની પાટનગરી તરીકેનો તાજ રાજગૃહીના મસ્તકેથી ઉતારી લઈને નવી વસાવેલી ચંપાપુરીને એ તાજથી કોણિકે મંડિત બનાવી. મગધની પાટનગરી તરીકે ત્યારથી ચંપાપુરી પ્રખ્યાત બની.

રાજા કોણિકનો રાજ્યકાળ રાજકીય દૃષ્ટિએ પણ ઘણો ભયાનક વીત્યો ગણાય. કોણિકને હલ્લ-વિહલ્લ નામે બે ભાઈઓ હતા. શ્રેણિકે એમને સેચનક નામનો હાથી અને બે દેવી કુંડળો ભેટ આપેલ. કોણિકની રાજરાણી પદ્માવતીની નજર એ કુંડળો પર ચોંટી. એણે ગમે તે ભોગે એ કુંડલો મેળવી આપવાની હઠ લઈને કોણિક દ્વારા એની માંગણી કરાવી. હલ્લ-વિહલ્લ એ કુંડળો આપવા તૈયાર ન થયા. એમને આના વિપાકની ખબર હતી. એથી એઓ પોતાના માતામહ ચેટક-મહારાજા પાસે વૈશાલી પહોંચી ગયા. ચેટક રાજા કોણિકની માતા ચેલ્લણાના પિતા થતા હતા. કોણિક આ સગપણ પણ ભુલી ગયો અને એણે માતામહ ચેટકને સણસણતો સંદેશ પાઠવ્યા કે, કાં શરણાગત હલ્લ-વિહલ્લને સમજાવીને કુંડળ અપાવો, કાં યુદ્ધ માટે મેદાનમાં આવી જાવ ! સેચતક હાથી પણ આ યુદ્ધમાં ઠીક-ઠીક નિમિતભૂત બની ગયો.

આ નજીવા નિમિત્તને મહત્વ આપી દઈને કોણિક વિદેહ ઉપર લડાઈ લઈ ગયો. વૈશાલી સામેનો આ ખૂનખાર જંગ બરાબર બાર-બાર વર્ષ સુધી એકધારો ચાલ્યો. એમાં ભયંકર માનવસંહાર બાદ હલ્લ-વિહલ્લ વિરક્ત થતા દેવો દ્વારા એમને શ્રી મહાવીર પ્રભુ સમક્ષ લઈ જવાયા, ત્યાં એમણે દીક્ષા સ્વીકારી. આ સંગ્રામમાં અસંખ્ય માનવો મરાયા. આ યુદ્ધમાં હણાયેલા એક કરોડ એંસી લાખ મનુષ્યોમાંથી એક મનુષ્ય સૌધર્મ દેવલોકમાં, એક મહાવિદેહ ક્ષેત્રમાં ગયો. દસ હજાર માનવો મત્સ્ય બન્યા. બાકીના મરીને નરક તિર્યંચ ગતિ પામ્યા. આ બધાની લાશો પર પગ મૂકીને કોણિકે વૈશાલીનો વિજય માણ્યો. આ યુદ્ધ-કાળમાં મહારાજા ચેટક ભગવાનના ભક્તને છાજે એ રીતે અનશન 'કરીને સ્વર્ગે સિધાવ્યા અને એમનો પુત્ર શોભનરાય જીવ બચાવવા કલિંગ તરફ ભાગી છુટ્યો.

મગધ સમ્રાટ કોણિકે જ્યારે ચંપાપુરીને મગધની પાટનગરી બનાવી, ત્યારે પ્રભુ શ્રી મહાવીર પરમાત્માનું નિર્વાણ થઈ ચૂક્યું હતું. કોણિકના રાજ્યકાળ દરમિયાન જૈન સંઘના નાયક તરીકે, યુગપ્રધાન શ્રી સુધર્માસ્વામીજી વિચરતા હતા. એઓ ચંપાપુરીમાં પધાર્યા, ત્યારે મગધ સમ્રાટ કોણિકે અભૂતપૂર્વ સ્વાગત યાત્રાનો લાભ લીધો હતો.

વૈશાલીના યુદ્ધમાં કોણિકે અનેક રાજાઓને જીતી લીધા હતા, એથી એની વિજિગિષા છેક "ચક્રવર્તીત્વ"નું પદ મેળવવા સુધી લંબાઈ હતી અને એથી એણે યુદ્ધયાત્રા એટલી બધી લંબાવી કે, જે સામાન્ય રાજશક્તિ માટે ગજા બહાર ગણી શકાય ! પણ આ યુદ્ધયાત્રામાં મગધનો એ સમ્રાટ કૃતમાલ-દેવના હાથે કમોતે મર્યો અને ચક્રવર્તી બનવાનું એ કોણિકનું સ્વપ્ન ધૂળમાં રગદોળાઈ ગયું.

પિતૃ-શોકને ભૂલવા જેમ કોણિકે નવી પાટનગરી વસાવી હતી, એમ કોણિકના પુત્ર ઉદાયીએ પણ પિતાનો જ રાહ અપનાવ્યો. કોણિક-પુત્ર ઉદાયી પિતાના એ મૃત્યુને સહી ન શક્યો. ચંપાપુરી પોતાને ખાવા ધાતી હોય, એમ એને લાગવા માંડ્યું. એથી એણે પાટલિપુત્ર નામની નવી પાટનગરી વસાવીને મગધના મહા-સામ્રાજ્યના સત્તાસૂત્રો સંભાળવા માંડ્યા. થોડાક જ વખતમાં એઓ પરમાર્હત મગધરાજ ઉદાયી તરીકે પ્રખ્યાત બન્યા.

પાટલિપુત્રમાં મગધરાજ ઉદાયીએ અનેક જિનમંદિરો અને ધર્મસ્થાનોનું નિર્માણ કર્યું. એઓ પોતે પણ પાકા જૈન હતા. પર્વતિથિએ પૌષધ-ઉપવાસ કરવાનું વ્રત એઓ અણનમ રીતે પાળતા. આ માટે રાજમહેલમાં જ એમણે પૌષધશાળાનું નિર્માણ કરાવેલ. જેમાં પર્વ દિવસોએ પાટલિપુત્રમાં પધારેલ આચાર્યદેવાદિ મુનિવરોની નિશ્રા મેળવીને એઓ આત્મસાધના કરતા. આ રીતે એકવાર એઓએ એક આચાર્યદેવને પૌષધશાળામાં આમંત્રીને પૌષધ કર્યો. એમાં એમની સાથે વિનયરત્ન નામના એક મુનિને પણ પ્રવેશ મળી ગયો. વિનયરત્ન ઉદાયીનો શત્રુ હતો અને ઉદાયીની હત્યા કરવાની જ તક ગોતતો હતો.

આ માટે જ એ સાધુ બન્યો હતો અને કૃત્રિમ વિનય-વિવેક દ્વારા એ આચાર્યદેવનો કૃપાપાત્ર પણ બની ગયો હતો.

સ્વાધ્યાય-ચર્ચા કરીને ઉદાયી રાજાએ સંથારો કર્યો. આચાર્યદેવ પણ સૂઈ ગયા. હવે વિનયરત્નને ખરી તક મળી ગઈ. મધરાતે એ ઉઠ્યો. ઓઘામાં છુપાવેલી છરી ખેંચી કાઢીને એણે સૂતેલા ઉદાયીના ગળા પર એ છરી ફેરવી દીધી અને વળતી જ પળે એણે પૌષધશાળાનો ત્યાગ કર્યો. હત્યાનો ભોગ બનેલા રાજાના શરીરમાંથી નીકળેલ લોહીની ધારે થોડીવાર પછી આચાર્યદેવના સંથારાને ભીંજવ્યો. એઓ સફાળા જાગી ઉઠ્યા. એમણે જોયું, તો પૌષધશાળા રક્તથી રંગાઈ ચૂકી હતી અને રાજા ઉદાયીનું મસ્તક શરીરથી અલગ થઈને પડ્યું હતું. આચાર્યદેવે આસપાસ નજર કરી, તો વિનયરત્નનો સંથારો ખાલીખમ દેખાયો ! આચાર્યદેવ પળવારમાં જ બધી પરિસ્થિતિ પામી ગયા. જૈનશાસનની નિંદામાં કે રાજહત્યાના કાવતરામાં જનતા પોતાને અને જૈન શાસનને સંડોવે નહિ, એ માટે જાતનું બલિદાન દેવું, એમને અનિવાર્ય જણાયું. એઓ ઉભા થયા, રક્તરંજિત પેલી છરીને એમણે પોતાની મુઠ્ઠીમાં ભરાવી અને જિનનું શરણ લઈને એમણે એ જ છરી પોતાના ગળા ઉપર ફેરવી દઈને એક મોટી આપત્તિમાંથી જૈન શાસનને અને જૈન સંઘને ઉગારી લેવાનું કર્તવ્ય અદા કર્યું.

રાજા ઉદાયી નિઃસંતાન હતા. એમના મૃત્યુની સાથે જ મગધ પર શિશુનાગવંશની રાજ્ય-સત્તાનોય અંત આવ્યો અને નંદ-વંશીય રાજ્યસત્તા ઉદય પામી. પ્રભુ મહાવીર પરમાત્માના નિર્વાણકાળ પર લગભગ ૬૦ વર્ષો વ્યતીત થઈ ગયા બાદ નંદવંશીય રાજ્ય સ્થાપનાનો પ્રસંગ અણધારી રીતે અને અઘટ રીતે ઘટી ગયો, એમ કહી શકાય ! કારણ કે નંદ કોઈ ઉચ્ચ-કુળમાં પેદા થયેલો નબીરો ન હતો. નાપિત કે વેશ્યા જેવી જાતિમાં એ પેદા થયો હતો, પણ પુણ્યનો એ અધૂરો ન હતો. એકવાર એને એવું સ્વપ્ન આવ્યું કે પોતે પાટલિપુત્રને પોતાનાં આંતરડાથી વીંટી દીધું ! આ વિચિત્ર સ્વપ્નનો ફલાદેશ જાણવા એ એક બ્રાહ્મણ-પંડિત પાસે ગયો. સ્વપ્નની વાત સાંભળીને એ પંડિત બધી


વાત પામી ગયો એ પંડિતે નંદને કહ્યું : તમે મારી દીકરી સાથે લગ્ન કરવા કબૂલ થાવ, તો જ આ સ્વપ્નનો ફલાદેશ હું તમને કહું.

નંદે પંડિતની વાત સ્વીકારી લીધી, એથી પંડિતે કહ્યું : નંદ ! તમે મહા ભાગ્યશાળી છો, આ સ્વપ્ન એમ સૂચવે છે કે, તમને આ પાટલિપુત્રનું રાજ્ય મળશે ! અને બન્યું પણ બરાબર આમ જ ! ફલાદેશનાં આ જાતનાં કથન બાદ થોડા જ દિવસોમાં પાટલિપુત્રના પરાક્રમી રાજા ઉદાયી વિનયરત્ન દ્વારા નિઃસંતાન મૃત્યુ પામતા, મંત્રીઓએ દિવ્ય દ્વારા નવા રાજાની ચૂંટણી કરવાનો નિર્ણય કર્યો અને હાથણીએ નંદ પર રાજ્યનો કળશ ઢોળતા મગધના આકાશે નંદવંશનો સૂર્યોદય થયો.

નંદવંશનું રાજ્ય મગધનાં સિંહાસન પર બરાબર નવ રાજાઓ સુધી ચાલ્યું. નવનંદના એ યુગ દરમિયાન મગધમાં ઘણી-ઘણી નવા-જૂનીઓ થઈ. નંદવંશની સાથોસાથ મગધને એક અત્યંત બુદ્ધિશાળી મંત્રીવંશની પણ ભેટ મળી. નંદવંશનો પ્રારંભ લગભગ શ્રી જંબૂસ્વામીજીના નિર્વાણ પૂર્વે થયો, જ્યારે આવા સુદૃઢ મંત્રીવંશનો પ્રારંભ શ્રી જંબૂસ્વામીના પટ્ટધર શ્રી પ્રભવસ્વામીજીના અસ્તિત્વ કાળ દરમિયાન થયો. આ મંત્રીવંશના આદ્યપુરૂષ તરીકે કલ્પકનું નામ આજ સુધી ઈતિહાસના પાને અમર રહી શક્યું છે.

નંદવંશના લગભગ ૧૫૦ વર્ષના રાજ્યકાળ દરમિયાન મગધ અને કલિંગને પણ અસર કરનારી સારી-નરસી અનેક ઘટનાઓ બની હોવાથી મહારાજા ખારવેલ સમક્ષ ઉપસ્થિત થયેલી અમુક પરિસ્થિતિઓનું હાર્દ સમજવા નંદવંશના રાજ્યકાળને ક્રમશઃ ટૂંકમાં જાણી લેવો અત્યંત જરૂરી હોઈ, હવે નંદવંશના નવ નંદોની સામાન્ય ઝાંખી મેળવીને પછી આગળ વધીશું.

•



3

# નંદવંશનો નવ રાજ્યોદય

ભગવાન શ્રી મહાવીર દેવના નિર્વાણ બાદ ૬૦ વર્ષ પછી મગધની ક્ષિતિજે જેના દ્વારા નંદવંશનો નવ રાજ્યોદય થયો, એ રાજવી નંદ એટલો બધો પરાક્રમી અને પુણ્યશાળી હતો કે, એની પછી મગધના સમ્રાટ બનેલા નવે નવ રાજાઓ નંદ તરીકે જ ઓળખાયા. ઓળખાણ માટે એમની આગળ પહેલો નંદ, બીજો નંદ, આમ સંખ્યાવાચક શબ્દ મૂકાતો ખરો, પણ મુખ્યત્વે એ બધા રાજાઓ નંદ તરીકે જ પ્રસિદ્ધ થયા. એમના નામો આ રીતનાં હતાં : નંદ તેમજ નંદિવર્ધન, મહાનંદી, મહાનંદ, સુમાલી, બૃહસ્પતિમિત્ર, ધનનંદ, બૃહદર્ય, સુદેવ, મહાપદ્મ. આ નવ નંદોના

દોઢ શતાબ્દી જેટલા રાજ્ય-કાળ દરમિયાન બનવા પામેલી મહત્ત્વની ઘટનાઓનું સરવૈયુ કંઈક આવું તારવી શકાય :

● મગધનું સામ્રાજ્ય ઠીક-ઠીક વિકસિત થયું. પોતાના બાહુબળે નંદોએ ઘણા-ઘણા રાજ્યોને મગધની આણ નીચે લાવી મૂક્યા.

● મંત્રીશ્વર કલ્પકના કુળમાં શ્રી શકટાલપુત્ર શ્રી સ્થૂલભદ્રજીની ત્યાગ-વિરાગની અજબ-ગજબની ઘટના ઘટી.

● કલિંગની સ્વતંત્રતા સામે સંગ્રામ જાહેર થયો અને મગધે એમાં વિજય મેળવ્યો. કલિંગજિન તરીકે પ્રખ્યાત કુમારગિરિ પરની શ્રેણિક મહારાજા દ્વારા નિર્મિત એ સુવર્ણ પ્રતિમાનું અપહરણ થયું. એને મગધમાં સ્થાપિત કરવામાં આવી.

● અંતિમ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીજી યુગપ્રધાનપદે પ્રતિષ્ઠિત થયા. મગધ બાર વર્ષના દુકાળમાં સપડાયું. પાટલિપુત્રમાં આગમ-વાચના થઈ. નેપાળમાં મહાપ્રાણધ્યાનસ્થ શ્રી ભદ્રબાહુ-સ્વામીજી પાસે જઈને શ્રી સ્થૂલભદ્રજી ચૌદ પૂર્વના અભ્યાસી (૧૦ પૂર્વ અર્થ સાથે ૪ પૂર્વ મૂળ) બન્યા.

● અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીજી કલિંગને તીર્થધામ બનાવનારા કુમારગિરિ પર્વત પર ૧૫ દિવસનું અનશન આદરીને સ્વર્ગવાસી બન્યા.

● મગધની રાજસભામાં ચાણક્યનું અપમાન થતા એણે નંદવંશનું નિકંદન કાઢવાની પ્રતિજ્ઞા લીધી અને નંદોના નાશ પર મૌર્યવંશના મંડાણ થયા.

આમ, લગભગ દોઢ શતાબ્દી જેટલા નંદરાજાઓ રાજ્યકાળમાં ઘણી-ઘણી એવી ઘટનાઓ બની કે, જેથી ક્યાંક મગધની મહાનતામાં ચાર-ચાર ચાંદ લાગ્યા, તો ક્યાંક મગધની મહાનતા પર કાજળનો કૂચડો ફરી વળ્યો ! લગભગ આ નવે નંદોએ પોતપોતાના શાસનકાળ દરમિયાન જૈન ધર્મના ભક્ત તરીકે અનેક કર્તવ્યો અદા કર્યા અને પોતાનું જૈનત્વ દીપાવ્યું. એથી ટૂંકમાં ક્રમશઃ એ નંદ-રાજ્યોમાં ડોકિયું કરી લેવું જ રહ્યું.

શિશુ નાગવંશીય મગધ સમ્રાટ ઉદાયીની હત્યા પછી પ્રથમ નંદનું શાસન સ્થપાતા એણે મગધના સામ્રાજ્યની ધુરા વહન કરીને પોતાના પુણ્ય પ્રભાવે થોડા જ સમયમાં ચારે તરફ પોતાની ધાક બેસાડી દીધી. ૩૦ વર્ષ સુધીના રાજ્યકાળ દરમિયાન અનેક પ્રદેશોને જીતીને એણે મગધ સામ્રાજ્યની સીમાઓ ખૂબ જ વિસ્તારી, આથી પ્રજાએ "નન્દિવર્ધન" તરીકે એને હૈયાના હેતથી વધાવ્યો. આમાં એને મહામંત્રી કલ્પકનો જબરો સથવારો મળી ગયો. જાણે એનો પુણ્યોદય જ કલ્પકને એની સેવામાં ખેંચી લાવ્યો હતો.

કલ્પક બ્રાહ્મણ હોવા છતાં ચુસ્ત રીતે જૈનધર્મનું પાલન કરનારા પરમ શ્રાવક હતા. એમણે પોતાના બુદ્ધિબળથી મગધનું સામ્રાજ્ય વધારવામાં અને નંદના વફાદાર સેવક તરીકે રહેવામાં જ ગૌરવ માણ્યું. એમના કુટુંબ પર અનેક જાતની આપત્તિઓ આવી. પણ એમાં મંત્રીશ્વર કલ્પક અણીશુદ્ધ પાર ઉતર્યા.

હલકા કુળમાં જન્મવાનું દુર્ભાગ્ય લઈને અવતરેલા નંદરાજવી ગતભવનું એવું કોઈ પુણ્ય પણ સાથે લઈને આવ્યા હશે, જેથી મગધની સત્તા મળતાની સાથે જ એમને કલ્પક જેવા મંત્રીશ્વર મળ્યા. કુદરતની પણ રાજા નંદ ઉપર કૃપા હતી. જેથી એઓ મગધના સિંહાસને બેઠા, એ જ વર્ષમાં અવંતિપતિ પાલક રાજા નિઃસંતાન મરણ પામ્યા. ત્યારે મગધની જેમ અવંતિ પણ એક મહારાજ્ય ગણાતું. પાલકના મૃત્યુથી ખાલી પડેલા અવંતિના સિંહાસનનું સ્વામીત્વ નંદ રાજાએ મેળવ્યું. એથી મગધનો રાજ્ય-વિસ્તાર સીમાતીત બની ગયો ! અવંતિનું અધિપતિત્વ મળતા જ બીજા કેટલાય રાજ્યોનું સ્વામીત્વ પણ એમને આપોઆપ મળી ગયું અને સૌ એમના પુણ્યાઈના પ્રકાશને ચકાચૌંધ નજરે નિહાળી રહ્યા.

રાજા નંદની આવી પુણ્યાઈ હોવા છતાં એમણે કલિંગને તો એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે જ રહેવા દીધું હતું. મંત્રીશ્વર કલ્પકનો ભૂતકાળ ભવ્ય હતો. એમના પિતાનું નામ કપિલ હતું. એઓ ચુસ્ત બ્રાહ્મણ હતા. પણ જૈન સાધુઓના સહવાસથી એઓ જૈન બન્યા હતા. પોતાનો પુત્ર કલ્પક જન્મ પછીના થોડા વર્ષો સુધી દૈવી-પ્રકોપનો ભોગ બન્યો

હતો, એથી રાતે એને કોઈ ઉપાડી જતું અને સવારે પાછો ઘરે મૂકી જતું. એકવાર એક જૈનાચાર્યની પધરામણી થતા, જાણે એમના પ્રભાવથી જ કલ્પક આ જાતના દૈવી પ્રકોપમાંથી મુક્ત બન્યો. એથી કલ્પકને પાકો જૈન બનાવવાનો કપિલે નિર્ણય કર્યો.

કલ્પક ગત જન્મમાં કોઈ સાધના કરીને આવ્યો હતો. એથી થોડા વખતમાં જ એ પંડિત તો થઈ ગયો. તદુપરાંત વિદ્વત્તાની સાથે સંયમ, સદાચાર, સંતોષ આદિ જે ગુણો એનામાં ખીલ્યા હતા, એથી એના પિતાને પૂરો સંતોષ હતો. એક દિવસ કલ્પક પર ઘરનો બોજો મૂકીને કપિલ સ્વર્ગે સંચરી ગયા. કલ્પકને માથે હવે બધી જવાબદારી આવી, છતાં એ આજીવન બ્રહ્મચારી રહેવા માંગતો હતો, પણ એક બ્રાહ્મણે એકવાર કલ્પકને શબ્દજાળમાં ફસાવી દઈને પોતાની એક જલોદરી કન્યાને પરવણા વિવશ બનાવ્યો. એથી વચનબદ્ધ કલ્પકને એ કન્યા સાથે લગ્ન કરવું પડ્યું. છતાં એ પણ બીજી બીજી ઘણી-ઘણી બધી ખટપટોથી લગભગ સાવ અલિપ્ત જ રહેતો !

કલ્પકની કીર્તિ એકવાર રાજા-નંદના કાને પહોંચી. એમને થયું કે, આવી વ્યક્તિ જો મંત્રી તરીકે મગધને સેવા આપે, તો મગધની મહાનતામાં ચાર ચાર ચાંદ ખીલી ઉઠે ! પણ કલ્પકને મંત્રી બનાવવો કઈ રીતે ? ઘણા વિચારને અંતે રાજાને એક યુક્તિ જડી આવી અને એમણે કલ્પક ગુનામાં સપડાય, એવો એક વ્યુહ આબાદ ઘડી કાઢ્યો. આ માટે કલ્પક જ્યાં કપડા ધોવા આપતો હતો, એ ધોબીને રાજાએ સાધ્યો અને બધી યોજના નક્કી થઈ ગઈ.

કલ્પક એકવાર ધોવા આપેલા કપડાની ઉઘરાણી કરવા એ ધોબી પાસે ગયો. ધોબીએ કહ્યું : હજી કપડા ધોવાયા નથી. અઠવાડિયા પછી આવજો ! કલ્પક અઠવાડિયા પછી ગયો, તો પખવાડિયાનો વાયદો મળ્યો, કલ્પકને જરા ગુસ્સો ચડ્યો. એણે ધોબીને થોડી ખરી-ખોટી સુણાવી પણ દીધી. પખવાડિયા પછી પણ કલ્પકને તો પાછો વાયદો જ મળ્યો. આમ વાયદામાં અને વાયદામાં મહિનાઓ વીતી ગયા. ચંદન

પણ ઘણું ઘસાય, તો એમાંથીય તણખા ઝરે ! કલ્પકની સ્થિતિ આવી હતી. એથી એક દિ' કલ્પક ભાનભૂલો બની ગયો. છરી લઈને ગુસ્સાથી ધમધમતો એ ધોબી પાસે ગયો. સામેથી જવાબ મળ્યો કે, કપડા ધોવાઈ તો ગયા છે, પણ રંગવાના હજી બાકી છે !

કલ્પકનો ક્રોધ હવે આસમાને ચડ્યો. એણે છરી બતાવીને કહ્યું કે, આજે તો આ છરીના જોરે તારી ધોબણના લોહીથી જ રંગીને કપડા લઈ જઈશ ! ધોબી વધુ કંઈ કહેવા જાય, એ પૂર્વે તો કલ્પકની છરી ધોબણના લોહીથી રંગાઈ ગઈ. ધોબીએ રહસ્યનો સ્ફોટ કરતા કહ્યું : આમ, અમારી પર ગુસ્સો કરવાનો શો અર્થ ? હું કપડા એટલા માટે જ નહોતો આપતો કે, રાજા નંદે મને કપડા સોંપવાની ના પાડી હતી. એથી આજ્ઞા-ભંગના કટુ ફળ ચાખવા હવે તમે તૈયાર રહેજો ! તમે તો અહીં લોહી જ પાડ્યું છે, પણ રાજા નંદ તમારું માથું લીધા વિના તમને છોડશે ખરા ?

ધોબીની આ વાત સાંભળતા જ કલ્પક ગભરાઈ ગયો. જીવતર બચાવવા કાજેની એક યોજના મનમાં ગોઠવીને એ તરત જ રાજા પાસે પહોંચી ગયો. એણે થોડીક પ્રાંસગિક વાતો કર્યા બાદ રાજાને કહ્યું : આપની પાસે આટલું બધું પુણ્ય અને પરાક્રમ છે, તો મગધને એક મહારાજ્ય બનાવવાની કોઈ યોજના આપ કેમ ઘડતા નથી ?

રાજાએ મહાસામ્રાજ્યનું સ્વરૂપ અને એને સંપાદન કરવાના ઉપાયો પૂછ્યા, તો કલ્પકે કોઈ અઠંગ રાજનીતિજ્ઞની અદાથી મગધનાં મહાસામ્રાજ્યનું એક સુંદર શબ્દચિત્ર આંકી બતાવ્યું. એથી રાજાના રોમેરોમ નાચી ઉઠ્યા. એમણે કહ્યું : કલ્પક ! તમે આટલા બુદ્ધિશાળી છો, તો મગધના મંત્રીશ્વર તરીકેની મુદ્રાને કેમ સ્વીકારી લેતા નથી ?

રાજાનો આ પ્રસ્તાવ સાંભળીને ધાર્યો દાવ નાખતા કલ્પકે કહ્યું : આપની મંત્રીમુદ્રા સ્વીકારતા મને એક જ ચીજ રોકે છે, અને એ છે મારા હાથે થયેલો આપનો એક ભયંકર અપરાધ ! અપરાધનું સ્વરૂપ પૂછતાં કલ્પકે ધોબીને ત્યાં બનેલી આખી ઘટના કહી સંભળાવી ! નંદે

હસતા હસતા કહ્યું : કલ્પક ! આ તો મારી જ માયાજાળ છે. આમાં સપડાવીને તમને મંત્રીમુદ્રા સ્વીકારવા માટે વિવશ બનાવવા મેં જ આ માયાજાળ પાથરી હતી.

આમ, જયાંથી શિક્ષા મળવાની પૂરી શક્યતા હતી. ત્યાંથી મંત્રીપદનો શિરપાવ પામીને કલ્પક ઘરે આવ્યો. કલ્પક મહામંત્રી બનતા જૂના મહામાત્યનું માન ધીરે ધીરે ઘટતું ગયું. એથી એમણે કલ્પકનું છિદ્ર ગોતી કાઢવા બાજની આંખે કલ્પકની બધી કાર્યવાહી જોવાનું ચાલુ કર્યું.

મગધને મહામંત્રી તરીકે કલ્પક મળ્યા પછી તો જાણે બધા જ પાસા પોબાર પડવા માંડ્યા. એથી નંદની કૃપા કલ્પક પર ચારે હાથે વરસવા માંડી. કલ્પકે કાંડાના બળને મહત્ત્વ આપ્યા વિના બુદ્ધિના બળે મગધની ચોમેર પથરાયેલા અનેક ખંડિયા રાજાઓને વશ કર્યાં, ત્યારબાદ કાશી, કૌશલ, અંગ, બંગ, વૈશાલી, કૌશાંબી અને લિચ્છવીઓને પણ એણે મગધ-સામ્રાજયના સેવક બનાવ્યા ! એથી મંત્રીશ્વર કલ્પકની નામનાના પડઘમ બધે પડઘાવા માંડ્યા અને મગધની મહાનતા ચોમેર ગવાવા લાગી.

એકવાર મંત્રીશ્વર કલ્પકના આંગણે પુત્ર લગ્નનો પ્રસંગ ઉપસ્થિત થતા, રાજવીને ભેટણા તરીકે ધરવા કામ લાગે, એ માટે અનેક જાતના શસ્ત્રાસ્ત્રો એમના ઘરે ઘડાવા લાગ્યા, પેલા જૂના મહામાત્યના કાને આ વાત આવી જતા, રાજાનંદના કાન ભંભેરતા એણે કહ્યું : મહારાજા ! અત્યારે કલ્પક-મંત્રીશ્વર તાજ વિનાના રાજા તો છે જ. પણ હવે તેઓ તાજ સાથેના રાજા બનવાની તૈયારી કરી રહ્યા છે, માટે સાવધાન રહેવાનું સૂચવવા આવ્યો છું. આપણું લૂણ મારા પેટમાં પડ્યું છે, એથી આવા અવસરે તો કર્તવ્ય બજાવવું જ રહ્યુંને ?

કાનના કાચા રાજા-નંદે કલ્પક મંત્રીના ઘરે તપાસ કરાવડાવી, તો શસ્ત્રોના ઘડતરની વાત સાચી નીકળતા એઓ ગુસ્સે ભરાયા અને કલ્પક મંત્રીને કશું પણ પૂછ્યા વિના એમને એક કૂવામાં ઉતારી દીધા. એ કૂવામાં મંત્રીના આખા કુટુંબને પણ ઉતારવામાં આવ્યું. જેના નામથી મગધ ધ્રૂજતું હતું. એ મંત્રીશ્વર કલ્પક ઘડીના છઠ્ઠા ભાગમાં કોઈ મોટા

ઓરડા જેવા એક અંધારિયા કૂવાના કેદી બની ગયા ! એ કૂવામાં રોજ-રોજ થોડાક અન્ન અને પાણી ઉતારવાની વ્યવસ્થા રાજાએ કરાવી રાખી હતી, કારણ કે રીબાવી-રીબાવીને કલ્પકના કુટુંબને મારી નાંખવાની એમની યોજના હતી.

કલ્પક અને એમનો પરિવાર ધર્મના ધાવણ પીને મોટો થયો હતો. એથી રાજાના રોષનો ભોગ બન્યા બાદ કલ્પકે કટુંબને કહ્યું કે, રાજા ભલે આપણી પર રોષે ભરાયા, પણ મગધની સેવા કરવાની તક ફરી ક્યારેક પણ આપણને મળે, એ માટે મને એક વિચાર આવે છે કે, આ અન્ન અને પાણી જો આપણે બધા મળીને થોડા-થોડા ખાઈશું, તોય આપણે બધા તો જીવી શકવાના જ નથી ! માટે એક જ જણ આ અન્ન અને પાણી લઈને પોતાનું જીવન ટકાવે, જેથી ક્યારેય મગધની સેવાની તક મળતા આ ફરજ અદા કરવા આપણો વંશ ભાગ્યશાળી બની શકે ?

મંત્રીશ્વર કલ્પકની આ વાતને સૌએ વધાવી લીધી અને ઘણી-ઘણી લાંબી વાતચીતને અંતે એવું નક્કી થયું કે, રોજ આવતા અન્ન-પાણીનો ઉપયોગ મંત્રીશ્વર કલ્પકે જ કરવો ! આ નિર્ણય મુજબ મંત્રીશ્વરના પુત્ર આદિ પરિવારે અનશન કરવા પૂર્વક ધીમે-ધીમે સમાધિ મૃત્યુ મેળવ્યું અને મંત્રીશ્વર હાડપિંજર જેવા બની જવા છતાં પ્રાણને ટકાવી રાખવામાં સફળ રહ્યા.

મંત્રીશ્વર કલ્પકને મળેલી સજાની વાતો ચોમેર ફેલાતા જ મગધનાં શત્રુરાજ્યો સંગઠિત બની ગયા અને થોડા વખતમાં એ બધા રાજાઓ એકી સાથે પાટલિપુત્ર પર ચડી આવ્યા. એથી રાજાનંદ મુંઝાયા. તેમણે નગરના દરવાજા બંધ કરાવી દીધા. અત્યારે હવે એમને કલ્પક યાદ આવવા માંડ્યા. નંદને થયું કે, જો કલ્પક મંત્રી જીવતો હોત, તો આમાંનો એકે રાજા મગધની સામે સંઘર્ષ કરવા આવત નહિ ! હાય ! પણ હવે રાંડ્યા પછીના મારા આ ડહાપણનો શો અર્થ ? ખરેખર મેં રળેલી મગધની આબરૂ મારા જોતા જ ઉઘાડે છોગ લુંટાઈ જશે કે શું ?

રાજા નંદ ચિંતાતુર બનીને માર્ગ ગોતવા માટે આમ-તેમ ફાંફા મારી રહ્યા, ત્યાં જ એમને કંઈક યાદ આવ્યું. એમણે કૂવામાં અન્ન


અને પાણી ઉતારતા સેવકને બોલાવીને પૂછ્યું કે, કૂવામાં અન્ન-પાણી લેનાર કોઈ હાજર હોય છે ખરું ? સેવકે કહ્યું : કોણ હાજર છે, એ તો હું શી રીતે કહી શકું ! પણ અન્ન-પાણીનું પાત્ર કોઈ લે છે ખરું ?

ડૂબતો માણસ તરણું ઝાલે, એમ રાજાનંદ તરત જ એ કૂવા પાસે પહોંચ્યો. તપાસ કરતાં રાજાની સમક્ષ હાડપિંજરમાં પલટાયેલા કલ્પક મંત્રી જણાયા. રાજાએ ક્ષમાયાચના સાથે બહાર આવીને મગધની પડુ પડુ થતી મહત્તાને મોભ બનીને ટકાવવા મંત્રીશ્વર કલ્પકને નમ્ર વિનંતિ કરી, જેની કલ્પના કરી જ રાખી હતી, એ પરિસ્થિતિ ઉપસ્થિત થતા ગઈ ગુજરી ભુલી જઈને મંત્રીશ્વર કલ્પક કૂવામાંથી બહાર આવ્યા, કોઈ ઘેઘૂર વડવૃક્ષ ઠૂંઠામાં પલટાઈ ગયું હોય, એવી કલ્પના કરાવતા મંત્રીશ્વર કલ્પકે પોતાની બુદ્ધિના બળે મગધ પર ચઢી આવેલા એ રાજાઓને ભગાડી મૂક્યા અને પુનઃ કલ્પકની કીર્તિથી મગધના કોટ-કાંગરા ગાજવા લાગ્યા.

સાચી વસ્તુસ્થિતિની જાણ થતાં નંદના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. એમણે જૂના મહામાત્યને સખત સજા કરીને કલ્પકને પહેલાં કરતાંય વધુ ગૌરવ આપ્યું. એમનું આયુષ્ય દીર્ઘ હતું. પુનઃ એમના લગ્ન થતા એ સંસારની વેલ પાંગરી ઉઠી અને જાણે મૃત પ્રાયઃ બની ચૂકેલો એ મંત્રીવંશ ફરીથી મહોરી ઉઠ્યો.

લગભગ ૩૨ વર્ષો સુધી મગધના મહા સામ્રાજ્યની ધુરા સાંભળીને એક દહાડો નંદિવર્ધન તરીકેનું સન્માન પામનારા રાજાનંદ સ્વર્ગવાસી બન્યા. શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ બાદ ૭૦માં વર્ષે મારવાડની ઓસિયા નગરીમાં શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજે કેટલાંક ક્ષત્રિય વંશી રાજાઓને પ્રતિબોધ પમાડીને જૈન-ઓસવાળ બનાવ્યા હતા, આ શાસન પ્રભાવક કાર્યના પ્રમુખ સમર્થક તરીકે પ્રથમ નંદ જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાઈ ગયા. પ્રથમ નંદ પછી મગધની પાટનગરી પાટલિપુત્ર પર ક્રમશઃ નંદવંશીય રાજાઓ અને કલ્પકવંશીય મંત્રીઓની પરંપરા પણ ચાલુ થઈ, એમના રાજ્યકાળ પર હવે પછી સિંહાવલોકન કરીશું.

•



# ૪

## શકટાલનો શિરચ્છેદ

નવ નંદોનો રાજ્યકાળ અને મંત્રીશ્વર કલ્પકના વંશજોનો મંત્રી-કાળ મગધ સામ્રાજ્યના ઈતિહાસમાં અનેક પ્રકરણો સરજી ગયો. જેમાંના કેટલાંક પ્રકરણો સુવર્ણની શાહીથી લખાયા, તો કેટલાક પ્રકરણો કાજળથી કલંકિત બન્યા. એથી પ્રથમ નંદ નંદીવર્ધન પછી થયેલા આઠ નંદોના સમયનું તથા મૌર્યકાલીન રાજ્ય કાળના ચિત્રનું દર્શન કરવું જ રહ્યું. આ ચિત્રનું દર્શન કરીને પછી ભગવાન શ્રીમહાવીર પરમાત્માના ચિરાયુષીય ગણધર શ્રી સુધર્માસ્વામીજીથી પ્રારંભાયેલી પાટ પરંપરાના નવમા પટ્ટધર શ્રી સુસ્થિતસૂરિજી અને

શ્રી સુપ્રતિબદ્ધસૂરિજી સુધીના પ્રભાવક જૈન ઈતિહાસનું પણ વિહંગાવલોકન કર્યા વિના ન જ ચાલે !

કલિંગ ચક્રવર્તી મહારાજા ખારવેલ જૈન શાસનની જે સેવા કરી ગયા, એમાં આ બે સૂરિવરોની પ્રભાવક નિશ્રાનો ફાળો ઘણો મોટો હતો. આઠમી પાટ પરંપરા સુધી નિર્ગ્રન્થગચ્છ તરીકે ઓળખાતો રહેલો એ શ્રમણ સંઘ આ બે આચાર્યોના કાળમાં કોટિગચ્છ તરીકે પ્રસિદ્ધ બન્યો. આ બંને આચાર્યો એ સૂરિમંત્રનો કરોડવાર જાપ કર્યો હતો, આવી અજોડ આરાધનાના કારણે ત્યારથી એ પાટ-પરંપરાનો શ્રમણ સંઘ કોટિ-ગચ્છનું નવું નામાભિધાન પામ્યો.

પ્રથમ નંદ પછી ક્રમશઃ થયેલા આઠ નંદોના રાજય કાળનું વિહંગાવલોકન કંઈક આવું છે.

બીજા નંદ મહાનંદીનો રાજયકાળ અઢાર વર્ષનો રહ્યો. તેમના પુત્ર મહાનંદે ત્રીજા નંદ તરીકે મગધનું સામ્રાજય સાડત્રીસ વર્ષ સુધી ભોગવ્યું. ચોથા નંદ તરીકે સુમાલીનું શાસન મગધ ઉપર ત્રણ વર્ષ રહ્યું. બૃહસ્પતિ મિત્રે પાંચમા નંદ તરીકે ત્રણ વર્ષ મગધ ઉપર રાજય કર્યું. ધનનંદે છઠ્ઠા નંદ તરીકે ચાર વર્ષ મગધનું રાજય સંભાળ્યું. સાતમા આઠમા નંદ તરીકે બૃહદર્થ અને સુદેવે છ વર્ષ રાજય કર્યું.

આઠમા નંદના સમયે કલિંગ જંગ ખેલાયો. મહારાજા શ્રેણિકથી માંડીને આજ સુધીના રાજાઓએ કલિંગને સ્વતંત્ર રહેવા દેવામાં જ ગૌરવ અનુભવ્યું હતું. પણ આ રાજા અત્યંત લોભી હતો તેથી વિરોચન નામના બ્રાહ્મણ મંત્રીથી પ્રેરિત થઈને એણે કલિંગની સામે યુદ્ધ જાહેર કર્યું. કલિંગાધિપતિ ચંડરાયે કલિંગની કીર્તિ અણનમ રાખવા ભરચક પ્રયાસો કર્યાં પણ એમાં એઓ ફાવી ન શક્યા. નંદે કલિંગ પર વિજય મેળવીને એની સ્વતંત્રતા જ નહિ, સમૃદ્ધિ પણ લૂંટી. આટલાથી પણ એ ધરાયો નહિ, કુમારગિરિ પર શ્રેણિક રાજાએ બંધાવેલા મંદિરમાંથી એણે "કલિંગ-જિન" તરીકે પ્રખ્યાત બનેલી એક સુવર્ણ મૂર્તિનું પણ અપહરણ કર્યું. અને પોતાની કારકિર્દી પર કાજળનો કુચડો ફેરવ્યો. નવમા નંદ

તરીકે મહાપદને તેંતાલીસ વર્ષ સુધી મગધની મહાસત્તા ભોગવી. મંત્રીશ્વર કલ્પકનો વંશ પણ આ કાળ દરમિયાન મંત્રી વંશ તરીકે ચાલુ રહ્યો. નવમા નંદના સમયે શ્રી શકટાલ નામના મંત્રી થયા. જેમની વફાદારી આજે ઇતિહાસમાં અમર છે.

શકટાલને મંત્રીશ્વર-કલ્પકથી માંડીને થયેલા મંત્રીઓની અનુભવ-સમૃદ્ધિ વારસામાં મળી હતી. એથી મગધની કીર્તિને દિગદિગંતમાં ગુંજતી કરવામાં અને અનેક દેશોને મગધના વફાદાર સેવક બનાવવામાં એઓ કલ્પનાતીત સફળતા મેળવી ગયા. એમના કાળમાં એક તરફ જેમ મગધની કીર્તિ વિશ્વવ્યાપી બનવા પામી, એમ બીજી બાજુ છેલ્લે છેલ્લે નંદ વંશના પતનની પણ પૂર્વભૂમિકા રચાઈ.

નંદ રાજાઓ સુવર્ણનો સંગ્રહ કરવાના ભારે શોખીન હતા. એઓ પોતપોતાના રાજ્યકાળ દરમિયાન એટલો બધો સુવર્ણ સંગ્રહ કરતા કે, જેથી સુવર્ણનો એકએક નાનકડો ડુંગર રચાઈ જાય ! આવા લોભને કારણે મગધમાં ગુપ્ત રીતે સુવર્ણના ડુંગરો રચાયા પણ હતા અને મગધની સમૃદ્ધિ એ સર્વોચ્ચ શિખર સર કર્યું હતું.

નવમા નંદમાં જેમ સુવર્ણનો સંગ્રહ કરવાનો શોખ હતો. એમ પોતાની કીર્તિના નવા કાવ્યો બનાવનારાઓને પ્રોત્સાહિત બનાવવા માટે અઢળક સુવર્ણનું દાન કરવાના પણ એ શોખીન હતા. શકટાલ મંત્રીને આ બંને શોખ ગમતા ન હતા. પણ સુવર્ણનાં સંગ્રહ અંગે તો તેઓ કંઈ કરી શકે એમ ન હતા, પરંતુ કવિઓને અપાતા કીર્તિદાનમાં અતિ ન થાય, એનો એઓ પૂરો ખ્યાલ રાખતા. એમની આવી રાજ્ય ભક્તિ જ એક દહાડો એવી પરિસ્થિતિ સર્જી ગઈ કે, જે ખુદ શકટાલની પોતાની હત્યાનું અને નંદવંશના નાશનું નિમિત્ત જ બની ગઈ !

વરરૂચિ નામનો એક પંડિત રોજ નવા-નવા રાજ સ્તુતિના શ્લોકો બનાવતો ને સુવર્ણમુદ્રાઓ ઈનામમાં મેળવતો. એનામાં કવિત્વ-શક્તિ હતી, એમાં કોઈથી ના પડાય એમ ન હતું. છતાં આ રીતે સુવર્ણનું દાન ચાલુ રહે, એ મંત્રીને રાજ્યના લાભમાં ન જણાયું, એથી એમણે

આવા દાનને અટકાવવા એક પેંતરો રચ્યો. મંત્રીને શ્રી સ્થૂલભદ્ર અને શ્રીયક નામના બે પુત્રો ઉપરાંત યક્ષા, યક્ષદત્તાના ઇત્યાદિ નામની ૭ પુત્રીઓ પણ હતી. એમની સ્મરણ શક્તિ એવી તો સતેજ હતી કે, એકવાર સાંભળેલું પહેલી પુત્રીને યાદ રહી જતું. બે વાર સાંભળેલું બીજી પુત્રી ગમે ત્યારે બોલી બતાવતી. આમ અનુક્રમે સાતમી પુત્રીને સાત વાર સાંભળ્યા બાદ એ સાંભળેલું સ્વનામની જેમ કંઠસ્થ થઈ જતું.

બીજે દિવસે મંત્રીશ્વર રાજ્યસભામાં હાજર થયા. રોજના ક્રમ મુજબ નવી સ્તુતિ રચવા બદલ જ્યાં સૌ સોનામહોરો વરરુચિ પંડિતને ગણી આપવાનો રાજાદેશ થયો, ત્યાં જ મંત્રી ઉભા થયા, એમણે કહ્યું : મહારાજ ! વરરુચિજીની આ કૃતિ નવી નથી. એઓ પ્રાચીન સાહિત્યમાંથી કાવ્ય ચોરી કરી-કરીને આવે છે. અને રોજ સો સોનામહોરો પડાવી જાય છે. આપને ખાતરી કરવી હોય, તો મારી સાતે પુત્રીઓને અબઘડી હાજર કરો. એઓ જો આ કાવ્યની સ્તુતિ બોલી બતાવે, તો તો મારી વાત પર વિશ્વાસ બેસશે ને ?

વરરુચિના અંગેઅંગમાં આ આક્ષેપથી આગ લાગી ચૂકી હતી. એણે પગ પછાડીને કહ્યું કે, હું સાહિત્ય ચોર નથી ! આ મારી નવી કૃતિ છે. છતાં મંત્રીશ્વરની પુત્રીઓ જો આ સ્તુતિઓને બોલી બતાવે, તો હું એકવાર નહિ, ચૌદવાર ચોર, ચોર, ચોર અબઘડી જ આ આરોપને સાચો પૂરવાર કરી આપવાની મંત્રીશ્વરને મારી હાંકલ છે.

થોડી જ વારમાં મંત્રીશ્વરની સાતે પુત્રીઓ રાજ્યસભામાં આવી પહોંચી. વરરુચિએ આજની નવી સ્તુતિ-કૃતિ બોલી બતાવી. આ પછી સાતે-સાત મંત્રી પુત્રીઓ પણ ક્રમશઃ એ સ્તુતિ કડકડાટ બોલી ગઈ. મંત્રીશ્વર શકરાલે સગર્વ પૂછ્યું : બોલો, પંડિતજી ! તમારો માલ ચોરીનો છે. એનો આથી વધારે પ્રબળ કોઈ પુરાવો હવે જોઈએ છે ખરો ?

વરરુચિના પગ નીચેની ધરતી જાણે સરકી ગઈ હતી. કાપો તો પણ લોહી ન નીકળે, એવું મોંઢુ લઈને એ ઘરભેગો થઈ ગયો. પોતાને ચોર સાબિત કરવા મંત્રીશ્વર કઈ કરામત અને કઇ રમત રમી રહ્યા

હતા, એ તો એ નક્કી ન કરી શક્યો. પણ મનમાં ને મનમાં એણે ગાંઠ વાળી કે, મારી આબરૂને છડેચોક લૂંટનારના વેરની વસુલાત લીધા વિના હું નહિ જ રહું ! નંદવંશનો હું નાશ કરીશ અને એ માટે આ મંત્રીશ્વર શકટાલને જીવતો નહિ રહેવા દઉં ! આ મંત્રીના મૃત્યુ પછી નંદવંશની શી તાકાત છે કે, એ જીવતો રહી શકે ?

આખા પાટલિપુત્રમાં સાહિત્યના એક અઢંગ ચોર તરીકે વગોવાયેલા વરરુચિ લૂંટાયેલી આબરૂને પાછી રળી લેવાનો કોઈ ઉપાય ગોતી રહ્યો અને થોડાક જ વખતમાં એને આમાં કલ્પનાતીત સફળતા મળી. એણે ગંગા નદીમાં એક એવો અદશ્ય યાંત્રિક હાથ ગોઠવ્યો કે, પગથી એનો એક છેડો દબાવતા જ એ હાથ ધીમે-ધીમે ગંગાના જળમાંથી બહાર આવી શકે ! આ પછી એણે ગંગાની સાધનાનો ઢોળ કરીને પોતાની પર ગંગાદેવી પ્રસન્ન થઈ હોવાની વાતો વહેતી કરી. ત્યારબાદ એણે એક દિવસ જાહેરમાં પોતાની સ્તુતિ-શક્તિથી પ્રસન્ન થનારા ગંગા દેવીને નજરોનજર નિહાળવા પાટલિપુત્રને આમંત્રણ આપ્યું. બીજે દિવસે ગંગાનો એ કિનારો માનવ-મેદનીથી ઊભરાઈ ઉઠ્યો હતો. પૂજાના કપડા પહેરીને વરરુચિ ગંગાના પ્રવાહમાં થોડે દૂર સુધી ગયા. પછી એણે સ્તુતિ લલકારવા માંડી અને બીજી તરફ પેલા યંત્રને પગથી દબાવવા માંડ્યું. એથી ધીમે ધીમે એક હાથ ઉપર આવવા માંડ્યો. જ્યાં સ્તુતિ પૂરી થઈ. ત્યાં સંપૂર્ણ હાથ બહાર આવ્યો. એ હાથમાં સુવર્ણ મુદ્રાથી ભરેલી એક થેલી શોભી રહી હતી. વરરુચિએ એ ગંગા પ્રસાદી સ્વીકારી લીધી. હાથ પુનઃ ગંગાના જળમાં અદશ્ય થઈ ગયો.

બસ, આ એક જ બનાવથી વરરુચિના માન-પાન પુનઃ પાટલિપુત્રમાં વધી ગયા. આ પછી તો આ કાર્યક્રમ રોજનો થઈ ગયો. રોજ વરરુચિ ગંગાના ગીત ગાય અને ગંગાજળમાંથી ઉપર લવાવેલા હાથમાંથી એ સો સુવર્ણ મુદ્રાઓ મેળવે ! આમાં એણે એવી કપટ જાળ રચી હતી કે, રોજ સાંજે એ યાંત્રિક હાથમાં પોતે જ ગુપ્ત રીતે સુવર્ણ મુદ્રાની થેલી મૂકી આવતો અને એને જાહેરમાં આ રીતે સ્વીકારતો.

આ માયાજાળનો પાર કોઈ ન પામી શક્યું અને વરરુચિ આખા પાટલિપુત્રમાં ફૂલે પુજાવા માંડ્યો. આની વિપરીત અસર એ થઈ કે, સાહિત્ય ચોર તરીકે વરરુચિને સાબિત કરનારા મંત્રીશ્વર શકટાલની હવે તો છડેચોક નિંદા થવા માંડી. એથી મંત્રીશ્વરે એક રાત્રે પોતાના જાસૂસ દ્વારા બધી માહિતી મેળવી લઈએ, વરરુચિના દંભના પડદાને ઉભોને ઉભો ચીરી નાંખવાનો નિર્ણય કર્યો. આ મુજબ એમણે સામેથી નંદને કહ્યું કે, રાજવી ! વરરુચિ પર ગંગાદેવી પ્રસન્ન થયા છે અને એમના કાવ્યને રોજ સો સુવર્ણ મુદ્રાથી વધાવે છે. માટે આ ચમત્કાર જોવા આપણે પણ જવું જોઈએ ! રાજા એ જવાની તૈયારી બતાવતા જવાનો દિવસ પણ નક્કી થયો. વરરુચિના આનંદનો પાર ન રહ્યો.

નંદ જે દિવસે ગંગાકિનારે જવાના હતા. એની આગલી રાત્રે જ એ યાંત્રિક હાથમાં ભરાવાયેલી સુવર્ણ મુદ્રાઓથી ભરપૂર થેલીને મંત્રીશ્વરે જાસૂસો દ્વારા મેળવી લીધી અને બીજા દિવસે એને ગુપ્ત રીતે પોતાની પાસે રાખીને સૌની સાથે એઓ ગંગાના કિનારે આવ્યા. આજે વરરુચિના આનંદનો પાર ન હતો. કારણ કે પોતાનો પ્રભાવ છેક રાજા નંદને ગંગાકિનારા સુધી ખેંચી લાવવામાં સફળ બન્યો હતો. વરરુચિ ગંગાના જળમાં પ્રવેશ્યો. રોજ કરતાંય અધિક પ્રસન્નતા સાથે એણે ગંગાની સ્તુતિ શરૂ કરી. યંત્રના છેડા પર એણે પગ દબાવ્યો, પણ જ્યાં ખાલી હાથ ઉપર આવ્યો. ત્યાં જ એના મોં પર કાજળ જેવી કાળાશ ફરી વળી.

વરરુચિને થયું કે, જો અત્યારે ગંગામાં પૂર આવે અને એ પૂર મને તાણી જાય તો કેવું સારું ! ત્યાં તો મંત્રીશ્વર શકટાલે વરરુચિ તરફ કટાક્ષ કરતાં કહ્યું : પંડિતજી ! સોનામહોરોની થેલીનું દાન કરવામાં ગંગાદેવી આજે પાત્ર ભુલી ગયા લાગે છે. એથી તમારા બદલે મારી પાસે આ થેલી આવી ગઈ છે ?

સૌને નવાઈ લાગી કે આ શું ? રાજાનંદ સમક્ષ વરરુચિના દંભના પડદાને ઉભોને ઉભો ચીરતા મંત્રીશ્વરે બધી વાત કહી સંભળાવી. ત્યારે ફૂલથી વરરુચિને વધાવનારી પ્રજા પંડિત-વરરુચિ પર ફિટકાર વરસાવી

રહી. સૌ પાછા ફર્યા. વેરની વસૂલાત લેવા ઝનુની બનેલા વરરુચિમાં આ ઘટનાએ વધુ વેરભાવના પેદા કરી અને એ છિદ્ર ગોતી રહ્યો, એમાં એક દિ' એના હાથમાં એક છિદ્ર આવી પણ ગયું.

મંત્રીશ્વર શકટાલનો મોટો પુત્ર સ્થૂલભદ્ર તો લગભગ બાર બાર વર્ષથી કોશા વૈશ્યાના પ્રેમપાશમાં એવો સપડાયો હતો કે, એમાંથી બહાર નીકળવાનું નામ જ નહોતો લેતો ! એથી રાજાના અંગરક્ષક તરીકેની મહત્વની જવાબદારી નાનો પુત્ર શ્રીયક સંભાળી રહ્યો હતો. એનાં લગ્ન નક્કી થતાં મંત્રીશ્વર શકટાલે ભેટણાં તરીકે રાજા સમક્ષ ધરી શકાય, એવા શસ્ત્રો તૈયાર કરવાનું ચાલુ કર્યું હતું. આ વાતની ગંધ વરરુચિને ક્યાંકથી આવી ગઈ અને એ આનંદી ઉઠ્યો. એણે સંસ્કૃતમાં એક શ્લોક બનાવીને બાળકોને કંઠસ્થ કરાવ્યો અને કોઈ ગીતની જેમ આ શ્લોક આખા શહેરમાં બાળકોના મોંમા રમી રહ્યો. એ શ્લોકનો ભાવ એવો હતો કે, રાજા નંદ એ જાણતા નથી કે, આ શકટાલ નંદનો નાશ કરીને રાજા તરીકે શ્રીયકને સ્થાપશે !

આખા ગામમાં આ શ્લોક બાળકોના મોંમાં ગવાવા લાગ્યો. પણ એ તરફ કોઈનું ધ્યાન ન ગયું. એક દિવસ તક સાધીને વરરુચિ રાજા પાસે પહોંચી ગયો. એણે કહ્યું : મહારાજ ! શ્રીયકનો આ લગ્ન મહોત્સવ, એના રાજ્યાભિષેકનો મહોત્સવ ન બની જાય, એનો ખ્યાલ રાખશો ! કારણ કે આપના વધનું કાવતરું રચાઈ ગયું છે. લગ્નના બહાને મંત્રી શકટાલ આપને ઘર આંગણે આમંત્રીને આપનું કાસળ કાઢી નાંખવા માંગતો હોય, એવી વાતો ગીતોમાં બાળકો પણ ગાઈ રહ્યા છે અને સાંભળવા મુજબ મંત્રીના ઘરે આ માટે શસ્ત્રો પણ તૈયાર થઈ રહ્યા છે. માટે સાવધ રહેવા વિનંતિ કરવા આવ્યો છું.

વરરુચિની વાત સાંભળીને નંદના આઘાત-આશ્ચર્યનો પાર ન રહ્યો. એમની તપાસ કરાવડાવી, તો વાતમાં કંઈક તથ્ય લાગ્યું. કારણ કે મંત્રીના ઘરે શસ્ત્રો ઘડાઈ રહ્યા હતા અને બજારમાં બાળકો આવી વાતો પ્રચારી રહ્યા હતા. રાજા નંદ સાવધ થઈ ગયો. લગ્નના પ્રસંગમાં ખૂબ

તકેદારી પૂર્વક એણે ભાગ લીધો. એ પ્રસંગ પણ ધામધૂમથી ઉજવાઈ ગયો. એ શસ્ત્રો રાજાએ ભેટણાં તરીકે સ્વીકારી પણ લીધા. પરંતુ રાજાના મનમાં ઘર કરી ગયેલો અવિશ્વાસ દૂર ન થયો. એથી બીજે દિવસે જ્યારે મંત્રીશ્વર પ્રણામ કરવા આવ્યા, ત્યારે રાજાએ મોં ફેરવી લીધું. શકટાલની શક્તિ અને પ્રભાવ એવો હતો કે, આ રીતે મોં ફેરવી લેવાથી વધુ કશું જ કરી શકવા નંદરાજા સમર્થ ન હતો. મંત્રીશ્વર શકટાલ રાજાની આવી અપ્રસન્નતા પરથી વાતનું હાર્દ પામી ગયા કે, નક્કી નંદરાજા કોઈની કાનભંભેરણીનો ભોગ બન્યા છે !

સભા વિસર્જિત થયા બાદ મંત્રીશ્વર ઘરે આવ્યા. પણ જીવવું હવે એમના માટે ઝેર થઈ પડ્યું હતું. સમગ્ર કુટુંબની સુરક્ષા ખાતર પોતાનું બલિદાન ધરી દીધા સિવાય કોઈ ઉપાય ન જણાતા એમણે ઘરભેગું કરીને કહ્યું : શ્રીયક ! સ્થૂલભદ્ર તો કોશાની કેદમાં પુરાયો છે. એથી એક વસમી જવાબદારી અદા કરવાનો અવસર તારી સમક્ષ ઉપસ્થિત થયો છે. વાતને લંબાવવાનો આ વખત નથી. કેમ કે પળ લાખેણી જાય છે, માટે હું તને આજ્ઞા કરું છું કે, કાલે તારે ભર સભામાં રાજા નંદની નજર સામે તલવારના એક જ ઝાટકે મારું માથું ઉડાવી દેવાનું છે !

શ્રીયક જ નહિ, આખું ઘર આ વાત સાંભળીને ધ્રૂજી ઉઠ્યું શકટાલનો શિરચ્છેદ ! શ્રીયકે પિતાના પગ પકડી લેતા અને રોતા-રોતા કહ્યું : શું મારે પિતૃ હત્યારા બનવાનું ? શ્રીયકને શાંત કરીને ધીરગંભીર વાણીમાં શકટાલે કહ્યું : આજે સભામાં રાજાએ મોં ફેરવી લીધું, એ તો તે સગી આંખે જોયું ને ? ચોક્કસ કોઈની કાન-ભંભેરણી થઈ છે અને આપણા કુટુંબ પર આફત તોળાઈ ચૂકી છે. કાલે રાજા રૂઠશે અને આપણને તમામને કેદમાં પૂરીને મારી નાંખશે. આપણા પૂર્વજ મંત્રીશ્વર કલ્પકના જીવનમાં બનેલી આવી ઘટના તારા ખ્યાલ બહાર નથી જ ! માટે સંભવ છે કે, તું મારી હત્યા કરી નાંખે, તો આપણું આ આખું કુટુંબ ઉગરી જાય ! હત્યા બાદ તારે રાજાને એટલું

જ કહેવાનું કે, આપના અંગરક્ષક તરીકે મારી એ ફરજ થઈ પડે છે કે, જેની પર આપ અપ્રસન્ન હો, એને મારાથી જીવતો ન રાખી શકાય ! પછી ભલેને આપની અપ્રસન્નતાનો ભોગ બનનારો એ મારો બાપ પણ કેમ ન હોય ? તને પિતૃ હત્યાનું પાપ ન લાગે, એ માટેનો ઉપાય પણ મેં ગોતી જ રાખ્યો છે ! રાજાને નમતાની સાથે જ હું કાલકૂટ ઝેર મોંમાં મૂકી દઈશ. એથી તારે તલવાર તો મારા શબ પર જ ચલાવવાની રહેશે !

યોજના ભયંકર હતી. પણ મંત્રીશ્વરની અગમચેતી પર પણ સૌને એવો વિશ્વાસ હતો. એથી રડતી આંખે શ્રીયકને આ જવાબદારી અદા કરવાની હા પાડવી પડી. મંત્રીશ્વરના રોમેરોમમાં જિનધર્મ વસ્યો હતો. એથી એ આખી રાતને એમણે આરાધનામય બનાવી દીધી. સવારે ઉઠ્યા બાદ પણ પ્રભુ પૂજા આદિ કરીને અંતિમ સમયની સંપૂર્ણ આરાધના કરવા પૂર્વક એઓ રાજસભામાં જવા માટે તૈયાર થયા. આજની સભામાં વરરુચિ પણ કોઈ દાવ નાંખવાની યોજના સાથે હાજર રહ્યો હતો. સભા હકડેઠઠ ભરાઈ હતી. રાજા નંદની પડખે શ્રીયક અંગરક્ષકની અદાથી નાગી તલવાર તાણીને ખડો હતો. એટલામાં જ આ મંત્રીશ્વર શકટાલ રાજ્ય સભામાં પ્રવેશ્યા. રાજ-પ્રણામ કરવા એમણે જ્યાં મસ્તક નમાવ્યું, ત્યાં જ રાજા નંદે મોં ફેરવી લીધું. બરાબર એજ પળે શ્રીયકના હાથમાં રહેલી નાગી તલવાર નમેલા એ મંત્રીશ્વરના માથા પર ફરી વળી. શરીરથી અલગ પડેલું એ મસ્તક જોતા જ આખી સભા ધ્રૂજી ઉઠી.

આ બનાવ એટલો બધો ઝડપથી બની ગયો હતો કે, રાજા, વરરુચિ અને આખી સભા સ્તબ્ધ બની ગઈ. રાજાએ આશ્ચર્ય અને આઘાત સાથે શ્રીયકને પૂછ્યું તે આ શું કરી નાંખ્યું ? શ્રીયકે તરત જ નીડરતાથી જવાબ વાળ્યો કે, મેં મારા કર્તવ્યને અદા કરવા સિવાય વધારે કશું જ કર્યું નથી ! જેની પર આપની અકૃપા હોય, એની પર મારે આવી કટાર કૃપા કરવી જ રહી. આપને જેનામાં રાજદ્રોહની ગંધ આવતી હોય, એ વ્યક્તિ મારા જીવતા જીવતી રહે, તો તો મારી વફાદારી લાજે !

રાજાનંદની આંખો ચોધારે રડી ઉઠી. હવે એને ખ્યાલ આવતો હતો કે, ખોટી કાન-ભંભેરણીના ભોગ બનીને એણે જાતે જ નંદવંશના પતનની ભૂમિકા ઉભી કરી હતી. પણ બનનાર હવે બની ગયું હતું. એથી રાજાએ કહ્યું : શ્રીયક ! મારી આંખમાં અત્યારે પશ્ચાત્તાપના આંસુનો દરિયો ઘુઘવી રહ્યો છે. ખરેખર મંત્રીશ્વર શકટાલનો હત્યારો તો હું જ છું. તું નહિ ! તે તો તારી ફરજ જ અદા કરી છે. પણ આ પાપનું પ્રાયશ્ચિત્ત લેવા હું તને કહું છું કે, ખાલી પડેલી આ મંત્રીની મુદ્રા તું અબઘડી જ સ્વીકારી લે !

શ્રીયકે છાતી લોખંડી બનાવીને કહ્યું : રાજાજી ! આ મંત્રી-મુદ્રાના સાચા અધિકારી તો મારા મોટાભાઈ સ્થૂલભદ્ર છે. ભલે એઓ કોશા વેશ્યાના ત્યાં વાસો કરતા હોય, પણ એથી કંઈ એમનો આ અધિકાર નાબુદ થઈ જતો નથી ! માટે આપ વડીલબંધુ સ્થૂલભદ્રને બોલાવવા તેડું પાઠવો ! એવી વિનંતિ !

નંદનું એ તેડું કોશાના ઘરે પહોંચ્યું, રંગમાં ભંગ પાડતું રાજ તેડું બાર-બાર વર્ષમાં પહેલું-વહેલું આવતું હોઈને, કામ પતાવીને તરત જ પુનઃ હાજર થઈ જવાના કોલ સાથે સ્થૂલભદ્રે કોશાની વિદાય લીધી. સ્થૂલભદ્ર રાજસભામાં આવ્યા. શ્રીયકની તલવાર રક્તરંગી હતી અને પિતાજીના ધડ-મસ્તક અલગ-અલગ પડ્યા હતા. સ્થૂલભદ્રની આંખ આ દૃશ્યને ન જીરવી શકી. લાલ રંગ તો એણે ઘણા-ઘણા અને ઘણી ઘણી વાર જોયા હતા, પણ લોહીનો આ લાલ રંગ તો કોઈ જુદો જ હતો !


કોશાની સેંથીના સિંદુરનો રંગ લાલ હતો. એ કોઈ વાર રીસાતી, ત્યારે એની આંખમાં લાલ રંગ ઘેરાતો, લાલ-ગુલાબી ફૂલો તો રોજના પરિચિત હતા. પણ આજની રાજસભામાં વેરાયેલો લાલ રંગ સ્થૂલભદ્ર માટે સાવ નવો જ હતો ! થોડીજ વારમાં પરિસ્થિતિથી એ પરિચિત બની ગયો અને મંત્રી મુદ્રાનો સ્વીકાર કરવાનો પ્રસ્તાવ રજૂ કરનારા રાજવી નંદ સમક્ષ એણે મુદત માંગતા કહ્યું : રાજાજી ! આલોચના-

વિચારણા કર્યા વિના હું આપને મંત્રી મુદ્રા સ્વીકારવા અંગે કંઈ જ ન કહી શકું. માટે થોડીવાર રાહ જોવા વિનંતિ !

સ્થૂલભદ્ર રાજસભામાંથી નીકળીને નજીકના એક બગીચામાં જવા માટે રવાના થયો. આજે એનું મન કોઈ નવી જ દુનિયામાં ફેંકાઈ ગયું હતું. એ વિચારમગ્ન થઈને જતો હતો. ત્યાં જ સામે શ્રી સંભૂતિવિજયજી આચાર્યના દર્શન થતા શ્રી સ્થૂલભદ્રનું મસ્તક નમી પડ્યું. અંતરમાં સૂતેલા જૂના સંસ્કારો જાગી ઉઠ્યા, એમના દર્શને સ્થૂલભદ્રને આખો. સંસાર અસાર જણાયો અને જ્યાં સગા પુત્રને સગા બાપ પર સમશેર ચલાવવાની કડવી ફરજ અદા કરવી પડતી હોય, એ રાજકારણ તો એમને ધીક્કારવા યોગ્ય લાગ્યું. એથી વિચારણા-આલોચના કરવા ગયેલા સ્થૂલભદ્ર મસ્તકનો લોચ કરીને પુનઃ રાજ્યસભામાં આવ્યા. એમના મોંઢામાંથી માત્ર એટલો જ ધ્વનિ નીકળ્યો : ધર્મલાભ !

શકટાલનો શિરચ્છેદ થતા વરરુચિને એવી આશા બંધાઈ હતી કે, મગધનું મંત્રીપદ હવે મને મળશે ? પણ સ્થૂલભદ્રે સંયમ સ્વીકારતા આ મંત્રીમુદ્રા એમના લઘુબંધુ વફાદાર શ્રીયકને મળી. આ પછી થોડા વર્ષો બાદ વરરુચિ પોતાના જ પાપે કમોતે મૃત્યુ પામ્યો. નંદ વંશનું પતન થવાના ભણકારા શકટાલના શિરચ્છેદથી જ વાગવાના શરૂ થઈ ગયા હતા, એ સાચા પડવાના હતા, આની પ્રતીતિ રૂપે મૌર્યવંશીય ચંદ્રગુપ્ત અને બુદ્ધિનિધાન ચાણક્ય ધીમે-ધીમે આગળ આવવા માંડ્યા તેમજ નંદવંશના પતનને પાયો બનાવીને મૌર્યવંશ જાણે પોતાનું મંડાણ સાંધી રહ્યો !

•



૫

## પ્રભુ-પરંપરાના પ્રોજ્જવળ પ્રકાશસ્તંભો

નવ નંદોના રાજ્યકાળની તેજી-મંદી જોઈ લીધા બાદ, પ્રભુવીરના નિર્વાણથી આ સમય સુધી થયેલી જૈન શાસનની પ્રભાવક પાટ-પરંપરાનો પરિચય મેળવી લઈએ. ત્યારબાદ મૌર્ય રાજ્યનો અને એ કાળમાં થયેલા પ્રભાવકોની પાટપરંપરાનો પરિચય મેળવીશું. ત્યાર પછી જ કલિંગ ચક્રવર્તી શ્રી ખારવેલની કથાની પૂર્વભૂમિકા રચાયેલી ગણાશે !

ભગવાન શ્રી મહાવીર પરમાત્મા કેવળજ્ઞાની બન્યા, ત્યારબાદ અગિયાર ગણધરોની દીક્ષા થતા શાસનની સ્થાપના થઈ. આ અગિયાર ગણધરોમાંના ૯ તો પ્રભુની હયાતીમાં જ અલગ-અલગ સમયે રાજગૃહીના વૈભારગિરિ

ઉપર એક-એક મહિનાનું અનશન સ્વીકારીને નિર્વાણ પામી ચૂક્યા હતા. શેષ રહેલા બે ગણધરોમાંના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજી જે રાત્રે પ્રભુ મહાવીર નિર્વાણ પામ્યા, એની પ્રભાતે કેવળજ્ઞાની બન્યા હતા. એથી બધા ગણધરોનો શિષ્ય પરિવાર પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામીજીની નિશ્રા સ્વીકારીને આરાધના કરી રહ્યો. તેઓ દીર્ઘાયુષી હતા. કેવળજ્ઞાની ગણધર શ્રી ગૌતમસ્વામીજી ૧૨ વર્ષનો કેવળી પર્યાય પાળીને વૈભારગિરિ પર અનશન સ્વીકારી મોક્ષે પધાર્યા. એથી સંઘ-શાસનની ધૂરા શ્રી સુધમારસ્વામીજીએ ૧૨ વર્ષ સુધી સંભાળી. ત્યારબાદ એઓ કેવળી બનીને ૮ વર્ષ સુધી વિચર્યા અને ૧૦૦ વર્ષનું સર્વાયુ ભોગવીને મુક્તિ પામ્યા.

અગિયાર ગણધરોમાં સૌથી ચિરાયુષી શ્રી સુધર્માસ્વામીજી હતા. એથી ભગવાનનો શ્રમણ-સંઘ સુધર્માસ્વામીજીના પરિવાર તરીકે પ્રસિદ્ધિ પામ્યો. આજે પણ આ પ્રસિદ્ધિ એવી ને એવી જ છે. ભગવાનનું જે જન્મ-નક્ષત્ર અને જે જન્મરાશિ હતી, એજ ઉત્તરા ફાલ્ગુની અને કન્યા રાશિ શ્રી સુધર્માસ્વામીજીના જન્મ-નક્ષત્ર ને જન્મરાશિ તરીકે હતી. કેવો અપૂર્વ આ યોગાનુયોગ !

દ્વાદશાંગીના રચયિતા શ્રી સુધર્માસ્વામીજી કેવળી બન્યા, ત્યારબાદ એમની પાટને શ્રી જંબૂસ્વામીજીએ શોભાવી. એઓ અપૂર્વ વૈભવ અને એથીય વધુ અજોડ વૈરાગ્યના સ્વામી હતા. માત્ર ૧૬ વર્ષની ઉગતી વયે ૮૯ કરોડ સુવર્ણ મુદ્રાઓનો ત્યાગ કરીને, લગ્નની પ્રથમ રાત્રે જ આઠ નવોઢાઓને પ્રતિબોધીને તેમજ ચોરી કરવા આવેલ ૪૯૯ ચોરો સાથે એના નાયક પ્રભવને મુક્તિનો માર્ગ બતાવીને એઓ શ્રી સુધર્માસ્વામીના શિષ્ય બન્યા હતા.

આ અવસર્પિણી કાળના અંતિમ કેવળજ્ઞાની શ્રી જંબૂસ્વામીજી ૮૦ વર્ષની વયે મથુરામાં નિર્વાણ પામ્યા અને ભવદેવ-ભવદત્ત તરીકેના બંધુયુગલના ભવથી પ્રારંભાયેલી એ સાધના સંપૂર્ણ બની.

શ્રી જંબૂસ્વામીજીનું નિર્વાણ થતા કેવળજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન આદિ ૧૦ વસ્તુઓનો વિચ્છેદ થયો. આ કાળમાં જ શ્રી ભદ્રેશ્વરતીર્થ સ્થાપિત

થયું. શ્રી જંબૂસ્વામીજીના પટ્ટધર તરીકે પ્રતિષ્ઠિત થયેલા શ્રી પ્રભવસ્વામીજીની જીવનની કથા અદ્‌ભુત હતી, મૂળ તો તેઓ રાજપુત્ર હતા, પણ નાના ભાઈને રાજ્ય મળતા તેઓ નગરનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા. એમાં ૪૯૯ ચોરોનો સાથ મળતાં એમણે લૂંટફાટનું જીવન જીવવું શરૂ કર્યું. અવસ્વાપિની અને તાલોદ્‌ઘાટિની આ નામની બે વિદ્યાના જોરે એઓ વિખ્યાત લૂંટારા બન્યા. આ વિદ્યાના બળથી એઓ ગમે તેવા માણસને ઘસઘસાટ ઊંઘતો કરી શકતા અને ગમે તેવા મજબૂત તાળા તોડી શકતા !

પ્રભવચોરને એક દહાડો સમાચાર મળ્યા કે, ૯૯ કરોડ સુવર્ણ મુદ્રાઓના સ્વામી જંબૂકુમારનું લગ્ન લેવાયું છે અને આઠ-આઠ કન્યાઓ લાખ્ખોના દાયજા સાથે જંબૂકુમારનેં વરનાર છે ! પ્રભવે લગ્નની રાતે જ જંબૂકુમારને લૂંટવાનું નક્કી કર્યું. એ લૂંટવા આવ્યો પણ ખરો. પરંતુ ત્યાંનું વાતાવરણ જોતાં જ એ દિંગ થઈ ગયો ! સ્વર્ગની સુંદરીઓ જેવી આઠ-આઠ નવોઢાઓની વચ્ચે રહીને પણ શ્રી જંબકુમાર વૈરાગ્યની વાતો કરી રહ્યા હતા. પ્રભવ એ વાતો સાંભળી જ રહ્યો ! એ વાતો અંતરને આકર્ષી લે એવી હતી. છતાં પ્રભાવને પૂરો ખ્યાલ હતો કે, હું લૂંટ ચલાવવા આવ્યો છું. એથી એણે અવસ્વાપીની વિદ્યા મૂકીને બધાને નિંદ્રાધીન બનાવવાનો દાવ નાંખ્યો. પણ એ વિદ્યાની અસર જંબૂકુમાર ઉપર તો ન જ થઈ ! બધી સુંદરીઓ સૂઈ ગઈ. એથી મહામંત્રનો જાપ કરતા જંબૂકુમાર આત્માધ્યાનમાં લીન બન્યા. પ્રભવે જંબૂકુમારને નિદ્રાધીન કરવા વારંવાર વિદ્યાનો પાઠ કર્યો. પણ એ વિદ્યા જ્યારે નિષ્ફળ જ નીવડી, ત્યારે પ્રભવ ચોરને થયું કે, જંબૂકુમાર પાસે સ્તંભની અને મોક્ષણી વિદ્યા હોવી જોઈએ, એના વિના મારા આ બધા સાથીદારો થાંભલાની જેમ સ્થિર કઈ રીતે થઈ જાય ? અને એ પોતે જાગતા કઈ રીતે રહી શકે ?

પ્રભવ ચોર બુકાની છોડી દઈને સીધા જ જંબૂકુમારનો ચાકર બની જતા બોલ્યો : કુમાર ! હું પ્રભવ ચોર છું. અહીં ચોરી કરવા આવ્યો હતો. પણ મારી વિદ્યા નિષ્ફળ નીવડી છે અને તમારી વિદ્યાના કારણે

મારા બધાં સાથીદારો સ્થિર થઈ ગયા છે. માટે કૃપા કરીને આપ મને આપની પાસે રહેલી સ્તંભની-મોક્ષણી વિદ્યા શીખવાડો. આના બદલામાં હું આપને અવસ્વાપિની-તાલોદ્‌ઘાટિની આ બે વિદ્યાઓ શીખવાડીશ.

જંબૂકુમારે જરાય વિચલિત બન્યા વિના જવાબ વાળ્યો : મારી પાસે જે છે એ બધું ત્યજીને હું તો કાલે સવારે દીક્ષા સ્વીકારવાનો છું. પછી આ બે વિદ્યા લઈને હું શું કરું ? મારી પાસે તો કોઈ વિદ્યા નથી, સિવાય કે ધર્મ-વિદ્યા ! તમને જોઈતી હોય, તો ધર્મવિદ્યા આપવા હું તૈયાર છું. મને તો તમારી એકેય વિદ્યા ખપ લાગે એવી નથી.

પ્રભવના આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે અવસ્વાપિની વિદ્યા પાછી ખેંચી લીધી. એથી સૌ જાગી ગયા. પછી એણે જંબૂકુમાર પાસેથી ધર્મની વિદ્યા જાણવા માંડી. અને આ વિદ્યાએ પ્રભવને અને સૌ સાથીદારોને એવા વશ બનાવી દીધા કે એ પાંચસો એ જંબૂસ્વામીજીનું શિષ્યત્વ સ્વીકારવાનો ત્યાં ને ત્યાં જ નિર્ણય લઈ લીધો.

શ્રી પ્રભવસ્વામીજીએ ૪૪ વર્ષનો સાધુ પર્યાય પાળ્યો. ૧૧ વર્ષ સુધી યુગપ્રધાન રહીને એઓ ૮૫ વર્ષની વયે સ્વર્ગવાસી થયા. (જંબૂકુમારની સાથે પ્રભવની દીક્ષા માનનારો એક મત છે, એ મુજબ પ્રભવસ્વામી ૧૦૫ વર્ષની વયે સ્વર્ગવાસી બન્યા.) એમની પાટે શ્રી શય્યંભવસૂરિજી સ્થાપિત થયા. એમના જીવન પરિવર્તનની કથાય પણ અદ્‌ભુત છે.

શ્રી પ્રભવસ્વામીજી સુવિશાલ ગચ્છના નાયક હતા. એકવાર પોતાની પાટને શોભાવી શકે, એવી વ્યક્તિ-શક્તિની શોધ માટે એમણે શ્રુતોપયોગ મૂક્યો, પણ પોતાના શિષ્યોમાં જ નહિ, સમગ્ર સંઘમાં પણ એવી વ્યક્તિ ન જણાઈ, એથી અન્ય દર્શનીઓમાં એમણે ઉપયોગ મૂક્યો, તો રાજગૃહીના શય્યંભવ બ્રાહ્મણમાં આવી યોગ્યતાનાં દર્શન થતાં એઓ રાજગૃહી આવ્યા અને બે સાધુઓને કહ્યું કે, શય્યંભંવ-બ્રાહ્મણ જ્યાં યજ્ઞ-યાગ કરાવી રહ્યા હોય, ત્યાંથી ગોચરી માટે જતા તમારે ત્યાં ઊભા રહીને એટલું જ જોરજોરથી બોલવું કે : अहो कष्टं

अहो कष्टं तत्वं न ज्ञायते परं અહો ! ખેદની વાત છે કે, આટઆટલું કષ્ટ કરવા છતાં તત્ત્વની વાત જાણી શકાતી નથી !

ગુર્વાજ્ઞાને શિરસાવંદ્ય ગણીને બે મુનિઓ રાજગૃહીમાં પ્રવેશ્યા, અને જ્યાં શય્યંભવ આદિ ભેગા થયા હતા એ યજ્ઞ મંડપ પાસે એઓ 'अहो कष्टं अहो कष्टं' આટલું બોલીને પસાર થઈ ગયા. શય્યંભવની વય નાની હતી, છતાં એનામાં સત્યને સમજવાની અને સમજીને આદરવાની અદમ્ય તાલાવેલી હતી, એથી આ મુનિવચન સાંભળીને એ વિચારી રહ્યો કે, જૈન મુનિઓ કદી અસત્ય બોલે જ નહિ, માટે આ વાતમાં કંઈક તથ્ય તો હોવું જ જોઈએ ! એણે પોતાના પુરોહિત-ગુરૂને પૂછ્યું : ધર્મતત્ત્વ શું છે? એ સમજવાની મારી ઇચ્છા છે. ગુરુ એ જ્યારે ગોટાળા વાળતા યજ્ઞયાગને જ ધર્મ માનવાની વાત કરવા માંડી, ત્યારે શય્યંભવે યૌવનસહજ સાહસનો આશ્રય લેતા કહ્યું : મને સાચું ધર્મ તત્ત્વ સમજાવો ! જૈનશ્રમણો કદી અસત્ય ન બોલે ! આજે હું આ તલવારના જોરે પણ સાચું સમજવા માગું છું.

શય્યંભવે જ્યાં તલવાર તાણી, ત્યાં જ પુરોહિતે કહ્યું : તારે ધર્મ જાણવો જ હોય, તો જાણી લે કે, અહિંસા-સંયમ-તપ આ જ ધર્મ છે ! આ બાજુ આવ, તને સાચા દેવ બતાવું ! આમ કહીને એ પુરોહિતે એક યજ્ઞસ્તંભની નીચે છુપાવી રાખેલી. શ્રી શાંતિનાથ પ્રભુજીની પ્રતિમાના દર્શન શય્યંભવને કરાવ્યા ! એથી શય્યંભવ વિચારી રહ્યો કે, અહીં જ ખરેખરું દેવત્વ અંકિત થયેલું જણાય છે ! એ વિચારમાં હતો, ત્યાં તો ફરી એના કાને પેલો ધ્વનિ "अहो कष्टं अहो कष्टं" અથડાયો. એ તરત જ મંડપની બહાર આવ્યો. જૈન મુનિઓને ઉભા રાખીને એણે પૂછ્યું : ભગવન્ ! અહીં જો ધર્મ નથી, તો ધર્મ છે ક્યાં ? મુનિઓએ કહ્યું : ધર્મ બતાવવાનો અધિકાર અમારા ગુરૂ દેવોનો છે. એઓ ઉદ્યાનમાં બિરાજે છે.

શય્યંભવ એ બે મુનિઓની સાથે શ્રી પ્રભવસ્વામીજી પાસે પહોંચ્યો અને એણે ધર્મ જાણ્યો. એનામાં સાચાને સ્વીકારવાની સાહસિકતા તો હતી જ. એથી પ્રભવસ્વામીજીના ચરણે એક અદના શિષ્ય તરીકે

એણે જાતનું સમર્પણ કરી દીધું. આ જ શય્યંભવ આગળ જતા શ્રી શય્યંભવસૂરિજી થયા. એઓ દીક્ષિત થયા, ત્યારે એમની પત્ની ગર્ભવતી હતી. થોડાક સમય બાદ એણે જે પુત્રને જન્મ આપ્યો, એ "મનક"ના નામે પ્રસિદ્ધ થયો.

મનકને એકવાર બાળકોએ "નબાપો" કહીને ચીડવ્યો. એણે પોતાની માને સઘળી હકીકત પૂછી, ત્યારે માતાએ કહ્યું કે, તારા પિતાજી તો જૈન સાધુ થઈ ગયા છે. તું એમને શોધી લાવ. મનક નાનો હોય છતાં સાહસિક હતો. એ પિતાની શોધમાં ફરતો-ફરતો ચંપાપૂરીમાં જઈ પહોંચ્યો. સામે જૈન સાધુઓ મળતા એણે પૂછ્યું : તમે શય્યંભવ સાધુને ઓળખો છો ?

ભાગ્યયોગે મનકે જેમને આ પ્રશ્ન કર્યો, એ પોતે જ શ્રી શય્યંભવસૂરિજી હતા. એમણે મનક પાસેથી બધી વાત જાણી લઈને પૂછ્યું તને શય્યંભવ સાધુ મળી જાય, તો તું શું કરે ? મનકે કહ્યું : તો તો હું એમનો શિષ્ય થઈ જાઉં. અને એમને ઘરે મા પાસે લઈ જાઉં. શ્રી શય્યંભવસૂરિજીએ કહ્યું કે, તું મને જ શય્યંભવ સાધુ માની લે ! મનકે આ વાત સ્વીકારી લીધી અને એ સાધુ થયો. આચાર્યદેવે શ્રુતોપયોગ મૂકીને જોયું, તો મનક મુનિનું આયુષ્ય માત્ર છ જ મહિના બાકી રહેલું જણાયું. એથી એના ઉદ્ધાર માટે એમણે શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી. આ સૂત્રના સહારે મનક મુનિ છ મહિનામાં સુંદર સાધના કરીને સ્વર્ગવાસી બન્યા. ત્યારે આચાર્યદેવની આંખમાં આંસુ જોઈને સાધુઓએ એનું કારણ પૂછ્યું :

શ્રી શય્યંભવસૂરિજીએ જવાબમાં કહ્યું : આ મનકમુનિ સંસારી સંબંધે મારો પુત્ર હતો. પણ મેં આ વાત એટલા માટે જ ગુપ્ત રાખી કે, નાની જીંદગીમાં એ સુંદર વિનય-વૈયાવચ્ચ કરી શકે. મેં આ વાત જાહેર કરી હોત, તો તમે બધા એની સેવા ન સ્વીકારત ! આ વાત સાંભળતા સૌની આંખ આંસુ ભીની બની, ત્યારબાદ આચાર્યદેવે શ્રી દશવૈકાલિક સૂત્ર વિસર્જિત કરવાની તૈયારી કરી, ત્યારે સાધુ-સંઘે અતિ આગ્રહ કરીને આ સૂત્રનું પઠન-પાઠન ચાલુ કરાવવાની જે વિનંતિ કરી, એ સ્વીકારાઈ,

એથી અનેકના જીવનમાં સાધુત્વના તેજ પાથરતું એ દશવૈકાલિક સૂત્ર સંઘના ભાગ્યોદયે આજે પણ આપણાં શ્રુત વારસામાં સુરક્ષિત છે.

શ્રી શય્યંભવસૂરિજી ૬૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ થતા સ્વર્ગવાસી બન્યા. એમના પટ્ટધર તરીકે શ્રી યશોભદ્રસૂરિજી પ્રતિષ્ઠિત થયા. મગધમાં અહિંસા-ધર્મની ઠેર-ઠેર પ્રતિષ્ઠા કરવામાં અને નંદ રાજાઓ દ્વારા અદ્ભુત શાસન-પ્રભાવના કરવામાં શ્રુતકેવલી અને યુગપ્રધાન તરીકે એઓ અદ્ભુત સફળતા સિદ્ધ કરી શક્યા ! પોતાની પાટે શ્રી સંભૂતિવિજયસૂરિજી અને આ. શ્રી ભદ્રબાહુસ્વામીજી : આ બે મહાપ્રભાવક આચાર્યોને સ્થાપીને ૮૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ થતાં શ્રી યશોભદ્રસૂરિજી સ્વર્ગવાસી બન્યા.

ચોરાશી-ચોરાશી ચોવીશી સુધી જેમની બ્રહ્મકીર્તિ અમર રહેવાની છે, એવા સ્થૂલભદ્રજીની ભવ્ય ભેટ ધરી જનારા શ્રી સંભૂતિવિજયસૂરિજી અદ્ભુત શાસનપ્રભાવના કરીને ૯૦ વર્ષની વયે સ્વર્ગવાસી બન્યા. એમની પાટે આમ તો શ્રી સ્થૂલભદ્રજી આવત, પરંતુ શ્રી સંભૂતિવિજય-સૂરિજીના કાળધર્મના સમયે શ્રી સ્થૂલભદ્રજીનો દીક્ષાપર્યાય ઘણો મોટો ન હોવાથી શ્રી ભદ્રબાહુ-સ્વામીજીને પટ્ટધર બનાવ્યા.

શ્રી ભદ્રબાહુસ્વામીજીએ સિદ્ધાંતોના સાગરનું મંથન કરીને તારવેલા અમૃતને આગમ સૂત્રો પર રચેલી ૧૦ નિર્યુક્તિઓ દ્વારા પીરસીને અદ્ભુત શ્રુત-ઉપાસના કરી. એમાં પણ "આવશ્યક નિયુક્તિ"ની રચના દ્વારા તો એઓશ્રી ઉપકારની જે ગંગાને વહાવી ગયા, એનો તાગ પામવો મુશ્કેલ છે. ચાલુ અવસર્પિણી કાળની ઐતિહાસિક ઘટનાઓનું શૃંખલાબદ્ધ વર્ણન કરવા ઉપરાંત ૨૪ તીર્થકરો, ૧૨ ચક્રવર્તીઓ, બળદેવ-વાસુદેવ, પ્રતિ વાસુદેવોનું નવક, ઇત્યાદિ ૬૩ મહાપુરૂષોના જીવનનું પ્રતિબિંબ આ નિર્યુક્તિમાં રજૂ કરવા ઉપરાંત ૬ આવશ્યકો પર અદ્ભુત વિવેચના કરવામાં આવી છે. શ્રી કલ્પસૂત્રના સૂત્રધાર પણ શ્રી ભદ્રબાહુસ્વામીજી જ હતા.

શ્રી સ્થૂલભદ્રજીએ દીક્ષા ગ્રહણ કર્યા બાદ શ્રીયક મગધની મંત્રી મુદ્રાનો માલિક બન્યો તો ખરો ! પણ એનું ચિત્ત સંસારમાં રહેવા રાજી

નહોતું. પાટલિપુત્રને તો સ્થૂલભદ્રજીની દીક્ષા એક કપટ જ જણાતું હતું. સૌ માનતા હતા કે, મંત્રીમુદ્રા સ્વીકારે, તો કોશા જોડે વિલાસો-ભોગોની મસ્તી કેવી રીતે માણી શકાય? માટે નક્કી દીક્ષાના બહાને મંત્રીમુદ્રાને જાકારો દઈને સ્થૂલભદ્ર પુનઃ એ કોશાની કેદમાં પૂરાયા વિના નહિ જ રહે !

રાજાથી માંડીને પ્રજા પણ સ્થૂલભદ્ર માટે આવો અભિપ્રાય ધરાવતી હતી. પણ સ્થૂલભદ્રજીમાં તો શ્રી સંભૂતિવિજય આચાર્યના પારસ-સ્પર્શે અજબ-ગજબનું પરિવર્તન આણ્યું હતું. એથી સિંહની અદાથી નીકળેલા એઓ અષ્ટાપદની અદાથી સંયમનું પાલન કરીને થોડા જ સમયમાં જૈન શાસનના આધારસ્તંભ બની ગયા. આ બનાવ પછી નંદ-વંશના પતનના ભણકારાં વધુ ને વધુ પ્રબળ બનતા ચાલ્યા હતા અને બીજી તરફ મંત્રીશ્રીયક પણ ભાઈના માર્ગે જવા ઉત્સુક બન્યે જતો હતો ! એમાં યક્ષા આદિ બહેનોની દિક્ષા નક્કી થતાં શ્રીયકે પણ મહાભિનિષ્ક્રમણના માર્ગે કદમ ઉઠાવ્યું અને એક દહાડે સૌ દીક્ષિત બન્યા.

આટલા દિવસો સુધી સમૃદ્ધિના શિખરો સર કરતાં મગધના માથે હવે જાણે પનોતી બેસવી શરૂ થઈ ગઈ હતી. નંદ વંશના પતનના ભણકારા તો વાગી જ રહ્યા હતા, એમાં વળી મગધ બાર વર્ષીય દુકાળની ઝાળમાં લપેટાયું. આ દુકાળની અસરથી જૈન સંઘ પણ મુક્ત ન રહી શક્યો. મગધના ગામડે ગામડે વિચરતો શ્રમણ-સંઘ પોતાનું અસ્તિત્વ જાળવી રાખવા મગધથી દૂર દૂર સમુદ્ર-તીરે દેશાંતર કરી ગયો. અને જાણે આગમાદિ-શાસ્ત્રોના સર્જન-સ્વાધ્યાયના ઘોષથી ગુંજતો રહેતો મગધનો એક વિરાટ આશ્રમ વેરવિખેર બની ગયો ! મગધની મહાનતાને દુકાળની એ ઝાળે જાણે બાળીને ભડથું બનાવી દીધી.

બાર-દુકાળી તરીકે ગોઝારો ગણાયેલો એ સમય પણ એક દહાડો વીતી ગયો. આજુબાજુ વેરાઈ-વિખેરાઈ ગયેલા શ્રમણોનો સંઘ પુનઃ પાટલિપુત્રમાં ભેગો થયો. આ વખતે શ્રી ભદ્રબાહુસ્વામીજી તો દૂર દૂર નેપાળમાં વિચરી રહ્યા હતા, એથી શ્રી સ્થૂલભદ્રજીએ પોતાની સામે ખડા થયેલા શાસ્ત્ર-સંઘની રક્ષાના પ્રશ્નને ઉકેલવા “આગમ-વાચના”ની

વાત મૂકતા શ્રમણ-સંઘની પરિષદ એકઠી થઈ. આ અરસામાં મગધે એક રાજ્યક્રાંતિ પણ જોઈ લીધી હતી અને એથી મગધનું સામ્રાજ્ય નંદવંશ પાસેથી પોતાના બાહુબળે મેળવી લઈને મૌર્યવંશીય ચન્દ્રગુપ્તે પોતાનું શાસન શરૂ કરી દીધું હતું. આ કારણે રાજકીય સ્થિરતાની દૃષ્ટિએ આ કાળ ઘણો સુંદર હતો.

શ્રી સ્થૂલભદ્રસૂરિની નિશ્રામાં પ્રારંભાયેલી એ આગમ-વાચનામાં સંખ્યાબંધ શ્રમણો ઉપસ્થિત થયા હતા અને લગભગ ૧૧ અંગોનું તો વ્યવસ્થિત સંકલન થઈ ગયું હતું. પણ બારમા અંગનો પ્રશ્ન હજી ઉભો હતો. ઉપસ્થિત સાધુઓમાં બારમાં અંગનું જ્ઞાન કોઈની પાસે ન હતું. આ માટે સૌની નજર શ્રી ભદ્રબાહુસ્વામીજી પર પડી, પણ એઓ તો નેપાળમાં હતા. એથી બે મુનિઓ સંઘનો સંદેશ લઈને છેક નેપાળ પહોંચ્યા અને શ્રી ભદ્રબાહુસ્વામીજીને સંઘનો સંદેશ સંભળાવીને પાટલિપુત્ર પધારવા વિનંતિ કરી. એમણે જવાબમાં કહ્યું : સંઘની ભાવનાની અવગણના તો મારાથી કેમ થઈ શકે ? પણ અત્યારે મેં "મહાપ્રાણધ્યાન" આરંભ્યું છે, જે બાર વર્ષ બાદ પૂર્ણ થશે. પૂર્વોની સૂત્ર અને અર્થથી મુહૂર્ત-માત્રમાં પુનરાવૃત્તિ કરવા આ ધ્યાન ઘણું ઉપયોગી છે. તમે સંઘ સમક્ષ આની મહત્તા અને મારી આ પરિસ્થિતિ જણાવશો !

શ્રી ભદ્રબાહુસ્વામીજીનો આવો સંદેશ લઈને એ બે મુનિઓ નિરાશ હૈયે પાછા ફર્યા. પાટલિપુત્રના શ્રમણ-સંઘને એમણે સંપૂર્ણ પરિસ્થિતિથી વાકેફ કર્યાં. સંઘને થયું કે, અત્યારે "મહાપ્રાણધ્યાન" કરતા પણ આ આગમ-રક્ષાનો સવાલ મુખ્ય ગણાય. એથી બીજા બે મુનિઓને યોગ્ય સંદેશો આપીને શ્રમણ-સંઘે નેપાળ તરફ રવાના કર્યા. એ મુનિઓ નેપાળ પહોંચીને શ્રી ભદ્રબાહુસ્વામીજી સમક્ષ ઉપસ્થિત થયા. એમણે કહ્યું : પાટલિપુત્રના સંઘે એક પ્રશ્નનો જવાબ મેળવવા અમને આપની પાસે મોકલ્યા છે. એ પ્રશ્ન છે કે, જે વ્યક્તિ સંઘની આજ્ઞા ન માને, એની શી શિક્ષા કરવી જોઈએ ?

શ્રી ભદ્રબાહુસ્વામીજીએ જવાબમાં જ્યારે "સંઘ બહાર"ની શિક્ષા સૂચવી, ત્યારે મુનિઓએ પૂછ્યું : તો પાટલિપુત્રનો સંઘ એ જાણવા માંગે છે કે, આપ આ શિક્ષાના અધિકારી ગણાવ કે નહિ ? શ્રી ભદ્રબાહુસ્વામીજીએ ખૂબ જ શાંતિથી કહ્યું : પાટલિપુત્રનો શ્રી સંઘ મારી ઉપર કૃપા કરે. આગમવાચના અને ધ્યાન આ બંનેને વાંધો ન આવે, એવો એક ઉપાય છે. કુશાગ્ર બુદ્ધિ ધરાવતા સાધુઓ અહીં આવે, તો હું સાત-સાત વાચના આપવા તૈયાર છું. મારું મહાપ્રાણ ધ્યાન પણ અખંડિત રહે અને આગમ-વાચના પણ ચાલુ રહે, આ માર્ગ સ્વીકારવા હું સંઘને વિનંતિ કરું છું.

બંને મુનિઓ આ સંદેશ લઈને પાટલિપુત્રમાં પાછા આવ્યા. અને ૫૦૦ સાધુઓનો એક સંઘ આગમવાચના લઈને કર્તવ્ય અદા કરવા નેપાળ જઈ પહોંચ્યો. એમાં મુખ્ય બન્યા શ્રી સ્થૂલભદ્રસ્વામીજી ! નેપાળનો એ પ્રદેશ સાત-સાત સિદ્ધાન્ત-વાચનાઓના ઘોષથી ગુંજી ઉઠ્યો. ૧ વાચના ગોચરી બાદ મળતી, ૩ વાચના ૩ કાળ વેળાએ મળતી અને બીજી ત્રણ વાચના સાંજના પ્રતિક્રમણ બાદ મળતી. થોડા વખત સુધી તો સાધુઓનો મોટો સમુદાય જામેલો રહ્યો. પણ સૌને આટલી વાચના ઓછી જણાવા લાગી, એથી ધીરજ ખોઈ બેસીને ઘણા ખરા શ્રમણો વિહાર કરી ગયા. એક માત્ર શ્રી સ્થૂલભદ્રસૂરિજી એ વાચના ઓછી લાગતી હોવા છતાં ટકી રહ્યા. આમ, આઠ વર્ષ પૂર્ણ થયા બાદ એકવાર કંઈક હતાશ જણાતા શ્રી સ્થૂલભદ્રસૂરિજીને આચાર્યદિવે હતાશાનું કારણ પૂછતા એમણે કહ્યું કે, ભગવન્ ! હતાશાનું બીજું તો શું કારણ હોઈ શકે ? ભૂખ બાવીસ રોટલીની હોય અને ભાણામાં બે રોટલી પીરસાતી હોય, એના જેવી મારી દશા છે. આટલી વાચના પણ મનેય ઘણી ઓછી લાગે છે.

આચાર્યદિવે સાંત્વના આપતા કહ્યું : હવે ધ્યાન પૂર્ણ થવાને થોડા જ વર્ષો બાકી છે. પછી તું માંગીશ, એટલી વાચનાઓ હું આપીશ ! આ વાત પર પણ વર્ષો વીતી ગયા. ધ્યાન પૂર્ણ થતા વાચનાનો પ્રવાહ વેગવાળો બન્યો. એક દહાડો શ્રી સ્થૂલભદ્રજીએ પૂછ્યું : ભગવન્ !


હજી કેટલો અભ્યાસ બાકી છે ! જવાબ મળ્યો : વત્સ ! કંટાળી ગયો ? હજી તો તું બિન્દુ માત્ર ભણ્યો છે, સિન્ધુ જેટલું ભણવાનું તારે હજી બાકી છે ! શ્રી સ્થૂલભદ્રજી આ સાંભળીને પુનઃ ઉત્સાહ સાથે ભણવામાં તલ્લીન બની ગયા.

એક દહાડો બહેન સાધ્વીઓ વંદનાર્થે આવતા શ્રી સ્થૂલભદ્રે જાતને સિંહના આકારમાં પલટી નાખી ને પછી પુનઃ મૂળ રૂપ ધારણ કરીને બહેન સાધ્વીજીઓની વંદના ઝીલી. આ વાત શ્રી ભદ્રબાહુસ્વામીજી પાસે પહોંચતા એઓ વિચારી રહ્યા કે, આવતા પડતા કાળની આ નિશાની છે. સ્થૂલભદ્રને જો આ વિદ્યા નહિ પચે, તો પછી બીજા કોને પચશે ?

સમય જતાં શ્રી સ્થૂલભદ્રજી વાંચના લેવા આવ્યા, આચાર્યદેવે કહ્યું : વત્સ ! બસ હવે જ્ઞાનદાનની અવધિ આવી ગઈ છે. ભણેલા ૧૦ પૂર્વનો યોગ્ય ઉપયોગ કરજે ! બાકીના ચાર પૂર્વ હવે મારી સાથે જ વિદાય લેશે. શ્રી સ્થૂલભદ્રજીને પોતાની ભૂલ સમજાઈ જતાં એમણે ઘણી-ઘણી વિનંતિ કરી, સંઘેય એમાં સૂર પુરાવ્યો. પણ સુપાત્રને જ વિદ્યા આપવાના આગ્રહી શ્રી ભદ્રબાહુસ્વામીજી એને વશ ન થયા. એ વિનંતિ વધતા એમણે શેષ ચાર પૂર્વનું માત્ર સૂત્રથી જ દાન કર્યું.

મહાપ્રાણ ધ્યાનની પૂર્ણાહુતિ થયા બાદ મગધમાં વિચરતા-વિચરતા ભદ્રબાહુસ્વામીજી પાટલિપુત્રમાં પધાર્યા. ત્યારે આ પ્રસંગ બન્યો. આ સમયે મગધના સમ્રાટ તરીકે મૌર્ય ચંદ્રગુપ્ત અને મંત્રી ચાણક્યની નામના-કામનાના પડઘમ ગુંજી રહ્યા હતા. અંતિમ શ્રુતકેવળી અને ચૌદ પૂર્વધર તરીકે પ્રતિષ્ઠિત શ્રી ભદ્રબાહુસ્વામીજીએ પોતાની પાટે શ્રી સ્થૂલભદ્ર સ્વામીને પ્રતિષ્ઠિત કર્યા અને એઓ કલિંગ દેશમાં આવેલ તીર્થસ્વરૂપ કુમારગિરિ ઉપર પંદર દિવસનું અનશન સ્વીકારીને સ્વર્ગવાસી બન્યા. એથી કલિંગની એ ધરતી પણ વધુ ધન્ય બની ગઈ !

•



**૬**

## કલિંગ : તે કાળે તે સમયે

અંતિમ ચતુર્દશ-પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી અને કામવિજેતા શ્રી સ્થૂલભદ્રસૂરિજીનો કાળ જૈન ઇતિહાસમાં અનેક રીતે અનોખો નોંધાયો : આ અરસામાં નંદવંશનું પતન થયું અને મૌર્યવંશના મંડાણ થયા. મગધમાં થયેલી આ રાજ્યક્રાંતિથી રાજા ચંદ્રગુપ્ત અને મંત્રીશ્વર ચાણક્ય ઉગતા સૂર્યની જેમ દિવસે દિવસે વધુ પ્રકાશિત બનતા ચાલ્યા. શ્રી ભદ્રબાહુસ્વામીનો શાસનકાળ જૈન જગતને કોઈ અનેરું ગૌરવ પ્રદાન કરી ગયો. મંત્રીશ્વર કલ્પકના જે વંશમાં કોઈ દીક્ષિત નહોતું બન્યું, એ વંશમાં જ પેદા થયેલ મંત્રીશ્વર શકટાલના પરિવારમાંથી સ્થૂલભદ્ર, શ્રીયક અને યક્ષા, યક્ષદત્તા આદિ

એમની સાતે બહેનો દીક્ષિત થતા આ વંશની વિખ્યાતિમાં ચાર-ચાર ચાંદ ચમકી ઉઠ્યા !

શ્રી સ્થૂલભદ્રજીએ જે સંજોગોમાં અને જે રીતે દીક્ષા લીધી, તેમજ બાર-બાર વર્ષ સુધી જેની સાથે રંગરાગના ફાગ ખેલ્યા હતા, તે કોશા વેશ્યાના વિલાસ ભવનમાં ચાતુર્માસ ગાળીને જે રીતે એનેય પણ પરમ શ્રાવિકા બનાવી, આ અને આવું ઘણું બધું મગધની જનતાને અદ્‌ભુત-અદ્‌ભુત લાગે એવું હતું. ખરેખર આ ઘટના પણ એવી જ હતી ! કામના ઘરમાં રહીને, કામને મારવો સહેલો ન હતો ! કાજળની કોટડીમાં વસીને ડાઘ ન લાગવા દેવો, એ ખૂબ જ દોહ્યલું હતું. પણ આ દુર્લભાતિદુર્લભનેય શ્રી સ્થૂલભદ્રજીએ સુલભાતિસુલભ કરી બતાવ્યું હતું.

શ્રી સ્થૂલભદ્રસૂરિજીએ પાટલિપુત્રમાં આપેલી આગમ વાચના, આ યુગનું એક અદ્‌ભુત કાર્ય બની ગયું ! આમાં સંઘને ચાર ચૂલિકાની પ્રાપ્તિ શ્રી સીમંધરસ્વામીજી દ્વારા થવા પામી. એની વિગત પણ જાણવા જેવી છે. શ્રીયક અને એની સાતે બહેનો આમાં નિમિત્ત બની હતી. શ્રીયકની દીક્ષા બાદ એક આ પ્રસંગ બન્યો.

શ્રીયક મુનિની શરીરની શક્તિ એટલી પ્રબળ ન હતી. એથી એઓ ઉપવાસ આદિ કરી ન શકતા. એકવાર પર્યુષણના દિવસોમાં એમના બહેન સાધ્વીયક્ષાને થયું કે, આ સંવત્સરીએ તો હું ગમે તે રીતે શ્રીયકમુનિને ઉપવાસ કરાઉં ! આ ભાવના મુજબ એમણે શ્રીયકમુનિને નવકારશીના બદલે પોરસીનું પચ્ચકખાણ કરવા વિનંતિ કરી, પોરસી આવી જતા સાઢપોરસીની વિનંતિ કરી. આમ છેક પુરિમડ્ઢ સુધી પહોંચ્યા બાદ વિનંતિ કરી કે, હવે તો ઘણોખરો દિવસ પૂરો થઈ ગયો છે અને આજે સંવત્સરી છે ! થોડોક પુરૂષાર્થ કરો, તો ઉપવાસ થઈ જશે. શ્રીયકમુનિએ ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું : યક્ષાસાધ્વીના આનંદનો પાર ન રહ્યો. પણ એ જ રાતે ક્ષુધા અસહ્ય બનતા શ્રીયકમુનિ સમાધિભાવને જાળવવા પૂર્વક સ્વર્ગવાસી બન્યા.

સાધ્વીશ્રી યક્ષા આદિના શોકનો પાર ન રહ્યો. એમને થયું કે, ભાઈ મુનિના મૃત્યુમાં હું નિમિત્ત બની ગઈ ! આનું પ્રાયશ્ચિત્ત શું હશે ? સંઘે એમને બહુ સમજાવ્યા કે, આમાં તમારો આશય તો શુદ્ધ હતો. એથી પ્રાયશ્ચિત્તને કોઈ અવકાશ જ નથી ! પણ આટલી સાંત્વનાથીય એમનું મન શાંત ન થતા સંઘે કાયોત્સર્ગ કરીને શાસનદેવતાને સંભાર્યા, શાસનદેવતા પ્રત્યક્ષ થતા બધી વાત જણાવીને સંઘે કહ્યું કે, આપ શ્રી યક્ષા સાધ્વીજીને શ્રી સીમંધરસ્વામીજી પાસે લઈ જાવ, તો એમનું મન સમાધાન મળતા શાંત થઈ શકે !

સંઘે પુનઃ કાઉસ્સગ શરૂ કર્યો અને શાસન દેવતા શ્રી યક્ષાસાધ્વીજીને શ્રી સીમંધરસ્વામીજી પાસે લઈ ગયા. એમણે પ્રભુ સમક્ષ અંતરની વેદના રજૂ કરી. પ્રભુએ જ્યારે કહ્યું કે, તમે આમાં જરાય દોષિત નથી ! ત્યારે જ સાધ્વીજીના મનને શાતા વળી. એ વખતે પ્રભુ સમક્ષ સાધ્વીજી યક્ષાને ભાવના, વિમુક્તિ, રતિવાક્યા અને વિવિક્તચર્યા : આ નામની ચાર ચૂલિકાઓ સાંભળવા મળતા એમનો આનંદ નિરવધિ બન્યો. સ્મરણ શક્તિના પ્રભાવે એને યાદ રાખીને સાધ્વીજી શોકમુક્ત બનીને પુનઃ જ્યાં સંઘ કાયોત્સર્ગ મુદ્રામાં ખડો હતો, ત્યાં આવ્યા. એમના દ્વારા બધી વાત સાંભળીને સંઘના આનંદનો પાર ન રહ્યો. પાટલિપુત્રમાં જ્યારે આગમવાચના થઈ, ત્યારે શ્રી સીમંધરસ્વામીજી દ્વારા પ્રદત્ત આ ચાર ચૂલિકાઓમાંની બે ચૂલિકાઓને શ્રી દશવૈકાલિક સૂત્ર અને બે ચૂલિકાઓને શ્રી આચારાંગ સૂત્રના અંતે ચૂલિકારૂપે સંલગ્ન કરવામાં આવી.

શ્રી સ્થૂલભદ્રસૂરિજી પોતાનું દીર્ઘાયુષ પૂર્ણ કરીને અને શાસનની ધુરા આર્ય શ્રી મહાગિરિ અને આર્ય શ્રી સુહસ્તિ આ બે પટ્ટધરોને સોંપીને વૈભારગિરિ પર ૧૫ દિવસના અનશનપૂર્વક સ્વર્ગવાસી બન્યા. આ બંને આચાર્યોના કાળમાં જૈનધર્મના પ્રભાવક-કેન્દ્ર તરીકે મગધની જેમ અવંતિનો પણ ઉમેરો થયો. સમ્રાટ-સંપ્રતિને પ્રતિબોધીને આર્ય સુહસ્તિસૂરિજીએ જે અદ્‌ભુત શાસન-પ્રભાવના કરી, એનો રોમાંચક ઇતિહાસ તો ઘણો વિસ્તૃત છે. આ બંને આચાર્યો ૧૧ અંગો અને ૧૦ પૂર્વોના પાઠી હતા,

તેમજ ઉગ્રવિહારી હતા. આર્ય મહાગિરિજીએ વિચ્છેદ થયેલ જિનકલ્પની તુલના કરીને આત્મસાધનાનો અનુપમ આદર્શ સ્થાપ્યો. એ અવસરે સંઘ-સંચાલનની જવાબદારીઓ આર્યસુહસ્તિસૂરિજીએ અદા કરી.

જ્યારે મગધ ઉપર સમ્રાટ અશોકનું રાજ્ય ચાલતું હતું. ત્યારે એકવાર આર્ય સુહસ્તિસૂરિજી કૌશાંબીમાં વિચરતા હતા. આ વખતે દેશ પર ભયંકર દુકાળનાં ઓળાં ફરી વળ્યા હતા. છતાં સંઘ જૈન શ્રમણોની અદ્‌ભુત ભક્તિ કરતો હતો. એકવાર મુનિઓ ગોચરી લઈને પાછા ફરતા હતા, ત્યાં જ એક ભિખારીએ એમને વિનંતી કરી કે, ભગવન્ ! આપને તો આ જૈનો બોલાવી-બોલાવીને ઘણું આપે છે. હું દિવસોનો ભૂખ્યો છું. એથી આપની આ ભિક્ષામાંથી મને થોડુંક આપશો, તો હું આપનો મોટો ઉપકાર માનીશ !

મુનિઓએ શાંતિથી કહ્યું : આ ભિક્ષાની માલિકી તો અમારા આચાર્યદેવની ગણાય ! માટે તમે એમની પાસે આવો અને માંગણી કરો. ભિખારીને આશા બંધાઈ, એ મુનિઓની સાથે આર્ય શ્રી સુહસ્તિસૂરિજી પાસે આવ્યો. ઊંડું ઉતરી ગયેલું પોતાનું પેટ બતાવીને એણે ખાવાનું આપવા વિનંતિ કરી. આચાર્યદેવ વિશિષ્ટ જ્ઞાની હતા. એથી ભિખારીના આ જીવમાં છુપાયેલું ભવ્ય ભાવિ નિહાળીને એઓએ કહ્યું : આ ભિક્ષાના અધિકારી તો જૈન શ્રમણો જ ગણાય !

ભિખારીને તો ગમે તે રીતે ભૂખનું દુઃખ દૂર જ કરવું હતું. એણે સાધુપણું સ્વીકાર્યું. દિવસો પછી ખાવા મળતા એણે આકંઠ-ભોજન કર્યું. એ જ રાતે એ રંક મુનિની તબિયત બગડી. અજીર્ણ-અશુચિકા જેવા રોગોને કારણે વેદનાનો વેગ પણ વધ્યો. પરંતુ પોતાની સેવામાં સજ્જ મુનિઓ અને ભલભલા શ્રીમંતોને જોતા જ એ રંક મુનિ મનોમન વિચારી રહ્યા : ધન્ય છે જિન શાસનને કે, જ્યાં મુનિ-જીવનનો આટલો બધો મહિમા છે, મેં તો માત્ર પેટ ભરવા જ સાધુપણું સ્વીકાર્યું છે, તોય આટલો બધો પ્રભાવ હું અનુભવી શકું છું. તો જો આત્મકલ્યાણ માટે આવું સાધુજીવન સ્વીકારું. તો મારો બેડો પાર થયા વિના ન રહે ! એ

રંકમુનિ આવી અનુમોદના કરતા-કરતાં એ જ રાતે સમાધિથી મૃત્યુ પામ્યા અને સમ્રાટ-કુણાલના ઘરે અવતરીને આગળ જતા સમ્રાટ સંપ્રતિ તરીકે વિશ્વવિખ્યાત બન્યા.

આ રંકમુનિ સંપ્રતિ તરીકે જન્મ્યા બાદ આ જ આર્ય શ્રી સુહસ્તિસૂરિજીના પરિચયમાં આવીને જે શાસન પ્રભાવના કરી ગયા, એથી આ કાળ જૈન-ઇતિહાસમાં સુવર્ણ-સમય તરીકે નોંધાઈ ગયો.

આર્યમહાગિરિજી ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને દશાર્ણ દેશમાં આવેલ ગજેન્દ્રપદ-તીર્થમાં અંતિમ-આરાધના કરીને સ્વર્ગવાસી બન્યા. ત્યારબાદ આર્યશ્રી સુહસ્તિસૂરિજીએ શાસનની ધુરા સંભાળી. એમના કાળમાં જ શ્રી અવંતિપાર્શ્વનાથ તીર્થ ઉદયમાં આવ્યું. એનો ઇતિહાસ પણ જાણવા જેવો છે :

આર્ય શ્રી સુહસ્તિસૂરિજી એકવાર ઉજ્જયિનીમાં પધાર્યા. ત્યાં ભદ્રા શેઠાણીની વસતિમાં તેઓ રહ્યા. નલિનીગુલ્મ-વિમાનનું જેમાં વર્ણન આવતું હતું. એ અધ્યનનનું આચાર્યદેવનો સાધુ-પરિવાર પુનરાવર્તન કરી રહ્યો હતો. એ સાંભળીને ભદ્રાશેઠાણીના પુત્ર અવંતિસુકુમાલનું મન આ વિમાનના વિચારમાં ખોવાઈ ગયું, એમાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું. તરત જ આચાર્યદેવ પાસે આવીને એણે કહ્યું : ભગવન્ ! હાલ આપ સૌના પુનરાવર્તનમાં જે વિમાનનું વર્ણન આવ્યું હતું, ત્યાંથી જ મારો અહીં જન્મ થયો છે. જાતિસ્મરણના આધારે હું આ કહી રહ્યો છું અને મારે હવે જલદીમાં જલદી એ નલિનીગુલ્મ-વિમાનમાં જ જવું છે. માટે કૃપા કરીને મને દીક્ષા આપો.

અવંતિસુકુમાલ અઢળક સમૃદ્ધિનો અને બત્રીસ-બત્રીસ સુંદરીઓનો સ્વામી હતો. એથી ભદ્રામાતાની અનુમતિ મળવી મુશ્કેલ હતી. આચાર્યદેવે શ્રુતજ્ઞાનના આધારે એનું ભવ્ય ભાવિ જોઈને દીક્ષાનું પ્રદાન કર્યું. સંયમના કષ્ટો સહવા માટે અવંતિસુકુમાલનો દેહ સમર્થ ન હતો. આ વાતનો પૂરો ખ્યાલ હોવાથી અવંતિસુકુમાલે દીક્ષા-દિવસથી જ અનશનનો સ્વીકાર કરીને ભરજંગલમાં કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિર રહેવાની

અનુમતિ માંગી. શુભભાવિ જોઈને આચાર્યદેવ તરફથી અનુજ્ઞા મળતા અવંતિસુકુમાલ મુનિ સ્મશાનમાં જઈને ધ્યાનસ્થ બની ગયા. એ જ રાતે એક શિયાળણનો મરણાંત-ઉપસર્ગ સમતાથી સહન કરીને મુનિ-અવંતિસુકુમાલ કાળધર્મ પામ્યા અને નલિનીગુલ્મ વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.

ભદ્રામાતાને જ્યારે વહાલસોયા બેટા અવંતિની દીક્ષાની ખબર પડી, ત્યારે એણે મન મનાવી દઈને એની અનુમોદના કરી. બીજે દિવસે જ્યારે સાધુ-સમુદાયમાં પુત્ર મુનિનું દર્શન ન મળ્યું. ત્યારે આ અંગે એણે આચાર્યદેવને પૂછ્યું : જવાબ મળ્યો કે, ભદ્રામાતા ! બડભાગી તમારો પુત્ર તો નલિનીગુલ્મ-વિમાનમાંથી અહીં અવતર્યો હતો અને ગઈકાલે રાત્રે મરણાંત-ઉપસર્ગ વેઠીને એ પુનઃ ત્યાં પહોંચી પણ ગયો છે.

ભદ્રામાતા પુત્રવધૂઓ સાથે સ્મશાનમાં જઈ પહોંચ્યા. આનંદ અને આઘાતની મિશ્ર લાગણી એ સૌએ અનુભવી. આ પછી વૈરાગ્ય-વાસિત બનીને ભદ્રામાતાએ એક સગર્ભા પુત્રવધૂ સિવાય બીજી બધી પુત્રવધૂઓ સાથે સંયમ સ્વીકાર્યું. સગર્ભા પુત્રવધૂએ એક દહાડો જે પુત્રને જન્મ આપ્યો, એ આગળ જતા મહાકાળ તરીકે પ્રસિદ્ધ થયો. એણે પોતાના પિતાની સ્મૃતિમાં ક્ષિપ્રા નદીને કાંઠે ભવ્ય જિનમંદિરનું નિર્માણ કરીને એમાં શ્રી અવંતિપાર્શ્વનાથજીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી, આ મંદિર પછી આગળ જતા **"મહાકાળ મહાદેવ"**ના મંદિરમાં ફેરવાયું.

આમ, આર્ય શ્રી સુહસ્તિસૂરિજીનો સમય જૈનયુગ માટે સુવર્ણ-સમય બની ગયો. પોતાની પાટ પર આર્ય શ્રી સુસ્થિતસૂરિજી અને આર્ય શ્રી સુપ્રતિબદ્ધસૂરિજીને સ્થાપિત કરીને એઓશ્રી લગભગ ૧૦૦ વર્ષની વયે અવંતિમાં સ્વર્ગવાસી બન્યા. આર્ય મહાગિરિજી અને આર્ય સુહસ્તિજી સુધીની પાટપરંપરા નિર્ગ્રન્થ-ગચ્છ તરીકે પ્રસિદ્ધ રહી. આ બે મહાપુરૂષોનો બાલ્યકાળ આર્યયક્ષાની દેખરેખ નીચે પસાર થયો હોવાથી આ બંનેના નામ "આર્ય" આ પદથી સુશોભિત બન્યા.

આચાર્ય શ્રી સુસ્થિતસૂરિજી અને આચાર્ય શ્રી સુપ્રતિબદ્ધસૂરિજી સંસારી સંબંધે સગા ભાઈ હતા. તેઓ બંને કાકંદી નગરીના નિવાસી હતા. આ આચાર્યોનું જીવન કલિંગ સાથે અને કલિંગ ચક્રવર્તી મહારાજા ખારવેલ સાથે પણ સંકળાયેલું હોઈને, એમનું સામાન્ય જીવન-દર્શન કરી લઈએ.

સૌપ્રથમ તો આ બે સૂરિવરોની સાધનાના પ્રભાવે **"નિર્ગ્રન્થગચ્છ"** તરીકે ઓળખાતી પ્રભુની પાટપરંપરા "કોટિકગચ્છ"ના બીજા નામેય પ્રસિદ્ધ બનવા પામી હતી. કલિંગમાં આવેલો કુમારગિરિ-પર્વત, ભગવાન મહાવીર દેવના કાળ પૂર્વે જ તીર્થ તરીકે વિખ્યાત હતો. એમાં વળી મહારાજા શ્રેણિકે ત્યાં મંદિરનું નિર્માણ કરીને શ્રી સુધર્માસ્વામીજી દ્વારા પ્રાણ-પ્રતિષ્ઠિત સુવર્ણ-પ્રતિમાની સ્થાપના કરતા આ વિખ્યાતિમાં અઢળક વધારો થવા પામ્યો હતો. એમણે સાધકો માટે ગુફાઓ પણ કરાવેલ. પોતાના પિતાના પગલે ચાલીને અજાતશત્રુ કોણિકે પણ શ્રી કુમારગિરિ પરની એ ગુફાઓમાં પોતાની તરફથી પાંચ ગુફાઓનો ઉમેરો કરેલ અને "કલિંગાજિન"ની કીર્તિ ધરાવતી એ સુવર્ણ-પ્રતિમાના કારણે આ તીર્થ વધુને વધુ પૂજ્ય અને પવિત્ર બનેલ.

આ પછી આઠમા નંદના સમયે આ પ્રતિમાજીનું અપહરણ થયું, ત્યારબાદ મગધ સમ્રાટ અશોકે "કલિંગજંગ" ખેલીને આ પ્રસિદ્ધિના વળતા પાણી કરવા કાજે ઘણું પાણી બતાવેલ. પરંતુ આર્ય સુહસ્તિસૂરિજીના સમયમાં કલિંગરાજ વૃદ્ધરાજે કુમારગિરિ તીર્થનો ઉદ્ધાર કરાવેલ, એમાં શ્રી સુસ્થિતસૂરિજી તેમજ આ. શ્રી સુપ્રતિબદ્ધસૂરિજીએ આ તીર્થ પર રહીને સૂરિમંત્રનો કરોડવાર જાપ કરતા, ફરીથી આ તીર્થ વધુ પ્રભાવશાળી બનવા પામ્યું હતું. જોકે કલિંગજિન તરીકે વિખ્યાત એ સુવર્ણપ્રતિમા જ્યાં સુધી મગધમાંથી પુનઃ મેળવીને એની કુમારગિરિ પર પ્રતિષ્ઠા ન થાય, ત્યાં સુધી કલિંગવાસીને કળ વળે એમ ન હતી. અને આ માટે કલિંગની ધરતી કોઈ મહાશક્તિના અવતરણને સતત ઝંખતી રહી હતી.

કાકંદીના વાસી આ બંને આચાર્યદેવોએ સૂરિમંત્રનો કરોડવાર જાપ કર્યો, ત્યારથી "નિર્ગ્રન્થગચ્છ"ને "કોટિકગચ્છ" તરીકેનું બીજું પણ એક નામ મળ્યું. ચોરોની પલ્લીમાં મૌનપણે ચાતુર્માસ ગાળવા દ્વારા રાજપુત્રમાંથી લૂંટારા બનેલા વંકચૂલના હૈયામાં વસી જનારા અને એને ધર્મી બનાવનારા મહાપુરૂષ આ. શ્રી સુસ્થિતસૂરિજી જ હતા. આબુથી વિહાર કરીને એઓશ્રી જ્યારે અષ્ટાપદજી તરફ જઈ રહ્યા હતા, ત્યારે આ બનાવ બનેલ. આ પછી પરમ શ્રાવક બનેલ વંકચૂલે આચાર્યદેવના શિષ્યો શ્રી ધર્મઋષિ અને શ્રી ધર્મદત્તને ચાતુર્માસ રાખીને ચંબલને કાંઠે વિસ્તરેલી શરાવિકા નામની પહાડીમાં આવેલી પોતાની સિંહગુફાપલ્લીને જિનમંદિરોથી મંડિત બનાવેલ. આગળ જતાં આ સ્થાન ઢીંપુરી-તીર્થ તરીકે પ્રખ્યાત બનવા પામેલ.

આમ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ સમય પર જ્યારે ત્રણ-ત્રણ શતક વીતવા આવ્યા હતા, ત્યારની એ મગધ ભૂમિમાં અને એ કલિંગ-ભૂમિમાં, જ્ઞાન-ધ્યાન તેમજ તપ-ત્યાગની અજોડ-મૂર્તિ તરીકે આ. શ્રી સુસ્થિતસૂરિજી મહારાજના તથા આ. શ્રી સુપ્રતિબદ્ધસૂરિજી મહારાજના નામ-કામનાં ગૌરવ-ગાન દિગદિગંત ગુંજી ઉઠે, એ રીતે ગવાઈ રહ્યા. ત્યારે એક આચાર્યદેવ ગચ્છનાયકની જવાબદારી અદા કરીને સકળ સંઘનું સુકાન સંભાળી રહ્યા હતા, જ્યારે બીજા આચાર્યદેવ વાચનાચાર્યનું ઉત્તરદાયિત્વ અદા કરીને સાધુસંઘનું સુકાન સુવ્યવસ્થિત રીતે સંભાળી રહ્યા હતા.

કલિંગ ચક્રવર્તી શ્રી ખારવેલના સમય સુધી લંબાયેલી પ્રભુની આટલી પ્રભાવક પરંપરાનો પરિચય મેળવી લીધા પછી હવે આપણે કલિંગના રાજ્ય-વંશની પણ થોડી-ઘણી ઝાંખી મેળવી લઈએ, જેથી મહારાજા ખારવેલમાં જે શક્તિ-ભક્તિનું અવતરણ થયું, એનું તાદૃશ-દર્શન મેળવવામાં આપણને સફળતા મળે.

મગધ સમ્રાટ અજાત શત્રુ કોણિક અને ગણસત્તાક-રાજ્ય તંત્રના સુકાની વૈશાલીપતિ મહારાજા ચેટક વચ્ચે ખેલાયેલું એ યુદ્ધ ઇતિહાસના

પાને લોહીની લેખિનીથી શબ્દાંકિત બન્યું. કારણ કે આ યુદ્ધના નાયક બંને રાજવીઓ સંસારના સગપણથી જોડાયેલા હતા તેમજ જે નિમિત્તે આ ખૂનખાર જંગ ખેલાયો હતો, એ સાવ નજીવું નિમિત્ત હતું. કોણિકના ભાઈઓ હલ્લ-વિહલ્લ પાસે પિતૃદત્ત ભેટ તરીકે સેચનક હાથી અને દિવ્યકુંડલ હતા, આની કોણિકે માંગણી કરી, પણ એમાં લાગણીનો નહિ, લડાઈનો ભાવ જોઈને હલ્લ-વિહલ્લે કોણિકની માંગણીને મહત્ત્વ ન આપ્યું અને હલ્લ-વિહલ્લ ચેટકના શરણાગત બનીને સુરક્ષિત બની ગયા.

માત્ર આટલા નજીવા-નિમિત્તને આગળ કરીને મગધ-વૈશાલી વચ્ચે ૧૨-૧૨ વર્ષો સુધી એ ખૂનખાર જંગ ખેલાયો. એમાં અંતે મહારાજા ચેટકની હાર થતા એમના પુત્ર શોભનરાયને જીવ બચાવવા નાસવાનો વખત આવ્યો. એમની નજર સમક્ષ નિર્ભયસ્થાન તરીકે એ વખતે કલિંગ ઉપસી આવ્યું. એથી કલિંગના શરણાગત બનવાનો શોભનરાયે નિર્ણય લીધો. ત્યારે કલિંગમાં સુલોચનરાજનું શાસન હતું. એઓ બળવાન અને ધર્મવાન હતા. કલિંગમાં પહેલેથી જ પુરૂષદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ વિશેષ હોવાથી સુલોચનરાજ શ્રી પાર્શ્વપ્રભુના અનુયાયીને છાજે એવું જીવન જીવતા હતા. સંતાનમાં એમને માત્ર એક પુત્રી જ હતી. એથી શરણે આવેલા ચેટક-પુત્ર શોભનરાયને એમણે ફુલડે વધાવી લીધા, એટલું જ નહિ, પણ પોતાની પુત્રી પરણાવીને એમણે શોભનરાયને હાર્દિક આવકાર આપ્યો અને ભાવિ કલિંગાધિપતિ તરીકે શોભનરાયનું સ્થાન જાણે નક્કી થઈ ગયું !

રાજા સુલોચનનો સ્વર્ગવાસ થતા કલિંગના પાટનગર કનકપુર તોષાલીના સિંહાસન પર શોભનરાયનો રાજ્યાભિષેક થયો. કલિંગના ધર્મવાસિત વાતાવરણે શોભનરાય પર સુંદર અસર પેદા કરી. આથી પાટનગરની નજીકમાં જ આવેલા કુમારગિરિ નામના તીર્થને શત્રુંજયાવતાર તથા ઉજ્જયંતાવતાર તરીકે વધુ પ્રસિદ્ધ કરવામાં એમણે ઘણો ફાળો આપ્યો. આમ, વૈશાલીનું એક રાજબીજ કલિંગની ધન્ય-ધરતીમાં ધરબાયુ અને ધીમે-ધીમે વિકસિત થવા માંડ્યું.

આવા આ શોભનરાયની પાંચમી પેઢીએ અને વીરનિર્વાણના ૧૪૯માં વર્ષે ચંડરાય નામનો રાજવી થયો. ચંડરાય બળવાન હતો અને ધર્મવાન પણ હતો. કલિંગની પ્રજાના ઘડતર માટે એણે અભૂતપૂર્વ યોગદાન કરેલ. પણ એની સામે મગધમાંથી એક એવો પડકાર આવ્યો કે, એ કલિંગની કીર્તિને અણનમ રાખવામાં ધારી સફળતા ન મેળવી શક્યો અને સ્વતંત્ર રહેલાં કલિંગ પર મગધની સત્તાનો સાણસો ભીંસાઈ ગયો.

કલિંગના સિંહાસને જ્યારે ચંડરાયનું રાજ્ય તપતું હતું, ત્યારે મગધ સામ્રાજ્યની ધુરા આઠમો નંદ સંભાળતો હતો. એણે કલિંગ સામે યુદ્ધ જાહેર કર્યું અને એ વિજયી બન્યો. કલિંગની ધરતી પર વિજય મેળવવા છતાં કલિંગની જનતાના જિગરમાં જડાઈ ગયેલી સ્વતંત્રતાની ખુમારીને નંદ રાજા ખત્મ કરી શક્યો નહોતો. અધૂરામાં પૂરું આ યુદ્ધમાં કલિંગની કીર્તિ સમી કલિંગ-જિનની સુવર્ણ-પ્રતિમાનું પણ નંદે અપહરણ કર્યું હતું. એથી કલિંગ વહેલી તકે સ્વતંત્ર બનવા ઝૂરી રહ્યું હતું.

શોભનરાયની પાંચમી પેઢીએ મગધની આણ નીચે કેદ કરાયેલું કલિંગ ઝાઝો સમય સુધી આ બંધનમાં ન રહ્યું. થોડા વખત બાદ શોભનરાયની આઠમી પેઢીએ ક્ષેમરાજ નામના રાજવીના કાળમાં કલિંગ પુનઃ પોતાની સ્વતંત્રતા મેળવીને જ જંપ્યું ! "કલિંગજિન"ની પ્રાપ્તિ જોકે હજી બાકી હતી. આ પ્રતિમા મેળવ્યા બાદ જ સ્વતંત્રતાની સાચી ખુમારી માણી શકાય. એનો પૂરો ખ્યાલ હોવાથી કલિંગ એવી શક્તિના અવતરણને પ્રાર્થી જ રહ્યું હતું કે, જે શક્તિ "કલિંગજિન"ને સન્માનભેર પુનઃ પ્રાપ્ત કરે અને કલિંગની કીર્તિને પુનઃ દિગદિગંતમાં ફેલાવે ! પરંતુ કલિંગ આ આકાંક્ષા પૂર્તિની દિશામાં પગલું-પગલું આગે બઢે, એ પૂર્વે જ મગધ-સમ્રાટ અશોકનું એક એવું જોરદાર આક્રમણ આવ્યું કે, કલિંગની રહીસહી કીર્તિના કોટ-કાંગરા પણ હચમચી ઉઠીને માટીમાં મળી ગયા અને હજારો માનવોની લોહીથી લથપથ લાશો ઉપર પગ મૂકીને અશોકે "કલિંગ-વિજય"ની ઉજાણી કરી પણ આ યુદ્ધમાં થયેલી

જંગી જાનહાનિએ અશોકના અંતરમાં એવા ઊંડા જખમ પેદા કર્યા કે, એથી વિજયનો એ આનંદ જાણે અશોક માટે પરાજય કરતાંય વધુ પીડાકારક નીવડ્યો. કલિંગ-જંગમાં જે સંહાર થયો, એના વિચારે અશોકની આંખ દિવસો સુધી આંસુથી ભીની રહી. આ યુદ્ધમાં થયેલા સંહારથી દ્રવી ઉઠેલા અશોકે સામે ચડીને કલિંગને એની સ્વતંત્રતા પુનઃ આપીને કંઈક શાંતિ અનુભવી.

અશોકના કલિંગ વિજય પછી કલિંગમાં મૌર્ય-સંવતનું ચલણ થયું. આ પછી ક્ષેમરાજની ગાદીએ વીર સંવત ૨૭૫માં એમના પુત્ર વૃદ્ધરાજા કલિંગાધિપતિ બન્યા. એમના રાજ્યકાળમાં જોકે અશોક દ્વારા પેટાવાયેલી જંગ-જ્વાળાઓની અસરથી કલિંગ કંઈક મુક્ત બની શક્યું હતું અને વૃદ્ધરાજે કલિંગની કીર્તિ સભા એ તીર્થધામોમાં વધારો પણ કર્યો હતો. છતાં કલિંગને માટે કરવાનું હજી ઘણું બાકી રહેતું હતું. અશોકના વિજય પછી સ્વતંત્રતા મળવા છતાં કલિંગની પ્રજામાંથી આઝાદીની અગનજાળ જેવી જે લગન લગભગ લુપ્ત થઈ ગઈ હતી, એને જાગૃત કરવાનું મુખ્ય કાર્ય વૃદ્ધરાજ સામે એક પડકાર અને પ્રશ્ન રૂપે વર્ષો સુધી ખડું જ રહ્યું !

આઝાદીના એ આતશને પુનઃ જગવવાનું કાર્ય વિરાટ હતું. આ વિરાટતાને વહન કરવાનું સૌભાગ્ય જોકે વૃદ્ધરાજને નહોતું વર્યું, પણ આ વિરાટતાના વાહક બની શકે, એવા એક પરાક્રમી પુત્રના પુણ્યવાન પિતા તરીકેની કીર્તિના તો એઓ જરૂર પૂરેપૂરા અધિકારી હતા. કારણ કે કલિંગ ચક્રવર્તી મહારાજા ખારવેલના શ્રી વૃદ્ધરાજ પિતા થતા હતા.

•



# ૭

# મૌર્ય સામ્રાજ્યની તેજી-મંદી

મહારાજા કલિંગ ચક્રવર્તી ખારવેલના જીવન-મહેલમાં પ્રવેશ મેળવવાની પૂર્વ ભૂમિકા રૂપે નવનંદો સુધીની રાજાવલિ, પ્રભુની પાટપરંપરામાં વીર-નિર્માણ પછી ૩૦૦ વર્ષ સુધી થયેલા પ્રભાવક આચાર્ય દેવોની શૃંખલા અને કલિંગના રાજાઓની ખારવેલ પિતા શ્રી વૃદ્ધરાજ સુધીની વંશ પરંપરા : આ બધાનો પરિચય આપણે મેળવી આવ્યા. હવે નંદવંશના નાશ પર જે રીતે મૌર્યવંશના મંડાણ થયા, એની ઝાંખી મેળવી લેવી જ રહી. આ ઝાંખી મેળવી લીધા બાદ ખારવેલના જીવન-મહેલમાં આપણે પ્રવેશ કરી લઈને એની ભવ્યતાનું આકંઠ-પાન કરીશું.

શ્રી શકટાલ મંત્રીના શિરચ્છેદ પછી નંદવંશના પતનનો જે પ્રારંભ થયો, એને કોઈ રોકી ન શક્યું. આ પતનને પાતાળ સુધી પહોંચાડવા જ જાણે ચન્દ્રગુપ્ત-ચાણક્યનું જોડાણ થયું હતું ! આ બંનેએ એવી કુનેહથી કાર્ય પ્રારંભ્યું કે, નંદવંશના પાયા હચમચી ઉઠ્યા અને ત્યાં મૌર્યવંશનું મંડાણ થયું. આ નાશ અને આ મંડાણની પ્રક્રિયાના પાયામાં એક નજીવું જ નિમિત્ત ધરબાયું હતું.

આર્ય ચાણકય એકવાર નંદની સભામાં આશીર્વાદ આપવા ગયેલા. પણ આ સભામાં એક દાસી દ્વારા એમનું અપમાન થતા ભરી સભામાં પોતાની શિખા-ચોટલી બાંધતા એમણે પ્રતિજ્ઞા કરેલી કે, જ્યાં સુધી આ નંદવંશનું નિકંદન નહિ કાઢું, ત્યાં સુધી હું આ શિખા છોડીશ નહિ ! રાજા નંદે ત્યારે આ પ્રતિજ્ઞાને હસી કાઢી હતી કે, એક તરણાને આધારે લોખંડી ઈમારતના પાયા ખોદી નાખવાની ધારણામાં રાચતા કોઈ પાગલમાં અને પંડિત ગણાતા આ ચાણક્યમાં શો ભેદ છે ?

આર્ય ચાણક્ય આવી પ્રતિજ્ઞા કરીને કોઈ સમર્થ ઉત્તર-સાધકની શોધમાં ચાલી નીકળ્યા. ઘણી-ઘણી રઝળપાટને અંતે એમને ચંદ્રગુપ્તનો ભેટો થયો. આ પછી મરણાંત આપત્તિઓનો સામનો કરીને એમણે ચંદ્રગુપ્તના અંતરમાં ધરબાયેલી સમ્રાટ જીવનની યોગ્યતાને એક શિલ્પીની અદાથી ઘડી-ઘડીને સોહામણો ઘાટ આપ્યો. ચંદ્રગુપ્ત પણ એક બાળકની અદાથી ચાણક્યને સમર્પિત બન્યો અને ચંદ્રગુપ્ત-ચાણક્યની જોડલીએ એક દહાડો રાજા નંદને બતાવી આપ્યું કે, તમે જેને તરણાની તોલે ગણતા હતા, એ વ્યક્તિ તલવાર કરતાંય વધુ તેજસ્વી નીકળી કે નહિ ?

અનેક કાવાદાવા, અનેક માયા-પ્રપંચો અને અનેક રાજરમતો રમીને એક દહાડો ચાણક્યે જ્યારે નંદવંશનું નિકંદન કાઢીને મૌર્ય-ચંદ્રગુપ્તને પાટલિપુત્રના સિંહાસને બેસાડ્યો, ત્યારે જ ચાણક્યે શાંતિનો શ્વાસ લીધો અને વર્ષો બાદ છૂટી થયેલી એમની શિખા મૌર્યવંશની પતાકાની જેમ પવનની લહેરમાં આમતેમ લહેરાઈ ઉઠી. પુણ્યનું પીઠબળ હતું. આર્ય ચાણક્ય જેવા બુદ્ધિનિધાન મંત્રીશ્વરની મદદ હતી અને આ સિવાય ચંદ્રગુપ્તના વ્યક્તિત્વમાં એક સમ્રાટને શોભે એવું ઘણું-ઘણું હતું. એથી

થોડા વખતમાં મગધ જ નહિ, આસપાસના અનેક સામ્રાજ્યો મગધ-સમ્રાટ ચન્દ્રગુપ્તના ચાકર બની ગયા.

મંત્રીશ્વર ચાણક્ય જૈનધર્મના પાકા ઉપાસક હતા, એથી એમના સંગે ચન્દ્રગુપ્તનું રાજય પણ જૈનત્વની જ્વલંતતાનું જ્યોતિર્ધર એક કેન્દ્ર બની ગયું. ચન્દ્રગુપ્તના રાજ્યકાળ દરમિયાન મગધ બાર વર્ષીય દુકાળની ઝાળમાં સપડાયું, છતાં એમણે પ્રજાનું પુત્રની જેમ પાલન કરીને પોતાની જવાબદારી બરાબર અદા કરી.

ભારતીય ઈતિહાસમાં ચંદ્રગુપ્ત જ એક એવા સાર્વભૌમ રાજવી બન્યા કે, જેમણે પરદેશી રાજાઓને પણ નમાવ્યા હોય ! એ કાળમાં પરદેશી-રાજા સેલ્યુક્સે પંજાબને જીતી લઈને હિન્દ પર સામ્રાજ્યનો પંજો લંબાવવા લડાઈ આગળ લંબાવેલી. પણ સમ્રાટ ચંદ્રગુપ્તે એ પરદેશી-રાજાને એવી સખત હાર આપી કે, એને ભાગતા ભોંય ભારે પડી ગઈ ! તેની પાસેથી દંડ રૂપે કેટલાય પ્રદેશો લઈને પછી જ ચંદ્રગુપ્તે એને મુક્ત કર્યો અને ભારતીય રાજવીઓનું પાણી બતાવી આપ્યું. આ સિવાય પણ ચંદ્રગુપ્તે મેળવેલા વિજયોની વણઝાર ઘણી લાંબી હતી. ભારતના એક મહાન-સમ્રાટની અદાથી ચન્દ્રગુપ્ત રાજવીએ જે પ્રતિષ્ઠા મેળવી, એનો ઠીક-ઠીક યશ મંત્રીશ્વર ચાણક્યને ફાળે જતો હતો.

મગધસમ્રાટ ચંદ્રગુપ્ત અને મગધમંત્રી ચાણક્યના સમયમાં આચાર્યશ્રી સ્થૂલભદ્રસૂરિજીનું ધર્મ-સામ્રાજ્ય પણ પૂર બહારમાં ખીલી ઉઠ્યું હતું. એથી આ આચાર્યદેવની ચરણોપાસનાનો લાભ પણ આ રાજા-મંત્રીને મળ્યો હતો. ચાણક્યે જીવનના અંત ભાગે જૈન દીક્ષા સ્વીકારીને આત્મકલ્યાણ સાધ્યું હતું અને મગધમાં જૈનત્વની જ્વલંત જ્યોત આ રીતે પણ ફેલાવી હતી. સમ્રાટ ચંદ્રગુપ્તે મગધનું સમ્રાટ-પદ ૨૪ વર્ષ સુધી ભોગવ્યું. ત્યારબાદ આ પદ એમના પુત્ર બિંદુસારને મળ્યું.

બિંદુસાર પિતાની આબરૂને વધારનાર રાજવી હતો. એણે મગધ-સામ્રાજ્યનો વિસ્તાર ઘણો વધાર્યો હતો. આ બંને પિતા-પુત્રના કાંડામાં એવું બળ હતું કે, એઓ ધારત તો કલિંગ પર પણ ચપટી વગાડતા જ વિજય મેળવી શકત. પણ તેઓએ કલિંગને સ્વતંત્ર રહેવા દઈને પોતાના

પૂર્વજોએ જાળવેલી મર્યાદાની પાળને તોડી ન હતી. પરંતુ ૨૫ વર્ષનું રાજ્ય ભોગવી જનાર આ બિંદુસારનો પુત્ર અશોકે અનેક વિષયોની જેમ આ મર્યાદાની પાળનાય ભુક્કે-ભુક્કા બોલાવી દીધા અને એક દિવસ કલિંગ પર ચઢાઈ લઈ જઈને એણે જાણે મૌર્ય-શાસનના પાયામાં જ સુરંગ ચાંપવાનું કાર્ય કર્યું.

અશોકના પૂર્વજો લગભગ જૈન-ધર્મમાં આસ્થા ધરાવતા હતા, એમણે કદી પણ કલિંગની સામે કુદૃષ્ટિ કરી ન હતી. સમ્રાટ અશોકે આથી વિપરિત જ કર્યું. પ્રારંભના વર્ષોમાં તો એ જૈન રહ્યો, પણ પછીથી બૌદ્ધધર્મી રાણી તિષ્યરક્ષિતાના સહવાસથી એ બૌદ્ધધર્મી બન્યો. આ રાણીના પાપે જ અશોકના પુત્ર કુણાલને અંધાપો વેઠવો પડ્યો. એણે તપોવનો-તપોધનો અને તીર્થધામોથી ભરપૂર કલિંગની ધરતી પર યુદ્ધ લઈ જઈને તો પોતાના પૂર્વજોનું નામ બોળ્યું ! એથી એમ કહી શકાય કે, કલિંગ-યુદ્ધથી જ મૌર્ય શાસન માટે અમંગળનો પ્રારંભ થયો !

કલિંગ પર આ પૂર્વે નંદરાજાના સમયે એક યુદ્ધ ચઢી આવ્યું હતું ખરું. પણ એ યુદ્ધ કલિંગની સ્વતંત્રતા કે સમૃદ્ધિની છડેચોક લૂંટ ચલાવવામાં નિષ્ફળ નીવડ્યું હતું. થોડીક સમૃદ્ધિ, કલિંગજિનની પ્રતિમાનું અપહરણ કે આવા થોડાં અડપલા કરીને જ એ યુદ્ધને સંતોષ માનવો પડ્યો હતો. પણ અશોકે કલિંગ-જંગ ખેલીને જે કતલ ચલાવી, એથી જે રીતે લોહીની નદીઓ વહી નીકળી અને રમણીય-નંદનવન જેવી શોભતી કલિંગની એ ધરતી પર જે રીતે સ્મશાન જેવી ભેંકાર-ભયાનકતા ફરી વળી, એની દૂરગામી અસરોમાંથી પરાજિત-કલિંગની જેમ વિજિત મગધ પણ મુક્ત ન રહી શક્યું. આ યુદ્ધ ભારતીય ઇતિહાસમાં ક્રૂરતા અને કરપીણતાનું એક સીમાસ્તંભ બની ગયું.

અશોકે ઘણા-ઘણા વિજયો મેળવ્યા હતા. એ વિજયો પણ કંઈ લોહીની નદીઓમાં લાશોને વહી જવા દીધા વિના નહોતા મળ્યા ! પણ કલિંગ-યુદ્ધમાં કતલ અને ક્રૂરતાનું ખપ્પર ભરવા એટલા બધા મોટા પ્રમાણમાં માનવસંહાર કરવો પડ્યો હતો કે, યુદ્ધને અંતે સ્મશાનમાં પલટાઈ ગયેલી એ યુદ્ધભૂમિ જોતા જ અશોક જેવા આક્રમકનું અંતર

પણ દયાથી દ્રવી ઉઠ્યું. એનું મહારથી મન મંથન અનુભવી રહ્યું અને લોહીથી લથપથ બનેલો એ વિજય-તાજ માથા પર મૂકવા જતાં જ એનું અંગેઅંગ ધ્રૂજારી અનુભવી રહ્યું. અને આમ, કલિંગ-વિજયને મગધ સામ્રાજ્યનો અંતિમ વિજય બનાવીને કલિંગ પર નામની પરતંત્રતા ઠોકી બેસાડીને અશોક પાછો ફર્યો. આ પછી શિલાલેખો આદિમાં એ **"પ્રિયદર્શી"** તરીકે પ્રસિદ્ધ થયો.

કલિંગની એ કતલનું કારમું દશ્ય અણનમ-આક્રમક અશોકના કાળજામાં ઘણા લાંબા સમય સુધી કકળાટ પેદા કરતું રહ્યું. આમાંથી મુક્ત થવા એણે બૌદ્ધધર્મની છાયામાં સમાઈ-સંતાઈ જવાનો એક દાવ નાખ્યો. આ દાવ ગમે તે રીતે સફળ થઈ ગયો, અને કલિંગની કતલ સુધી **"યુદ્ધ-યુદ્ધ"**ના નાદ ગજવતો અશોક આ પછી "બુદ્ધ-બુદ્ધ"ની યાદમાં ખોવાઈ ગયો ! થોડાક વર્ષોમાં તો એણે બૌદ્ધ ધર્મના પ્રચાર પાછળ લાખ્ખો-કરોડો સુવર્ણમુદ્રાઓ ખર્ચી નાખી અને અશોકના પૂર્વજ રાજાઓએ જૈનત્વની જાહોજલાલીના ઝંડા ઉભા કરી કરીને મગધને જે મહાનતા-મનોહરતા આપી હતી, એ જાણે વેરણછેરણ બની ગઈ !

અશોકનો પુત્ર કુણાલ તો નાનપણથી જ વિમાતાના કાવતરાથી બચવા અવંતિમાં રહેતો હતો. પણ એક દિવસ એ કાવતરાના હાથ છેક અવંતિ સુધી પહોંચ્યા અને **"कुमारो अधीयउ"** કુમાર કુણાલ હવે અધ્યયન કરે, આ જાતનો અશોકનો પત્ર વિમાતાના હાથથી કરાયેલા એક બિંદુના વધારા સાથે એટલે કે, **"कुमारो अंधीयउ"** કુમાર અંધ બને-આ જાતના અનર્થ સાથે અવંતિ પહોંચ્યો અને પિતૃભક્ત કુણાલે પોતાના જ હાથે બે સળિયા આંખમાં ભોંકી દઈને એ આજ્ઞાનું પૂરેપૂરું પાલન કર્યું. એથી અંધ કુણાલને તો જો કે રાજ્ય મળે એમ નહોતું, પણ પોતાના પુત્ર-સંપ્રતિ માટે રાજ્ય માંગવા માટે કુણાલ વેશપલટો કરીને એક દહાડો પાટલિપુત્ર પહોંચ્યો. અશોકને ખુશ કરીને એણે **"કાંકણી"**ની માંગણી કરી. રાજાને આશ્ચર્ય થયું કે, માંગી માંગીને બસ કોડી જ માંગી !

મંત્રીશ્વર ત્યારે હાજર હતા, એમણે કહ્યું : મહારાજ ! કાંકણીનો અર્થ અર્ધરાજ્ય પણ થાય છે ! આ સાંભળીને અશોકે આશ્ચર્યપૂર્વક

પૂછ્યું કે, ઓ ! સુરદાસ ! તું અર્ધરાજ્યને શું કરીશ ? જવાબમાં કુણાલે કહ્યું કે, હું ભલે આપનો અંધપુત્ર રહ્યો, પણ આપના પૌત્ર માટે રાજ્ય માંગી રહ્યો છું. એ પૌત્ર સંપ્રતિ એટલે કે હમણાં જ પેદા થયો છે.

આ સાંભળીને અશોક કુણાલને ભેટી પડ્યો અને પોતાના પૌત્રને એણે સંપ્રતિના નામે સંબોધ્યો. આ સંપ્રતિ જ આગળ જતા જૈન સમ્રાટ સંપ્રતિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. આર્ય શ્રી મહાગિરિસૂરિજી તથા આર્ય શ્રી સુહસ્તિસૂરિજીનો ઉપદેશ પામીને અવંતિપતિ તરીકે આ સંપ્રતિએ જાણે એક નવો જ જૈનયુગ સ્થાપિત કર્યો.

પ્રિયદર્શી અશોકે બૌદ્ધધર્મના પ્રચાર કાજે ઘણું ઘણું કર્યું. અનેક દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થાય, એ માટે પાટલિપુત્રમાં એણે બૌદ્ધ-ભિક્ષુઓનું એક સંમેલન યોજ્યું અને ભિક્ષુઓને દૂર-દૂરના પ્રદેશોમાં ધર્મ પ્રચારાર્થે પધારવા વિનંતિ કરી. આ સિવાય ગિરનાર આદિ અનેક સ્થાનોમાં એણે આજ્ઞા-લેખો અંકિત કર્યાં, તેમજ સ્તૂપોનું સર્જન કર્યું. આમ હોવા છતાં ક્યારેય જૈન શ્રમણો પર દ્વેષભાવવાળું વર્તન કરવાના ઝનૂનથી તો પ્રિયદર્શી અશોક દૂર જ રહ્યો.

પ્રિયદર્શી અશોક વીરનિર્વાણથી ૨૪૪ વર્ષ પછી સ્વર્ગવાસી બનતા પાટલિપુત્રનું સુકાન એના પૌત્ર સમ્રાટ સંપ્રતિએ સંભાળ્યું. પણ સંપ્રતિનું જીવન-ઘડતર અવંતિમાં થયું હોવાથી અને પાટલિપુત્રમાં એની સુરક્ષા જોખમી હોવાથી એને અવંતિની રાજ્ય-ધુરા સંભાળી લેવાનું યોગ્ય જણાતા, પાટલિપુત્રની રાજ્યધુરા અશોકના અનેક પુત્રોમાંના એક પુત્ર પુણ્યરથના ખભે સ્થાપવામાં આવી. અશોકની જેમ એ પણ પાકો બૌદ્ધભક્ત રહ્યો. વીરનિર્વાણના ૨૮૦ વર્ષ સુધી એણે પ્રિયદર્શી અશોકની જેમ બૌદ્ધ-ધર્મના પ્રચારાર્થે ઘણું ઘણું કર્યું. આ પછી પુણ્યરથ સ્વર્ગવાસી થતા એનો પુત્ર બૃહદરથ મગધનો માલિક બન્યો. આમ અશોક પછી પાટલિપુત્ર અને મગધ બૌદ્ધધર્મનું કેન્દ્ર બન્યું. જે પછીના બે-બે રાજાઓ સુધી ફાલી-ફૂલી રહ્યું. કાળ અને કુદરતનો સંકેત જોવા જેવો છે, આ પછી પુષ્યમિત્ર નામના એક એવા સરમુખત્યાર અને બળવાખોરે મગધની રાજ્ય સત્તા કબજે કરી કે, બૌદ્ધ ધર્મના બદ્ધમૂલ બનેલા મૂળિયા

પાયામાંથી હચમચી ઉઠ્યા. પુષ્યમિત્ર આમ તો બૃહદરથનો સેનાપતિ હતો. પણ એણે બળવો પોકાર્યો. સેનાપતિમાંથી સરમુખત્યાર બનીને, તલવારના જોરેય વૈદિક-ધર્મનો પ્રચાર કરવાની ઝનૂની-પ્રતિજ્ઞા સાથે પુષ્યમિત્ર મગધના સિંહાસને ચઢી બેઠો અને જૈન તેમજ બૌદ્ધ શ્રમણો સામે એ એવો વિદ્વેષ ઓકવા માંડ્યો કે, ખારવેલ જેવા શાંતિપ્રિય રાજવીને ધર્મનું યુદ્ધ લઈને મગધ પર ચઢી આવવાની અને પુષ્યમિત્રનો ફાંકો ઉતારવાની ફરજ અદા કરવી પડી !

જે પ્રિયદર્શી અશોકે બૌદ્ધ-ધર્મના પ્રચારનો શંખ ફુંક્યો, એનો જ પૌત્ર સમ્રાટ સંપ્રતિ જૈનશાસનનો પ્રચંડ-પ્રચારક બન્યો. આને પણ કાળ અને કુદરતની એક આશ્ચર્યકારી રમત જ ગણવી રહીને ? અવંતિપતિ તરીકે પ્રખ્યાત બનીને સમ્રાટ સંપ્રતિએ એક દૃષ્ટિએ પ્રિયદર્શી કરતાય સવાઈ પ્રતિષ્ઠા મેળવી. એમણે પોતાના જીવન દરમિયાન પૃથ્વીને મંદિરોથી અને મંદિરોને મૂર્તિઓથી મંડિત બનાવવાનો જે પ્રચંડ પુરૂષાર્થ કર્યો, તેમજ દૂરદૂરના દેશોમાં જૈન શાસનના પ્રચાર-પ્રસાર ખાતર જે તમન્નાઓ સેવી, એથી એમનું સંપૂર્ણ જીવન જૈન-ઇતિહાસે સુવર્ણની શાહીથી આલેખ્યું.

સમ્રાટ-સંપ્રતિમાં એક અપ્રતિમ ધર્મ જ સંદેશવાહકની જેમ અજોડ રાજ્યકર્તાની કુશળતા પણ ભારોભાર ભરેલી હતી. એથી દૂર-દૂર દક્ષિણપંથ અને સૌરાષ્ટ્રમાં પણ એમણે પોતાની આણ ફેલાવી.

શ્રી સુહસ્તિસૂરિજીના સદ્‌ઉપદેશથી ધર્મવાસિત બનીને સમ્રાટ સંપ્રતિએ લગભગ સવા કરોડ જિનમૂર્તિઓ ભરાવી, ૩૬ હજાર પ્રાચીન જિનમંદિરોનો ઉદ્ધાર કરાવ્યો, સવા લાખ જિનમંદિરોનું નિર્માણ કરાવ્યું અને ૭૦૦ દાન શાળાઓ ઉભી કરાવી. નામનાની કામના વિના ભરાવાયેલી સમ્રાટ-સંપ્રતિની એ જિન-મૂર્તિઓનો પ્રભાવ આજે પણ અનોખો જ રહ્યો છે. કોઈ લેખ-શિલાલેખ વિના જ વિશિષ્ટ પ્રકારની આહલાદક મુખમુદ્રાના યોગે જ એ જિનબિંબો જુદા તરી આવતા હોવાથી આજેય એના દર્શકો બોલી ઉઠે છે કે, ચોક્કસ આ સર્જન સમ્રાટ-સંપ્રતિ મહારાજાનું જ હોવું જોઈએ !

આમ, અવંતિને કેન્દ્ર બનાવીને સમ્રાટ સંપ્રતિએ જૈન શાસનનો જે જ્વલંત જયનાદ જગાવ્યો, એ એક અપેક્ષાએ શિશુનાગવંશથી મૌર્યવંશ સુધીના પોતાના તમામ પૂર્વજો કરતા વધુ દિગંત-વ્યાપી હતો, અને એથી જ એમના એ નામ-કામ પર કાળ-સાગરના કેટલાય પાણી ફરી વળ્યા હોવા છતાં એ નામની નમનીયતા અને કામની કમનીયતા આજે પણ જરાય ખંડિત બની નથી શકી. અને સમ્રાટ સંપ્રતિ મહારાજાના નામ શ્રવણ માત્રથી જ જૈન માત્રનું મસ્તક આજેય અહોભાવથી વિનયાવનત બની ગયા વિના નથી રહેતું !

— ● —

શિશુનાગવંશીય રાજાઓ તેમજ નંદ તથા મૌર્ય રાજાઓમાંનો મોટો ભાગ જૈનધર્મી હતો. એમાં પણ મહારાજા સંપ્રતિએ જૈન શાસનનો એકચ્છત્રી-પ્રભાવ ફેલાવવામાં ઘણો મોટો ફાળો ભજવ્યો હતો. આ બધા રાજાઓ જૈન હોવા છતાં એમનામાં ધર્મનું ઝનૂન નહોતું. પ્રિયદર્શી અશોક પછીના બે-ત્રણ રાજાઓ બૌદ્ધ ધર્મના ઝંડાધારી બન્યા હતા. આ બધાના કારણે વૈદિક દર્શનોનો પ્રભાવ મગધ-સામ્રાજ્યમાં ઝાંખો પડે, એ સહજ હતું. એથી ઈર્ષ્યા-અસૂયાથી ધૂંધવાતા એ દર્શનો મનોમન પોતાના ધર્મના પ્રચાર માટે એવી કોઈ રાજ્ય-શક્તિની અપેક્ષા રાખે, એ સ્વાભાવિક હતું. આ અપેક્ષા સેનાપતિ પુષ્યમિત્રે કલ્પનાતીત માત્રામાં પૂર્ણ કરી.

પુષ્યમિત્ર નાનપણથી જ સાહસિક અને વૈદિક-ધર્મનો કટ્ટર અનુરાગી હતો. એના પિતાનું રાજ્ય પુરોહિત તરીકે પાટલિપુત્રમાં સારામાં સારું માન હતું. એમનું નામ પુષ્યધર્મા હતું. એઓ પણ વૈદિક ધર્મનો પ્રચાર કરવાના મોટા-મોટા સ્વપ્નો જોઈ રહ્યા હતા. એમાં કુદરતે પણ જાણે સાથ આપ્યો. એમનો પુત્ર પુષ્યમિત્ર પોતાના પ્રચંડ-વ્યક્તિત્વ અને પુણ્યાઈથી સભર સાહસિકતાને કારણે બૃહદરથની સેનામાં સેનાપતિના પદ સુધી પહોંચી ગયો.

પુષ્યમિત્રને મગધ-સેનાપતિ તરીકેનું પ્રતિષ્ઠિત પદ મળેલું જોઈને જ એના પિતા પુષ્યધર્માની આંખમાં કંઈ-કંઈ જાતના સોહામણા સ્વપ્નો અવતરવા માંડ્યા. એમને થયું કે, મગધમાં વૈદિક ધર્મની પુનઃ પ્રસ્થાપના

આ અવસરને વધાવી લેવામાં નહિ આવે, તો આપણે કદાચ નામશેષ બની જઈશું ! એક તરફ ભગવાન શ્રી મહાવીર પ્રભુ એ અહિંસા ધર્મની પુનઃ પ્રતિષ્ઠા કાજે તથા બુદ્ધે પોતાના જીવનકાળ દરમિયાન યજ્ઞયાગના વિરોધ કાજે જે પ્રયાસો કરેલ, એનો જ એ પ્રભાવ હતો કે, યજ્ઞયાગની ક્રૂર-હિંસાની જ્વાળાઓ મગધમાં લગભગ બુઝાઈ જવાની અણી પર આવી ચૂકી હતી. પુષ્પધર્મ જેવા પુરોહિત માટે આ દુઃખનો વિષય હતો. મગધમાં એ જ્યાં જ્યાં નજર કરતો, ત્યાં ત્યાં જિનમંદિરાવલિ અને જૈનત્વની જાહોજલાલી જ નજરે પડતી. અશોકના રાજ્યકાળ પછી આમાં બુદ્ધવિહારો અને સંઘારામોનો પણ ગણનાપાત્ર વધારો થવા પામ્યો હતો. એથી સ્વધર્મની પ્રતિષ્ઠા કાજે વર્ષોથી સ્વપ્ન જોતા એક સમાજ માટે સેનાપતિ પદે સ્થાપિત થયેલો પુષ્યમિત્ર અનેકાનેક આશાઓની અવતરણ-ભૂમિ બની ગયો.

બળવા અને રાજ્યદ્રોહ જેવા પાપોની ભયંકરતા પુષ્યમિત્રના સેનાપતિ-કાળ દરમિયાન ભુલાઈ ગઈ અને મગધાધિપતિ બૃદ્રથની વિરૂદ્ધ એક બેઠો બળવો ધીમે-ધીમે બળવાન બનવા માંડ્યો. એક મોટો સમાજ આ રાજ્ય ક્રાંતિને અંદરથી મોટી મદદ કરી રહ્યો હતો. માથું મૂકી દઈને મરી ફીટવાની એની તૈયારી હતી. એથી આ બળવાની સફળતા અંગે સૌને વિશ્વાસ હતો અને એક દહાડો મગધે જોયું હતું કે, સેનાપતિઓમાંથી પુષ્યમિત્ર સરમુખત્યાર બન્યો અને બદ્નમિત્રની હત્યા કરીને એ મગધનો માલિક બની બેઠો !

આ રાજકીય બળવાની વિપરીત અસરો શરૂઆતમાં તો જૈનો અને બૌદ્ધોને ખાસ કંઈ ન જણાઈ, પણ કાળ જેમ વીતતો ગયો અને પુષ્યમિત્ર જેમ બળવાન બનતો ગયો, એમ જૈનો-બૌદ્ધોને લાગવા માંડ્યું કે, પુષ્યમિત્રનું શાસન આપણા માટે ખતરનાક પૂરવાર થાય તો નવાઈ નહિ ! અને થોડાક વખતમાં જ પુષ્યમિત્રે પોતાનો પ્રચંડ પરચો બતાવવા માંડ્યો. રાજ્ય તરફથી સંઘારામો અને બુદ્ધવિહારોને જે અઢળક મદદ મળતી હતી, એ એણે કલમના એક ગોદે બંધ કરી દીધી, આથી બૌદ્ધોનું મોટું બળ તૂટી પડ્યું. આમ સૌ પ્રથમ પુષ્યમિત્રનો પરચો બૌદ્ધોને

અનુભવવો પડ્યો. પ્રિયદર્શી અશોકથી આજ સુધી ફૂલી-ફાલી રહેલા બૌદ્ધ શાસન પરની આ માઠી નજરને વૈદિકોએ પોતાની પ્રગતિનું પ્રથમ સોપાન ગણ્યું.

બૌદ્ધો પછી જૈનોનો વારો આવ્યો. પુષ્યમિત્રે એવા-એવા અગણિત પગલાં લેવા માંડ્યા કે, જેથી જૈનત્વની જાહોજલાલીને ધક્કો પહોંચે ! પોતાની આગ જેવી અકૃપા અને વિષ જેવા રોષના પાત્ર તરીકે એણે સૌ પ્રથમ જૈન-મુનિઓને જ પસંદ કર્યાં. ગમે તે રીતે, વગર ગુને ને વગર વાંકે જૈન-શ્રમણો પર એણે એવું એવું વીતાવવા માંડ્યું કે, મગધના વિરાટ-મંડપમાં મંદ-મંદ વહેતા વાયુની જેમ વિચરીને સંઘ-સમાજને સન્માર્ગ ચીંધતા શ્રમણ સંઘને ઝંઝાવાતી ઝડપે મગધનો પરિત્યાગ કરવા વિવશ બનવું પડ્યું.

આમ, આજ સુધી જૈન-દર્શન માટે એક ક્રીડા-સ્થળી તરીકે જે વિકસી ચૂકી હતી અને સંપ્રતિ મહારાજાનો કાળ જેના માટે વસંતના વધામણા રૂપ બન્યો હતો, એ મગધની ધન્ય ધરા પર પુષ્યમિત્ર એક પાનખરની અદાથી તૂટી પડ્યો. વૈદિકોના એ સમાજને લાગ્યું કે, આપણો જ્વલંત જયજયકાર હવે દૂર નથી ! એથી સૌના અંતર આનંદ-આનંદ અનુભવી રહ્યા. પણ ત્યારે જાણે એ સત્યને સૌ ધરાર વીસરી ગયા હતા કે, શેરને માથે સવાશેર પાકતો જ હોય છે ! વિજયના દિવાસ્વપ્ન નિહાળતા એ સ્વર્ગની સમક્ષ લાલ બત્તી ધરીને 'રૂક જાવ'ની વીરહાક પાડનાર ત્યારે તો કોઈ જ નહોતું. જે બુલંદ નાદે મગધના એ સરમુખત્યારને સણસણતા શબ્દોમાં સુણાવી દે કે,

"ધર્મ ઝનૂની બનીને એક માનવનેય ન છાજે એવી પ્રવૃત્તિ તો તમે હોંશે-હોંશે કરી રહ્યા છો. પણ યાદ રાખજો કે આનો પૂરેપૂરો જવાબ લેવા કુદરત અને કાળ તૈયારી કરી જ રહ્યા છે. કારણ કે કલિંગની ધરતી પર જન્મેલો એક સપૂત નવયૌવનથી શોભી ઉઠ્યો છે. જેનું નામ છે : મહારાજા ખારવેલ ! કલિંગ ચક્રવર્તીની જેની કીર્તિ છે અને મહામેઘવાહનનો જેનો મહિમા છે."

•



## ૮

## શ્રી ખારવેલ : ઉગતાં જ મધ્યાકાશે

મહારાજા ખારવેલના સમયમાં કલિંગનો વિસ્તાર ખૂબ જ મોટો હતો. ત્યારે કલિંગનું એ વિશાળ સામ્રાજ્ય "ત્રિકલિંગ" તરીકેય ઓળખાતું હતું. આ ઓળખાણ યથાર્થ હતી. કારણ કે કલિંગ ત્રણ વિભાગો ધરાવતું હતું. આમ, છતાં એ ત્રણે વિભાગો કાયમ માટે અલગ જ નહોતા રહેતા. ક્યારેક-ક્યારેક એ ભેગા પણ થઈ જતા. આથી જ 'ત્રિકલિંગ' તરીકેની એની પ્રસિદ્ધિ યથાર્થ અને યોગ્ય હતી.

વંશધારા નદીથી માંડીને દક્ષિણમાં વહેતી ગોદાવરી નદી સુધીનો પ્રદેશ દક્ષિણ-કલિંગ ગણાતો. મુખ્ય કલિંગ તરીકેય આની પ્રસિદ્ધિ હતી. ઋષિકુલ્યા નદીથી વંશધારા નદી સુધીનો

પ્રદેશ મધ્ય-કલિંગ ગણાતો. ઋષિકુલ્યાથી ઉત્તરમાં ગંગા-નદી સુધીના પ્રદેશને ઉત્તર-કલિંગની પ્રસિદ્ધિ મળી હતી. આ પ્રદેશનું બીજું નામ ઉત્કલ દેશ પણ હતું. આનું મુખ્ય નગર તોષાલી-કનકપુર ગણાતું. જે કુમારગિરિની ગરવી-ગોદમાં જ કિલ્લોલ કરતું હતું. આ ત્રણે વિભાગોની સામૂહિક ઓળખાણ "ત્રિકલિંગ" તરીકેની હતી.

ઉત્તર કલિંગની રાજ્ય સીમા ઉત્તરમાં ગંગા તથા ગયાથી પ્રારંભીને દક્ષિણમાં ગોદાવરી સુધી લંબાતી હતી. એની પૂર્વમાં બંગાળનો મહાસાગર અને પશ્ચિમમાં મહારાષ્ટ્રીયોથી ભરપૂર અસ્મક દેશ હતો. આ કલિંગને મગધ રાજ્ય જેવું પડોશી સામ્રાજ્ય મળ્યું હતું. મગધની ઉત્તરમાં વૈતરણી, દક્ષિણમાં મહેન્દ્રગિરિ અને પશ્ચિમમાં અમરકંટકની ગિરિમાળા હતી. આ પર્વતશ્રેણી લંબાતી લંબાતી છેક કલિંગમાં જઈ પહોંચતી હતી.

આમ, કલિંગ દેશ ત્યારે કુદરતી સૌંદર્યના એક કમનીય ક્રીડાંગણની કીર્તિને વર્યો હતો. કારણ કે વન જંગલો, પર્વત શ્રેણીઓ અને નદીઓથી ભરપૂર આ પ્રદેશ હતો. એ વખતે ભારતવર્ષમાં દેશી-વિદેશી આક્રમણોની ઘણી મોટી બિભીષિકા રહેતી હતી, પણ બીજા બધા રાજ્યોની અપેક્ષાએ કલિંગ વધુ નિર્ભય રહી શક્યું હતું. કારણ કે કુદરતે પણ એની આસપાસ અનેક સંરક્ષક બળો છૂટે હાથે વેર્યા હતા. દુર્ભેદ્ય પહાડો, સાગર સમી વિશાળ નદીઓ, દિવસે પણ સૂર્યપ્રકાશ જેમાં પ્રવેશ ન મેળવી શકે, એવા તો ગાઢ અરણ્યો ઇત્યાદિ કુદરતી રચના, કોટ-કિલ્લા બનીને કલિંગને સુરક્ષિત રાખવામાં દિન-રાત પોતાનો ફાળો આપતી હતી.

કલિંગ હાથીઓનો દેશ ગણાતો. કલિંગના હાથી વખણાતા. એ વખતે યુદ્ધ જીતવાનો સફળ ઉપાય હાથીઓ લેખાતા. આ દૃષ્ટિએ પણ કલિંગનું મહત્ત્વ ઘણું-ઘણું હતું. આ સિવાય વાણિજ્ય-વેપારની અપેક્ષાએ પણ કલિંગનું સ્થાન ઠીક ઠીક અગ્રગણ્ય હતું. તદુપરાંત ધાર્મિક દૃષ્ટિએ પણ કલિંગ તપોધનો અને તપોવનોનો દેશ ગણાતો. ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ આ દેશમાં પણ વિશેષ હતો. આમ તો નાના-મોટા અનેક મંદિરો અને તીર્થો કલિંગને વિખ્યાત તીર્થધામનો મહિમા

અપાવે એવા હતા, છતાંય કલિંગને વરેલા આવા મહિમાનું ખરેખરું શ્રેય તો કુમારગિરિને ફાળે જ જતું હતું.

આ પહાડ ખૂબ જ વિચિત્ર મનાતો. પ્રભુ મહાવીરના પરમભક્ત શ્રી શ્રેણિકરાજે અહીં ભવ્ય મંદિરો બંધાવ્યા હતા અને શ્રી ઋષભદેવ પ્રભુની સુવર્ણ પ્રતિમાની સાથે અનેક જિનબિંબો પધરાવ્યા હતા. શ્રેણિક મહારાજા અને એમના પુત્ર મગધપતિ કોણિકે અહીં અનેક ગુફાઓનું નિર્માણ કરીને સાધકોને આ ગિરિની અનોખી મોહિની લગાડી હતી. અંતિમ ચતુર્દશ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજીની સ્વર્ગભૂમિ આ જ હતી. દુકાળના કાળમાં સંયમ ધર્મની જાળવણી માટે ઘણા-ઘણા મુનિવરો આ તીર્થ પર જ અનશન સ્વીકારીને સ્વર્ગવાસી બન્યા હતા. આચાર્યશ્રી સુસ્થિતસૂરિજી તથા આચાર્યશ્રી સુપ્રતિબદ્ધસૂરિજીએ આ તીર્થમાં રહીને જ સૂરિમંત્રનો કરોડ વાર જાપ વારંવાર કર્યો હતો. શ્રી સુસ્થિતસૂરિજીની સ્વર્ગવાસ ભૂમિ પણ આ જ હતી.

કલિંગની ધરતીના મસ્તકે તીર્થભૂમિ તરીકેની કીર્તિનો જે તાજ શોભી રહ્યો હતો. એમાં આ રીતે કુમારગિરિની પવિત્ર ભૂમિનો ફાળો અગ્રગણ્ય હતો. આ તીર્થભૂમિની નજીક આવેલી તોષાલીનગરી ત્યારે કલિંગની પાટનગરી હતી. એનું બીજું નામ કનકપુર પણ હતું. ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણકાળ પર જ્યારે ત્રણ-ત્રણ શતક લગભગ પૂરા થવા આવ્યા હતા, ત્યારે કલિંગમાં વૃદ્ધરાજનું શાસન તપતું હતું. એઓ પ્રતાપી અને ધર્મનિષ્ઠ રાજવી હતા. એમની આંખોમાં ઘણા-ઘણા સ્વપ્નો રમતા હતા. સમ્રાટ અશોકે કલિંગ પાસેથી જે સ્વતંત્રતા છીનવી લીધી હતી, આ પૂર્વે પણ રાજા નંદે "કલિંગ-જિન"ની પ્રતિમાનું અપહરણ કરવા દ્વારા કલિંગની જે કીર્તિ લૂંટી લીધી હતી અને આ બે યુદ્ધો દ્વારા કલિંગની પ્રજામાં થોડા-ઘણા પ્રમાણમાં જે નિરાશા-હતાશા છવાઈ ગઈ હતી, આ બધા કલંકોથી કલંકિત બનેલા કલિંગને એઓ દૂધથી પખાળીને પુનઃ કીર્તિ-સમૃદ્ધ બનાવવાના સ્વપ્નદૃષ્ટા હતા.

રાજા વૃદ્ધરાજ બહારથી પ્રસન્ન અને સંતોષી હોવા છતાં અંદરથી એટલા બધા પ્રસન્ન નહોતા. એમને એમ જ થયા કરતું કે, ક્યાં પોતાના

પ્રતાપી એ પૂર્વજો અને ક્યાં પ્રતાપહીન પોતે ! પૂર્વજો એ તો કલિંગમાં જાણે શૂન્યમાંથી સૃષ્ટિ સર્જવાનું કાર્ય કર્યું હતું અને પોતે એ સૃષ્ટિને સાચવવા-સંભાળવામાં પણ અશક્ત નીવડ્યા હતા. તોષાલીના કોટ-કિલ્લા, કુમારગિરિના ગુફા મંદિરો આ અને આવું ઘણું-ઘણું જાણે પોતાના કોઈ ઉદ્ધારકની કાગડોળે રાહ જોઈ રહ્યું હતું. આ રાહની આહ વૃદ્ધરાજના અંતરને અડી જતી અને ત્યાં એ ખળભળાટ પણ મચાવી જતી. ત્યારે એઓ કપાળ પર હાથ મૂકીને નિઃસાસો નાખતા કે, આ ઉદ્ધારનું કાર્ય તો જોકે હું નથી કરી શક્યો અને ભાવિમાં કરી શકવા સમર્થ બનું, એવી કોઈ શક્યતા પણ હાલ જણાતી નથી ! પરંતુ આવા કોઈ ઉદ્ધારકને હું પેદા કરી શકું, તોય મારા માટે એ ઘણું-ઘણું ગણાય !

વૃદ્ધરાજના અંતરમાં આવા અરમાન હતા, એ ફળ્યા અને એક દિવસે એઓ એવા એક પુત્રના પિતા બન્યા કે, જે પુત્રમાં શું શું હતું, એ નહિ, પણ શું શું નહોતું, એ જ પ્રશ્ન હતો. એ એવા પુણ્યતાના પગલે પેદા થયો કે, એના દર્શનથી તોષાલીના અણુએ અણુ આનંદિત થઈ ઊઠ્યા. એના મોં પર તેજ હતું. એની ચાલમાં જે બહાદુરી અને જે બુદ્ધિમત્તા હતી, તેમજ આગળ જતા બાલ્યવયમાં પણ એનામાં જે અસાધારણ ગુણો જણાતા હતા, એ જોઈને પ્રજાનો અંતરાત્મા બોલી ઉઠતો કે, કલિંગનો ઉદ્ધાર જો કોઈ કરી શકશે, તો તે આ બાળક જ કરી શકશે !

જ્યોતિષીઓ તો આ બાળકને જોઈને જે કંઈ ભાખતા, સંતો-સંન્યાસીઓ આ બાળકને જોઈને જે કોઈ આશીર્વાદ વરસાવતા, અને જૈન શ્રમણો આ બાળકના ભાલ સમક્ષ જોઈ રહીને અદૃશ્ય ભાવોની જે કંઈ અનુભૂતિ કરતા, એથી વૃદ્ધરાજે પણ કલ્પી લીધું હતું કે, મારા ચિરદૃષ્ટ સ્વપ્નોને આ બાળક મનોજના એ મિનારેથી કલિંગના આ કિનારે ચોક્કસ અવતરિત કરી જશે ! એ વૃદ્ધરાજ બાળકની રીતભાત જોતા ઘણીવાર બોલી ઉઠતા કે, આ તો ભિક્ષુની જેમ ભીતરથી નિર્લેપ જેવો જ જણાય છે. કારણ કે આ હસે છે, પણ અવાજ નથી થતો. ખાય છે, પણ એનામાં ખાવાની ખેવના જણાતી નથી. ખરેખર મારા એવા ભાગ્ય ક્યાંથી કે, આ ભિક્ષુરાજ બને ! જો આ ભિક્ષુરાજ બનશે, તો તો એક રાજા કરતાંય કલિંગને વધુ ગૌરવ અપાવશે !

વૃદ્ધરાજના મોંમાથી અવારનવાર સરતા આવા બોલ પરથી એ બાળકનું નામ ભિક્ષુરાજ રાખવામાં આવ્યું. કલિંગે ભિક્ષુરાજને કાળજાની કોર કરતાંય સવાયા સ્નેહથી ઉછેર્યો, એ મોટો થતો ગયો, એમ સૌને લાગવા માંડ્યું કે, કલિંગનું ભાગ્ય મહાનતા ધરી રહ્યું છે. થોડાક વર્ષોમાં જ ભિક્ષુરાજ શિશુ મટીને કુમાર બન્યો. એની રમત-ગમતની રીતભાત પણ જાણે કોઈ ચક્રવર્તી જેવી જ હતી. રમત-ગમતમાં એ માટીના ઘર નહિ, પણ કોટ-કિલ્લા ચણતો. બાળકો સાથે એ રમત પણ એવી રમતો કે, જેમાં એનું રાજતેજ છતું થઈ આવતું.

વૃદ્ધરાજે ભિક્ષુરાજના ભણવા-ગણવાની વ્યવસ્થા સાથે એની આંતર-સમૃદ્ધિ પણ વિકાસ સાધે, એને પૂરતો ખ્યાલ રાખવા માંડ્યો. થોડા જ વર્ષોમાં એ અનેક વિદ્યાઓમાં પારંગત બની ગયો. એને મળેલું **ભિક્ષુરાજ** નામ ખરેખર ભાવિનો જ કોઈ સંકેત હતો. કારણ કે એને સાધુઓનું સાંનિધ્ય ખૂબ જ ગમતું. બીજા રાજપુત્રો જે ઉંમરે હરવા-ફરવા માટે બાગબગીચાની શોધ કરતા, એ ઉંમરે ભિક્ષુરાજ સાધુસંગતિ પામવા કુમારગિરિની ગુફાઓ ખૂંદતા. કલિંગની ધરતી અને એમાં પણ કુમારગિરિની ગુફાઓ, આ એક એવું ધન્ય-સ્થાન હતું કે, જ્યાં ભિક્ષુરાજને મનગમતા મુનિઓનો મેળાપ મળી જ રહેતો ! આના યોગે એ ધર્મકળાથી પણ ઠીકઠીક સમૃદ્ધ થવા માંડ્યો.

ભિક્ષુરાજ આમ આંતર-બાહ્ય રીતે જે પ્રમાણમાં વિકાસ સાધી રહ્યો હતો, એથી વધારેમાં વધારે સંતોષ જો કોઈ અનુભવતું હતું, તો તે તેના પિતા વૃદ્ધરાજ ! ભિક્ષુરાજની વિકાસ-યાત્રા જોઈને એમને એમ થતું કે, હવે મૃત્યુનો દૂત જો મને અબઘડી જ બોલાવવા હાજર થઈ જાય, તોય મને શી ચિંતા ? કારણ કે આ ભિક્ષુરાજે મારા બધા સ્વપ્નોને સિદ્ધ કરવા જ જાણે કલિંગની આ ધરતી પર જન્મવું પસંદ કર્યું હોય, એમ લાગે છે.

ભિક્ષુરાજનાં અંતરનો ઝુકાવ જોકે અધ્યાત્મ તરફ વધુ પ્રમાણમાં હતો, છતાં રાજકીય રંગોથી એ સાવ અનભિજ્ઞ પણ નહોતો. પિતાના ચરણે બેસીને એ કલિંગ સામ્રાજ્યની તડકી-છાંયડી જ્યારે જાણતો, ત્યારે લાગતું કે, આ તો રાજરમતનો અઠંગ-ખેલાડી બનવા જ સર્જાયો છે !

હોંશ-જોશના ભાવોમાં પરિવર્તિત થતી એની એ વખતની મુખમુદ્રા જોતાં જ વૃદ્ધરાજને થઈ જતું કે, પૂર્વજોના નામને આ જરૂર અજવાળી જશે !

ભિક્ષુરાજ જેમ-જેમ મોટો થતો ગયો, એમ એમ એની પ્રજ્ઞા વય કરતાંય સવાયાવેગે વિકસિત બનતી ચાલી. એથી પડખેના મગધ-સામ્રાજ્યની પણ નાની-મોટી વિગતો જણવામાં એ રસ લેવા માંડ્યો. એના પિતા વૃદ્ધરાજ પણ મા જેમ બાળકને દૂધ પાય, એ રીતે બધી વાતોથી એને વાકેફ બનાવવા માંડ્યા. આ વાતચીત દરમિયાન એ જ્યારે સમ્રાટ-અશોકના અમાનુષી અત્યાચારોની વાતો સાંભળતો, ત્યારે એના ભવાં ચઢી જતા અને ભ્રૂકુટિ ઉગ્ર બની જતી. નંદ-રાજા દ્વારા અપહરણ કરાયેલી "કલિંગ-જિન-મૂર્તિ"ની રોમાચંક ઘટનાના શ્રવણથી તો એના અંગેઅંગમાં જવાંમર્દી ફરી વળતી, અને તે બોલી ઉઠતો : પિતાજી ! હું જો આ બધાનો બદલો ન લઉં, તો આપનો પુત્ર શાનો ? મને જરા મોટો થવા દો, પછી મગધને બતાવી આપીશ કે, ચોરી ઉપર શિરજોરી કર્યાના ફળ કેવાં કટુ હોય છે !

થોડા વધુ વર્ષો પસાર થયા, ભિક્ષુરાજ સમજણો જ નહિ, હવે તો "શાણો-રાણો" બની શકે, એવી કક્ષાએ જઈ પહોંચ્યો હતો. થોડા ઘણા વર્ષોમાં એને પિતા તરફથી અનુભવ-જ્ઞાનનો જે ખજાનો મળ્યો હતો, એથી ઘણીવાર કુમાર-ગિરિની ગુફાઓમાં એ કલાકોના કલાકો સુધી ગંભીર-વિચારણામાં ખોવાઈ જતો. આ વિચારણાના પ્રભાવે એ કોઈ ખંડિયેર જોતો, તો ત્યાં ભૂતકાલીન કોઈ મહેલની કલ્પના એને બેચેન બનાવી જતી. કોઈ શિલ્પ-સમૃદ્ધ પથ્થરના દર્શનને જ ભવ્યમંદિરની સૃષ્ટિનું દર્શન તેના દિલમાં દર્દ જગવી જતું. ખખડધજ ભીંતમાં કોઈ કિલ્લાનો કકળાટ સંભળાતો અને એનું કાળજું કોરાઈ જતું. આમ, વય વધતી ચાલી, એમ તોષાલીનું દર્શન ભિક્ષુરાજની ભીતરી દુનિયામાં કોઈ નવું જ સંવેદન જગવી જવા માંડ્યું. એને એ વાતનો પૂરો ખ્યાલ હતો કે, પિતાજીની હવે વય થઈ છે અને હું એમનો એકનો એક પુત્ર છું, એથી કલિંગની ધૂરા આજ નહિ, તો કાલે મારે જ સંભાળવાની છે ! એથી પોતાના મનને સ્વપ્નશીલ બનતું રોકીને, નક્કર તાલીમ આપવાની એક પણ પળને એ એળે ન ગુમાવતો !

વૃદ્ધરાજાના અંતરમાં તો કલિંગના ઉદ્ધારની ભારોભાર ઝંખના હતી જ ! એથી ભિક્ષુરાજની વૃત્તિ-પ્રવૃત્તિનાં દર્શનથી એ ઝંખના ઝંકૃત બની ઉઠતી. એમણે ધીમે-ધીમે ભિક્ષુરાજને રાજકાજમાં જોડીને પોતાને મળેલા દીર્ઘ-અનુભવનું પ્રયોગાત્મક રીતે પાન કરાવવા માંડ્યું. ભિક્ષુરાજની ઉંમર હજી તો માત્ર પંદરેક વર્ષની જ થઈ હતી, પણ જે રીતે રાજકાજમાં એની ચાંચ ખૂંચતી હતી, એ જોઈને વૃદ્ધરાજને થતું કે, બાપ કરતાં સવાયો થવા જ આ બેટો સર્જાયો છે !

એક બાજુ ભિક્ષુરાજ આ રીતે પિતા વૃદ્ધરાજના હાથ નીચે રાજકાજમાં રસ લઈને સમ્રાટ થવાની યોગ્યતાને વિકસાવી રહ્યો, તો બીજી બાજુ સંગીત આદિ કળામાં વધુને વધુ પારંગત બનીને જીવનની મસ્તીને માણવા ઉપરાંત પ્રભુની ભક્તિ વગેરેનું સાફલ્ય પણ એ અનુભવી રહ્યો. ૧૫થી ૨૪ સુધીની વયના ૯ વર્ષોમાં તો ભિક્ષુરાજે કલિંગના રાજકાજમાં પોતાનું કૌશલ્ય બતાવીને પિતા વૃદ્ધરાજ સહિત કલિંગની ૪૫ લાખની પ્રજાના દિલ એવી રીતે જીતી લીધા કે, ૨૫માં વર્ષે જયારે કલિંગના રાજય સિંહાસન પર ભિક્ષુરાજનો અભિષેક મહોત્સવ ઉજવાયો, ત્યારે કલિંગની જનતાએ એવો પ્રચંડ જયનાદ જગવ્યો કે, એથી જેમ કલિંગના અણુ-અણુ આનંદી ઉઠ્યા, એમ બીજી બાજુ મગધ-સામ્રાજયનું સિંહાસન એકવાર તો એ નાદના પ્રચંડ પડઘાથી ધ્રૂજી ઉઠ્યું.

રાજ્યાભિષેક પછીના ગણતરીના વર્ષોમાં જ ભિક્ષુરાજની નામના "કલિંગ ચક્રવર્તી મહામેઘવાહન મહારાજા ખારવેલ" તરીકે પ્રતિદિન વધુને વધુ વિસ્તાર પામી રહી. કલિંગના રાજ્યાકાશે ઉગતાની સાથે જ ભિક્ષુરાજનો સૂર્ય મધ્યાહ્ન જેવો પ્રકાશ પાથરી રહ્યો હતો. એથી એ સૂર્યના દર્શને જેમ કલિંગવાસીઓ આનંદી ઉઠતા હતા, એમ આસપાસના ભલભલા રાજ્યોની આંખો અંજાઈ જતી હતી. ઉગતાં જ મધ્યાકાશે પહોંચી જઈને પ્રચંડ-પ્રકાશ વેરનારા સામ્રાજ્યના સમ્રાટ એ સૂર્યે, થોડાક જ વખતમાં કલિંગની કાયાપલટ કરવાની પ્રક્રિયા પૂરજોશમાં પ્રારંભી દીધી. આ પ્રક્રિયાને જોઈને ઊંડો સંતોષ અનુભવતા અને જીવન-

સાગરના કિનારે આવી ઉભેલા શ્રી વૃદ્ધરાજની જીવનલીલા એક દહાડો કાળરાજે સંકેલી દીધી.

જેમના અસ્તિત્વ માત્રથી ભિક્ષુરાજે ઘણું બધું મેળવ્યું હતું. એ પિતાની વિદાય પુત્રને વ્યથિત બનાવે, એ સહજ હતું. છતાં પોતાની જવાબદારીઓને પૂરેપૂરી સમજનારા ભિક્ષુરાજ એવા શોક-સંતપ્ત ન થયા કે, જેથી કલિંગની કાયાપલટનું જે અભિયાન આરંભાયું હતું. એને ધક્કો પહોંચે ! પિતાજી જોકે એવી સાધન-સામગ્રીથી પૂરા સજ્જ ન હતા કે, જેના સહારે કલિંગની કાયાપલટ કરવામાં સફળતા મળે ! આમ, એક અપેક્ષાએ ભિક્ષુરાજ સાધનથી પૂરેપૂરા અસમૃદ્ધ પિતાના એક સ્વપ્નશીલ પુત્ર હતા. છતાં પિતાજી તરફથી જે કંઈ મળ્યું હતું. એની કિંમત સુવર્ણના મેરુભારથી પણ માપી શકાય એવી ન હતી. વૃદ્ધરાજના અવસાન પછી "ભિક્ષુરાજ" આ નામ બાળપણના હુલામણા નામની જેમ ગૌણ બન્યું અને એઓ કલિંગ ચક્રવર્તી ખારવેલના નામથી વધુ વિખ્યાત બનવા માંડ્યા.

મહારાજા ખારવેલ એવા સમયે કલિંગ ચક્રવર્તી બન્યા હતા કે, એમની સમક્ષ બેવડી જવાબદારીઓ અને ફરજોની એક આખી સૃષ્ટિ જ ખડી હતી ! ધર્મ-કર્મની દૃષ્ટિએ કલિંગની ૪૫ લાખની પ્રજા માટે ઘણું-ઘણું કરવાનું એમનું ઉત્તરદાયિત્વ હતું : કલિંગની પૃથ્વી અને પ્રજા : આ બંને પુનરૂદ્ધાર માંગતી હતી. યુદ્ધો અને કુદરતી પરિબળોએ કલિંગની ધરતી પર ઘણું-ઘણું વીતાવ્યું હતું. વાવાઝોડા અને યુદ્ધની ખાના-ખરાબી આદિથી કોટ-કિલ્લાઓ જર્જરિત બનવાથી કલિંગની પૃથ્વી ઘવાયેલા સૈનિકની જેમ ઘણી-ઘણી સારવાર પછી જ દર્શનીય બને એમ હતી, તો પ્રજાના દિલના ખજાના જાણે સ્વતંત્રતા, ધર્મયુદ્ધ તરફ પણ ઉત્સાહિતતા આદિની સમૃદ્ધિથી ખાલીખમ જેવા બન્યા હતા. આથી મહારાજા ખારવેલની સમક્ષ કલિંગની પૃથ્વી અને પ્રજા આ બંનેને એનું ગૌરવ પાછું પ્રાપ્ત કરાવવાનું મુખ્ય ઉત્તરદાયિત્વ હતું.


આ ઉત્તરદાયિત્વની ઉપેક્ષા કરવાનું જેમ મહારાજા ખારવેલને પાલવે એમ નહોતું. એજ રીતે ધર્મની દૃષ્ટિએ મગધના પડોશી રાજ્ય તરફ

પણ અદા કરવાની જવાબદારીઓને એમનાથી જાકારો દઈ શકાય એમ નહોતો. કલિંગની સ્વતંત્રતાના સંહારક તરીકે તો મગધ કલિંગનું અપરાધી હતું જ ! પણ આના કરતાં વધી જાય એવો અપરાધ મહારાજા ખારવેલની દૃષ્ટિએ "કલિંગ-જિન"ની સુવર્ણમૂર્તિનું અપહરણ હતું ! આ સુવર્ણ-મૂર્તિ જયાં સુધી પુનઃ કુમારગિરિ પર પ્રતિષ્ઠિત ન થાય, ત્યાં સુધી કલિંગનું કાળજુ ઠરે એમ નહોતું. તદુપરાંત છેલ્લે-છેલ્લે બળવો કરીને મગધના સિંહાસને ચડી બેઠેલા સરમુખત્યાર પુષ્યમિત્રે બૌદ્ધ અને જૈન શ્રમણો ઉપર જે અન્યાયો આચરવા માંડ્યા હતા અને એવા જે સમાચારો મહારાજા ખારવેલને મળતા હતા, એથી તો મગધની સામે ધર્મનું યુદ્ધ જાહેર કરવાની જે એક મહાન-જવાબદારી મહારાજા ખારવેલ સમક્ષ ઉપસ્થિત થયેલી જ હતી, એને અવિલંબે અદા કરવાની આવશ્યક્તા દિવસે-દિવસે વધી રહી હતી.

આમ, ઉગતાં જ મધ્યાકાશે પહોંચી ગયેલા સામ્રાજયના સ્વામીએ ખારવેલ સમક્ષ આવી બેવડી જવાબદારી ઉપસ્થિત થઈ હતી, છતાં એઓ ઉગ્ર કે વ્યગ્ર બન્યા વિના પોતાના કર્તવ્યના પંથે સિંહની અદાથી આગળ વધી રહ્યા હતા. સામે ઉપસ્થિત થયેલી જવાબદારીઓ ઘણી મોટી હોય, તોય કેટલીક વખત યોગ્ય-કાળની અપેક્ષા કરવી અનિવાર્ય બનતી હોય છે. કારણ કે અકાળે થતું આક્રમણ ઘણીવાર એવું પ્રત્યાક્રમણ ઝીંકતું હોય છે કે, એમાંથી બેઠા થયા પછી યુગોના યુગોની અવધિ પણ ઓછી પડે ! મહારાજા ખારવેલની સ્થિતિ આવી હતી, એથી યોગ્ય કાળની અપેક્ષા રાખીને, પૂર્વ ભૂમિકારૂપે કલિંગની કાયાપલટના અભિયાનને તેઓ વણથંભી ગતિએ આગળને આગળ વધારી રહ્યા હતા.

ક્યારેક ઉગતા જ મધ્યાકાશને આંબી જનારી તેજોમૂર્તિને એટલી જ ઝંઝાવાતી ઝડપે આથમી જવાનોય વખત આવતો હોય છે, આ હકીકતનો ખ્યાલ હોવાથી જ મહારાજા ખારવેલની વિજયની યાત્રા ઝડપભેર કૂચ કરી રહી હોવા છતાં એઓ પૂરા સાવધાન રહીને એ સફરના સૂત્રધાર તરીકે પોતાની જાતને શોભાવી શકતા હતા !

●



૯

# કલિંગની આમૂલ-ચૂલ કાયાપલટ

સૂર્યોદયના સમયે જ મધ્યાન્હના મહાતેજ પાથરવાની જ્વલંત સિદ્ધિના સૂત્રધાર તેમજ સ્વામી મહારાજા ખારવેલની નજર સમક્ષ કલિંગની કાયાપલટનું માત્ર ધ્યેય જ ન હતું. આ ધ્યેયને સિદ્ધ કરી આપનારી ઉપયોગી જાણકારી પણ એઓની પાસે હતી. એઓ સંગીત-ગાંધર્વ આદિ વિદ્યાઓના અઠંગ અભ્યાસી હતા, અને એથી જ એ વાત જાણતા હતા કે, જે ચીજ ગવાય છે, એ સચવાય અને પ્રચારાય છે ! આથી કલિંગની પ્રજામાં જે ચીજવસ્તુનો ફેલાવો અતિ આવશ્યક હતો, એના માધ્યમ તરીકે સંગીત, નાટકો અને

ઉત્સવોને અગ્રિમતા આપવાનો એમણે નિર્ણય કર્યો. માત્ર મનમોજ કે મનોરંજન માટે તો આ માધ્યમોનો દુરૂપયોગ ઘણો થતો હતો અને એના કેટલાંય કટુ ફળો નજર સમક્ષ જ હતા. એથી આમાંથી બોધપાઠ લઈને એમણે આ માધ્યમોનો સદુપયોગ કરવાની યોજનાઓને રાજ્યાભિષેક બાદ તરત જ અમલમાં મૂકી.

કવિઓ અને સર્જકોનો તો જરાય તોટો ન હતો. પણ કલિંગની કાયાપલટ કાજે એમનો સદુપયોગ કરનારાઓનો તો દુકાળ જ હતો. મહારાજા ખારવેલે કવિઓ અને સર્જકોને કલિંગની કાયાપલટનાં પોતાના કાર્યમાં સહકાર આપવા અંગેની દિશા સૂચવી અને એ બધાની કલમમાંથી એવું સાહિત્ય સર્જાવા માંડ્યું કે, જેના શ્રવણે પાવૈયાનેય પાણી ચડે અને ધર્મ તેમજ સંસ્કૃતિની સુરક્ષા કાજે મરી ફીટવાની ભાવનાની ભરતી પર પ્રજા તરવરાટ સાથે તરવા માંડે ! આ પ્રયોગને ધાર્યા કરતાંય સવાઈ સફળતા સાંપડી. કલિંગની જે પ્રજામાં ઓછા-વત્તા અંશે અકર્મણ્યતા અને હતાશા છવાઈ ગઈ હતી, એને મારી હઠાવીને ત્યાં ઉત્સાહ અને સાહસની પ્રતિષ્ઠા કરવાનું કલિંગ-વ્યાપી કાર્ય એ ઉત્સવો-નાટકો સફળ રીતે અદા કરવા માંડ્યા અને થોડાં જ સમયમાં કલિંગ ઉત્સાહ અને સાહસથી તરવરતો એક દુર્દમ્યદેશ બની ગયો ! તેમજ યુદ્ધની રણભેરી વાગતા જ પોતાનું કૌવત બતાવી આપીને કર્તવ્ય અદા કરવા એ થનગની રહ્યો.

એક બાજુ આ રીતે કલિંગની પ્રજા નવું-રૂપ ધારણ કરી રહી હતી, તો બીજી તરફ કલિંગના કોટ-કિલ્લા-કમાડો વજ્ર જેવી મજબૂતાઈ ધારણ કરવા માંડ્યા હતા. આ રીતે રાજ્યાભિષેક પછીના પહેલાં જ વર્ષે કલિંગની કાયાપલટનું ઘણું ખરું કાર્ય પતાવીને બીજે જ વર્ષે કલિંગને પીડતા પરિબળોને યુદ્ધ આપીને એને વશવર્તી બનાવવા ખારવેલે સંગ્રામની ભેરી વગાડી. એ યુદ્ધનું પહેલું નિશાન મૂષિક-દેશ બન્યો.

કલિંગની ઉત્તર-પશ્ચિમ દિશામાં મૂષિક નામનો એક દેશ હતો. આ દેશમાં થઈને જ કલિંગના વેપારીઓને આગળ વધવાનું થતું.

કલિંગની ભવ્યતા જ્યારે ભૂતકાળ બનવા માંડી હતી, ત્યારે એ તકનો લાભ લઈને મૂષિક દેશ કલિંગના વેપારીઓ સામે માથાભારે બનવા માંડ્યો હતો. મુષિકો કલિંગ-વેપારીઓ પાસેથી ભારે દાણ લેતા અને છતાં તુમાખીથી વર્તતા !

કલિંગની સામે મગધ-વિજયનું ધ્યેય મુખ્ય હતું, છતાં યુદ્ધયાત્રાનો પ્રારંભ ખારવેલે મૂષિક-આક્રમણથી કર્યો. મૂષિક આમ તો નજીકનો દેશ હતો, છતાં ખારવેલે આંધ્રના રસ્તે આ યુદ્ધયાત્રાને આગળ લઈ જવાનો વ્યૂહ ગોઠવ્યો. આંધ્રનો રાજા સાતકર્ણી બળવાન હતો. કલિંગની સેના પોતાની સરહદમાંથી પસાર થાય, આ સામે એણે વાંધો લીધો. એથી ખારવેલને યુદ્ધવ્યૂહ બદલીને પ્રથમ સાતકર્ણીને સણસણતો જવાબ આપવા સંગ્રામ છેડવો પડ્યો. ક્યાં કલિંગની કાયાપલટ પામેલી તરવરતી સેના ! અને ક્યાં આંધ્રની ભૂતકાળના ગૌરવમાં રાચતી સેના ! બહુ જ થોડા પ્રયત્નમાં ખારવેલે સાતકર્ણીનું પાણી ઉતારી નાખ્યું અને આંધ્રવિજયથી વધુ પરાક્રમશાળી બનેલી એ સેના મૂષિકના સીમાડે જઈ પહોંચી. આંધ્ર જેવી અણનમ-શક્તિને જેણે નમાવી હતી, એ કલિંગ-સેના માટે મૂષિકના મૂષક (ઉંદર)ને પાંજરે પૂરવો, એ તો રમત વાત હતી, જેને રમત અથવા ક્રીડા કહી શકાય, એવા નામના યુદ્ધથી જ કલિંગે મૂષિક પર મહારાજા-ખારવેલનો વિજયધ્વજ સ્થાપ્યો અને ગર્વોન્નત-મસ્તકે એ સેના જ્યારે કલિંગની પાટનગરીમાં તોષાલીમાં પ્રવેશી, ત્યારે ઘરે-ઘરે આસોપાલવનાં તોરણ રચાયા અને જાણે પ્રજા-પ્રેમની પાલખીમાં બેસીને જ મહારાજા ખારવેલ પાટનગરીમાં પ્રવેશ્યા.

આ વિજય-યાત્રાના પ્રભાવે કલિંગની કીર્તિ વધી, એ તો એક આડકતરો લાભ હતો, પરંતુ આના કારણે રાજા-પ્રજામાં મગધ જેવા સામ્રાજ્યની સામે રણટંકાર કરીને જ્વલંત વિજય મેળવવાની વિશ્વાસ સભર શ્રદ્ધાનો જે જન્મ થયો, એ મુખ્યલાભ હતો. આવા લાભથી ગર્વોન્નત બનેલી કલિંગ-પ્રજાને હવે તો મગધ-વિજય અંગે પળનોય વિલંબ યુગ સમો જણાવા માંડ્યો. સૌ એવી અનુભૂતિ કરી રહ્યા કે,

કલિંગનું આ વિરાટ-મંદિર-મૂર્તિ વિહોણું છે. આનું શિલ્પ અને આનું શિખર તો ભવ્ય છે. પણ જ્યાં સુધી અપહૃત બનેલી એ "કલિંગ-જિન"ની સુવર્ણપ્રતિમા આમાં પુનઃ પ્રતિષ્ઠિત ન થાય, ત્યાં સુધી આ દિવ્યતા દર્શનીય- પૂજનીય ન બની શકે, તેમજ આનું શિખર પણ લહેરાતો વિજય-ધ્વજથી વંચિત જ રહે ! મૂષિક અને આંધ્ર દેશના વિજય પછીના વર્ષોમાં કલિંગે રાષ્ટ્રિક અને ભોજિક તરીકે પ્રસિદ્ધ રાજાઓ ઉપર પણ વિજય મેળવ્યો. આંધ્રની સામે કલિંગને જ્યારે આક્રમણ કરવું પડ્યું હતું, ત્યારે આ રાજાઓ આંધ્રની સહાયમાં ઉભા રહ્યા હતા અને આમ કરીને વિના કારણે કલિંગના ક્રોધને એમણે આમંત્રણ આપ્યું હતું. આજનું મહારાષ્ટ્ર અને બિહાર સંભવિત રીતે એ કાળમાં રાષ્ટ્રિક અને ભોજક તરીકે પ્રસિદ્ધ હતું.

રાજા ખારવેલે રાષ્ટ્રિક અને ભોજિક આ બંને રાષ્ટ્રોને પોતાના પગમાં નમાવીને જગતને બતાવી આપ્યું કે, કલિંગ હવે પોતાનો એ મિજાજ અને એ સાજ પુનઃ મેળવી ચૂક્યું છે ! આ બંને વિજિત રાજ્યોને કલિંગની આજ્ઞા મનાવીને, એની સ્વતંત્રતા પર ઝાઝી જંજિરો નાખ્યા વિના જ રાજા ખારવેલ પાછા ફર્યા. આ પછી પાંડ્ય-દેશના વિજયની તેમજ જાવાબાલી આદિ દૂર-દૂરના ટાપુઓ પર કલિંગની સેનાએ રાજા ખારવેલના વિજય ધ્વજને ફરકાવ્યાની ઘટનાઓ બની, એથી કલિંગની નામના-કામના દિગદિગંતને ગજાવતી આગળને આગળ વધી રહી !

મહારાજા ખારવેલ, કાયાપલટ પામેલા કલિંગને જોઈને જે સંતોષ અનુભવતા, એ સંતોષ અશોકના અમાનુષી આક્રમણની યાદ આવતી, ત્યારે પાછો ક્યાંય ખોવાઈ જતો અને એમાં પણ "કલિંગજિન"ની સુવર્ણ પ્રતિમાના અપહરણની કોઈ દુઃસ્વપ્ન સમી સ્મૃતિ થતાં તો એ સંતોષ સાવ નામશેષ થઈ જતો અને કલિંગની સમૃદ્ધિ સર્વતોમુખી વૃદ્ધિ પામતી હોવા છતાં એમને **"કલિંગજિન"**ની પુનઃપ્રાપ્તિ વિનાની આ સમૃદ્ધિઓ જાણે આત્મા વિનાના ખોળિયા જેવી નગણ્ય જણાતી !

કલિંગ રાજ્ય પર અભિષિક્ત થયાને હજી તો માંડ-માંડ દશકાની જ સમયાવધિ રાજા ખારવેલે પૂર્ણ કરી હતી, પણ આ દશકો શકવર્તી બન્યો હતો, કારણ કે આ દશકાએ ગત છ-સાત દશકા દરમિયાન કલિંગે જે ખજાનો ખોયો હતો, એને વ્યાજથી વધારે વળતર સાથે પુનઃ મેળવી આપીને કલિંગને એક મહાસામ્રાજ્યની કક્ષામાં મૂકવા સાથે' રાજા ખારવેલને "કલિંગ ચક્રવર્તી" તરીકે જગત સમક્ષ ખડા કર્યા હતા. આ દશકા દરમિયાન કલિંગની પ્રજાએ જે-જે સમૃદ્ધિ મેળવી હતી, એ તો અગણિત જ હતી, પણ સાથે-સાથે કલિંગની ધરતીએ જે નવલાં રૂપ સર્જ્યાં હતા, એની આકર્ષકતાય કોઈ સીમામાં સમાવાય એવી નહોતી ! પૂર્વજોએ બંધાવેલાં ઘણાં-ઘણાં કોટ-કિલ્લા-કમાડો અને મહેલો નવા બની ગયા હતા. કેટકેટલી નવી નહેરો ખોદાઈ ચૂકી હતી, જેથી દુષ્કાળના ઓળાઓ કલિંગને ચિંતિત ન બનાવી શકે, કલિંગની પ્રજાએ જૂના કર અને કરજની મુક્તિની મુક્ત-મોજ આ અરસામાં જ માણી હતી. રાજા ખારવેલની પટરાણી ધુસીએ આ ગાળામાં રાજમાતાનું પદ મેળવ્યું હતું. કલિંગની કીર્તિ પર પાણી ફેરવતા મકાનો, મંડપો અને બજારોને જમીનદોસ્ત કરીને એનું નવનિર્માણ પણ આ જ સમયે થવા પામ્યું હતું.

આમ, દશકા જેવી નાની સમયાવધિમાં કલિંગને જે જે ઉપલબ્ધિઓ થઈ હતી, એ એટલી બધી હતી કે, કલિંગ પ્રજા જ્યાં ક્યાંય નજર નાંખતી, ત્યાંથી કલિંગ-ચક્રવર્તી ખારવેલની કીર્તિના ધ્વનિ સંભળાયા વિના ન રહેતા ! આ બધું કરવા છતાં રાજા ખારવેલને એ વાતનો પૂરેપૂરો ખ્યાલ હતો કે, પોતાને જે મહત્ત્વની જવાબદારી અદા કરવાની છે, એ તો હજી બાકી જ છે !

"કલિંગજિન"ને ગર્વભેર પુનઃ કલિંગમાં પ્રવેશ કરાવવાનું કર્તવ્ય તો રાજા ખારવેલ ક્યારેય ભૂલી શકે એમ જ નહોતા. પણ આ સિવાય મહારાજા શ્રેણિક દ્વારા નવનિર્મિત એ જિનમંદિરો અને એ ગુફાઓના

પુનરુદ્ધારની જવાબદારીનોય એમને પૂરેપૂરો ખ્યાલ હતો, એથી જ આ કાર્યના શ્રી ગણેશ પણ ક્યારનાય થઈ ચૂક્યા હતા.

પૂ. આચાર્ય શ્રી સુપ્રતિબદ્ધસૂરિજી આદિનો ઘણો મોટો શ્રમણ-શ્રમણી પરિવાર એ વખતે કલિંગને પોતાના પગલે પાવન બનાવી રહ્યો હતો. મહારાજા ખારવેલ જ્યારે ભિક્ષુરાજ તરીકે હતા, ત્યારથી જ શ્રી સુપ્રતિબદ્ધસૂરિજીની નિશ્રા-પ્રેરણા-સદુપદેશ મેળવવા એઓ બડભાગી બનતા હતા. કુમારગિરિતીર્થના ઉદ્ધાર-કાર્યમાં એઓશ્રીનો સદુપદેશ મહારાજા ખારવેલ માટે એક મોટું પ્રેરક પરિબળ હતું. આ આચાર્યદેવશ્રીનાં ચરણો સમક્ષ ચાકર બનીને આળોટવાનું અને ધર્મવાત્સલ્ય પામવાનું જે બડભાગ્ય એઓ બાલ્યકાળથી જ ધરાવતા આવ્યા હતા, એમાં હજી ઓટ નહોતી આવી.

રાજા ખારવેલ જ્યારે એકાંતને પામતા, ત્યારે એમનાં મનમાં મગધ-વિજયના મનોરથનાં રથો દોડાદોડ મચાવી મૂકતા, પણ યાહોમ કરીને ઝંપલાવવામાં શાણપણ નહોતું, એનો એમને ખ્યાલ હતો. કારણ કે મગધ સામ્રાજ્યની ત્યારે જે ધાક-હાક હતી અને સેનાપતિમાંથી સરમુખત્યાર બનેલા પુષ્યમિત્રનો જે પ્રચંડ પ્રભાવ હતો, એથી ભલભલા મહારથીઓ મગધ સામે આંગળી કરતાંય ડરતા હતા. મહારાજા ખારવેલમાં આવા ડરનું તો જો કે નામોનિશાન ન હતું. કારણ કે મગધના સંગ્રામને જીતવા કલિંગ સેના પોતાના લીલુંડા માથાં હસતે-હૈયે વધેરીને જ સંતોષનો શ્વાસ લેશે, એવો એમને પાકો વિશ્વાસ હતો. છતાં યોગ્ય-કાળ અને યોગ્ય તક સાધ્યા વિના આક્રમણ માટે આંધળુકિયા કરવા, એ સગા હાથે પરાજયને તેડું પાઠવવાની પાગલતા જ હતી, આનો એમને પૂરેપૂરો ખ્યાલ હતો, એથી એઓ યોગ્ય સમયની પ્રતિક્ષામાં મગધવિજયની પૂર્વતૈયારીઓ કરવામાં જ કટિબદ્ધ બની ગયા. થોડા વધુ દિવસો વીત્યાં અને પોતાની બળશક્તિનું પૂરેપૂરું ગણિત માંડ્યા બાદ કલિંગ ચક્રવર્તી ખારવેલે મગધ સામે યુદ્ધ જાહેર કર્યું !

— ● —

કલિંગ ચક્રવર્તીએ મગધ સામે વગાડેલી એ રણભેરીએ ચોગરદમ આશ્ચર્યનું એક મોટું આંદોલન જગાવી દીધું હતું. કેટલાય રાજ્યો એવી અમંગળ-આગાહીઓ કરી રહ્યા કે, ખરેખર કલિંગે સૂતેલા સાપને સતાવવાનું અને ભરઊંઘમાં પોઢેલાં કેસરી-સિંહની કેસની સાથે અડપલું કરવાની બાળચેષ્ટા કરી છે, આ ચેષ્ટા કલિંગની કીર્તિને પુનઃ ધૂળમાં મેળવી દીધા વિના નહિ જ રહે !

ત્યારે મગધ-સામ્રાજ્યનો જે સિંહનાદ વાતાવરણમાં પડઘા પાડતો રહેતો હતો. મગધના સમ્રાટ તરીકે પુષ્યમિત્રની વીરહાકથી આસપાસના રાજ્યો જે રીતે થરથર કંપતા રહેતા હતા અને એક અજેય રાજ્ય તરીકે મગધના મહિમા ગાનથી જે રીતે ગગનનો ગુંબજ છવાઈ ગયેલો રહેતો હતો, આ બધાના આધારે હરકોઈનું અંતર આવી અમંગળ-આગાહીઓથી ભરાઈ જાય, એ સહજ હતું.

પુષ્યમિત્ર ભલે પુરોહિતનો પુત્ર હતો, રાજબીજ ભલે એને વારસામાં નહોતું મળ્યું, છતાં ગતભવમાં એ કોઈ એવું પુણ્ય કરીને આવ્યો હતો કે, સેનાપતિમાંથી એ સમ્રાટ બની ગયો અને પોતાના પુરુષાર્થ તથા પુણ્યના બળથી થોડા જ સમયમાં એ મગધ ઉપરાંત આસપાસના રાજ્યો ઉપર મધ્યાન્હના સૂર્યતેજની જેમ છવાઈ ગયો! એમાં પણ ગ્રીક જેવા પરદેશી-સમ્રાટને હાર આપીને પુષ્યમિત્રે જે વિક્રમ સ્થાપ્યો, એથી તો એનો પ્રભાવ, ભલભલા ભડવીરોની આંખો અંજાઈ જાય, એ રીતે ફેલાવો પામી રહ્યો.

પુષ્યમિત્ર બળ અને કળ : આ બંનેથી શૂરોપૂરો હતો. એથી મગધના પાટનગર પાટલિપુત્રને અજેય બનાવવા એણે ગોરખગિરિ પર એક એવો કિલ્લો ઉભો કર્યો હતો કે, સાગરની ભરતીનાં પાણી કદાચ ગાંડાતુર બનીને ધસમસ કરતાં મગધમાં પ્રવેશવા માંગે, તોય ગોરખગિરિના એ કિલ્લા આગળ આવતા જ એની ગતિ રુંધાઈ જાય અને એ પૂરને પણ ત્યાં જ અટકી જવા વિવશ બની જવું પડે. પાટલિપુત્રને રક્ષતા આવા અડીખમ અને અભેદ્ય- કિલ્લાના સર્જન પછી તો પુષ્યમિત્રનો ફાંકો

અને ગર્વ એવો વધી ગયો હતો કે, એની ચાલથી ધરતી ધ્રૂજી ઉઠતી અને એના બોલથી ગગન પણ ફાટી જતું.

શિશુનાગ, નંદ અને મૌર્યવંશીય રાજાઓના રાજ્યકાળ વખતનું એ મગધ ક્યાં અને પુષ્યમિત્રની સરમુખત્યારીના સાણસામાં સપડાયેલું મગધ ક્યાં ! આ બંને વચ્ચે આભ-ગાભ જેવું વિરાટ અંતર હતું. હજી થોડા જ વર્ષો પૂર્વેની એ મગધભૂમિમાં જૈનત્વની જાહોજલાલી પૂરબહારમાં પ્રકાશતી હોવા છતાં બૌદ્ધવૈદિક આદિ ધર્મો પણ પોત-પોતાનું અસ્તિત્વ ટકાવીને ગર્વભેર ઘૂમી શકતા હતા. ત્યારે પગલે-પગલે જિનમંદિરો, જિનશ્રમણો અને જિનાગમોથી સમૃદ્ધ ધર્મધામોથી ધન્યતા અનુભવતી ધરતીના દર્શન થતા હતા. જાણે ધર્મો તેમજ સંસ્કૃતિઓ સદેહે અવતરીને આ ભૂમિ પર સ્વૈર-વિહાર માણી રહી હતી ! પરંતુ આવી એ ભવ્યતા આજે તો ભૂલાયેલો એક ભૂતકાળ બની ગઈ હતી. પુષ્યમિત્રની આંખમાંથી ઓકાતા ઝનૂનના અંગારા એવા તો ભયંકર નીવડ્યા હતા કે, એ ભવ્યતા બળીને ભડથું બની ચૂકી હતી અને રાખમાં પલટાયેલો એનો એકાદ વંશ-અંશ પણ ટકી શકે નહિ, એના પ્રલય-પવનનો વાહક પુષ્યમિત્ર એક ઝંઝાવાત બનીને મગધ પર ત્રાટક્યો હતો અને તલવારના જોરે વૈદિક-સંસ્કૃતિનો એ પ્રચાર કરી રહ્યો હતો.

પુષ્યમિત્રનું શાસન જૈન અને બૌદ્ધ શ્રમણો સામે એક પડકાર બની ગયું હતું. આજ સુધી ફાલી-ફુલીને વિશાળ વડલામાં વિસ્તરીને ઠેર-ઠેર છાયા પાથરનારા ધર્મના સંદેશવાહક મુનિઓને દેશવટો અપાવવા દ્વારા એ વડલાઓને જ જડમૂળથી ઉખેડી નાખવા પુષ્યમિત્રની આજ્ઞાઓએ કાતિલ અને કઠોર-કુહાડાઓનું કામ કર્યું હતું. એથી ઉપવન જેવી શોભા ધરાવતી એ મગધભૂમિ ઉજ્જડ જેવી ભીષણતા અને ભેંકારતાથી છવાઈ ચૂકી હતી. પુષ્યમિત્રે વધારામાં અશ્વમેધ-યજ્ઞ કરીને પોતાનો ચક્રવર્તીત્વ જેવો પ્રભાવ ઉત્તર-દક્ષિણ હિંદમાં સ્થાપી દીધો હતો. આમ છતાં બહારથી એની આબરૂનો જે આડંબર હતો, એના પ્રમાણમાં એ એટલો બળવાન

ન હતો. આ વાત ખારવેલનાં આક્રમણથી તો એકદમ ઉઘાડી પડી ગઈ અને મગધની જે જનતા જેના બળના વખાણ કરતાં કદી થાકતી નહતી, એ પણ અંદર-અંદર ગણગણ કરવા માંડી કે, અરે ! આ પુષ્યમિત્ર તો સિંહના ચામડામાં છુપાયેલો ગધેડો નીકળ્યો !

પુષ્યમિત્રના જે દોરદમામ હતા, એની જે છાપ બધે ફેલાયેલી હતી, એથી સૌ એમ જ માનતા કે, મગધની સામે પડનારી કોઈ શક્તિ જ હયાત નથી ! પણ જ્યારે એક દહાડો કલિંગ ચક્રવર્તી ખારવેલની સંગ્રામ-સવારી આગે બઢતી-બઢતી મગધમાં પ્રવેશી ચૂકી અને વિના રોકટોક એ જ્યારે ગોરખગિરિની ગોદમાં આવી પહોંચી, ત્યારે એકવાર તો પુષ્યમિત્ર પણ ગભરાઈ ઉઠ્યો ! એને થયું કે, શું કલિંગ-ચક્રવર્તી ખારવેલ મગધના આ શેરની સામે સવાશેર તો નહિ સાબિત થાય ને ? પણ પાછું મનોમન એણે સમાધાન કરી લીધું હતું કે, બહાદુરના એ બેટાને હવે જ ખબર પડશે કે, ગોરખગિરિને ઓળંગીને મગધ તરફ કઈ રીતે આગળ વધી શકાય છે !

રાજા ખારવેલ જોકે બહુ ઝડપથી આગળ વધીને મગધને લડાઈનો લલકાર સંભળાવવા માંગતા હતા. પણ ગોરખગિરિની અભેદ્ય-દીવાલે એમના માર્ગમાં થોડોક અવરોધ ઉભો કર્યો. ત્યાં દિન-રાત સાબદી રહેતી મગધ-સેનાએ પણ પોતાનું પાણી બતાવવાની આ તકને વધાવી લીધી. પણ ખારવેલની સેના આ બધાને પહોંચી વળે એવી હતી. એથી થોડા જ દિવસમાં ખારવેલ એ કિલ્લાને ઓળંગીને જ્યારે પાટલિપુત્ર તરફ આગળ વધવામાં સફળ થયા, ત્યારે તો મગધમાં હાહાકાર મચી ગયો ! કોઈ ભયંકર પ્રલયને ખેંચી લાવનારી લડાઈની કલ્પનાએ પ્રજામાં ગભરાટ મચાવી દીધો રે ! ખુદ પુષ્યમિત્ર પણ ગભરાઈ ઉઠ્યો !

પુષ્યમિત્રને વિશ્વાસ હતો કે, મારી સામે કોઈ જ આંગળી ચીંધી ન શકે ! પણ જ્યારે ખારવેલે ગોરખગિરિના એ કિલ્લાને પણ ઐસીતૈસી ગણીને પાટલિપુત્ર તરફ પ્રયાણ લંબાવ્યું, ત્યારે તો પુષ્યમિત્રના મોતિયા જ મરી ગયા. એને થઈ ગયું કે, ખારવેલના પગલે-પગલું બઢાવતું

મારું મોત પાટલિપુત્રમાં પ્રવેશે, એ પૂર્વે જ જીવ બચાવવા મારે ભાગી છુટવું જોઈએ ! ખારવેલ હજી તો દૂર હતા, પણ એમના કૌવતની કીર્તિકથાઓ તો ક્યારનીય મગધમાં ઘૂમી વળી હતી અને હવે તો એના પડઘા પાટલિપુત્રમાં પણ ગુંજી રહ્યા હતા.

પુષ્યમિત્ર પોતાની સામે આવનારા આક્રમણની સજ્જડતા અને સબળતા સાંભળીને કિંકર્તવ્ય-મૂઢ બની ગયો અને જે પાટલિપુત્રના કણકણની સારસંભાળ લેવાની જવાબદારી પોતાના માથે હતી, એ જવાબદારીના જળ-ઘટને એકી ધડાકે ફેંકી-ફંગોળી દઈને પુષ્યમિત્ર જીવ લઈને મથુરા તરફ નાઠો ! પાટલિપુત્રના દરવાજા હવે ખુલ્લા હતા અને કલિંગ-સેનાની કૂચથી ઉડેલી ધૂળમાંથી રચાયેલી ડમરીઓએ આકાશમાં દુર્દિન જેવો દેખાવ રચી દીધો હતો.

ભયભીત બનીને ભાવિની કોઈ કલ્પના ન કરી શકતી મગધ-પ્રજા કોઈ અમંગળના એંધાણ નીચે થરથર ધ્રૂજી રહી હતી, કારણ કે એની આંખ સામે મગધે કલિંગ પર વર્તાવેલા કાળાકેરની ગોઝારી સ્મૃતિઓ સજીવન બનીને નાચતી હતી, રાજા નંદ અને રાજા અશોકે જે કલિંગ પર દમનનો દોર વીંઝવામાં પાછું વાળીને જોયું નહોતું, એજ કલિંગની પ્રજાના પુનરૂદ્ધારક રાજા ખારવેલ શું આ વેરની પઠાણી-વ્યાજ સાથે વસૂલાત કર્યા વિના રહેશે ખરા ? આ પ્રશ્ન પ્રજાના દિલમાં સણસણતા બાણની જેમ ભોંકાઈને જખમ પેદા કરી રહ્યો હતો !

•



## ૧૦

## ઝનૂનનો ઝેરી નાગ, કલિંગના કરંડિયે !

મૂર્ખ મિત્ર કરતા તો દાનો દુશ્મન સારો ! આ કહેવતની સચ્ચાઈ એ દહાડે મગધની પ્રજાને મહારાજા ખારવેલે અદ્ભુત રીતે સાબિત કરી બતાવી. ભરતીની પળોમાં ઘોડાપુરના આગમનથી ખળભળી ઉઠતા સાગરની જેમ, મગધની પ્રજા પોતાના સ્વામી પુષ્યમિત્રના પલાયનથી અને મહારાજા ખારવેલના આગમનથી સંક્ષુબ્ધ બની ઉઠી હતી. પણ મહારાજા ખારવેલે પાટલિપુત્રના પાદરે પગ મૂકતાંની સાથે જ સહાનુભૂતિભર્યા વર્તનથી સાબિત કરી આપ્યું કે, હું મગધનો દાનો દુશ્મન છું ! એથી કોઈએ ડરવાની જરાય જરૂર નથી !

મહારાજા ખારવેલનું એક નામ "ભિક્ષુરાજ" પણ હતું. આ નામ ગુણ નિષ્પન્ન અને સાર્થક હતું. એઓ માત્ર રાજા જ નહોતા ! પહેલા નંબરે એઓ માનવ હતા, બીજા નંબરે એઓ રાજા હતા ! એથી એમણે જ્યારે જાણ્યું કે, પુષ્યમિત્ર ભાગી છુટ્યો છે અને મગધનું રાજ્ય-સિંહાસન અત્યારે અનાથ છે ! ત્યારે માનવોચિત અને રાજનીતિને શોભાવતો નિર્ણય લેતા એમણે કલિંગ-સેનાને આદેશ આપ્યો કે, આપણે ભલે વિજય-યાત્રા લઈને છેક અહીં સુધી આવ્યા હોઈએ. પણ અહીંનું રાજ્ય અનાથ હોઈને આ વિજય-યાત્રાને ધર્મયાત્રામાં ફેરવી નાખવી, એ આપણી ફરજ થઈ પડે છે. માટે "કલિંગ-જિન"ના પેટ ભરીને દર્શન કરીને, મગધની આ ધરતી પરથી ચપટી ધૂળ પણ લીધા વિના આપણે સૌએ પાછા ફરવાનું છે. જનતા ભલે આ પગલાને કલિંગના પરાજય તરીકે વગોવે, પણ મારી દૃષ્ટિએ આ પગલાથી આપણને જે વિજય મળશે, એ ખૂબ જ ઝળહળતો હશે અને એનું અમિટ સ્થાન મગધની પ્રજાના હૈયામાં પણ અંકાઈ ગયા વિના નહિ જ રહે !

કલિંગની સેનાના હાથ અને હૈયું આ આદેશ સાંભળતા જ ઠંડા પડી ગયા. સૌએ સજાવેલી સ્વપ્ન-સૃષ્ટિ જુદી જ હતી. પણ સ્વામીના આદેશ કરતા એનું મહત્ત્વ વધારે ન જ હોઈ શકે, એનો એ વફાદાર સેનાને પૂરતો ખ્યાલ હતો. એથી સમશેરો મ્યાન થઈ ગઈ અને વીરતાની વાતોથી ખળભળેલું એ વાતાવરણ ધર્મના ધ્વનિથી ગુંજી ઉઠ્યું. મહારાજા ખારવેલ જો ધારત, તો એમના માટે આ તક અણમૂલી હતી ! પઠાણી વ્યાજ સાથે વેરની વસૂલાત લેવાની આવી અનુકૂળ તકને ખારવેલ સિવાયના કોઈ રાજવીએ ચોક્કસ જતી ન કરી હોત અને લૂંટાય એટલું લૂંટીને પાટલિપુત્રને ઉજ્જડ બનાવવામાં પાછાં વળીને જોયું પણ ન હોત ! પરંતુ રાજા ખારવેલે આવું કશું જ ન કરતા, માત્ર "કલિંગ-જિન"ના સૌએ પેટ ભરીને દર્શન કર્યાં અને પાટલિપુત્રની પ્રજાના હાર્દિક સત્કાર ઝીલીને વિદાય લીધી.

બીજું તો કશું નહિ, પણ "કલિંગ-જિન"ની પ્રતિમાને પુનઃ કલિંગમાં લઈ જતા મહારાજા ખારવેલને કોઈ રોકી શકે એમ ન હતું.

પણ એમણે આ સુવર્ણમૂર્તિના દર્શન કરીને જ સંતોષ માન્યો હતો. કારણ કે એઓ કલિંગની કીર્તિ સમી આ મૂર્તિને રાજા નંદની જેમ ચોરી જવા માંગતા નહોતા, રાજા નંદ ભલે ચોરીછુપીથી આ પ્રતિમાને લઈ આવ્યો હતો, પણ રાજા ખારવેલ તો એને સન્માનભેર લઈ જઈને કલિંગના કપાળે સદીઓથી અંકાયેલા કલંકને દૂધથી ધોવા માંગતા હતા. એથી રાજા નંદ કે રાજા અશોક જેવી પાશવી-પ્રવૃત્તિઓનું લગીરે પુનરાવર્તન કર્યા વિના પાટલિપુત્રના પાદરેથી પાછા ફરી જવાના લીધેલા નિર્ણયમાં રાજા ખારવેલની ખુમારીનો ખજાનો ખુલ્લો થતો જણાતો હતો, તેમજ મગધ સામે મુકાબલો કરવાના એ પગલા પાછળ, વેરવૃત્તિ કરતા **"કલિંગ-જિન"**ની પુનઃ પ્રાપ્તિની ભાવનાનું ધ્યેય મુખ્ય હતું, એ પણ આથી પૂરવાર થતું હતું.

દુનિયાની દૃષ્ટિએ તળાવે જઈને તરસ્યા રહેવા જેવી કે હીરો ઘોઘે જઈ આવ્યા જેવી કહેવતને સાચી પાડતા જણાતા રાજા ખારવેલના આ દેખીતા પરાજય પાછળ એક મહાન વિજય સમાયો હતો અને જાણે એ વિજયના ધ્વજનો ધારક જાણતા-અજાણતા પુષ્યમિત્ર જ બન્યો હતો. દુશ્મનની દયા પર દેશને છોડીને એણે મથુરા તરફ પારોઠના જે પગલાં ભર્યાં, એથી તો ખારવેલની કીર્તિ-કથાને ફેલાવો પામવાની ઉજળી તક મળી હતી. ખારવેલની આવી સહાનુભૂતિ, સજ્જનતા અને શક્તિ સંપન્નતાનાં દર્શને મગધની જૈન-પ્રજાને, પોતાની એ જ્વલંતતાના પુનર્વાહક અને પુનઃ પ્રતિષ્ઠાપક તરીકેનું દર્શન ખારવેલમાં મોટા પ્રમાણમાં મળતા કોઈક સારા ભાવિની આશા બંધાઈ. વૈદિક પ્રજાએ પણ ખારવેલની આ મહાનતા જોઈને એકવાર તો મોંમા આંગળા નાંખી દીધા.

કલિંગ તો કુંજરોની ક્રીડાસ્થળીનો દેશ હતો, એથી સેનામાં હાથીઓનું જૂથ ખૂબ જ મોટું હોય, એ સહજ હતું. પાટલિપુત્રના પાદરે થઈને વહેતી ગંગા નદીમાં આ હાથીઓને મનભર જળક્રીડા કરાવતા ખારવેલને જોઈને પુષ્યમિત્રના વફાદાર માણસોના કાળજા પણ ચીરાઈ

ગયા. આ રીતની કુંજર-ક્રીડા એ જેમ કલિંગ માટે ગૌરવ લેવા જેવો પ્રસંગ હતો, એમ મગધને માટે ઢાંકણીમાં પાણી લઈને ડુબી મરવા જેવી આઘાતજનક બીના હતી. આમ, પાટલિપુત્ર પર વિજય મેળવ્યા વિના જ મહારાજા ખારવેલ કલિંગ ભણી પાછા ફર્યા, પણ એમની વૃત્તિ-પ્રવૃત્તિ પરથી મગધની જનતાએ મનોમન એવો ફલાદેશ તો અવશ્ય ભાખ્યો કે, આ નવયુવાનની રાજશક્તિ આગળ આજ નહિ તો કાલે મગધને ઘુંટણિયે પડીને નમવા સિવાય છુટકો જ નથી !

મહારાજા ખારવેલ મગધને જીત્યા વિના જ પાછા કલિંગ તરફ ફર્યાં હતા, છતાં નિરાશાની થોડી પણ છાયા કલિંગની એ સેનાના વિશાળ-સંખ્ય સૈનિકોના ચહેરાઓને જરાય મ્લાન નહોતી બનાવી શકી, આને પરાજય નહિ, પણ વિજયની પૂર્વ-ભૂમિકા માનવાની ઉત્સાહી-વૃત્તિ ધરાવતી એ સેના કલિંગ-જિનના દર્શને તો બધો જ થાક-શોક ભુલી ગઈ હતી ! એણે કલિંગમાં પ્રવેશ કર્યો, ત્યારે મનોમન એવો દૃઢ નિર્ણય લઈ લીધો હતો કે, હવે તો આ "કલિંગ-જિન"ને સન્માનભેર પામવા માટે એવો અભેદ્ય અને સર્વતોમુખી વ્યુહ રચીને મગધ પર તુટી પડવું કે, જેથી જાળમાં સપડાયેલી માછલીની જેમ પુષ્યમિત્ર એકે દિશામાંથી છટકી જ ન શકે !

મહારાજા ખારવેલને મન મગધ તરફના એ યુદ્ધ-પ્રયાણની સૌથી મોટી ઉપલબ્ધિ હતી : કલિંગ-જિનનાં દર્શન ! આ દર્શન મેળવ્યા પછી તો એમના ચિત્તને બીજું કોઈ જ દર્શન રૂચતું ન હોતું. એથી કુમારગિરિ તીર્થનો જે ઉદ્ધાર થઈ રહ્યો હતો, એને વધુ ભવ્યતા આપવાનો એમણે નિર્ણય લઈ લીધો અને એથી તીર્થોદ્ધારની એ રૂપરેખા વધુ ભવ્ય બની, સાથોસાથ શિલ્પીઓની ભરતી પણ મોટા પ્રમાણમાં કરવામાં આવી. આટલા દિવસો સુધી સરાણ પર ઘસાતા શસ્ત્રોના અવાજથી શક્તિના રસની ઉદ્‌ગમ ધામ બની ગયેલી તોષાલીનગરી હવે સરાણ પર ઘસાતા શિલ્પીઓના ટાંકણામાંથી નીકળતા ભક્તિના રસની રેલમછેલ વહાવી રહી. એ ધ્વનિના શ્રવણે જ કલિંગની સેના સમક્ષ, પાટલિપુત્રમાં મેળવેલ

કલિંગજિનના દર્શનની એ પળો સજીવન બની ઉઠતી અને પોતાના કાળજાની કોરથીય વધુ કીમતી એ પ્રતિમાને ગૌરવભેર પુનઃ મેળવવાની મનોસૃષ્ટિમાં સૌ ખોવાઈ જતા !

શ્રી સુપ્રતિબદ્ધસૂરિજીના શ્રીમુખે શ્રી કલિંગજિનનો રોમાંચક ઈતિહાસ સાંભળ્યા બાદ તો રાજા ખારવેલ પણ કલિંગ-સેનાની જેમ જ એ સુવર્ણ પ્રતિમાની પ્રાપ્તિની સ્વપ્નસૃષ્ટિમાં કલાકોના કલાકો સુધી ખોવાઈ જતા હતા. એક તરફ પ્રેમની એ સ્વપ્નસૃષ્ટિ ચણતર પામતી જતી હતી, તો બીજી તરફ કુમારગિરિ ઉપર પુનરૂદ્ધાર પામતો જિનપ્રસાદ પણ ઉત્તુંગતા ધારણ કર્યે જતો હતો. ખરેખર કલિંગની તીર્થધામ તરીકેની કીર્તિ જેના નિર્માણ દ્વારા ગગનચુંબી બનવા ઉપરાંત સાગર સુધીના સીમાડાઓમાં ફેલાય, એવા એ પુનરૂદ્ધાર પાછળ રાજા ખારવેલ અઢળક-લક્ષ્મીને પાણીની જેમ વહાવી રહ્યા હતા. અડતાલીસ લાખના સદ્વ્યય બાદ એ મંદિર જ્યારે પૂર્ણપ્રાયઃ થવા આવ્યું, ત્યારે મગધની એ વિજયયાત્રા પર પણ લગભગ બે વર્ષના વહાણા વાઈ ચૂક્યા હતા અને હવે તો સમસ્ત ઉત્તરાપથની સાથે, પુષ્યમિત્ર જેની ઓથે બાયલાની જેમ ભરાયો હતો, એ મથુરાનેય જીતીને મગધ પર વિજય મેળવવાની તાકાતથી તરવરાટ અનુભવતી કલિંગ-સેના પોતાના કાંડાનું બળ બતાવી આપવાના અવસરની કાગડોળે પ્રતિક્ષા કરી રહી હતી.

મહારાજા ખારવેલ તો મગધવિજય માટે અધીરા હતા જ, એમાં વળી સેનાનો આવો તરવરાટ જોઈને એમના આનંદને કોઈ આરો-ઓવારો ન રહ્યો અને વિજયનો કોલ છાતી ઠોકીને આપતી કોઈ મંગળ ઘડી પળ આવતા જ કલિંગની એ તોષાલીનગરી યુદ્ધપ્રયાણની ઘોષણા કરતી રણભેરીઓના નાદથી ગાજી ઉઠી. સાગરનું ઘોડાપુર જેમ આગળ અને આગળ ધસી જાય, એવા ઉત્સાહ અને સાહસ સાથે કલિંગ-સેનાએ જ્યારે કૂચના કદમ ઉઠાવ્યા, ત્યારે કલિંગના કણ-કણમાંથી યે એવો ધ્વનિ ઉઠ્યો કે, શિવાસ્તે સંતુ પંથાનઃ તમ સૌનો રાહ કુશળ નીવડો.

— • —

એક કહેવત છે કે, હાર્યો જુગારી બમણું રમે ! આમાંથી એવો ભાવ નીકળે છે કે, જુગારીના જીવનને જ્યારે બેહાલી અને દરિદ્રતાની ખાઈમાં પડવાનું નિશ્ચિત પ્રાયઃ હોય છે, ત્યારે એ જુગારી હારતો જાય, એમ બમણું રમતો જાય ! આ રમત એની એ હારને વધુ ઘેરી બતાવે, આશાપ્રેરિત બનીને એ પુનઃ બમણા દાવ નાખે અને આમ, એના એ દાવ જ દવ બનીને એ જુગારીના જીવનને પણ ભરખી જાય !

રાજા પુષ્યમિત્ર બરાબર આવા જ દાવનો ખેલાડી બનીને પુનઃ મગધના માથે ચડી બેઠો હતો. બિલાડીની જેમ ભાગેલો એ પાછો આવ્યો તો હતો સિંહની જેમ ! પણ એની બગડેલી બાજી હવે સાજી થાય એમ ન હતી ! બુંદ સે ગઈ હોજ સે ન સુધરે ! આ કહેવત મુજબ પલાયન થવા દ્વારા એની આબરૂના જે ચીર લૂંટાયા હતા, અને એથી એની આબરૂ એ જે દર્શનીયતા ગુમાવી દીધી હતી, એ હવે લાખો પ્રયત્નેય પાછી મેળવાય એવી ન હતી. પ્રજા પણ હવે એનાથી થોડી ઘણી નારાજ બનીને વાજ આવી ગઈ હતી, એથી હવે ધાક અને ધમકીથી પોતાની પ્રતિષ્ઠાની પુનઃ જમાવટ કરવાનો રસ્તો પુષ્યમિત્રને લેવો જ પડે એમ હતો !

જૈન શ્રમણોના ચુસ્ત ભક્ત અને બૌદ્ધ આદિ શ્રમણોનું ઔચિત્ય જાળવનારા વિવેકી રાજવી તરીકે ખારવેલ પ્રસિદ્ધ હતા. આ પ્રસિદ્ધિ પુષ્યમિત્રેય સાંભળી હતી. એથી હાર્યા જુગારીની જેમ બમણો દાવ ખેલી લઈનેય શ્રમણોની હત્યા કરાવીને એ ખારવેલના દિલને દુભાવવા માંગતો હતો. દિવસો વીતતા જતા હતા, એમ એના આવા જુગારની જીવલેણતા પણ વધતી જતી હતી, છેલ્લે-છેલ્લે તો એણે એવો ઢંઢેરો પીટાવ્યા હતો કે, જેના શ્રવણે કાનમાંથી કીડા ખરવા માંડે.

પુષ્યમિત્રના ઝેરથી ભરપૂર ઝનૂનનો પડઘો પાડતા એ ઢંઢેરામાં લોહીથી લખાયેલા સોદાની એવી વિગતો હતી કે, જે કોઈ વ્યક્તિ જૈન કે બૌદ્ધ શ્રમણનું માથું ઉતારીને લઈ આવશે, એને રાજ્ય તરફથી સો સોનામહોરો ઈનામમાં મળશે !

જૈનો અને બૌદ્ધો માટે તોફાની વર્ષા જેવા નીવડેલા પુષ્યમિત્રના રાજ્યમાં, આવા ઝેરી ઝનૂનથી જાણે વિનાશક-વાવાઝોડાનો ઉમેરો થયો અને સાધુઓનો મોટો ભાગ મગધનો ત્યાગ કરી ગયો ! આટલેથી જ પુષ્યમિત્રે સંતોષ ન અનુભવ્યો, આ પછી એણે મંદિરો-મૂર્તિઓની સામે તાતી-તલવાર ઉઠાવી અને બૌદ્ધ ધર્મના સંઘારામો-વિહારો પર તો એ પ્રલયના પ્રનાશની જેમ જ તૂટી પડ્યો ! આની ફલશ્રુતિ એ આવી કે, મગધની આસપાસ મકાનોને મંદિરો રૂપેય બૌદ્ધ ધર્મના જે અવશેષો દેખા દેતા હતા, એય નામશેષ થઈ ગયા અને બુદ્ધની જન્મભૂમિમાંથી જ બૌદ્ધ ધર્મને ઉચાળા ભરીને દેશાંતરોમાં દોડવાનો વખત આવ્યો ! આટલી હદ સુધી જૈનશાસન ઉપર પુષ્યમિત્રનો કોપ જોકે નહોતો ઉતર્યો, તોય એ કોપાગ્નિથી ઠેર-ઠેર રાખનાં જે ઢગલાં ઉભા થયા હતા, એનું દર્શન ઓછું દર્દનાક ન હતું !

આમ, પુષ્યમિત્ર જૈનો અને બૌદ્ધો માટે આંખમાં પડેલા અંગારા જેવો સાબિત થયો હતો, વૈદિકો એને હૈયાના હાર તરીકે આવકારી રહ્યા હતા. કારણ કે ઘણા વર્ષો બાદ પુષ્યમિત્રના આ કાળમાં જ વૈદિકોને રાજ્યાશ્રય મળ્યો હતો અને એને એઓ બરાબર સફળ બનાવી જવા માંગતા હતા. પણ આમ કરવા જતા એઓ એક એ સત્યને ધરાર વીસરી ગયા હતા કે, રાજ્યાશ્રય મેળવવો એ જુદી ચીજ છે, આના આધારે હજી કદાચ ધર્મનો પ્રચાર કરી શકાય ! પણ એમાં ઝનૂનના ઝેરને ભેળવનારો તો અન્યના વિનાશ કરતા જાતનો જ વધુ વિનાશ વેરતો હોય છે !

પુષ્યમિત્રના પુનરાગમન પછી મગધમાં આ રીતે જે પ્રલય મચ્યો હતો, અને જિનધર્મ સામે વિનાશનું જે વાવાઝોડું વેગીલું બની રહ્યું હતું, એની રજેરજ જેટલી વિગતો મહારાજા ખારવેલને કલિંગમાં તો મળતી જ હતી ! પણ એઓ મગધ-વિજય માટે પ્રયાણ કરી ગયા, ત્યારબાદ ગુપ્તચરો દ્વારા મળતી આવી માહિતીઓનો દોર સતત ચાલુ જ રહેવા પામ્યો હતો. એથી મગધમાં વસનારા સાધર્મિકોની સહાયમાં

વહેલી તકે પહોંચી જવાનો કર્તવ્ય-ધર્મ અદા કરવા તલસતા મહારાજા ખારવેલે ઉત્તરાપથ, ઉત્તર-પશ્ચિમના સીમાંત રાજ્યો અને મથુરા આદિ પર કલિંગનો વિજયધ્વજ લહેરાતો મૂકીને બનતી ઝડપે પોતાની યુદ્ધયાત્રાને પાટલિપુત્ર તરફ વળાંક આપ્યો.

આ યુદ્ધ યાત્રાના સમાચાર મગધમાં તો ફેલાઈ જ ગયા હતા અને પુષ્યમિત્ર આની ગંભીરતાથી પૂરેપૂરો વાકેફ હતો ! બીજી તરફ મથુરાની જેમ જ્યાં સંતાઈ જવું ફાવે, એવું એકે રાજ્ય એની નજરમાં નહોતું આવતું. એથી કલિંગની કેદમાં પૂરાઈ જવું ન પડે અને જાન બચાવી શકાય, એવા પ્રયાસની શોધમાં પુષ્યમિત્ર આમ-તેમ ફાંફાં મારી રહ્યો તેમજ મંત્રણાઓ ઉપર મંત્રણાઓ યોજતો ગયો ! પણ અંતે એને એક જ જીવનોપાય જણાયો અને એ ખારવેલ સમક્ષ ખોળો પાથરીને જીવનની ભીખ માંગી લેવાનો ! પણ આમ કરવા જતા લાખ ટકાની આબરૂનું શું ? આ પ્રશ્ન પણ પાછો મુંઝવી રહ્યો. બીજી તરફ એનામાં એવી આશા પણ જાગી કે, કદાચ લાંબી યુદ્ધયાત્રામાંથી થાકેલી કલિંગની સેના ઉપર મગધ વિજય મેળવી લે, તોય નવાઈ નહિ ! બસ, ફક્ત આ એક જ આશાનો આધાર પકડીને પુષ્યમિત્રે મેદાનમાં ઝંપલાવવાનો નિર્ણય પોતાનું બળાબળ માપ્યા વિના જ લઈ લીધો ! મનમાં એણે એવોય વિકલ્પ રાખ્યો કે, સમય જોઈને બાજી પલટાવતા ક્યાં નથી આવડતી ?

મગધના બધા રાજયકર્તાઓની સૃષ્ટિમાં કલિંગ-ચક્રવર્તીના આગમનનો અવસર જેટલો ભય પેદા કરાવવા સમર્થ નીવડ્યો, એટલો જ મગધની પ્રજામાં નિશ્ચિતતા અને નિર્ભયતા પ્રેરવા એ સબળ-સફળ સાબિત થયો. કારણ કે મગધની પ્રજાને હજી તાજો જ અનુભવ હતો કે, મહારાજા ખારવેલ મગધના દાના-દુશ્મન છે ! એથી ઝાઝો ભય રાખવાની જરૂર નથી !

એ દિવસ પણ આવી ઉભો, જ્યારે કલિંગના એક મહાબળના પ્રબળ-પ્રતિનિધિ સમા ખારવેલ અને મગધની એક આડંબરી તાકાતનો દેખીતો સરમુખત્યાર સમો પુષ્યમિત્ર : આ બે વચ્ચે જંગ જામ્યો. જંગ

નો રંગ હજી જામે, એ પૂર્વે જ પુષ્યમિત્રને ખાતરી થઈ ગઈ કે, પોતે સસલું છે અને સામે સિંહ ઘૂરકી રહ્યો છે ! એથી થોડી જ વારમાં એણે હાર કબુલી લઈને જીવનને ટકાવી રાખવા વાણિયા વૃત્તિનો આશરો લઈ લીધો.

મહારાજા ખારવેલ ગજવેલનું સર્જન હતા. એઓ કંઈ કાચી-માટીમાંથી ઘડાયા નહોતા. પુષ્યમિત્રને એઓ નખશિખ ઓળખી ગયા હતા. એથી એણે લંબાવેલી ભિક્ષા-ઝોળીમાં જીવનનું દાન કરતા પૂર્વે એમણે ઘણી-ઘણી શરતો પર પુષ્યમિત્રની સહી કરાવી લીધી અને વિશાળ હૃદયના રાજા ખારવેલે, પુષ્યમિત્રને પોતાના પગ ચાટવા વિવશ બનાવીને જીવતો છોડી મૂક્યો. એ ઘડીએ કલિંગના વિજયની જે ગર્જનાઓ ગગનમાં ગાજી ઉઠી, એના પડછંદા છેક તોષાલીમાં પડ્યા હોય, તોય ના ન કહેવાય !

પુષ્યમિત્રે જે સંધિ-પત્રો પર લોહીમાં લેખિની ઝબોળી-ઝબોળીને સહીઓ કરી હતી. એમાંની અનેક શરતોમાંની એક શરતનું પાલન કરવા રૂપે મગધના એ રાજ્યના સ્વામી તરીકે પુષ્યમિત્રે કલિંગજિનની એ પ્રતિમાને સન્માનભેર મહારાજા ખારવેલને સમર્પિત કરી અને મગધના રાજકોશમાંથી કીમતી રત્નરાશિ ખારવેલના ચરણ સમક્ષ દંડવત સાષ્ટાંગ પ્રણામ કરવા પૂર્વક અર્પિત કરી.

કલિંગની સેનાનો હર્ષ ત્યારે ઉછાળી ઉછાળીને આકાશને આંબી રહ્યો. મહારાજા ખારવેલ માટે આ દિવસ ધન્ય હતો. "કલિંગજિન"ની નિશ્રામાં સૌએ કલિંગ તરફ પ્રયાણ કર્યું, ત્યારે પુષ્યમિત્ર એક ચાકરની અદાથી થોડે સુધી વળાવીને પાટલિપુત્રમાં પાછો ફર્યો ! ઝનૂનનો ઝેરી નાગ જાણે કલિંગના કરંડિયે પૂરાઈ ગયો હતો. અને છતાં દયા વૃત્તિ દાખવીને મહારાજા ખારવેલે એની દાઢમાંથી ઝેરની કોથળી કાઢી લઈને એને પાછો મગધના મેદાનમાં ઘૂમવા છૂટો મૂકી દીધો હતો !

•



# ૧૧

## કાયાથી કલિંગરાજ ! ભીતરથી ભિક્ષુરાજ !

કલિંગને દર્પણ બનાવીને, સ્વર્ગપૂરી જાણે પોતાનું પ્રતિબિંબ એમાં નિહાળી-નિહાળીને મલકાઈ ન રહી હોય, એવી અદ્ભુત-આભા કલિંગે અને એની પાટનગરી તોષાલીએ આજે ધારણ કરી હતી. નવયૌવનાના નૃત્ય ઠેર ઠેર અંગડાઈ લઈ રહ્યા હતા. ઉલ્લાસ અને વિલાસના રાસ ઘરે ઘરે રમાઈ રહ્યા હતા. ધરતીમાંથી સુગંધ રેલાઈ રહી હતી. આકાશ સુવાસનું સંદેશવાહક બન્યું હતું. દશે દિશાઓએ દિવ્યતા ધારણ કરી હતી. વાતાવરણ અને વાયુમંડળમાં કોઈ જુદો જ ધબકાર ધ્વનિત થઈ રહ્યો હતો. ગામે-ગામ

ઉત્સવનાં ધામ બન્યા હતા. ઘરે ઘરે ઘેબરની સોડમ ફેલાતી હતી. નંદનવનની ધરતી હોય અને એમાં પાછા ઋતુરાણી-વસંતના ત્યાં પગલાં પડે ! પછી સૌંદર્યની એ સમૃદ્ધિમાં વૃદ્ધિ થવામાં શી કમીના રહે ! એમ કલિંગ આમ પણ આમૂલ-ચૂલ કાયાપલટ પામીને કળાધામ તો બની જ ચૂક્યું હું. અને એમાં વળી કલિંગ ચક્રવર્તી મહારાજા ખારવેલ મગધવિજયની મહાકીમતી મુકુટ માથે ધરીને પાછા આવી રહ્યા હોય, પછી એમના પ્રવેશના પગલે કલિંગમાં કઈ કમનીયતાની કમીના રહે !

એ ઘડી-પળથી બરાબર બાર વર્ષ પૂર્વે ખારવેલ જ્યારે તોષાલીના રાજ્ય સિંહાસને અભિષિક્ત થયા, ત્યારે પ્રજાએ જે આનંદોત્સવ ઉજવ્યો હતો. એથી અગણિત ગણો આનંદોત્સવ "મગધવિજય" મેળવીને પાછા કલિંગમાં પ્રવેશતા મહારાજા ખારવેલને પગલે-પગલે પ્રજાએ ઉજવી જાણ્યો. કારણ કે કલિંગે આ પૂર્વે જે કંઈ ગુમાવ્યું હતું. એ આ વિજયથી અનેક ગણી વૃદ્ધિ સાથે પુનઃ મળી રહ્યું હતું. કલિંગે આ પૂર્વે મહારાજા ખારવેલની આગેવાની હેઠળ મેળવેલા વિજયો જે કલિંગના કપાળે મુકુટની જેમ શોભતા હતા, તો મગધનો આ વિજય એ મુકુટના માથે કલગી બનીને કલિંગને જે રમણીયતા આપતો હતો, એ અવર્ણનીય હતી.

કલિંગના અનેક ગામ નગરોમાંથી અદ્‌ભુત માન-સન્માનને ઝીલીને આગળ વધતા મહારાજા ખારવેલ એક સુભગ-પળે કલિંગની પાટનગરી તોષાલીમાં પ્રવેશ્યા. આજ સુધીની દરેક પ્રવેશયાત્રામાં "કલિંગ-જિન"ની એ સુવર્ણ પ્રતિમાને જે રીતે અગ્રગણ્ય સ્થાન અપાતું હતું, એ જોઈને તો પ્રજાને એમ જ થતું હતું કે, મહારાજા ખારવેલને મન પોતે મેળવેલા મગધના વિજયનું મહત્ત્વ આ **"કલિંગ-જિન"**ની પ્રાપ્તિ સમક્ષ એક તરણા જેટલું ય નથી ! ઘણીવાર તો રાજા ખારવેલ એ "કલિંગ-જિન"ના સારથિ બનતા, તો ક્યારેક વળી એઓ આ સુવર્ણ મૂર્તિના છત્રધર પણ બનતા, અને કોક દહાડો વળી એઓ આ પ્રભુજીની પાલખીના વાહક અદના ચાકર પણ બની જતા !

કલિંગ-જિનના એ દર્શને જ કલિંગ-પ્રજામાં ભક્તિનું જે મોજું ફરી વળતું, એથી સૌથી વધુ આનંદ તો રાજા ખારવેલ અનુભવતા અને એક મહાન જવાબદારી અદા થયાના આત્મિક આનંદમાં તેઓ તરબોળ બની જતા. તોષાલીમાં પ્રવેશ્યા બાદ તરત જ મહારાજા ખારવેલે કુમારગિરિ તીર્થના ઉદ્ધાર કાર્યનું ઊંડાણથી અવલોકન કરવામાં થોડા દિવસ વીતાવ્યા. ત્યાર પછી જ રાજકાજમાં એમણે ડોકિયું કર્યું.

કલિંગ તો કળા અને કલાકારોની ક્રીડાભૂમિ ગણાતી હતી, એથી મહારાજા ખારવેલ કુમારગિરિના જિનપ્રસાદો તેમજ ગુફાઓને કળાના ધર્મધામ સમી અને શિલ્પ સમૃદ્ધિની છેલ્લી ટોચ સમી બનાવવા કૃતનિશ્ચયી હતા. કળાની સાથે ધર્મ અને ઇતિહાસનેય અમર બનાવી જવાની એમની ભાવના-સૃષ્ટિ હતી. કળા અને શિલ્પનો રસિયો પણ આથી આકર્ષાઈને આવે અને જિનમૂર્તિ તેમજ જિન શ્રમણના દર્શન કરવા ભાગ્યશાળી બને, આવી ધર્મ ભાવનાના ધારક મહારાજા ખારવેલ હતા, એથી આ પુનરૂદ્ધાર પાછળ થતા લખલૂટ ખર્ચની એમને મન ઝાઝી ગણતરી ન હતી. અઢળક લક્ષ્મીના સદ્‌વ્યય પછી પુનરુદ્ધરિત થનારા આ તીર્થનાં દર્શને એકાદ સાધક પણ પોતાની સાધનાના આલંબન તરીકે આ તીર્થનો ઉપયોગ કરી જાય, તોય એમને મન ખર્ચાયેલી આ લખલૂટ લક્ષ્મી સાર્થક બની જવાની હતી !

દિવસો વીતતા હતા, એમ તોષાલીના વાતાવરણમાં સર્જનનાં ટાંકણાઓમાંથી સર્જાતો ધ્વનિ વધુ સંગીત રેલાવતો જતો હતો. આ પુનઃ સર્જનને નિહાળવા આવનારી કલિંગ-પ્રજા બોલી ઉઠતી હતી કે, અહીં તો નવસર્જન કરતાંય વધુ નજાતકપણું નૃત્ય કરતું અનુભવાય છે ! જિનપ્રાસાદની શોભા તો ભવ્યાતિભવ્ય હતી જ, છતાં ગુફાઓમાં પણ ભવ્યતાનું સામ્રાજ્ય કંઈ ઓછું છવાયું ન હતું ! જિનપ્રાસાદનો એકે-એક પથ્થર શિલ્પકળાનો અજોડ નમૂનો હોય એમ જણાતું હતું. શિલ્પના શાસ્ત્રોમાં સૂતેલી નિરાકાર અક્ષરાવલિ જાણે અહીં અદ્‌ભુત આકાર-પ્રકારમાં સ્થાન પામીને, પોતાના શયનાગાર સમા શિલ્પ-શાસ્ત્રોના

મહિમાની વૃદ્ધિમાં નિમિત્ત બની રહી હતી. છીણી કે ટાંકણાનો જ્યાં સ્પર્શ ન થયો હોય, એવી પાષાણની કોર પણ જ્યાં શોધી ન શકાય, એવો એ જિનપ્રાસાદ લગભગ સંપૂર્ણ થવા આવ્યો હતો.

જિનપ્રાસાદના પુનરૂદ્ધારની સાથે-સાથે ગુફાઓ પણ નવા રૂપ-રંગ ધારણ કરી રહી હતી. કલિંગ ભોગ-ભૂમિ તો હતી જ, પણ રાજા ખારવેલને તો ભક્તિ ભૂમિ અને યોગભૂમિ તરીકે કલિંગની કીર્તિ ફેલાય, એમાં જ ખરો રસ હતો ! એથી જિનપ્રાસાદો અને ગુફાઓના પુનરૂદ્ધાર પાછળ એઓ પૈસો તો ઠીક, પરંતુ પોતાનો પ્રાણ પણ પૂરી દેવા માંગતા હતા. જિનપ્રાસાદને એઓ ભક્તિ-ભૂમિ ગણતા, તો ગુફાઓમાં એમને યોગ-ભૂમિનું દર્શન થતું. એથી આ યોગ-ભૂમિનું પુનઃનિર્માણ પણ અદ્ભુત રીતે આગળ વધી રહ્યું હતું.

કુમાર અને કુમારીગિરિ પર નિર્માણ પામતી એ ગુફાઓ કળા, શિલ્પ-કૌશલ્ય, તત્કાલીન વેશ-વાણિજ્ય, તેમજ કુદરતની અકળ-લીલાનું પણ સુંદર પ્રતિબિંબ પાડતી હતી. કોઈ ગુફાની પથ્થરની દીવાલો માનવ હૈયાના લાગણી-માંગણીથી ભર્યાભર્યા સુંદર ભાવોના પ્રતિબિંબ ઝીલી રહી હતી, તો કોઈ ગુફાની દીવાલે કુદરતી સૃષ્ટિ વિલાસ માણતી જોવા મળતી હતી. કોઈ ગુફાના ગુંબજો, તત્કાલીન પ્રજાના વસ્ત્ર-વિન્યાસ, તહેવારો-વ્યવહારો ઉજવવાની પ્રાચીન પદ્ધતિ તેમજ લોકજીવનના ધબકારાથી ધબકતી હતી, તો કેટલીય ગુફાઓ તીર્થંકર ભગવંતોના જીવન સાથે મુખ્યત્વે પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુના જીવનના પ્રસંગોથી અંકિત બનીને, દર્શકોને ભક્તિ-રસમાં તરબોળ બનાવી દે, એવી હતી.

મહારાજા ખારવેલ કળાના રસિયા જીવ હતા, એથી આ બધા પુનરૂદ્ધાર દ્વારા એમણે કલિંગની કળા સમૃદ્ધિને પણ આ સ્થાપત્યોમાં સુરક્ષિત કરીને એને અમર બનાવી દીધી. વર્ષોની અવિરત કળા-સાધનાના પ્રભાવે કુમારગિરિ તીર્થનો પુનરૂદ્ધાર પૂર્ણ થયો અને આ પૂર્ણતાને પૂજનીય-દર્શનીય બનાવવા, કલિંગ-જિનની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવવા કલિંગની લાખોની પ્રજાના હૈયા હેલે ચડ્યા, આ

પ્રસંગ મહારાજા ખારવેલ માટે જીવનનો એક અમૂલ્ય પ્રસંગ હતો, એથી આ પ્રસંગને, રાજ્યાભિષેકનો એ ઉત્સવ કે મગધવિજય પછીના કલિંગ પ્રવેશનો એ મહોત્સવ પણ જેની આગળ ફિક્કો પડી જાય, એ રીતે ખારવેલ ઉજવી જાણવા માંગતા હતા. આર્ય શ્રી સુપ્રતિબદ્ધસૂરીશ્વરજીનો પોતાની ઉપર મહોપકાર હતો, એથી ખારવેલ આ પૂજ્ય અને પવિત્ર પુરૂષની નિશ્રા મેળવીને આ પ્રસંગની ભવ્ય ઉજવણીને માટે કટિબદ્ધ બન્યા.

જૈનત્વના જાહોજલાલીભર્યા કેન્દ્ર તરીકે ત્યારે કલિંગની ગણના થતી હતી. કારણ કે મગધની ભૂમિનું આ ગૌરવ પુષ્યમિત્રના પાશવી-શાસનને કારણે લુપ્તપ્રાય થઈ ગયું હતું અને એથી જૈન અને બૌદ્ધ સાધુઓના મોટા-મોટા પરિવારોએ પોતાના વિહાર-વહેણથી કલિંગને પાવન બનાવવા માંડ્યું હતું. એથી આર્ય શ્રી સુપ્રતિબદ્ધસૂરિજીની નિશ્રા મેળવવાનું રાજા ખારવેલનું ભાવના-સ્વપ્ન ટૂંક સમયમાં જ સફળ થયું અને એમના પુણ્ય પગલે કલિંગની એ ધરતી અને પાટનગરીએ તોષાલી ભક્તિના ભાતીગળ રંગોથી રંગાઈ ઉઠી !

રાજા ખારવેલનો અને કલિંગ-પ્રજાનો હર્ષ હૈયાના સરોવરમાં સમાતો નહોતો, છલક-છલક છલકાઈને એ હર્ષ કલિંગની ધરતીને પણ શણગારી રહ્યો હતો. રાજ્યાભિષેકના પ્રસંગ પછી હૈયું હર્ષથી હિલોળે ચડી ઉઠે, એવા અનેક પ્રસંગો રાજા ખારવેલ સમક્ષ ઉપસ્થિત થઈ ચૂક્યા હતા, છતાં એ બધા પ્રસંગોમાં અંતરથી ઉદાસીન રહીને જ ખારવેલે ભાગ લીધો હોય, એમ પ્રજાને લાગતું હતું, પણ કલિંગ-જિનની પ્રતિષ્ઠાના આ પ્રસંગમાં તો ખારવેલનો પ્રાણ પૂરાયો હોય, એમ સૌ અનુભવી રહ્યા હતા. આ પ્રસંગ પામીને રાજા ખારવેલ જાણે ધન-ધાન્યના અષાઢી મેઘ બનીને એવી રીતે વરસ્યા કે, એથી પરિપ્લાવિત બનેલી પ્રજાનો ઘણો મોટો ભાગ જિનધર્મની અનુમોદના કરીને ભીનાં બનેલાં હૈયામાં બોધિબીજનું વાવેતર કરવા બડભાગી બન્યો !

પ્રતિષ્ઠાની પનોતી પળ આવી, અને કુમારગિરિનું એ તીર્થધામ "કલિંગ-જિન"ની સુવર્ણમય પ્રતિમાની પ્રતિષ્ઠાથી જાણે સપ્રાણ અને સજીવને બની ઉઠ્યું ! મહારાજા ખારવેલ, પટરાણી ધુસી, રાણી પૂર્ણમિત્રા તેમજ પાટવીકુમાર વક્રરાય આદિ રાજ્યના પરિવારનો હર્ષ તો ત્યારે કોઈ મહાસાગરની જેમ હિલોળા લઈ રહ્યો હતો, એ મહાસાગરમાં હર્ષની નાની-મોટી અનેક નદીઓ મળી રહી હતી અને **"સાગર-સંગમ"** જેવી ધન્યતા એ તીર્થભૂમિ અનુભવી રહી હતી.

રાજા ખારવેલના સ્વર્ગવાસી પૂર્વજો પણ આ પ્રસંગ નિહાળે, તો ધન્યતા અનુભવ્યા વિના ન રહી શકે, તો પછી કલિંગની જનતા ધન્યતા અનુભવીને કલિંગના તારણહાર આ રાજવી ઉપર ઓવારી જાય, એમાં આશ્ચર્ય શું હતું ? પ્રતિષ્ઠાનો આ પ્રસંગ તો ઉજવાઈ ગયો, પણ રાજા ખારવેલના અંતરમાં આ પ્રસંગ ભાવનાના અનેકવિધ તરંગ જન્માવવા પ્રબળ નિમિત્ત બની ગયો હતો ! તરંગોની એ સૃષ્ટિ ઘણી જ ભવ્ય હતી. રાજા ખારવેલ તરંગી ન હોવા છતાં આ તરંગો પર તરવું, એમને ખૂબ જ ગમતું હતું, એથી એકાંત મળતા જ એઓ એ તરંગોને રંગીન અને સંગીન બનાવવાની કોશિશ કર્યા કરતા.

શ્રી સુપ્રતિબદ્ધસૂરિજીના સહવાસના સંયોગે મહારાજા ખારવેલની ધર્મભાવના વધુ જાગૃત બની ઉઠી હતી. એમની સમક્ષ હવે જેને ફરજ તરીકે ઓળખાવી શકાય, એવું એક પણ રાજકાજ બાકી રહ્યું નહોતું. એક અણનમ રાષ્ટ્ર તરીકેની આબરૂનો વિજયધ્વજ સતત ફરકાવતો રાખવા કાજે કલિંગ માટે જે જે જરૂરી હતું. એ એ બધું રાજા ખારવેલે કલિંગની માભોમને ચરણે માત્રાતીત પ્રમાણમાં ધરી દીધું હતું. આમ, કલિંગના સ્વામી તરીકે ઓળખાવવા માટે ખારવેલને હવે ખાસ કંઈ કરવાનું રહેતું નહોતું, પણ ધર્મના સેવક તરીકેની ધન્યતા પામવા જે જે કર્તવ્ય અદા કરવા જરૂરી હતા, એમાંનું હજી તો ઘણું જ ઓછું પોતે કરી શક્યા હતા, એમ રાજા ખારવેલને થયા કરતું હતું, એથી એ તરંગની સૃષ્ટિને શણગારવામાં એઓ અંતરનો આનંદ અનુભવે, એ સહજ હતું.

પિતા વૃદ્ધરાજની સેવા દ્વારા જેમ પોતાના પ્રતાપી પૂર્વજોની અને કલિંગ તરફ અદા કરવાના સ્વ-કર્તવ્યોની ભાળ રાજા ખારવેલ મેળવી શક્યા હતા તેમજ આના જ પ્રભાવે કલિંગની આમૂલચૂલ કાયાપલટ કરવાનું શકવર્તી-કાર્ય એમના દ્વારા પૂર્ણ પણ થયું હતું ! એમ આર્ય શ્રી સુપ્રતિબદ્ધસૂરિજીના સમાગમે શ્રમણ-શૃંખલાના પ્રતાપી સૂરિવરોની ગૌરવ-ગાથા સાંભળીને જૈનશાસન તરફ અદા કરવાના કર્તવ્યોની દિશા પણ હવે ખારવેલને મળી ચૂકી હતી. એથી જે જિનશાસને પોતાની ઉપર અગણિત ઉપકારોની વર્ષા કરી હતી, એ જિનશાસનની સેવા કરવાની સ્વપ્ન-સૃષ્ટિ રાજા ખારવેલની આંખમાં દિન-રાત રમતા માંડી હતી. કલિંગના સ્વામી તો એઓ બની ચૂક્યા જ હતા અને એથી કલિંગ ચક્રવર્તી, મહામેઘવાહન અને ખારવેલ જેવા નામોની સાર્થકતા સ્વયમેવ સાબિત થઈ ચૂકી હતી. એક ભિક્ષુરાજ આ નામની સાર્થક્તા સિદ્ધ કરવા દ્વારા જિનશાસનના સેવક અને સમર્થક બનવા કર્તવ્યની જે કેડી પર કૂચ આદરવી જરૂરી હતી, એની પૂર્વભૂમિકા રચવા ખારવેલ ઘણીવાર એકાંત મેળવતા, તો એ એકાંત કર્તવ્યના કોલાહલથી મુખરિત બની ઉઠતું !

મહારાજા ખારવેલને ક્યારેક ભગવાન શ્રી મહાવીરદેવથી માંડીને પોતાના સુધીનો લગભગ ત્રણેક શતકોનો સમય યાદ આવી જતો. આ સમયમાં થયેલા પ્રભાવક-પૂર્વજો, શાસનપ્રભાવક રાજાઓ, ધર્મનિષ્ઠ મંત્રીઓ અને કર્તવ્ય-પરાયણ જનસમૂહની યાદ આવતા જ એમને થતું કે, આ પ્રતાપી પૂર્વજોના પગલે પગલું ઉઠાવવાની તો વળી મારામાં તાકાત જ ક્યાં છે ! પણ એમના પેગડામાં પગ ભરાવવો હોય, તોય મારે ઘણું-ઘણું કરવાનું રહે છે. આ રાજપદ તો ભવસાગરમાં ડુબાડી દે, એવું ભારેખમ લોઢું છે. પણ આ પદને જો હું સ્વપરને ઉપકારક થાય, એવી ધર્મસેવાનું નિમિત્ત બનાવી દઉં, તો નાવડામાં જડાયેલી લોઢાની ખીલીઓની જેમ આ રાજપદ પણ મને ભવસાગરમાં ડુબતા રોકી દે અને એથી મારો બેડો પાર પામી જાય !

આ કલ્પના જ ખારવેલને આનંદિત બનાવી જતી એમને વળી એમ પણ થતું કે ઓહ ! મારી સમક્ષ કર્તવ્યોની કેટકેટલી કેડીઓ ફંટાયેલી પડી છે ! કલિંગને તો મેં બધી રીતે સમૃદ્ધ બનાવ્યું, પણ ધર્મસમૃદ્ધિની સાર્વત્રિક સ્થાપનાનું કાર્ય તો હજી બાકી જ છે ! મેં જે જે રાજ્યોનું સ્વામીત્વ સ્વીકાર્યું છે, એ એ રાજ્યોને ધર્મથી સમૃદ્ધ બનાવવાની ફરજ તો અદા કરવાની હજી બાકી જ છે ! મંદિરો, પૌષધશાળાઓ આદિથી કલિંગ-રાજ્યનો વિસ્તાર સમૃદ્ધ ન હોય અને હું આના સ્વામી તરીકે હોઉં, તો એ સ્વામીત્વ મારા માટે શરમજનક ગણાય !

આ વિચારણાના અવસરે જ ખારવેલની સમક્ષ કુમારગિરિ-તીર્થ જેવા સર્જનોની સ્મૃતિ થઈ આવતી અને એઓ મનોમન વિચારતા કે, ઠેર-ઠેર તો કુમારગિરિના આ તીર્થને અવતરિત કરવાની મારામાં ભક્તિ હોવા છતાં શક્તિ નથી ! પણ આના અંશ-વંશને તો હું જરૂર ઠેર-ઠેર સ્થાપી શકું !

ઘણીવાર ખારવેલનું મન ભૂતકાળમાં ભમવા નીકળી પડતું અને આ ભ્રમણ એમના દિલમાં આઘાત પણ પેદા કરી જતું. એમાંય "બારદુકાળી" તરીકે વગોવાયેલો એ ગોઝારો દુર્ભિક્ષ-કાળ યાદ આવતો અને એની જૈનશાસન પર પડેલી અવળી-કાળી અસરોની સ્મૃતિ થતી, ત્યારે તો એમના કાળજામાં કાતિલ કાપો પડી જતો. આ દુર્ભિક્ષની દૂરગામી વિપરિત અસરો રૂપે દ્વાદશાંગીના સ્વાધ્યાયની ખળખળ વહેતી સરવાણી ઠીક-ઠીક પ્રમાણમાં થંભી ગઈ હતી અને હાથમાં રહેલા કંઈ હીરા ખોવાઈ ગયા હોય, એવી દશા શ્રમણ સંઘની થઈ હતી. આહાર-પ્રાપ્તિના ભાવે સંયમયાત્રામાં ભંગાણ પડ્યું હતું. આ ભંગાણથી શ્રુત-સ્વાધ્યાયની અવિરત-પ્રવૃત્તિ લગભગ છિન્નભિન્ન જેવી બની ગઈ હતી અને આવી જે મુનિઓ સ્વનામની જેમ શ્રુતનો સ્વાધ્યાય કરી શકતા હતા. એઓનો શ્રુત-સ્વાધ્યાય દુકાળના કારણે પથરાળ ખડકો વચ્ચેની વહેતા પાણીના રેલાની જેમ કુંઠિત-સ્ખલિત બની ગયો હતો.

રાજા ખારવેલની આંખ આગળ આ ભૂતકાળની યાદ લાંબા સમય સુધી તરવરતી રહી અને એથી જ જાણે એમનું અંતર પણ એ દુકાળની ઝાળથી બળી રહ્યું હોય, એવી અનુભૂતિ એમને થવા માંડી. એઓ ચિંતિત ચહેરે વિચારી રહ્યા કે, સાહિત્ય તો કોઈ પણ સંસ્કૃતિનો મૂળાધાર છે. એથી સંસ્કૃતિનો સંદેશ સતત ગુંજતો રાખવા ઇચ્છનારે તો આ મૂળાધારને અક્ષત અને સુરક્ષિત રીતે જ રાખવો જ રહ્યો ! સંસ્કૃતિ પણ વૃક્ષની જેમ સાહિત્યના મૂળાધાર પર જ પોતાનો ફેલાવો સાધે છે, એથી ફળ-ફૂલ માટે શાખા-પ્રશાખા ડાળ કે પાંદડા પર જળસિંચન કરવા કરતા મૂળિયા પર જ જળનું સિંચન કરવું જરૂરી બની જાય છે. સંપૂર્ણ જૈન શાસનનું મૂલ કોઈ હોય, તો તે દ્વાદશાંગી છે. દ્વાદશાંગી ભલે વૃક્ષ ઉપર લચી પડેલા ફળ-ફૂલની જેમ સૌને માટે દર્શનીય ન હોય, પણ જગતમાં જવલંત જણાતા જૈનશાસનનું પ્રાણધાર મૂળિયું આ જ છે.

રાજા ખારવેલના દિલમાં આ પછી તોફાની ભવસાગરમાં મોક્ષની મંઝિલને મેળવવા નીકળેલા મુસાફરોને માટે દીવાદાંડી બનીને પથને ચીંધતી રહેતી દ્વાદશાંગીની દિવ્યતાના અનેકાનેક વિચારો ઘૂમરાતા જ રહ્યા ! આવા ઘમ્મર વલોણાં પછી લાધેલાં નવનીતને એમણે દિલની દાબડીમાં બરાબર જાળવી રાખ્યું અને આર્ય શ્રી સુપ્રતિબદ્ધસૂરિજીનો યોગ પામીને, આ નવનીતમાંથી ઘી તારવી શકવાની શક્યતાનો તાગ કાઢવાનો એમણે નિર્ણય કર્યો. સાચો ગુરૂભક્ત ગુરૂની સંમતિ-અનુમતિ વિના પગલું પણ આગળ વધે ખરો ?

— ● —

મહારાજા ખારવેલ દ્વારા પુનરૂદ્ધરિત એ મંદિરો આજે તો એક ખંડિયેરમાં પલટાઈ ચૂક્યાં છે. પણ એ ગુફાઓમાંની થોડી ઘણી ગુફાઓ આજેય કાળની ટક્કર ઝીલીને ટકી રહી છે. કુમાર-કુમારી ગિરિ આજેય ઓરીસામાં ભુવનેશ્વર નજીક ઉદયગિરિ, ખંડગિરિ, નીલગિરિના નામે અડીખમ ઉભા છે અને આ ગિરિ-પ્રદેશમાં આજ સુધી ટકી રહેલી ગુફાઓ અલકાપુરી, સ્વર્ગપુરી, ગણેશ, હાથી, મંચપુરી, વ્યાઘ્ર, સર્પ,

જય-વિજય, નવમુનિ, બડભુજ, લલાટેન્દુ આદિ અનેક નામો ધરીને કલિંગની એ પ્રાચીન કળા સમૃદ્ધિના વારસાનું પુન્યદર્શન આજેય કરાવી રહી છે.

ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ અને રાત તોય પૂર્ણિમાની ! આ કહેવતને ચરિતાર્થ કરતો ખંડગિરિ, ઉદયગિરિ, જગન્નાથપૂરી આદિ ઐતિહાસિક સ્થાનો ધરાવતો, આજે ઓરીસા પ્રાંત તરીકે ઓળખાતો અને કટક શહેરથી નજીક આવેલો આ કલિંગ પ્રદેશ વર્તમાન-કાળેય એવો જ રળિયામણો અને સોહામણો છે. જગન્નાથ મંદિર આજે તો અજૈન મંદિરમાં પલટાઈ ગયું છે. પણ સંભવ છે કે, એ જૈનમંદિર હોય અને એમાં બિરાજીત જિનમૂર્તિ સુવર્ણની હોય એની પર કાષ્ટનું ખોળિયું રહેતું હોવાથી, સત્ય કદાચ આવરાઈ ગયું હોય. ખંડગિરિ-ઉદયગિરિ આજે પણ દર્શનીય શિલ્પ-કળાના ધામ સમા છે. ૧૦૦ જેટલી ગુફાઓ તો આજેય ઉપલબ્ધ છે. બીજી પણ ઘણી-ઘણી ગુફાઓ હોવાની સંભાવના છે. ઘણી ખરી ગુફાઓ દટાઈ ગઈ હોય, એવી સંભાવના પણ નકારી ન શકાય. આ પ્રદેશને જો શોધખોળનો વિષય બનાવાય, તો ઘણા-ઘણા સત્યો પર પ્રકાશ પથરાય અને ઇતિહાસની અનેક ખૂટતી-તૂટતી કડીઓનું જોડાણ થઈ શકે.

•



## ૧૨

## દ્વાદશાંગી રક્ષક ભિક્ષુરાજ

મગધ, અંગ, ભંગ, કલિંગ આદિ રાજ્યોનાં આકાશમાં, "બાર-દુકાળી" તરીકે ગોઝારા નીવડેલા એ ગ્રહચારની અશુભ અસરો જ્યારે સંપૂર્ણ શમી ગઈ હતી. ત્યારની આ ઘટના છે. પાટલિપુત્રમાં ત્યારે એક આગમ-વાચના થઈ ચૂકી હતી અને મથુરામાં આવી બીજી એક આગમવાચના કાજે શ્રમણ સંમેલન યોજવાને હજી તો ઘણીવાર હતી. આ વચગાળાના કાળમાં કલિંગ ચક્રવર્તી મહારાજા ખારવેલના દિલની દુનિયામાં એક સુંદર-સ્વપ્ન અવતર્યું એ સ્વપ્નનું સ્વરૂપ કંઈક આવું હતું :

મહામેઘવાહન ખારવેલ જાણે એવી એક સ્વપ્ન સૃષ્ટિ નિહાળી રહ્યા હતા કે, મારી વિનંતિને માન આપીને દૂર દૂરના પ્રદેશોમાંથી આગમવેત્તા મુનિવરો સૂરિવરો તોષાલીમાં પધારી રહ્યા છે. ટીપે ટીપે સરોવર ભરાય, એમ ધીમે ધીમે સાધુઓનું એ સંમેલન વિરાટતા સાધી રહ્યું છે. દૂર-દૂરથી આવતો શ્રમણ સંઘ પણ આ સંમેલનની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યો છે. તેમજ શ્રાવક અને શ્રાવિકાઓના સંઘના આગમને આ સંમેલન ચતુર્વિધ-સંઘનું સંમેલન બની રહ્યું છે. એ દિવસ પણ આવી પહોંચે છે, જ્યારે કુમારગિરિની એ ગુફાઓ ચતુર્વિધ-સંઘના સંમેલનથી ધન્ય-ધન્ય બની જાય છે. ખીચોખીચ ભરેલી એ ગુફાઓમાં આમંત્રક તરીકે પોતે ઉભા થાય છે અને વિનયવનત બનીને ચતુર્વિધ સંઘને ધર્મ પ્રચાર કાજે કટિબદ્ધ થવા વિનવે છે. ત્યારબાદ મુખ્યત્વે શ્રમણ સંઘને નજર સમક્ષ રાખીને, દુકાળના કારણે પુનઃ સંકલનાની અપેક્ષા રાખતી દ્વાદશાંગીનું સુયોજન કરવાની પોતે વિજ્ઞપ્તિ કરે છે અને આના પ્રભાવે એ ગુફાઓ સ્વાધ્યાય-સંકલનના ઘોષ-પ્રતિઘોષથી ગુંજી-ગાજી ઉઠે છે !

ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણકાળ પછીના લગભગ ત્રણસો વર્ષના ગાળામાં મગધ ભૂમિ પર બે-બે વાર ભયંકર દુકાળના ઓળાં ઉતરી આવ્યા હતા. આની ગંભીર-અસર જો કોઈ પર પડી હતી, તો તે શ્રમણ-સંઘના આહાર-વિહાર પર પડી હતી ! દુષ્કાળ-ગ્રસ્ત વિસ્તારમાં જૈનશ્રમણોનો વિહાર બંધ થઈ ગયો. ઘણા ખરા જૈન શ્રમણો દૂર-દૂરના પ્રદેશમાં ચાલ્યા ગયા. દુષ્કાળવાળા પ્રદેશમાં જે શ્રમણો રહ્યા. એમને પૂરતો આહાર ન મળવાને કારણે એમની શ્રુત-સ્વાધ્યાયની પ્રવૃત્તિમાં ઠીક-ઠીક ઓટ આવી.

આ દુકાળના સમયે શુદ્ધ આહાર મળવો અશક્ય પ્રાય થઈ ગયો. એથી આર્ય મહાગિરિજી તથા આર્યશ્રી સુહસ્તિસૂરિજીના કેટલાંય સાધુઓએ કલિંગના તીર્થધામ કુમારગિરિ પર અનશન સ્વીકારીને દેહત્યાગ કરવા દ્વારા પોતાની સંયમ, નિષ્ઠાને જાનના જોખમે જાળવી જાણી. આમ, એક માળાના મણકા જેવો મુનિસમુદાય દુકાળના કારણે

વેરવિખેર થઈ ગયો. એથી કંઠાગ્રે સુરક્ષિત-દ્વાદશાંગીની સ્વાધ્યાય-પ્રવૃત્તિ-સ્ખલિત-કુંઠિત થતા જૈનશાસનના મુળાધાર સમી શ્રુત શૃંખલાના અંકોડાની પુનઃ સંકલના આવશ્યક બની હતી.

આ આવશ્યક્તાની પૂર્તિ, પાટલિપુત્રમાં શ્રી સ્થૂલભદ્રસૂરિજીની નિશ્રામાં થયેલી આગમવાચનાથી મહદંશે થવા પામી હતી. પરંતુ આ પછી પણ મગધની ભૂમિ પુનઃ દુષ્કાળગ્રસ્ત બનતા ફરીથી શ્રમણ-પરિષદની અને દ્વાદશાંગી-રક્ષાના કાર્યની તાતી-આવશ્યક્તા ઉભી થવા પામી હતી. આની પૂર્તિ પર જૈન શાસનની જ્વલંતતાનો આધાર હતો. આ કાર્યની જવાબદારી ઉઠાવવી, એ ત્યારના સંયોગો મુજબ સહેલી વાત ન હતી ! સૌ પ્રથમ તો પરિષદ માટેનું કેન્દ્રવર્તી એવું ક્ષેત્ર પસંદ કરવું અનિવાર્ય હતું. જ્યાં આસપાસથી અનેક શ્રમણો આવી શકે ! તદુપરાંત પ્રવાસ અને નિવાસના કાળ દરમિયાન સૌની સંયમયાત્રા સુવિશુદ્ધ રીતે આગળ વધતી રહે, એય જોવું અનિવાર્ય હતું. આમ, આ બધી દૃષ્ટિએ ત્યારે કલિંગ જ એક એવો દેશ હતો અને તોષાલી જ એક એવી નગરી હતી કે, મહારાજા ખારવેલ ધારે તો દ્વાદશાંગી-સુરક્ષા કાજે શ્રમણ પરિષદ યોજવાની જવાબદારી લઈ શકે અને એને સુંદર રીતે અદા પણ કરી જાણે !

મગધમાં જો ઝનૂનના ઝેરધારી પુષ્યમિત્રનું શાસન ન હોત, તો તો પૂર્વની જેમ દ્વાદશાંગી-રક્ષાના આવા કાર્ય માટે પાટલિપુત્ર જ આ ઉત્તરદાયિત્વ અદા કર્યા વિના ન રહેત ! પણ અત્યારે પાટલિપુત્ર તો જૈન શાસનની જ્વલંતતાની દૃષ્ટિએ, બુઝાઈ જવાની અણી પર આવેલા અંગારાની જેમ નિસ્તેજ-નિષ્પ્રભ જણાતું હતું. જોકે ઝનૂનના એ ઝેરી-નાગને મહારાજા ખારવેલે કલિંગના કરંડિયામાં કેદ કરીને, એની ઝેરી કોથળી ખૂંચવી લેવા પૂર્વક જ એને મગધના મેદાનમાં ઘુમવાની ઉદારતા દાખવી હતી. એથી વાતાવરણમાં કંઈક આશાના કિરણો ચમકતા હતા. પણ એ ચમકારા એવા પ્રભાવશાળી તો નહોતા જ કે, જેથી વિશ્વસ્ત બનીને શ્રમણ પરિષદ જેવી મહાન જવાબદારી અદા કરવા પાટલિપુત્રને પસંદ કરી શકાય !

કલિંગ-જિનની પ્રતિષ્ઠાનું કાર્ય પૂર્ણ થયા બાદ મહારાજા ખારવેલની સમક્ષ ધર્મક્ષેત્રમાં અદા કરવા યોગ્ય જે જવાબદારીઓએ દર્શન દીધા હતા અને એથી એઓનાં દિલની દુનિયામાં જે સ્વપ્નસૃષ્ટિ અવતરી હતી, એમાંનું જ એક મહત્ત્વનું સ્વપ્ન "દ્વાદશાંગીરક્ષા"નું હતું. આ સ્વપ્નની સૃષ્ટિને એક દહાડો ગુરૂયોગ મળતાં જ ખારવેલે પૂ. આચાર્યશ્રી સુપ્રતિબદ્ધસૂરિજી મહારાજ સમક્ષ ખુલ્લી કરીને માર્ગદર્શન માંગ્યું ! શ્રી સુપ્રતિબદ્ધસૂરિજી પણ આવી જ કોઈ આવશ્યક્તા કંઈ મહિનાઓથી અનુભવી જ રહ્યા હતા. પણ આ કાર્યની વિરાટતા-વિષમતાથી એઓશ્રી પૂરા પરિચિત હતા. એથી અંતરની એ ભાવનાને અંતરમાં જ સમાવી દઈને એઓશ્રી યોગ્ય-કાળની પ્રતીક્ષા કરી રહ્યા હતા. એમાં જ્યારે સામેથી જ મહારાજા ખારવેલે આવી ભાવના વ્યક્ત કરવા પૂર્વક માર્ગદર્શન માંગ્યુ, ત્યારે તો એઓશ્રીનું અંતર અનેરા આનંદથી ઉભરાઈ ઉઠ્યું. એઓશ્રીએ કહ્યું :

"શ્રુત-શૃંખલા જેટલી મજબૂત હશે, એટલું જ શાસન મજબૂત હશે ! માટે દ્વાદશાંગીના સુયોજન ખાતર કંઈક કરવા જેવું તો છે જ. આ માટે વ્યવસ્થિત કાર્ય કરી શકે, એવા શ્રુતધારકોનો સમૂહ પણ આપણી પાસે છે. એથી એ બધા શ્રુતધારકોની પરિષદ જો યોજાય, તો આ શ્રુત-શૃંખલાના અંકોડા પુનઃ મજબૂત બની જાય અને એથી જૈન શાસનની મજબૂતાઈ અનેક ગણી વધી જાય."

પૂ. આચાર્યદેવે વધુમાં જણાવ્યું કે, મગધમાં જે અરાજક્તા ફેલાયેલી હતી અને એથી જૈન શ્રમણોના વિહારને જે ગંભીર અસર પહોંચી હતી, એ પણ અત્યારે તો નામશેષ બન્યા જેવી છે. માટે દ્વાદશાંગી રક્ષા કાજે કંઈક કરવા માટે આ સમય ઘણો જ સારો ગણાય ! આ પછી આ કર્તવ્ય અંગે ઘણી-ઘણી મહત્ત્વની માર્ગદિશા મેળવીને મહારાજા ખારવેલ જ્યારે કુમારગિરિની એ ગુફામાંથી પાછા ફર્યા, ત્યારે એમના આનંદનો પાર ન રહ્યો. શ્રમણ-પરિષદનું આયોજન કરવું એ સહેલું કાર્ય નહોતું. પૈસા ઉપરાંત પ્રાણ પૂર્યા વિના આ જવાબદારી અદા થવી, શક્ય ન

હતી. રાજકાજ અને ભોગ-ઉપભોગના રસિયાથી તો આ કાર્યની વિચારણા પણ થઈ શકે એવી ન હતી, આ બધું મહારાજા ખારવેલ બરોબર જાણતા હતા, છતાં એઓ ધર્મસેવક તરીકેનું કર્તવ્ય અદા કરીને "ભિક્ષુરાજ"ના નામને સફળ કરી જવા માંગતા હતા અને એથી જ એઓ કર્તવ્યના કંટક-કંકરથી છવાયેલા માર્ગ પર કદમ-કદમની કૂચ કરવા સહર્ષ તૈયાર થયા હતા.

ખારવેલની આસપાસ કંઈ શ્રમણો કે શ્રાવકોની સૃષ્ટિ જ દર્શન આપતી રહેતી હતી, એવું નહોતું ! એમની વયના ઘણા-ઘણા રાજવીઓ અને શ્રેષ્ઠિઓ એ વખતે રંગરાગની રૂપેરી-સૃષ્ટિમાં સહેલગાહ માણવાના નવા-નવા મનોરથોને સાજ શણગારથી સજ્જ બનાવી રહ્યા હતા, આમ છતાં ભરયૌવનના ભરથાર ભિક્ષુરાજની સ્વપ્ન-સૃષ્ટિ તો કોઈ અનોખી જ હતી ! એઓ કુમારગિરિ પર જતા, પરંતુ સૌંદર્યની ભોગમસ્તી માણવાનું નહિ, પણ ગુફાઓની યોગ-મસ્તી માણવાનું એમનું સ્વપ્ન રહેતું ! એઓ પ્રવાસ પણ ખેડતા, પરંતુ એ કુરૂક્ષેત્રનો સંદેશ સુણાવવા નહિ, ગુરૂક્ષેત્રના ધર્મક્ષેત્રના સંદેશનો ફેલાવો એમના પ્રવાસને યાત્રા જેવો મહિમા આપી જતો ! આમ, મહારાજા ખારવેલ ખરેખર સંસારના સરોવરમાં ખીલેલું એક એવું શતદળ કમળ હતું કે, ધર્મતેજના દર્શને ખિલવું, એજ એનું જીવનવ્રત હોય ! અને કર્મભોગના મળ-જળ-વમળથી જ ખીલવા છતાં મળ-વમળભર્યા એ જળથી અલિપ્ત રહીને નિર્મળ બન્યા રહેવું. એ જ જેનો મુદ્રાલેખ હોય !

કલિંગની આમૂલચૂલ કાયાપલટ કરવી, એ સહેલું કાર્ય હતું. પરંતુ દ્વાદશાંગીની રક્ષા કાજે શ્રમણ પરિષદનું આયોજન કરવું અને એમાં સફળ બનવું, એ વધુ દુષ્કર કાર્ય હતું. કારણ કે સમર્થ શ્રુતધારકોના આગમન વિના તે આની સફળતાની ફલાદેશ લખાય એમ જ નહોતી અને મગધમાં ફેલાઈ ચૂકેલી રાજ્યક્રાંતિ, અંધાધૂંધી અને બળવાની જેહાદને કારણે ઘણા-ઘણા શ્રમણો દૂર દૂરના પ્રદેશોમાં જ વિચરણ કરી રહ્યા હતા. આ બધા શ્રમણોને છેક કલિંગ સુધી લાવવા, એ નાની-

સૂની વાત ન હતી ! સંયમ યાત્રાને સુવિશુદ્ધ રાખીને જ એઓ છેક કલિંગ સુધી પોતાના વિહાર-વહેણને લંબાવવા સંમત થાય, એ સહજ હતું. .એથી વિહાર યાત્રાની શુદ્ધિ-સુગમતા અને શ્રમણપરિષદના આયોજનની આવશ્યક્તા આ બંને સમજાવીને શ્રમણ પરિવારને કલિંગ તરફ વાળવાનું પ્રાથમિક પગલું ભરવું જરૂરી હતું.

ખારવેલની સત્તા હજારો હાથ દ્વારા દૂર-દૂરના દેશો સુધી ફેલાયેલી હતી. છતાં ખારવેલે ક્યાંક-ક્યાંક જાતે જઈને તો ઘણે બધે ઠેકાણે કલિંગના શ્રદ્ધાનિષ્ઠ શ્રમણોપાસકોને પાઠવીને અનેક શ્રમણ-મુખ્યોના ચરણોમાં પોતાની ભાવભરી વિનંતિ પહોંચતી કરી નવયુવાન અને ચક્રવર્તી જેવી પુણ્યાઈના સ્વામી ખારવેલની એ વિનંતિ શ્રમણોને પણ શ્રુતસેવાના પોતાના કર્તવ્ય અંગે વધુ પ્રોત્સાહિત બનાવી ગઈ અને એક મોટો શ્રમણ-સમુદાય અનેક વહેણો દ્વારા વહેતો-વહેતો કલિંગની દિશા તરફ આગળ વધવા માંડ્યો. વિહારના એ વહેણ ઠેર-ઠેર ધર્મબીજને પરિપ્લાવિત બનાવતાં-બનાવતાં એક પુણ્યબળે કલિંગની મહાસાગર સમી નગરી તોષાલીના તીર્થધામ કુમારગિરિને કાંઠે આવીને વિશ્રાંત બન્યાં.

ખારવેલના આનંદને તો કોઈ અવધિ જ નહોતી. એમણે નહોતું ધાર્યું કે, પોતાની સ્વપ્નસૃષ્ટિ આટલી વહેલી અને આટલી બધી સહેલાઈથી સફળ થશે ! દૂર દૂરના દેશોમાંથી અનેકાનેક કાય કષ્ટોને હસતે-હૈયે વેઠીને આવેલા એ શ્રમણ-સમુદાયની પર્યુપાસનાની પળોમાં, એ શ્રમણ-ગણના અંતરની ભાવનાઓ જાણીને ખારવેલની ધર્મસેવક બનવાની ભાવનામાં કોઈ ઓર જ ભરતી આવવા માંડી. એમને જ્યારે ખ્યાલ આવ્યો કે, આ શ્રમણો તો શ્રુતસેવા કરવા ઘણા-ઘણા કષ્ટો વેઠીને આવ્યા છે ! અને છતાં જ્યારે ખારવેલે આવી શ્રુતસેવા કરવાનો અવસર મળ્યા બદલ એ મુનિઓના અંગેઅંગમાં આનંદ અને અહોભાગ્ય જ છલકાઈ રહેલો જોયો, ત્યારે એમને થયું કે, હું ભલે ગમે તેટલો ભોગ આપું. પણ ધર્મની સાચી સેવા કરવાનું જેવું સૌભાગ્ય આ મુનિઓના

ભાગ્યમાં છે. એવું સૌભાગ્ય મેળવતા તો મારે હજી કેટલાય ભવો કરવા પડશે !

મુનિઓના વિહાર માધ્યમથી કલિંગમાં યોજાનારી એ **"શ્રમણ પરિષદ"**ની શાસન પ્રભાવક વિગતો વિના પ્રચારે ઠેર-ઠેર ફેલાઈ ગઈ. એથી શાસન ખાતર કંઈક કરી છૂટવાની શક્તિ-ભક્તિ ધરાવનારાઓનું એક વગદાર જૂથ પણ ધીમે-ધીમે તાષાલીમાં એકઠું થવા માંડ્યું. એમાં શ્રમણીઓની જેમ શ્રમણોપાસકો અને શ્રમણોપાસિકાઓનો ય સમાવેશ થતો હતો. આ બધાના યોગે સ્થાવર તીર્થધામ ગણાતો કુમારગિરિનો એ પહાડ જંગમ તીર્થધામ પણ બની ગયો, અને એ શુભ ઘડી-પળ પણ આવા લાગી કે, જેની પ્રતીક્ષા ચિર-સમયથી કરાઈ રહી હતી.

એ ગુફાઓમાં એક દહાડો શ્રમણપરિષદની પહેલી બેઠક મળી, એનાં દર્શને મહારાજા ખારવેલ ગદ્ગદ્ બની ઉઠ્યા. એમની આંખના આંગણે હર્ષ અને આનંદના સૂચક આંસુઓ તોરણ રચી રહ્યા. ઓહ ! કેવું અને કેટલું બધું ભવ્ય એ દૃશ્ય હતું ? ચતુર્વિધ સંઘનો દુર્લભાતિદુર્લભ એક મોંઘો-મેળો કુમારગિરિ પર રચાયો હતો. જેમાં "જિનકલ્પ"ની તુલના કરનારા મુનિઓ હતા, સ્થવિરકલ્પી સાધુઓનો મોટો સમુદાય પણ એમાં સામેલ હતો. અનેક શ્રમણીઓ અને શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિ પણ એ મેળાની નોંધપાત્ર વિશેષતા હતી.

મહાન મેળાનું પૂરેપૂરું શ્રેયઃ તો જોકે મહારાજા-ખારવેલને ફાળે જ જતું હતું. છતાં ભાવવિભોર બનીને એઓ વિચારી રહ્યા હતા કે, કેવો મહાન આ ચતુર્વિધ સંઘ છે ! જેણે એક અદના આ આદમીની આરઝુ સાંભળીને પોતાની ઉત્તમતાને ઉદ્ગાન કરવાની તક આપી અને મને ઉપકૃત કર્યો. આ ઉપકારમાંથી તો હું કયે ભવે મુક્ત બની શકીશ ? આ શ્રમણો તો શ્રુત સેવાનું મહાન કર્તવ્ય અદા કરીને મેઘમાળાની જેમ ઠેર-ઠેર ધર્મ-વર્ષા કરવા પુનઃ મુક્તમને વિચરવા માંડશે. એથી આમાં નિમિત્ત માત્ર બનવા બદલ એ પુણ્યનો શતાંશ પણ જો મને મળવા પામશે, તો હું મારી જાતને બડભાગી માનીશ !

આવી વિભોર-દશા અનુભવતા ખારવેલનું હૈયું ગદ્‌ગદ્ બની ઉઠ્યું. એમની આંખની પાંપણો ભીની-ભીની બની ગઈ અને વાચા જાણે મૌનની માળા ફેરવવા માંડી. આ પણ એક ધન્ય દશા હતી. પરંતુ મહારાજા ખારવેલને પોતાની ફરજનો પણ એટલો જ ખ્યાલ હતો. એથી ભક્તિથી સભર તેમજ અંતરની માંગણીને લાગણીપૂર્વક રજૂ કરતાં બે બોલનું ચતુર્વિધ સંઘ સમક્ષ બ્યાન કરવા માટે એઓ ઉભા થયા. ત્યારની એમની બોલચાલમાં આમંત્રક તરીકેનો અહંભાવ નહિ, પણ અદના અનુચર તરીકેના અનુનય, અભિનય અને વિનય ઉભરાતા હતા. મહારાજા ખારવેલે પ્રારંભિક થોડીક ભૂમિકાની વાતો જણાવીને છેલ્લે વિનંતિ રૂપે એટલુ જ કહ્યું કે :

"અહીં ઉપસ્થિત થયેલા શ્રીસંઘને માર્ગદર્શન આપવાની મારામાં તો કોઈ જ યોગ્યતા નથી ! મહત્ત્વના આ કાર્ય માટે તો ઉપસ્થિત શ્રમણ સ્થાવિરો જ અધિકારી ગણાય ! છતાં વિનંતિ રૂપે મારે જે કંઈ કહેવું છે, એ આટલું જ છે કે, આપ સૌ હવે કલિંગને પણ ધર્મવાસિત બનાવવાનો પુણ્ય સંકલ્પ કરીને અમને ઉપકૃત કરો. આથી કલિંગની ધર્મ-વાસિતતાનો પ્રભાવ દૂર-દૂર સુધી પહોંચશે ! કારણ કે કલિંગની કાયાપલટ થઈ ચૂકી છે અને કલિંગના સીમાડા હવે સાંકડાં નથી રહ્યા ! આ કાયાપલટને ધર્મના શણગારથી શણગારવાનું કામ હવે આપ સૌની સહાયથી જ થઈ શકે એવું છે. આ અંગે કલિંગની પ્રજાને ય કંઈક પ્રેરણા મળે આ પણ એક હેતુ આ સંમેલનની પાછળ રહ્યો છે. દ્વાદશાંગીની રક્ષા મુખ્ય ધ્યેય હોવા છતાં આવા નાના ધ્યેયો પણ આ સંમેલનનું પ્રેરક બળ છે. મારા જીવનની આ ધન્યાતિધન્ય ઘડી છે કે, મારા જેવા એક અદના આદમીની આરઝૂ આપ સૌએ કાને ધરી અને મને વધુ ઉપકૃત કરવા કેટલાય કષ્ટો વેઠીને આપે તોષાલીની આ ધરતીને ધન્ય બનાવી ! આ વિહાર દરમિયાન આપે કલિંગની પ્રજામાં કેળવાયેલી ધર્માભિમુખતાનું દર્શન તો મેળવ્યું જ હશે, હવે આ ધર્માભિમુખતાને યોગ્ય-વળાંક આપીને ભૂતકાલીન મગધની જેમ કલિંગને પણ જૈન

શાસનનું કેન્દ્ર બનાવવામાં આપ સૌનો સ્વ-પરોપકાર સહકાર અપેક્ષિત છે. મને આશા જ નહિ, વિશ્વાસ છે કે, મારી આ અપેક્ષા આપ સૌની પણ અપેક્ષા હશે જ !"

ખારવેલે પોતાની ભાવનાસૃષ્ટિ ખૂબ જ ટુંકા છતાં ભાવવાહી શબ્દોમાં રજૂ કરી. આ રજૂઆતની પાછળ એમની વાચાનું જ નહિ, એમની નાભિના નાદનું પણ પીઠબળ હતું. હૈયાની વિનંતિને શબ્દોમાં રજૂ કરતાં-કરતાં કંઈ કેટલીયવાર એઓ ગળગળા બની ગયા હતા, કેટલીય વાર એમના ગળે ડૂમો ભરાઈ આવ્યો હતો અને કઈ કેટલીયવાર કોઈ અનેરા ભાવાવેશમાં એઓ ખોવાઈ ગયા હતા. જીવનમાં મળેલી આ ધન્યતાને આવકારવા એમને શબ્દો ન જડતા હોય, એવું પણ અનેકવાર ચતુર્વિધ સંઘે અનુભવ્યું હતું.

ખારવેલના નામ આગળ ગાજતા કલિંગ ચક્રવર્તી અને મહા મેઘવાહન જેવા વિશેષણો સાંભળીને સૌએ એમનું જે વ્યક્તિત્વ-કૃતિત્વ કલ્પ્યું હતું, એના કરતાં અત્યારે મળતું આ પ્રત્યક્ષ દર્શન તો કોઈ જુદું જ અને છતાં ભવ્યાતિભવ્ય હતું. સૌને થયું કે, ખરેખર આ વ્યક્તિ-ભક્તિ-શક્તિ તો **"ભિક્ષુરાજ"**ના વિશેષણને જ શોભાવે એવી છે. ભિક્ષુરાજની ભાવનાના બોલ એ ગુફાઓમાં ઘણીવાર સુધી ગુંજારવ કરતા રહ્યા, કરતાં જ રહ્યા.

શ્રમણ-પરિષદની દર્શનીયતા અદ્ભુત અને અનેરી હતી ! જીવનની અંત-ઘડીએ પણ આ દર્શનીયતાની સ્મૃતિ થઈ આવે, તો ભાવિના ભવોભવની પરંપરા ભવ્ય બની ઉઠ્યા વિના ન જ રહે ! જિનકલ્પની તુલના કરનારા શ્રી આર્યમહાગિરિજીની પરંપરાના પ્રકાશ- સ્તંભ સમા આચાર્યો : શ્રી બલિસ્સમહાચાર્ય, શ્રી બોધિલિંગાચાર્ય, શ્રી દેવાચાર્ય, શ્રી ધર્મસેનાચાર્ય, શ્રી નક્ષત્રાચાર્ય આદિ જિન-કલ્પી-તુલ્ય ૨૦૦ ઉપરાંત સાધુઓનું સંયમતેજ એ સંમેલનમાં એક તરફ ઝગારા મારી રહ્યું હતું. તો બીજી તરફ આર્ય શ્રી સુપ્રતિબદ્ધસૂરિજી, શ્રી ઉમાસ્વાતિજી, શ્રી શ્યામાચાર્યજી આદિ ૩૦૦થી પણ વધારે સ્થવિર કલ્પી સાધુઓ બિરાજ્યા

હતા. સાધ્વીજીઓની પર્ષદાને શ્રી આર્યાપોઈણી આદિ ૩૦૦થી ય વધુ શ્રમણીઓ શોભાવી રહી હતી. શ્રમણોપાસકોનાં સંઘમાં શ્રી ભિક્ષુરાજ ખાસ્વેલ, શ્રી વક્રરાય, શ્રાદ્ધવર્ય સીવંદ, ચૂર્ણક આદિ ૭૦૦ ઉપરાંત અગ્રગણ્ય શ્રમણોપાસકો એકઠા થયા હતા અને શ્રમણોપાસિકાઓ તરીકે પટ્ટરાણી ધુસી, રાણી પૂર્ણમિત્રા આદિ ૭૦૦ ઉપરાંત શ્રાવિકાઓ ત્યાં હાજર હતી.

ખરેખર આ "સંઘ-સભા" એ દેવોને પણ દુર્લભ એવું એક દર્શનીય દશ્ય ખડું કર્યું હતું ! આ સભામાં એવી એવી વ્યક્તિ-શક્તિઓનું સંમેલન સધાયું હતું કે, જે એકલ હાથે જ જૈન શાસનનો જયજયકાર દિગદિગંતમાં ફેલાવવા સમર્થ હોય ! પછી જ્યારે આવી એ શક્તિઓ મોટી સંખ્યામાં એકઠી મળી હોય, ત્યારે એ મિલન પછી જાગનારા જૈન શાસનના જયજયકારના જવલંત ધ્વનિની વિરાટતાની કલ્પના પણ મહારાજા ખારવેલ સહિત અનેકના અંતરમાં આનંદનું અદ્‌ભુત આંદોલન જગાવી જાય, એમાં આશ્ચર્ય શું હતું !

●



## ૧૩

## મધ્યાહ્ને જ સૂર્યાસ્ત

કલિંગની એ ગુફાઓ દિવસો અને મહિનાઓ સુધી શ્રુતના સ્વાધ્યાય અને સંકલનાના ઘોષથી સતત ગાજતી જ રહી. દ્વાદશાંગીના સુસંયોજન સાથે નૂતન-સર્જનની પણ એક સરવાણી આ તીર્થધામના આલંબને ખળખળ કરતી વહી નીકળી. શ્રમણ-પરિષદના પ્રારંભ-કાળ ઉપર જેમ દિવસો વીતતા જતા હતા, એમ મહારાજા ખારવેલનો આનંદ પણ વૃદ્ધિ-સમૃદ્ધિ પામી રહ્યો હતો. શ્રમણ પરિષદે પોતાના ભેયની સફળતા તરફ પુણ્ય-પ્રયાણ આરંભી દીધું હતું. મહારાજા ખારવેલના ઉરબોલ એ ચતુર્વિધ સંઘને

જિનશાસનના સ્વ પર ઉપકારક પ્રચારના કર્તવ્ય અંગે વધુ પ્રોત્સાહિત બનાવી ગયા હતા અને દ્વાદશાંગીની સંયોજના કરવાની શ્રુત-સેવામાં સહયોગી શ્રમણ-વૃંદ સિવાયના કેટલાંય શ્રમણોએ સ્વકર્તવ્ય અદા કરવા ગુર્વાજ્ઞાને શિરસાવંદ્ય કરીને કલિંગની એ વિરાટ ધરતી પર વિચરણ શરૂ કરી દીધું હતું.

મહારાજા ખારવેલને મન આ એક મહાઆનંદની વાત હતી. કલિંગની ભૌતિક કાયાપલટનું કાર્ય તો ક્યારનુંય પૂર્ણ થઈ ચૂક્યું હતું. પણ આધ્યાત્મિક કાયાપલટનું એથીય વધુ ઉપકારી કાર્ય તો હવે જ ખરી રીતે શરૂ થતું હતું ! એથી શ્રી ખારવેલ એક તરફ જેમ **"દ્વાદશાંગી-રક્ષા"** અંગેની જવાબદારીઓ બરાબર સંભાળી રહ્યા હતા, એમ બીજી તરફ કલિંગની આધ્યાત્મિક કાયાપલટ અંગે પોતાને અદા કરવાની ઘણી-ઘણી જવાબદારીઓ પણ સુપેરે સંભાળી રહ્યા હતા. આ દ્વિવિધ જવાબદારીઓનું વહન કરતા ખારવેલના દર્શન કરનારના દિલમાં એમ જ થતું કે, કલિંગ ચક્રવર્તીના બિરૂદને ધારણ કરનારા એ ખારવેલ અને ધર્મકર્મમાં આકંઠ-મગ્ન આ ખારવેલ બંને એક જ હશે કે બીજા ? ધર્મ ક્ષેત્રની આ જવાબદારીઓ સમક્ષ ખારવેલ રાજ્ય ક્ષેત્રને સાવ જ વીસરી ગયા હતા, એ બધી આળપંપાળ અને જળોજથા પોતાના પુત્ર વક્રરાયને ભળાવી દઈને એઓએ પોતાની સમગ્રતા ધર્મશાસનને સોંપી દીધી હતી.

જે ઉત્સાહ અને સાહસ સાથે રાજા ખારવેલે શ્રમણ-પરિષદ અને દ્વાદશાંગી રક્ષાનું કાર્ય ઉઠાવ્યું હતું. એને એથીય સવાયા ઉત્સાહ અને સાહસ સાથે એઓ આગે ધપાવી રહ્યા હતા. થોડાક વર્ષો પૂર્વેના કાળમાં કલિંગની ધરતી પરથી અવારનવાર સ્વાતંત્ર્યની સમૃદ્ધિ લૂંટાતી રહી હતી. એથી અન્ય રાજ્યોની સત્તાનો દોર અહીં ફેલાતો રહ્યો હતો. આ કે આવા અન્ય કારણોસર જૈન શ્રમણોના વિહાર માટેની યોગ્યતા કલિંગની ધરતીએ લગભગ ગુમાવી દીધી હતી. આ યોગ્યતા પુનઃ પ્રતિષ્ઠા પામી ચૂક્યાનો વિશ્વાસ પેદા કરાવીને શ્રમણ સંઘને કલિંગમાં વિચરણ કરવા ઉત્સાહિત બનાવવાનું મુખ્ય ધ્યેય પણ કલિંગ ચક્રવર્તી બરાબર હાંસલ કરી શક્યા હતા.

**પાટલિપુત્ર-વાચના અને માથુરી-વાચના :** આ બે વાચનાઓ વચ્ચેનું અનુસંધાન જાળવવામાં રાજા ખારવેલ દ્વારા પ્રેરિત કુમારગિરિ પર મળેલી શ્રમણ-સભા અને આમાં થયેલું દ્વાદશાંગી-રક્ષાનું કાર્ય એક મહત્ત્વની શ્રુત-શૃંખલા રૂપ બન્યું હોવાથી, સૌ કોઈ રાજા ખારવેલને દ્વાદશાંગી-સંરક્ષક તરીકે બિરદાવે એ સહજ હતું.

પાટલિપુત્ર-વાચના આચાર્યશ્રી સ્થૂલભદ્રસૂરિજી આદિ શ્રુતધરોની નિશ્રામાં વીર નિર્વાણ પછી લગભગ ૧૬૦માં વર્ષે થવા પામી હતી. કારણ કે દુષ્કાળના કારણે દ્વાદશાંગી સ્વરૂપ શ્રુતની તૂટતી શૃંખલાના અંકોડાઓનું પુનઃ સંયોજન અત્યંત આવશ્યક બન્યું હતું. આ પછી વીર નિર્વાણને ૮૨૭ વર્ષો વીતી ગયા બાદ મથુરામાં આચાર્યશ્રી સ્કન્દિલસૂરિજીની નિશ્રામાં બીજી એક આગમ વાચના મળી હતી. આ વાચના માથુરી વાચના તરીકે પ્રસિદ્ધ થઈ. આવી પ્રસિદ્ધ વાચનાઓમાં કુમારગિરિ ઉપર થયેલું દ્વાદશાંગી-રક્ષાનું કાર્ય વાચના તરીકે સુવર્ણાક્ષરે નોંધાયેલું ન હોવા છતાં આ બે વાચનાઓ વચ્ચે સેતુ બનવાની જવાબદારી આ દ્વાદશાંગી રક્ષાએ અવશ્ય વહન કરી હતી, એમ કલિંગમાં મળેલી આ સાધુ-સભામાં પધારેલા મહાન શ્રુતધરોની ઉપસ્થિતિના આધારે અવશ્ય અનુમાની શકાય.

આમ, મહારાજા ખારવેલ પ્રેરિત આ સાધુ સભા દ્વાદશાંગી રક્ષાનું મહત્ત્વનું આટલું કાર્ય કરી ગઈ. તદુપરાંત શ્રી શ્યામાચાર્યે ત્યારે શ્રી પન્નવણા સૂત્રની રચનાનો પ્રારંભ કર્યો. વાચક શિરોમણિ શ્રી ઉમાસ્વાતિજીએ ત્યારે શ્રી તત્ત્વાર્થસૂત્રની સૃજના-સંકલના શરૂ કરી અને શ્રી બલિસ્સહાચાર્યજીએ ત્યારે વિદ્યાપ્રવાદ નામના પૂર્વમાંથી અંગવિદ્યા આદિ શાસ્ત્રોની રચના આરંભી. આ શાસ્ત્રો આજેય આપણા શ્રુત વારસાના એક વિશિષ્ટ વૈભવ તરીકે શોભી રહ્યા છે. આનાં આદિશ્રેયના અધિકારી તરીકે શ્રી ખારવેલની શ્રુતભક્તિને કોઈ ભૂલી-ભૂંસી શકે એમ જ નથી.

સાધુસભા, દ્વાદશાંગીરક્ષા આદિ શાસનના પ્રભાવક-પ્રચારક કાર્યો પાછળ રાજા ખારવેલે લાખ્ખો રૂપિયાનો સદ્‌વ્યય કરીને અપૂર્વ-શ્રુતસેવા બજાવી. જેના કારણે ભોજપત્ર, તાડપત્ર અને વલ્કલપત્ર પર અંકિત થઈને એ દ્વાદશાંગી ચિરંજીવ બનવા પામી.

કલિંગનું તીર્થધામ કુમારગિરિ તો કલિંગ-જિનની સુવર્ણ પ્રતિમાથી મંડિત બની જ ચૂક્યું હતું. આ પછી સાધુસભા અને દ્વાદશાંગી-રક્ષાના શકવર્તી કાર્યોની આગેવાની પણ કલિંગે લીધી અને એને બરાબર અદા કરી જાણી. એથી એક ધન્યાતિધન્ય ધર્મધામ તરીકે કલિંગને અને આવા ધર્મધામના ધીરોદાત્ત ધૂરાધારક તરીકે દ્વાદશાંગી-રક્ષક મહારાજા ખારવેલને જે નામના કામના મળતી રહી, તેમજ આ તીર્થની વંદના માટે ધર્મયાત્રીઓની જે વણઝાર દિન-રાત અવિરત ચાલુ રહેવા માંડી, એથી વગર કહ્યે કે વગર જાહેર કર્યે કુમારગિરિ અનેકની આસ્થાનું આધાર એક પવિત્ર ધામ બની ગયું ! આ પવિત્ર ધામ થોડા જ વર્ષોમાં સાધકો-ભક્તોના ગમનાગમનથી એવું ગૌરવ મેળવી ચૂક્યું કે, જેના ગીત-ગાનના ગુંજારવ છેક ગગનના ગુંબજ સુધી ઘુમરાવા લાગ્યા.

— ● —

સૂર્યોદયે જ જેઓ મધ્યાહ્નનું મહા-તેજ પાથરવાનું પુણ્ય લઈને આવ્યા હતા, એ ખારવેલના દેહની ડાળ પર હજી કાંતિની કોયલો કૂંજન કરી રહી હતી અને યૌવન અંગડાઈ રહ્યું હતું, છતાં રાજકાજથી ઉદાસીન બનીને અને છતાંય ફરજનો પૂરો ખ્યાલ રાખીને એઓ ગુફાઓની મૌનમસ્તી વધુ માણતા. દ્વાદશાંગી રક્ષાની અને કલિંગમાં ધર્મપ્રચારની એક મહા જવાબદારી અદા થઈ ગયા પછી તો એઓને આ મસ્તીમાં જ મહાલવું, વધુ પ્રિય થઈ પડ્યું હતું, ગુફાઓના એકાંતમાં પગ મૂકતાની સાથે જ મૌનના એ મંડપોમાં એમની સમક્ષ જે એક સૃષ્ટિ સજીવ બની ઉઠતી, એની ભવ્યતા આગળ રાજસભાના ઠાઠ-ઠઠારા તો એમને સાવ નઠારા અને ધૂતારા જણાતા. કારણ કે કાયાથી જ એઓ કલિંગરાજ હતા. એમનું ભીતર તો ભિક્ષુરાજનું હતું. અને

ભિક્ષુ તો એનું જ નામ કે, સંસાર જ્યાં દુઃખના દવ નિહાળે, ત્યાં એને સુખના સાગર લહેરાતા દેખાય ! દુનિયાને જેમાં દુઃખનું દર્શન થાય, એમાં જ એ ભારોભાર સુખ ભાળે, તેમજ સંસારીને જે એકાંત અતિશય અકળાવનારું લાગે, એમાં જ એ આત્માનંદની અખૂટ અને અતૂટ આનંદઘન-મસ્તી માણે !

બહારથી ભોગી જણાતા ખારવેલના ભીતરમાં તો જાણે કોઈ યોગી ધ્યાન અને ધારણાની ધૂણી ધખાવીને બેઠા હતા. એથી સંસાર એમને અસાર લાગતો અને સંન્યાસ એમને અત્તરની સુવાસ જેવો પ્યારો લાગતો ! આવા અલખના આશકને ગુફાઓ જે આનંદ આપી જાય, એ મહેલની જેલ તો કંઈ રીતે આપી શકે ? એથી મહારાજા ખારવેલ જ્યારે-જ્યારે ગુફામાં પ્રવેશતા, ત્યારે-ત્યારે એમને એવી અનુભૂતિ થતી કે, મહેલની જેલમાંથી છુટીને અનંત મુક્તાકાશને બાથમાં સમાવવા હું વિરાટ પાંખ ફેલાવી રહ્યો છું !

શ્રમણોનો સંગ મહારાજા ખારવેલ લગભગ કાયમ માટે મેળવવા સદ્‌ભાગી બનતા. કલિંગના ચક્રવર્તી હોવા છતાં એઓ મુનિચરણે એક અદના આદમીની અદાથી બેસતા અને જે જ્ઞાન દેહ અને આત્મા વચ્ચે ભેદાનુભૂતિ કરાવવા સમર્થ હોય, એનું ખોબે-ખોબે પાન કરતા ! કારણ કે એમનું ધ્યેય જ આ હતું. દેહ છતાં દેહાતીત દશાની દિવ્યાનુભૂતિ એમનું ચિરદષ્ટ એક સ્વપ્ન હતું. દૂધ અને પાણીની જેમ એકમેક બની ગયેલા જણાતા આત્મા અને દેહ વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરી બતાવતી હંસ-વૃત્તિના તેઓ હિમાયતી હતા. તેથી આવું જ્ઞાન પાન કરવાની તક મળતી, ત્યારે તેઓ બધું જ ભુલી જઈને અમૃતની એ પરબનો લાભ લેવાનું ચૂકતા નહિ. આવા આત્મજ્ઞાનનો રોકડો નફો પણ એઓ મેળવી શક્યા હતા. આ રીતે તત્ત્વજ્ઞાની બન્યા બાદ એઓ પ્રભુચરણે બેસતા, તો અરીસામાં જાતનું પ્રતિબિંબ દેખાય, એમ એમને પ્રભુ-પ્રતિમામાં પોતાનું જ અસલી-સ્વરૂપ નજરોનજર નિહાળવા મળતું અને એઓ લલકાર કરી ઉઠતા કે, જો હી હૈ રૂપ તેરા, વો હી હૈ રૂપ મેરા, પડદા પડા હૈ બિચ મેં આ કરકે હઠા દેના !

ભિક્ષુરાજ ખારવેલની વય હજી તો આડત્રીસની આસપાસ જ હતી. પંદર વર્ષનું કુમાર જીવન વીતાવ્યા બાદ નવ વર્ષ સુધી કલિંગનું યુવરાજ પદ એમણે સંભાળ્યું હતું. ૨૪માં વર્ષે રાજ્યાભિષિક્ત બન્યા બાદ લગભગ બાર વર્ષ એમણે કલિંગની કાયાપલટ, દિગ્વિજય અને ધર્મ સેવાના કાર્યોમાં ગાળ્યા હતા. આ બાર વર્ષના ગાળામાં એમણે પ્રજાના ભૌતિક-આધ્યાત્મિક વિકાસ માટે પુરૂષાર્થ કરવામાં કંઈ બાકી રાખ્યું ન હતું. એથી હવે જાણે પોતાનું બાળપણાનું "ભિક્ષુરાજ"નું નામ સાર્થક કરવા એઓ અંતર્મુખી બનવા ઇચ્છતા હતા. આ નામનો "રાજ" તરીકેનો ઉત્તરાર્દ્ધ તો સાર્થક થઈ ચૂક્યો હતો, હવે "ભિક્ષુ" તરીકેનો પૂર્વાદ્ધ સાર્થક કરવા એઓ તન-મન-વચનની સમગ્રતા સાથે કટિબદ્ધ બનવા ઇચ્છતા હતા અને આમાં એમને કુમારગિરિની સાધુઓથી મંડિત એ ગુફાઓ સૌથી મોટો સથવારો આપી રહી હતી.

ગુફાઓનું એકાંત મળતાં જ ઘણીવાર ભિક્ષુરાજ ખારવેલ પોતાના જીવનના વિવિધ ખંડોમાં કલ્પના-ભ્રમણ કરવા નીકળી પડતા. ક્યારેક એમની નજર સમક્ષ પિતા વૃદ્ધરાજ ખડા થઈ જતા ને એઓ વિચારતા કે, પિતાજીએ કેટલા બધા પ્રેમાળ હાથે મને ઉછેરીને ધર્મનું ધાવણ પાયું ! એમણે વાવેલા એ ધર્મ-બીજનો જ આ પ્રભાવ છે કે, થોડી ઘણી પણ મા-ભોમ તરફની ફરજ અદા કરવા પૂર્વક જૈન શાસનની સેવા કરવા હું સદ્‌ભાગી બની શક્યો. કલિંગ પર આજે જે લીલીછમ વાડી વિકસેલી જોવા મળે છે, એ પ્રભાવ પિતાજીનો જ છે ! આ બધું વાવેતર કરનારા તો એઓ જ છે. વધુમાં વધુ એક માળી તરીકેનું કર્તવ્ય જ હું અદા કરી શક્યો છું. આ પણ એ પ્રેરણાદાતાનો જ પ્રભાવ છે. કલિંગ-રાષ્ટ્રની સ્વતંત્રતા અને પ્રજાની સંસ્કાર-સમૃદ્ધિ : એમના આ બે મનોરથ હતા. આ મનોરથને સફળ થતા જોઈને સ્વર્ગમાંથી એઓ જે આશીર્વર્ષા મારી પર કરી રહ્યા હશે, એનું જ તો આ ફળ છે કે, આવી મહાન-કાયાપલટની નિમિત્ત માત્રતા મને મળી શકી !

ભિક્ષુરાજ શ્રી ખારવેલની નજર સમક્ષ ક્યારેક વળી ધર્મદાતા ઉપકારી શ્રી સુપ્રતિબદ્ધસૂરિજી આદિ ગુરૂવરો દર્શન દઈ જતા અને એઓ એવા વિચારમાં ગરકાવ થઈ જતા કે, શાસનની થોડી પણ સેવાનો લાભ મને મળી શક્યો હોય, તો એ પ્રતાપ આ ઉદાર મનના ગુરૂઓનો છે. કલિંગજિનની પુનઃ પ્રતિષ્ઠા, અનેક ઠેકાણે ધર્મ-ધામોની નિર્મિતિ, સાધર્મિકોનો સમુદ્ધાર, કલિંગમાં ઠેરઠેર, ધર્મ-પ્રચાર તેમજ છેલ્લે-છેલ્લે દ્વાદશાંગી રક્ષા અને આ પછી મારા આ આત્મ મંદિરનો પણ જીર્ણોદ્ધાર ઇત્યાદિ સુકૃતોના સર્જનમાં હું થોડે-ઘણે અંશેય નિમિત્ત બન્યો હોઉં, તો એ આ ઉપકારીઓની ઉદારતાનો પ્રભાવ છે ! એમણે આ દરિદ્રનારાયણ પર કૃપા વૃષ્ટિ કરવાની ઉદારતા ન દાખવી હોત, તો આ અભાગિયામાં તો એવી શી તાકાત હતી કે, આમાનાં એકેય સુકૃતમાં મારી કાણી કોડીય લેખે લાગી હોત !

દેવ-ગુરૂ-ધર્મના દંભી ચળકાટ અને ચમકાર ધરાવતા કાચના કૂડા-કચરામાંથી, સુદેવ-સુગુરૂ-સુધર્મના સાચાં રત્નો શોધવામાં સફળ થવા કાજે જરૂરી જે માર્ગદિશા પૂ. ઉપકારી ગુરૂદેવોએ દર્શાવી હતી અને એથી જ પોતાને જે ધર્મ-સમૃદ્ધિ મળી હતી. એની સ્મૃતિ થતા મહારાજા-ખારવેલ મનોમન કેટલીયવાર સુધી એ ગુરૂઓનાં ચરણે ભવનિકંદના વંદના કરવા પૂર્વક જાણે વાણી વિના વદતા કે, આજીવકો, બૌદ્ધો, વૈદિકો જેવા કંઈ ધર્મોની ભ્રમજાળમાં ફસાયા વિના મને જેમના પ્રભાવે જિન-ધર્મની સેવા મળી, એ ગુરુઓના ઋણમાંથી તો હું કયા ભવે મુક્ત બની શકીશ !

આમ, દિવસે-દિવસે ભિક્ષુરાજ-ખારવેલની અંતર્મુખી-આરાધના સમૃદ્ધિ અને વૃદ્ધિ પામી રહી હતી. બાર વર્ષના સતત પ્રવૃત્તિમય જીવન દ્વારા કલિંગને એમણે જે આપ્યું હતું અને આના પ્રતિદાન રૂપે પોતે જે આત્મિક આનંદ પામી શક્યા હતા, એ સંતોષ પ્રેરક હોવાથી એમની એ અંતર્મુખી-આરાધના દિન-પ્રતિદિન વધુ વેગ પકડી રહી હતી. એથી એઓ એવી અનુભૂતિ કરી શકતા હતા કે, પોતાના નામનો "ભિક્ષુ"

તરીકેનો પૂર્વાર્દ્ધ હવે સાર્થક બની રહ્યો છે. અને દેહ છતાં દેહાતીત દશાની દિવ્યાનુભૂતિ કરાવતી હંસ-વૃત્તિ પોતે ઠીક-ઠીક અંશે આત્મસાત્ કરી શક્યા છે !

કંઈક અંશે આત્મસાત્ થયેલી એ હંસ-વૃત્તિમાં ઠીક-ઠીક વધારો થાય, એવું એક તપોનુષ્ઠાન પૂર્ણ કરીને મહારાજા ખારવેલે જે આનંદઘનની મસ્તી અનુભવી, એ તો અજોડ અને અપૂર્વ બની ગઈ ! આ મસ્તી માણ્યા પછી એઓના અંતરમાં ધૂણી ધખાવીને બેઠેલો હોઈ ભિક્ષુ ગાઈ ઉઠ્યો કે, "અબ હમ અમર ભયે ન મરેંગે !" આ ગાનનાં તાન-માન-પ્રમાણ વધતા ચાલ્યા, એમાં એક દહાડો તો એઓના અંતરચક્ષુ જ્ઞાનાંજનની શલાકાથી એ રીતે ઉદ્‌ઘાટિત થઈ જવા પામ્યા કે, આત્મા અને દેહ વચ્ચેના ભેદને એઓ જાણે સ્પષ્ટ રીતે ભાળી શકવા સમર્થ બન્યા અને 'અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે'ની પ્રકાશાનુભૂતિથી આલોકિત બની બેઠેલા પરમ-પદના પંથે ઉર્ધ્વ-મુખી પ્રગતિને પગલાં-પગલાંના પુણ્ય પ્રવાસ દ્વારા આગે ધપાવી રહ્યા !

રાજા તરીકે ખારવેલને નિહાળનારી કલિંગની વિરાટ પ્રજા "ભિક્ષુ" તરીકેનું એમનું આવું દર્શન મેળવીને જે આશ્ચર્ય, જે આનંદ અને જે અહોભાવ અનુભવતી હતી, એ અનુભવ લખ્યા લખાય, એવા ન હતા, કહ્યા કહેવાય એવા ન હતા અને ચિતર્યા ચિતરાય એવા ન હતા.

— ● —

આજે આકાશ રોતું હતું, દિશાઓના દેદાર દર્દનાક અને દર્દીલા હતા. પવન થંભી ગયો હતો, ધરતી સ્તબ્ધ બની ગઈ હતી, પંખીઓ ચણ ચણતા અટકી ગયા હતા, પશુઓના મોંમાં ડચૂરા વળી રહ્યા હતા, ઋતુ શિયાળાની હતી, છતાં સૂરજ જાણે ધખધખતા અંગારા વેરી રહ્યો હોય, એવું લાગતું હતું, ભૂખ અને તરસથી પીડાતી પ્રજાની સામે ભોજનથી ભરેલા ભાણાં અને અમૃતથી છલકાતા પ્યાલાં પડ્યા હતા. છતાં એમાં મોં માંડવા કોઈ તૈયાર નહોતું થતું. શિશુઓએ ધાવણ લેવા

છોડી દીધા હતા, રોગીઓને ઔષધિ લેવાનું મન નહોતું થતું. રે ! સંસારના ત્યાગી અને સુખ-દુઃખમાં સમ રહેનારા મુનિઓય કંઈક અજુગતું બની ગયાનો અકળ-આઘાત અનુભવતા હતા, આકાશમાંથી એકસામટા બારે મેઘ ખાંગા થઈને વરસ્યા હોત, ચારે તરફથી મહાસાગરે માઝા મૂકીને ભરતીનું પ્રલય-નૃત્ય ખેલવા માંડ્યું હોત, વીજળીઓની જીવલેણ ઝડીઓ ઝંઝાવાતી ઝડપે તૂટી પડી હોત કે કલિંગની ધરતીમાં કરોડો કંપ જાગી ઉઠ્યા હોત, તોય જે આઘાત, આશ્ચર્ય, અશ્રુપાત, અંતઃસ્તાપ, આક્રંદ, આપત્તિ, આશાભંગ અને અંતરને આર્ત બનાવી મૂકતી આપવીતી જેવી અવદશા કલિંગની પ્રજાએ ન અનુભવી હોત, એવી અનુભૂતિ ગોઝારી એક પળેક કલિંગની અબાલ-ગોપાલ પ્રજા કરી રહી ! કારણ કે એ સમાચાર જ એવા હતા ! એને સમાચાર ગણવા કે વીજ અને વજ્રનો પાત ગણવો, એજ કહેવું મુશ્કેલ હતું.

એ સમાચારે જાણે સ્ફોટક, હૃદયવિદારક, અને નખ-શિખ દાહક શબ્દોને ગોતી-ગોતીને જ પોતાનો દેહ ઘડ્યો હતો. એથી જ જ્યાં-જ્યાં એ સમાચાર ફેલાયા, ત્યાં ત્યાં આક્રંદ, અનુતાપ અને આંસુનું અતિ કરુણ-વાતાવરણ સર્જાઈ જવા માંડ્યું. એ સમાચારનો સંદેશ સાંભળવો ગમે એવો ન હતો, સાંભળ્યા પછી એ સંદેશને સાચો માનવાની વાત આવતા જ તન-મન-વચન બળવો કરી બેસતા હતા. પણ તોય અંતે મનને મજબૂત બનાવીને, કાળજાને કઠણ કરીને અને દિલને દમીનેય એ સમાચારના અક્ષરે અક્ષરને સાચો માન્યા સિવાય ચાલે એમ જ નહોતું ! કારણ કે કાળરાજે પોતાના ખાસ કાસદ મારફત એ સમાચાર લખી મોકલ્યા હતા.

કાળના કાસદ સાથે આવેલા એ સમાચાર ગોઝારા હતા. એમાં લખ્યું હતું કે, કલિંગ-ચક્રવર્તી તરીકેનું અને મહામેઘવાહન તરીકેનું શ્રી ખારવેલનું જીવન મધ્યાહ્ને જ અસ્ત પામી ચૂક્યું છે !

આ સમાચારના શ્રવણે કલિંગનું કાળજું ચીરાઈ જાય, એમાં આશ્ચર્ય શું હતું ! કારણ કે હજી થોડાં જ વર્ષો પહેલાં જીવનના સૂર્યોદયે જ

મધ્યાહ્ન જેવો મહા પ્રકાશ પાથરતા કલિંગ-ચક્રવર્તી આ રીતે જીવનની ચાલીસી પૂર્ણ થાય, એ પૂર્વે જ અનેકને પ્રકાશનું પ્રદાન કરતા મધ્યાહ્ન કાળે જ અસ્ત પામી જાય, તો આ વેદના કોણ વેઠી શકે ?

શતદલ કોઈ કમળ પૂરી રીતે ખિલતાની સાથે જ ખરી જાય, સૂર્ય મધ્યાહ્ને આવતાની સાથે જ આથમી જાય અને હજારો યાત્રીઓની નાવનો કોઈ કર્ણધાર મહાસાગરના મઝધારમાં જ એ નાવને રેઢી મૂકી દઈને ચાલતો થાય, આના જેવી દુઃખદ સ્થિતિનો ભોગ બનેલો કોઈ પણ કલિંગવાસી ભિક્ષુરાજ ખારવેલની આ અણધારી-વિદાયને ક્યાંથી ખમી શકે ? કારણ કે મહારાજા ખારવેલ તો કલિંગ માટે કાળજાની કોર હતા. હૈયાના હાર હતા. દેહના આત્મા હતા. આંખની કીકી હતા. માથાના મુકુટ હતા અને જીવનનું સર્વસ્વ હતા ! રે ! કલિંગ માટે જીવનના શ્વાસ-ઉચ્છ્વાસ, વિશ્વાસ-આશ, નિવાસ-પ્રયાસ બધું જ ખારવેલ હતા.

મહારાજા ખારવેલ ! સૂર્યોદયે જ મધ્યાહ્ન જેવા પ્રકાશના વાહક ! જે ઝડપથી આ સૂર્યોદય મધ્યાહ્નને આંબી ગયો ! એથીય વધુ ઝડપે આ મધ્યાહ્ન પર સૂર્યાસ્તની અંધાર-છાયા ઘૂમી વળી ! આથી આ સૂર્યાસ્ત અનેક દેશોમાં અંધકાર ફેલાવે અને હજારોની આંખો રડાવીને લાખોના અંતરમાં આગ પેટાવે, એમાં અસંભવિત કે અઘટ શું હતું ?

●



## ૧૪

## અનુમાનોના ઓવારેથી અવલોકન

મહારાજા ખારવેલનું જીવન-ફૂલ કોઈ સહસ્ર-દળ કમળની અદાથી વિશ્વની આ વનરાજીમાં ખૂલ્યું, ખીલ્યું અને એની ખિલવટના એ ખજાનાનું જગત હજી આકંઠ પાન મેળવે, એ પૂર્વે જ એ કમળ-ફૂલ ખરી પડ્યું ! કલિંગ સહિત અનેક દેશોને જેમની વિદાય સદાય સતાવતી રહે, એ મહારાજા ખારવેલ જીવનની ચાલીસી પણ પૂરી કરી ન શક્યા. પૂર્વ-ભવનો કોઈ સાધક અધૂરી સાધનાને આગળ વધારવા અવતરીને એ સાધનાનું આંશિક ધ્યેય પૂર્ણ થતા જ શેષ સાધના માટે ફરી દેશાંતર અને વેશાંતર કરી

જાય, એમ મહારાજા ખારવેલ જગતના આ ઉપવને કમળની કળીની જેમ ખૂલ્યા અને ખીલ્યા, તેમજ એ ખિલવટ જ્યારે પૂરબહારમાં હતી, ત્યારે જ ખરી પડ્યા ! એથી એમની વિદાય સદાય સતાવતી રહે, એ સહજ હતું.

મહારાજા ખારવેલ કલિંગના આકાશે સૂર્ય જેવું જીવન જીવી ગયા. આ પછી એમના પુત્ર વક્રરાય અને પછી ખારવેલ પૌત્ર વિદુહરાય પણ કલિંગના સિંહાસનને શોભાવીને સુંદર શાસન-પ્રભાવના કરી ગયા. વીર નિર્વાણના ૩૯૫માં વર્ષે વિદુહરાયનો સ્વર્ગવાસ થયો, આની સાથે જ જાણે કલિંગનો ઈતિહાસ પણ સમાપ્ત થયો ! કારણ કે આ પછી કલિંગના ઈતિહાસ પર પડદો પડી ગયેલો જણાય છે. મહારાજા ખારવેલનું જીવન તો સૂર્યની જેમ પ્રકાશિત હતું. આની સરખામણીમાં જોકે વક્રરાય વિદુહરાય ન આવી શકે. બાપ કરતા બેટા સવાયા, આ કહેવતને એઓ ચરિતાર્થ ન કરી શક્યા, પણ સાથે સાથે "દીવા તળે અંધારું" આ કહેવતને ખોટી પાડતું તેજસ્વી જીવન તો એઓએ જીવી જાણ્યું.

મહારાજા ખારવેલે પોતાના જીવનકાળ દરમિયાન ઝનૂનના ઝેરી નાગ સમા પુષ્યમિત્રને કલિંગના કરંડિયે કેદ કરીને અને પછી ઝેરની કોથળી છીનવી લઈને એ સાપને મગધના મેદાનમાં મુક્ત મને મહાલવાની ઉદારતા દાખવી હતી. પણ જંગલના ઝેરી સાપ કરતાં શહેરનો આ ઝેરી સાપ વધુ ભયાનક સાબિત થયો. જંગલનો સાપ તો ઝેર રહિત થયા પછી ફરી જીવલેણ નીવડતો નથી. પણ પુષ્યમિત્રનું ઝેરી-ઝનૂન મહારાજા ખારવેલના સ્વર્ગવાસ બાદ પુનઃ વિફર્યું અને મગધ-ભૂમિ ફરી પાછી આતંક અને અન્યાયના હાહાકારથી કરૂણ બની ઉઠી. કહેવાય છે કે, પાપી-જીવો પોતાના પાપના ભારથી જ પ્રમાણાતીત બોજથી લદાયેલી નાવડીની જેમ નષ્ટ-ભ્રષ્ટ થઈ જતા હોય છે. પુષ્યમિત્ર માટે આ કથન બરાબર બંધ બેસતું બન્યું. થોડાક વર્ષો બાદ એના પાપનો ભાર જ એની જીવન-નાવને વિનાશના વમળ ભણી ખેંચી જઈને જળસમાધિ લેવડાવનારો બન્યો.

મહારાજા ખારવેલ જે પુષ્યમિત્રનું પાણી ઉતારીને જૈન જગત માટે એક સોનેરી ઈતિહાસનું સર્જન કરી ગયા, એ પુષ્યમિત્ર જ જૈન શાસ્ત્રોમાં વર્ણિત કલ્કિ રાજા અને પુરાણોમાં સમર્પિત કલ્કિ અવતાર હોવાની સંભાવના આધુનિક ઈતિહાસયજ્ઞોએ વ્યક્ત કરી છે. જોકે આમાં **"કાલ-ગણના"** નો એક મોટો પ્રશ્ન અનુતરિત જ રહે છે. કારણ કે જૈન શાસ્ત્રો કલ્કિનો સમય લગભગ વીરનિર્વાણના ૧૯૦૦ થી વધુ વર્ષો પછીનો ગણાવે છે. જ્યારે પુરાણોમાં કલિયુગના અંત સમયે કલ્કિનો અવતાર સૂચવાયો છે. આમ છતાં, મહારાજા ખારવેલને, ચોમાસામાં ચરીને વધુ માતેલા બનીગયેલા સાંઢ જેવી જે શક્તિને નાથવા બે-બે વાર મગધ પર ચઢાઈ લઈ જવી પડી હતી, એ પુષ્યમિત્રના જુલમોની સરખામણીમાં જૈનશાસ્ત્રોમાં વર્ણિત કલ્કિ રાજાએ મચાવેલ કાળો કેર મળતો આવતો હોઈને, તિત્થોગાલિ-પઈન્નય, કાલ સપ્તતિકા પ્રકરણ, દીપાવલિ-કલ્પ આદિ જૈન શાસ્ત્રોમાં ભગવાન મહાવીર દેવના શ્રીમુખે કલ્કિ રાજાનું જે ભાવિ વર્ણન કરવામાં આવ્યું છે, એનો સાર-સારાંશ જોવો-જાણવો અતિ-ઉપયોગી ગણાશે. એથી અનુમાનોના ઓવારેથી એક અવલોકન મહારાજા ખારવેલના જીવન ઉપર કરવું જ રહ્યું !

ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ ભાવિકાળને ભાખતા કલ્કિ, ચતુર્મુખ અને રૂદ્ર : આ ત્રણ નામ ધરાવનારા અને પોતાના નિર્વાણ પછી લગભગ ૧૯૨૮ વર્ષ વીત્યા બાદ થનારા આ રાજાનું જે વર્ણન કર્યું હતું. એ આ વિષયના સૌથી પ્રાચીન ગ્રંથ "તિત્થોગાલી પઈન્નય"માં આ રીતે ઉપલબ્ધ થાય છે.

ભારતના ભાવિને ભાખતા ભગવાન શ્રી મહાવીર પરમાત્મા કહે છે કે : મારા નિર્વાણને ૧૯૨૮ વર્ષ વ્યતીત થશે, ત્યારે પાટલિપુત્રમાં દુષ્ટબુદ્ધિ કલ્કિનો જન્મ થશે. આ સમયે મથુરામાં રામ-કૃષ્ણના મંદિરોનો પણ ધ્વંસ થશે. તેમજ કાર્તિક સુદ ૧૧ સે જનસંહારક એક ભયંકર ઘટના બનશે. આગળ જતા કલ્કિ ચતુર્મુખ અને રૂદ્રના નામેય પ્રસિદ્ધ થશે. આ રાજા એટલો બધો અભિમાની હશે કે, ભલભલા માંધાતા રાજાઓને તરણાની તોલે ગણશે.

એકવાર કલ્કિ નગરભ્રમણ માટે નીકળશે. ભમતા-ભમતા એ નંદ રાજાઓ દ્વારા નિર્મિત પાંચ સ્તૂપોને જોઈને આનું સ્વરૂપ જાણવા માંગશે. ત્યારે જવાબમાં એને નંદરાજાઓની ઋદ્ધિ-સિદ્ધિ અને એ રાજાઓ દ્વારા આ સ્તૂપો નીચે દાટવામાં આવેલા અઢળક સુવર્ણની વિગત જાણવા મળશે. સાથે સાથે આ સ્તૂપોની સુરક્ષિતતા જાણીને ગર્વ સાથે એ સ્તૂપોને ખોદાવી કાઢીને સુવર્ણ ગ્રહણ કરવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરશે અને એ આ કાર્ય કરી બતાવીને અઢળક સુવર્ણનો સ્વામી બનશે. આ પછી એની લક્ષ્મી-લાલસા એટલી બધી વધી જશે કે, આવાં અનેક સ્થાનોને ખોદી-ખોદીને પાટલિપુત્રને એ જાણે ખેતરની જેમ ખેડી-ખોદી નાંખશે અને ઘણું ઘણું ધન મેળવશે. આવા ખોદાણ દરમિયાન પથ્થરની એક ગાય નીકળશે. એને જાહેર માર્ગમાં સ્થાપવામાં આવશે, એ ગાય લોણદેવીના નામે પ્રખ્યાત થશે.

આ લોણદેવી કોઈથી અધિષ્ઠિત બનીને ભિક્ષા-ચર્યા માટે જતા-આવતા સાધુઓને પોતાના શિંગડા દ્વારા મારીને નીચે પટકશે. એથી મુનિઓના પાત્ર તૂટી જશે. આવું અનેકવાર બન્યા પછી મુખ્ય મુખ્ય સાધુઓ આ બનાવને ભાવિની અમંગળ એંધાણીની સૂચના જેવો સમજીને સાધુઓને સમજાવશે કે, આ લોણદેવી તો આપણી હિતચિંતક છે, એથી ભગવાને ભાખેલા ગંગા-પ્રલયના ભયંકર કાળની આપણને આ આગાહી કરી રહી છે. માટે આ દેશનો ત્યાગ કરીને આપણે સૌએ અન્યત્ર ચાલ્યા જવું જોઈએ.

આ સૂચના મુજબ ઘણાં-ઘણાં સાધુઓ મગધનો ત્યાગ કરીને બીજા દેશો તરફ ચાલ્યા જશે, જ્યારે પાટલિપુત્રમાં મળતા માન-પાન અને ભિક્ષા આદિથી સંતુષ્ટ થોડા મુનિઓ ભાવિથી બેફીકર બનીને મગધનો ત્યાગ નહિ કરે. રાજા કલ્કિની ધન-પિપાસા વધતી-વધતી એટલી હદ સુધી પહોંચશે કે, એ સાધુઓ પાસેથી પણ કર માંગશે. ધનના સંગ્રહી સાધુઓ કર ચૂકવીને રાજાના કોપમાંથી ઉગરી જશે. જ્યારે નિષ્પરિગ્રહી સાધુઓ રાજ-કોપનો ભોગ બનીને કેદી બનશે, આમાંથી કેટલાય

સાધુઓના વેશ કલ્કિ છીનવી લેશે. આ વખતે સાધુઓના અગ્રણી રાજાને સમજાવશે કે, અમે તો અકિંચન છીએ, અમારી પાસે એવી કઈ ચીજ છે કે, જે કર રૂપે આપી શકાય !

આ સમજાવટની કલ્કિ પર કંઈ જ અસર નહિ થાય, ત્યારે મહાજન પણ સમજાવવામાં બાકી નહિ રાખે. પરંતુ સાધુઓને કેદ-મુક્ત કરવા કલ્કિ તૈયાર નહિ જ થાય, ત્યારે નગરદેવતા કલ્કિની ખબર લેતા પુણ્યપ્રકોપ ઠાલવશે કે, રાજા ! તે આ શો અન્યાય કરવા માંડ્યો છે ! સાધુ-શ્રમણો પાસેથી વળી કર લેવાનો હોય અને એમને જેલના સળિયા પાછળ ધકેલવાના હોય ? તું સમજી જા, નહિ તો આ અન્યાય-અનીતિનું આખરી પરિણામ ભોગવવા માટે તૈયાર થઈ જા !

નગરદેવતાનો આવો પુણ્યપ્રકોપ જોઈને કલ્કિ કેદી બનાવેલા સાધુઓના પગ પકડીને વિનવશે કે, ભગવન્ ! કોપ જોઈ લીધો, હવે કૃપાની કામના સાથે હું આપના ચરણની ચાકરી ચાહું છું ! ભીના-વસ્ત્રો પહેરીને આ રીતે શરણાગત બનેલા કલ્કિની ભાવદયા ચિંતવતા ઘણા સાધુઓ આ બનાવ પછી મગધનો ત્યાગ કરી દેશે. કારણ કે હવે પછી થનારા ગંગાના જલપ્રલય અંગેની આગાહી એમને સચોટ-સિદ્ધ થનારી પ્રતીત થશે.

આમ, નગરદેવતાની દરમિયાનગીરીથી પાટલિપુત્ર કલ્કિના ઉપદ્રવો-માંથી તો મુકત થઈ જશે. પણ નજીકના કાળમાં જ થનારા ગંગાપ્રલયની સર્વભક્ષી તારાજીમાંથી તો લગભગ કોઈ જ બચી નહિ શકે ! આ તારાજીના સૂચક ભૂમિ અને આકાશ સંબંધી અનેક ઉત્પાતોથી જ્ઞાની સાધુઓને એવું જ્ઞાન થઈ જશે કે, સાંવત્સરિક પારણાના દિવસે ભયંકર-પ્રલય થવાનો છે ! એથી ઘણા સાધુઓ ચોમાસામાં જ પાટલિપુત્રથી વિહાર કરી જશે. છતાં પણ ઉપકરણો, ઉપાશ્રયો અને ભક્તોના રાગથી બંધાઈને થોડા ઘણા સાધુઓ અને ઘરબારના પ્રેમી શ્રાવકો પાટલિપુત્રનો પરિત્યાગ નહિ કરે.

આ પછી પણ ઘણા-ઘણા ભયંકર ભાવિના સૂચક ઉત્પાતો થશે અને આના ફળ રૂપે એક કાળ ચોઘડીયે આકાશમાંથી મહામેઘ મુશળધારે વર્ષવાની શરૂઆત કરશે. આ ગોઝારી વર્ષા બરાબર ૧૭ દિવસ સુધી અનરાધાર અને અનવરત ચાલશે. એથી ગંગા અને શોણ આ બે મહાનદીઓ ગાંડીતૂર બનીને પૂરનું પ્રલય-તાંડવ ખેલવા માંડશે. જળ-પ્રલયનાં એ ઓળા આખા પાટલિપુત્રના વિરાટ-વિસ્તારને ઘેરી વળશે. ચારેકોર "ત્રાહિમામ્, ત્રાહિમામ્"ના કરુણ આક્રન્દનો ઉઠશે અને પથ્થર-હૈયું પણ પાણીની જેમ દ્રવી ઉઠે, એવું દારૂણ અને કરુણ વાતાવરણ ચોમેર છવાઈ જશે.

આ પૂરનો ગાંડો પ્રવાહ કોઈને છોડશે નહિ. મકાનો અને માણસોને એ પોતાના તાંડવ-નૃત્યમાં ઘસડી જશે, ત્યારે કેટલાંક સમજુ-આરાધક શ્રમણો ને શ્રાવકો અનશનની પ્રતિજ્ઞા અંગીકાર કરીને સમાધિપૂર્વક મૃત્યુ પામશે, જ્યારે બાકીનો મોટો ભાગ ગંગાપ્રવાહમાં તણાતો-તણાતો આકાશ તરફ સકરુણ-નજર કરીને સનત્કુમાર દેવને પ્રાર્થના કરશે કે, આપ અત્યારે શ્રમણ-સંઘની વહારે ધાવ, વૈયાવૃત્ય કરવાનો આ ખરેખરો અવસર છે ! પણ આ વિનંતિથી કોઈ અસર નહિ થાય અને મગધની એ સંપૂર્ણ પાટનગરી ગંગાની તાંડવ જળલીલામાં હોમાઈ જઈને નામશેષ બની જશે.

એક મહાનગરીને સર્વનાશના ખપ્પરમાં હોમી દેનારા ગંગાના આ ગાંડાતુર પૂરમાંથી માંડ-માંડ જેઓ બચી શકશે, એમાં આચાર્ય શ્રી પાડિવત સહિત થોડોક ચતુર્વિધ સંઘ, રાજા કલ્કિ અને રાજ ખજાનાનુ સ્થાન હશે.

એક મહાવિનાશમાંથી માંડ-માંડ ઉગરી ગયાની કળ ઉતર્યા બાદ રાજા કલ્કિ બચેલાએ રાજખજાનાના જોરથી, જ્યાં આ રીતે ફરી વિનાશ ત્રાટકી ન શકે, એવી જગ્યા પસંદ કરીને નવું પાટલિપુત્ર વસાવશે. થોડાક જ વર્ષોમાં નવું પાટલિપુત્ર પુનઃ સમૃદ્ધ બનીને મગધનું માનવંતુ મહાનગર બની જશે. ફરીથી ત્યાં જિનમંદિરો નિર્માશે અને સાધુઓનું

ગમનાગમન ચાલુ થશે. કુદરતની એટલી બધી મોટી કૃપા સુભિક્ષ-સુકાળ દ્વારા નવા આ પાટલિપુત્ર પર વરસશે કે, પાકેલાં મબલખ પાકને ખરીદનાર કોઈ નહિ મળે ! કલ્કિ પણ એવું સુશાસન સ્થાપશે કે, પ્રજાને એવી અનુભૂતિ થયા વિના નહિ રહે કે, આ તો કલ્કિની કાયા જ એની એ છે, બાકી એમાંનો આત્મ પલટાઈ ગયો લાગે છે, નહિ તો ધર્મસંહારક એ કલ્કિ અને પ્રજાપાલક આ કલ્કિ વચ્ચેની વિષમતા કઈ રીતે બંધબેસતી બની શકે ?

આ રીતે પચાસેક વર્ષ સુધી સુશાસન ચલાવીને પ્રજાપ્રિય બનનારા કલ્કિનું કાળજુ એક દહાડો પુનઃ ગોઝારા ભૂતકાળનું પુનરાવર્તન કરીને જૈન શ્રમણો આદિને પીડવા માંડશે અને ભુલાઈ ગયેલી જૂના પાટલિપુત્રનો એ ભૂતકાળ ફરી નવા પાટલિપુત્રને જોવાનો વખત આવશે. નવો કલ્કિ ફરી જૂનો કલ્કિ બની જશે અને સાધુઓને કર આપવા ઉપરાંત પ્રાપ્ત-ભિક્ષાનો છઠ્ઠો ભાગ આપવા વિવશ બનવાની આકરી ફરજ પાડશે અને ઘણા ઘણા સાધુઓને એ જેલના સળિયા પાછળ ધકેલી દઈને ચોમેર કાળોકેર વર્તાવી દેશે. આ વખતે પણ નગરદેવતા પુણ્યપ્રકોપ ઠાલવશે, પણ મદાંધ કલ્કિ એ પ્રકોપને ગણકાર્યા વિના સાધુઓના વેશ ઉતારવાનું, કર માંગવાનું અને જૈન સંઘને પીડવાનું ગોઝારું કાર્ય ચાલુ જ રાખશે.

યુગપ્રધાન આચાર્ય શ્રી પાડિવત આ વખતે સંઘની સુરક્ષાર્થે પોતાનું કર્તવ્ય અદા કરવા ઇન્દ્રને યાદ કરશે. આના પ્રભાવે અંબા અને યક્ષદેવ કલ્કિને "રૂક જા"નો પ્રચંડ પડકાર કરશે. પણ વિનાશકાળે વિપરીત બુદ્ધિને પામેલો કલ્કિ આ દેવાદેશનેય જ્યારે પગ તળે કચડી નાખશે અને દમનનો દોર સવાયા જોરથી ચાલુ જ રાખશે, ત્યારે સકલ-સંઘ કાયોત્સર્ગ દ્વારા ઇન્દ્રને યાદ કરશે. આથી ઇન્દ્રનું આસન કંપશે અને દક્ષિણ-લોકપતિ ઇન્દ્ર જિનપ્રવચનના કટ્ટર વિરોધી કલ્કિનો તત્કાળ નાશ કરીને કલ્કિના પુત્ર દત્તને પાટલિપુત્રના સિંહાસન પર, હિતશિક્ષાના બે શબ્દો કહીને અભિષિક્ત કરશે. કલ્કિ કરતાં એનો પુત્ર દત્ત સાવ જ

જુદી જાતના પ્રભાવ-સ્વભાવવાળો હોવાથી શ્રમણ સંઘની પૂજાભક્તિ કરનારો બનશે અને જિનશાસનનો એ પ્રભાવક બનશે.

આમ, મારા (શ્રી મહાવીર પ્રભુના) નિર્વાણ પછી ૨,૦૦૦ વર્ષ પૂરા થશે, ત્યારે ભારેકર્મી કલ્કિ ૮૬ વર્ષની ઉંમરે ઇન્દ્ર દ્વારા મરાશે અને આ પછી એનો પુત્ર દત્ત એવું સુંદર ધર્મરાજ કરશે કે, ફરી જિનશાસનની જાહોજલાલી થશે.

— ● —

શ્રી મહાનિશીથ-સૂત્રના ૫મા અધ્યનનમાં એક પ્રશ્નોત્તર નીચે મુજબ ઉપલબ્ધ થાય છે :

ગૌતમ : ભગવાન્ ! શ્રીપ્રભ નામના અણગાર ક્યા સમયે થશે ?

શ્રી મહાવીર પરમાત્મા : ગૌતમ ! જે સમયે હીન લક્ષણવાળો, અદર્શનીય, રૌદ્ર-ઉગ્ર-ક્રોધી પ્રકૃતિવાળો, ઉગ્ર દંડ દેનારો, મર્યાદા અને દયાથી હિન, અતિ ક્રૂર અને પાપ-બુદ્ધિવાળો, અનાર્ય અને મિથ્યાદષ્ટિ એવો કલ્કિ નામનો રાજા થશે, જે પાપી ભિક્ષાને નિમિત્ત બનાવીને ય શ્રમણ સંઘની કદર્થના કરશે, એ વખતે પણ શીલસમૃદ્ધ તેમજ સત્ત્વવંત તપસ્વી સાધુઓ હશે, ઐરાવતગામી વજ્રપાણિ ઇન્દ્ર આવીને એમની સહાયતા કરશે. આ સમયે શ્રીપ્રભ નામના અણગાર થશે.

— ● —

મહાયાનિક બૌદ્ધોના "દિવ્યાવદાન" ગ્રંથના ૨૯માં અવદાનમાં પુષ્યમિત્ર અંગે નીચેના ભાવનો ઉલ્લેખ ઉપલબ્ધ થાય છે. એમાં એ ભાવનું લખાણ છે કે :

પુષ્યધર્માના પુત્ર પુષ્યમિત્રે એકવાર મંત્રીઓને પૂછ્યું કે, એવો કયો ઉપાય છે કે, જેથી મારું નામ અમર થઈ જાય ? મંત્રીઓએ કહ્યું કે, મહારાજ ! આપના પૂર્વજ પ્રિયદર્શી રાજવી અશોકે ૮૪,૦૦૦ ધર્મરાજિકાઓનું નિર્માણ કરીને એવી કીર્તિ ઉપાર્જન કરી કે, જે બુદ્ધના શાસન સુધી અમર રહેશે. આપ પણ આવું જ કંઈક કરો, તો આપનુંય નામ અમર બની જાય !

પુષ્યમિત્રે આ સાંભળીને કહ્યું કે, રાજા અશોક તો મહાન હતા, એથી આ સિવાય બીજો ઉપાય હોય તો બતાવો ! ત્યારે એક બ્રાહ્મણે કહ્યું કે, માણસનું નામ બે રીતે અમર રહી શકે છે. એક તો નિર્માણ કરવા દ્વારા, બીજું નાશ કરવા દ્વારા ! પુષ્યમિત્રને નાશનો માર્ગ ગમ્યો. એથી ચતુરંગ સેનાને સજ્જ કરવા પૂર્વક બુદ્ધવિહારોને નાશ કરવાનો નિર્ણય કરીને એ કર્કુટારામ તરફ ગયો. પણ ત્યાં પ્રવેશદ્વારમાં જ સિંહનાદ સાંભળીને એ ગભરાઈ ગયો અને પુનઃ પાટલિપુત્રમાં આવી ગયો. આ પછી બૌદ્ધ સાધુઓને બોલાવીને એણે કહ્યું : હું બુદ્ધ-શાસનનો નાશ કરવા કટિબદ્ધ બન્યો છું. એથી બેમાંથી એક ચીજ તમને સોંપવા માંગુ છું, બોલો, તમારે સ્તૂપો જોઈએ છે કે સંઘારામો ! બૌદ્ધ-ભિક્ષુઓએ સ્તૂપો પર પસંદગી ઉતારી, એથી પુષ્યમિત્રે સંઘારાયો અને ભિક્ષુઓનો નાશ કરવા માંડ્યો, એણે એવી ઘોષણા કરી કે, જે વ્યક્તિ શ્રમણનું માથું ઉતારીને મને આપશે, એને હું સો સોનામહોરો ઈનામમાં આપીશ !

આ ઘોષણા પછી ઘણા શ્રમણોનો શિરચ્છેદ થવા માંડ્યો અને ઘણી-ઘણી મૂર્તિઓના માથા ય ઉડવા માંડ્યા. આ સમયે દંષ્ટાવિનાશી યક્ષે વિચાર કર્યો કે, ભગવાનના શાસનનો નાશ થઈ રહ્યો છે, પરંતુ કોઈનુંય અપ્રિય નહિ કરવાના નિયમથી બદ્ધ હોઈને હું શી રીતે પુષ્યમિત્રને શિક્ષા કરી શકું ? હા, પરંતુ એક ઉપાય છે ! કૃમિસેન યક્ષ મારી પુત્રીને ક્યારનો માંગી રહ્યો છે, પરંતુ પાપી હોવાથી હું એને પુત્રી આપતો નથી. પણ બુદ્ધ ભગવાનના શાસનની રક્ષા કરવાનું વચન લઈને કૃમિસેનને જો હું પુત્રી આપું, તો શાસન રક્ષા થઈ શકે ! આમ વિચારીને દંષ્ટાવિનાશી યક્ષે પોતાની પુત્રી કૃમિસેનને આપી.

પુષ્યમિત્રને એક મોટા યક્ષની મદદ હતી. એથી એ યક્ષને ફરવાના બહાને લઈને દંષ્ટાવિનાશી યક્ષ પહાડો પર ચાલ્યો ગયો. આ તકનો લાભ લઈને કૃમિસેન યક્ષ એક પહાડ ઉઠાવીને લઈ આવ્યો. અને મુનિહંતા પુષ્યમિત્ર પર એ પહાડનો પાત કરીને સેના સાથે એના

ભુક્કેભુક્કા બોલાવી દીધાં. પુષ્યમિત્રના નાશથી આમ, મૌર્ય-વંશનો અંત આવ્યો.

— ● —

કલ્કિ અંગે પુરાણો શું જણાવે છે, એ પણ ટૂંકમાં જરા જોઈ લઈએ. પુરાણોમાં કલ્કિનો "અવતાર" તરીકેનો મહિમા આ મુજબ ગવાયો છે :

જ્યારે કલિયુગ પૂરો થવા આવશે, ત્યારે ધર્મના ત્રાણ માટે શંભલ ગામના અગ્રણી-બ્રાહ્મણ વિષ્ણુયક્ષને ત્યાં ભગવાન વિષ્ણુ કલ્કિના રૂપમાં અવતાર લેશે. કલ્કિ દેવદત્ત નામના અશ્વ ઉપર સવાર થઈને તલવારના જોરે દુષ્ટ અને રાજવેશમાં છુપાયેલા ચોર-લૂંટારાઓનો નાશ કરશે. તદુપરાંત બધા મ્લેચ્છો, અધર્મીઓ અને પાખંડીઓનો પણ નાશ કરીને કલ્કિ ધર્મનું રક્ષણ કરશે. કલ્કિથી હણાયેલા મ્લેચ્છો, અધર્મીઓ અને પાખંડીઓ સર્વનાશ પામશે.

આ જાતના પૌરાણિક અને જૈનશાસ્ત્રીય વર્ણનો દ્વારા એવું એક અનુમાન ચોક્કસ કરી શકાય કે, બંને વર્ણનો એક જ વ્યક્તિ સાથે સંબંધિત હોઈ શકે છે. પુરાણકારો કલ્કિનો જન્મ કલિયુગના અંત સમયે શંભલ-ગામમાં સૂચવે છે, જ્યારે જૈનશાસ્ત્રો ૨૦મી સદીમાં પાટલિપુત્રમાં કલ્કિનો જન્મ જણાવે છે. આમ બંને વર્ણનોમાં સ્થળ ને કાળનો ભેદ સ્પષ્ટ છે. છતાં બંનેનો કલ્કિ એક હોવાની સંભાવના નકારી શકાય એવી નથી. આ વર્ણનો વચ્ચે જે એક મહત્ત્વનો ભેદ છે, એ પણ ઉકેલી શકાય એવો છે.

પુરાણો કલ્કિને અવતાર તરીકે આવકારે છે. જ્યારે જૈન-શાસ્ત્રો કલ્કિને એક કલંક તરીકે ઓળખાવે છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માના ધર્મશાસન પછી વૈદિક યજ્ઞયાગો ઓછા થઈ જતા અને આ પછીના મોટા ભાગના રાજાઓ જૈનશાસનના પ્રભાવક થતા, વૈદિક-સંસ્કૃતિનાં તેજ ઝાંખા પડી જાય, એ સહજ હતું. આવા અવસરે પુષ્યમિત્રને માધ્યમ બનાવીને લાંબા સમયથી રાજ્યાશ્રયને ઝંખતી વૈદિક-વિચારધારા પુનઃ વિકાસ સાધવા તલવાર તાણીને મેદાને પડે અને

પુષ્યમિત્રને વૈદિક સંસ્કૃતિના પુનરુદ્ધારક તરીકેનું માન આપે, એ સમજી શકાય એમ છે. આગળ જતાં પુષ્યમિત્ર તરફની આવી પૂજ્ય-ભાવના, અવતાર તરીકેની કલ્પના જન્માવી ગઈ હોય. આમ, કલ્કિનું પૌરાણિક-વર્ણન એક સત્ય ઘટનાનો થોડીક કલ્પના મિશ્રિત ઇતિહાસ હોવાની પૂરી શક્યતા છે.

જૈન વર્ણનોમાંની કેટલીય વાતોને તો ઐતિહાસિક પ્રમાણોથી પુષ્ટિ મળે છે, ગંગા અને શોણ નદીના પ્રલયંકર પૂરથી પાટલિપુત્ર નામશેષ થઈ જવાની ઘટના સત્ય જણાય છે. કારણ કે મગધસમ્રાટ ચંદ્રગુપ્તના દરબારમાં ભાગ લેનારા ગ્રીક વકીલ મેગાસ્થનીજે "ટા ઇન્ડિકા" નામના પુસ્તકમાં તત્કાલીન પાટલિપુત્રનું જે વર્ણન આપ્યું છે, અને અત્યારે જ્યાં જે રીતે પાટલિપુત્ર વસેલું જણાય છે, એથી પણ એમ અનુમાન થઈ શકે કે, મેગાસ્થનીજ દ્વારા વર્ણિત પાટલિપુત્ર કોઈ વિશેષ ઘટનાને કારણે નામશેષ બની ગયું હોવું જોઈએ અને ચંદ્રગુપ્ત કાલીન પાટલિપુત્રના નાશને નોતરનારી ઘટના, કલ્કિના કાળમાં વર્ણિત ગંગાનો જલપ્રલય હોઈ શકે છે.

કલ્કિ સંબંધી જૈન-વર્ણનોમાં અત્યંત ધ્યાન ખેંચનારી અને પુષ્યમિત્રમાં કલ્કિની સંભાવનાને દૃઢ કરનારી એક વાત એ છે કે, કલ્કિ નંદ-કારિત સ્તૂપોને જુવે છે અને નંદની સમૃદ્ધિનું વર્ણન સાંભળે છે ! આથી એવું અનુમાન અવશ્ય બાંધી શકાય કે, કલ્કિ સંબંધી ઘટના નવનંદોની પછી પરંતુ નંદો દ્વારા બનાવાયેલા સ્થાપત્ય-સ્તૂપોના અસ્તિત્વ-કાળમાં જ ઘટી ગઈ હોવી જોઈએ. અને આ ઘટનાકાળ જો વીરનિર્વાણથી ૩૭૫ વર્ષ પછીનો માનવામાં આવે, તો એ સમય પુષ્યમિત્રનો સમય જ હોઈ શકે.

પુરાણકારો સ્પષ્ટ કહે છે કે, કલ્કિ પાખંડીઓનો એટલે કે અન્ય દાર્શનિક સાધુઓનો નાશ કરશે ! જૈનશાસ્ત્રો પણ કહે છે કે, કલ્કિ બળાત્કારે જૈન સાધુઓના વેશ છીનવી લેશે ! બૌદ્ધ-ગ્રંથોનો પોકાર પણ આવો જ છે કે, પુષ્યમિત્રે બૌદ્ધધર્મને નષ્ટ કરવાનો સંકલ્પ કરીને

બૌદ્ધ-મઠો અને ભિક્ષુઓનો નાશ કર્યો. આમ આ ત્રણે ગ્રંથોના ભિન્ન-ભિન્ન છતાં એકસરખાં જ બનાવોને પ્રતિપાદન કરનારા વર્ણનોના આધારે-એવું અનુમાન બાંધી શકાય કે, પૌરાણિકોનો કલ્કિ અવતાર જૈનોનો કલ્કિરાજા અને બૌદ્ધોનો પુષ્યમિત્ર આ ત્રણે એક જ વ્યક્તિના જુદા-જુદા નામો હોઈ શકે છે.

પુષ્યમિત્ર અને કલ્કિમાં બીજી પણ એક સમાનતા જોવા મળે છે. પુષ્યમિત્રે બે વાર વિપ્લવ મચાવ્યો હતો. એથી મહામેઘવાહન ખારવેલને બે વાર મગધના વિજય માટે યુદ્ધ પ્રયાણ કરવું અનિવાર્ય બન્યું હતું. પુષ્યમિત્ર જૈન ધર્મનો કટ્ટર-વિરોધી હતો, જ્યારે મહારાજા ખારવેલ જૈન ધર્મના પરમ ઉપાસક હતા. આથી પુષ્યમિત્રની પાશવી પકડમાંથી જૈન શ્રમણોનું રક્ષણ કરવાનું કર્તવ્ય એમણે અદા કર્યું હતું.

જૈન ગ્રંથકારો કલ્કિ અંગે લખે છે કે, દક્ષિણ લોકના સ્વામી ઇન્દ્ર આવીને કલ્કિને સજા કરશે ! આ લખાણમાંથી પણ ઇન્દ્ર તરીકે ખારવેલનો સંકેત અનુમાનિત થઈ શકે છે. કારણ કે ત્યારે ખારવેલ જૈન શાસનમાં મોટી પ્રતિષ્ઠા પામી ચૂક્યા હતા. "મહામેઘવાહન" એમનું એક ખાસ પ્રચલિત વિશેષણ હતું. આના પરથી ઇન્દ્રની જેમ ખારવેલની હાથી પરની સવારીનો સંકેત મેળવી શકાય. બીજું મગધથી કલિંગ દેશ લગભગ દક્ષિણ દિશામાં હોવાથી "દક્ષિણલોકના સ્વામી અને ઐરાવતગામી" આ જાતની ઇન્દ્ર માટે અપાયેલી ઓળખાણ મહારાજા ખારવેલનેય લાગુ પડી શકે છે.

આમ, આ બધા સાદૃશ્યોના આધારે, તત્ત્વં તું કેવલિગમ્યં આ શ્રદ્ધાથી જરાય વિચલિત બન્યા વિના એક એવી સંભાવના-કલ્પના થઈ શકે છે કે, જૈનોનો કલ્કિ પુષ્યમિત્ર સંભવી શકે અને એને સજા કરવા આવનાર ઇન્દ્ર કલિંગચક્રવર્તી મહામેઘવાહન ખારવેલ હોઈ શકે !

શ્રી વ્યવહાર-સૂત્રના છટ્ઠા ઉદ્દેશાની ચૂર્ણિમા એક એવું વાક્ય ઉપલબ્ધ થાય છે કે :

मुड्डिवतो आयरितो सुहज्झाणो तस्स पूसमित्तेणं झाणं-विग्घं कतं ।

અર્થાત્ મુડ્વિત નામના શુભધ્યાની આચાર્ય હતા, એમના ધ્યાનનો પુષ્યમિત્રે ભંગ કર્યો.

જો આ મુડ્વિત-આચાર્ય જ તિત્થોગાલી પઈન્નયમાં વર્ણિત પાડિવત-આચાર્ય હોય, તો તો ઉપરોક્ત અનુમાનો-કલ્પનાઓને આગમ પ્રમાણનો પણ ટેકો મળ્યો ગણાય ! અને તો મહારાજા ખારવેલનું સ્થાન-માન જૈન શાસન માટે કોઈ અનેરું ગૌરવપ્રદ બની રહે !

— ● —

પૂ.પં.શ્રી કલ્યાણવિજયજી ગણિવર દ્વારા લિખિત **"વીર નિર્વાણ સંવત ઔર જૈન કાલગણને"** પુસ્તકના પેજ ૩૪થી ૫૦ પર શબ્દસ્થ બનેલ વિચારધારાનો મુખ્ય આધાર બનાવીને **"અનુમાનના ઓવારેથી એક અવલોકન"** નામક આ અંતિમ પ્રકરણ લખવામાં આવ્યું છે. એથી "તત્ત્વં તુ કેવલિગમ્યં" ગણીને આની સંપૂર્ણ-સત્યતા અંગે કોઈ પ્રબળ પ્રમાણ અને પુરાવા અંગે પ્રતીક્ષા કરવી જ રહી.

**સંપૂર્ણ**

## પરિશિષ્ટ

**"કલિંગ ચક્રવર્તી મહારાજા ખારવેલ"** આ કથાલેખનમાં "કલિંગનું યુદ્ધ અને મહામેઘવાહન મહારાજા ખારવેલ" આ નામનું પુસ્તક ઠીક ઠીક ઉપયોગી બન્યું છે. આના લેખક જાણીતા-માનીતા શ્રી સુશીલ હતા. તેઓ એક અચ્છા ઈતિહાસ લેખક પણ હતા. આ પુસ્તક જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી ઈ.સ. ૧૯૩૮માં પ્રકાશિત થયું હતું. શ્રી સુશીલ-લિખિત આ પુસ્તકમાંથી શિલાલેખનું વિવરણાત્મક પરિશિષ્ટ લગભગ અક્ષરશઃ અહીં એટલા માટે જ સાભાર મુદ્રિત કરવામાં આવ્યું છે કે, જેથી ખરા અર્થમાં વાચકો ખારવેલનો વધુ પરિચય પામી શકે, અને કથામાં વર્ણિત પ્રસંગોના મૂળાધાર-મૌલિક આધારનો સાક્ષાત્કાર કરી શકે.



# કલિંગ-ચક્રવર્તી મહારાજા ખારવેલ

## (શિલાલેખનું વિવરણ)

(લે. સ્વ. વિદ્યામહોદધિ કાશીપ્રસાદ જાયસ્વાલ એમ.એ.)

હિંદુ-ઈતિહાસનો પુનરૂદ્ધાર એક આશ્ચર્યજનક વસ્તુ છે. ગુપ્ત રાજાઓની વિગતો કોણ જાણતું હતું ? ચંદ્રગુપ્ત મૌર્યની કીર્તિ વિશાખાદત્તના સમય સુધી અને શૃંગ ભારતેશ્વરોની કહાણી કાલિદાસના સમય સુધી જીવંત રહી શકી, પણ એ પછીના ગ્રંથો દ્વારા આપણે આજે એમને ઓળખતા થયા છીએ. પરંતુ સમુદ્રગુપ્ત, કર્ણ કલચૂરી અને ખારવેલ-કે જે ચંદ્રગુપ્ત મૌર્ય તથા નેપોલિયન કરતાં જરાય ઓછો કે ઉતરતો ન હતો, એટલું જ નહિ બલકે એમના કરતાં કોઈ કોઈ અંશે ચડીયાતો હતો, તેનું નામ-નિશાન પણ આપણા ગ્રંથભંડારમાં નથી. એનો ઈતિહાસ, એના વખતમાં લખાયેલા સમસામયિક લેખ,

પથ્થર યા તો તામ્રપત્ર ઉપર અંકાયેલી પ્રશસ્તિઓ અથવા તો ચરિત્ર ઉપરથી જ તારવી શકાય છે. શિલાલેખ અને દાનપત્ર ઉપરથી ઈતિહાસના અંશો એકઠા કરવા, એ પુરાતત્ત્વ-સંશોધકોની પુરાણી પરંપરા છે. રાજતરંગિણિકાર કલ્હણે કાશ્મીરનો ઈતિહાસ રચવામાં આ જે સાધનનો ઉપયોગ કર્યો હતો. કલ્હણ પોતે એ વાત કબૂલ કરે છે. જૂના હિન્દુ રાજાઓ અને જૂના પંડિતો એ પરંપરાના પૂરા જાણકાર હોવા જોઈએ. એમ ન હોય તો ભૂમિદાન, કુંભદાન જેવા બહુ સામાન્ય અવસરે તેઓ લાંબા-લાંબા ચરિત્રો તથા રાજવહીવટની વિગતો શા સારું વર્ણવે ? મંદિરોના શિખરો નીચે અથવા અસ્થિઓની સાથે સ્તૂપના તળિયે લેખને ભંડારી દેવાનું એમને કેમ સૂઝે ? ઈતિહાસને લાંબી જિંદગી આપવાની એ એક કરામત હતી. અશોક તો સ્પષ્ટ શબ્દોમાં કબૂલ કરે છે કે, "દીર્ઘાયુષી બનાવવા ચિરસ્થિતિને સારું" લેખોને પથ્થર ઉપર કોતરાવ્યા છે.

શિલાલેખ વગેરેમાં, તેઓ વૃત્તાંત તથા ચરિત્રોને લગભગ ઈતિહાસ-દૃષ્ટિએ આલેખતા. જૂની તેમ નવી વાતોને ટૂંકમાં, કાવ્યરૂપે નહિ, તથ્ય સ્વરૂપે, કહી નાખતા. ડૉ. ફલીટ આપણા શિલાલેખો-તામ્રલેખો વગેરેનું અવલોકન કરીને અભિપ્રાય આપે છે કે જૂના જમાનાના હિંદુઓમાં પણ ઈતિહાસ લખવાની કુશળતા હતી એમ આથી પુરવાર થાય છે. પૌરાણિક વાતો તથા કાવ્ય વર્ણનો કરતાં આવા લેખોની શૈલી કંઈક અનોખી છે. એ લેખોની રૂઢી અને પદ્ધતિ દસ્તાવેજી હોય છે. એમાં તેઓ પૂરું નામ-ઠેકાણું તો આપે છે જ, પણ પૂર્વજોની વંશાવળી, મિતિ, વાર, સંવત અને સાથે સાથે નાના-મોટાં કારણોની કેફીયત પણ રજૂ કરે છે.

આવા જેટલા જેટલા લેખો આજ સુધીમાં મળ્યા છે, તેમાં કલિંગના ચક્રવર્તી રાજા ખારવેલનો લેખ, જે હાથીગુફા-લેખના નામથી પ્રસિદ્ધ છે, તે અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. મૌર્યોના નાના નાના લેખોને એક બાજુ રાખી મૂકીએ તો માત્ર મહારાજા અશોકનો "ધર્મલિપિ" શિલાલેખ એના કરતાં જૂનો છે, છતાં ઐતિહાસિક ઘટનાઓ અને જીવનચરિત્રને

પથ્થરના ક્લેવર ઉપર કોરી કાઢનારો, ભારતવર્ષનો આ સૌથી જૂનો-પહેલવહેલો શિલાલેખ છે.

ઓરીસા (ઉત્કલ)ના ભુવનેશ્વર તીર્થ નજીક ખંડગિરિ, ઉદયગિરિ પર્વત ઉપરની એક પહોળી ગુફાને મથાળે તે લેખ કોતરાવેલો છે. પહાડને ચીરીને ઓસરીવાળા કેટલાક મકાનો, જૈન મંદિર તથા જૈન સાધુઓને માટે મઠ જેવા ગુફા-ગૃહો અહીં પ્રાચીન કાળમાં બનેલા છે. પહાડમાંથી કોરી કાઢેલો એવો જ એક મહેલ પણ છે. એ મકાનો પૈકીનાં કેટલાક ઉપર વિક્રમ સંવતના આરંભ પહેલા ૨૦૦ વર્ષે લખાયેલા લેખો છે. એ લેખો સંસ્કૃત અક્ષર-જેને બ્રાહ્મી લિપિ કહેવામાં આવે છે-તેમાં પ્રાકૃત ભાષાની અંદર કોરેલા છે. એ સૌને "ગુંફા" અર્થાત્ ગુફા જ કહેવામાં આવે છે. આવી એક બે માળવાળી ગુફા, (ખરું જોતા તો મકાન) ખારવેલની પટરાણીએ બનાવડાવી છે. એને એ લોકો "પ્રાસાદ"ના નામથી ઓળખતા. મહારાણીએ એ ગુફા "સરમણો" (શ્રવણો)ને માટે બનાવડાવી હતી. એમાં રાણીના પિતાનું નામ છે તેમ પતિ ખારવેલનું નામ પણ છે. ખારવેલને એ લેખમાં "કલિંગ ચક્રવર્તી" કહ્યો છે. હાથી ગુફાવાળા લેખમાં જે ઇતિહાસ આપ્યો છે, તે જોતાં તો મહારાજા ખારવેલ ખરેખર ચક્રવર્તી જ હતા એમ સિદ્ધ થાય છે. એથી જ તો મેં અંગ્રેજીમાં એને Emperor કહ્યો છે. પુરાવિદ્ ડૉ. વિન્સેંટ સ્મિથે પણ એ વાત મંજૂર રાખી છે.

હાથીગુફા નામ તો આધુનિક છે એ ગુફા કારીગરીવાળી હોવા છતાં કઢંગી લાગે છે. ઘણું કરીને ખારવેલ પહેલાં એ હશે, અને કોઈ પણ કારણે લોકોમાં ખ્યાતિ તેમજ પ્રતિષ્ઠા મેળવી ચૂકી હશે. તેથી ખારવેલે એની ઉપર આ લાંબો-પહોળો લેખ ખોદાવ્યો હશે. એ લેખ ઘણે ઠેકાણે ઘસાઈ ગયો છે. કેટલીક પંક્તિઓના આરંભના બાર અક્ષર, પથ્થરની પોપડી સાથે ઉખડી ગયા છે. સતત પાણીના મારાને લીધે કેટલાક ઠેકાણે અક્ષરો ઉડી જવા પામ્યા છે. કોઈ-કોઈ અક્ષરના ઘાટ, ઘસારાને અંગે એવા બદલાઈ ગયા છે કે, વાચકને ભ્રમ થયા વિના ન રહે. ટાંકણાથી કોતરેલો ભાગ કેટલો છે અને પાણી તથા બીજાં કારણે

ઘસાયેલો ભાગ કેટલો છે તે કળી શકાતું નથી. કાળ પથ્થરને પણ ખાઈ ગયો છે અને એને લીધે મોટી ભ્રમજાળ ઉભી થવા પામી છે. અવતારી પુરુષોની કીર્તિ પણ જાણે કે કાળથી સાંખી શકાતી નથી ! ખારવેલના ઈતિહાસની પણ એવી જ અવદશા થઈ છે. આશ્ચર્ય અને આનંદની વાત તો એટલી જ છે કે બે-બે હજાર વર્ષ પછી પણ ગમે તેમ કરીને એ શિલા ટકી રહી છે અને સરસ્વતીના ઉપાસકોની તનતોડ મહેનતને પ્રતાપે એ પથ્થરના મૂંગા વેણ પણ કંઈક સમજાયા છે. સદા મૌન રહેવાના સ્વભાવવાળો કાળ-બ્રહ્મ પણ બે શબ્દો બોલી નાખે છે.

ઈતિહાસ સંશોધકોને ઓછામાં ઓછા ૧૦૦ વર્ષથી આ લેખની ખબર હતી. પણ ઈ.સ. ૧૯૧૭ પહેલાં એ લેખ પૂરો વાંચી શકાતો નહિ. પાદરી સ્ટર્લિંગે સન ૧૮૨૫ માં એની ચર્ચા છેડી. પ્રિન્સેસ, જેણે પહેલવહેલા બ્રાહ્મી અક્ષરો એક સિક્કાની સહાયથી, (જે સિક્કાની ઉપર ગ્રીક અથવા યુનાની અને બ્રાહ્મી અક્ષરોમાં છપાયેલાં નામ હતા.) વાંચ્યા હતા, તેણે આ લેખ અગડંબગડં ઉકેલ્યો અને એવો જ અર્થ પણ બેસાડ્યો. તે પછી ડૉક્ટર રાજા રાજેન્દ્રલાલે ૧૮૮૦માં બીજીવાર પાઠ તથા તેનો અર્થ છપાવ્યો. અત્યાર સુધી રાજાનું નામ પણ પૂરું ઉકેલી શકાયું નહોતું. જનરલ કનિંગહોમે ખૂબ મહેનત કરીને, સન ૧૮૭૭માં એક પાઠ તૈયાર કર્યો. પણ એમાં એને સફળતા ન લાધી. સન ૧૮૮૫માં ડૉક્ટર પંડિત ભગવાનલાલ ઈંદ્રજીએ પહેલવહેલી વાર એક એવો પાઠ પ્રકાશિત કર્યો કે, જેથી લોકોને એ લેખનું મહત્ત્વ થોડું ઘણું સમજાયું. અત્યારલગી એ લેખની એકે પ્રતિકૃતિ નહોતી બહાર પડી. માત્ર આંખથી જોઈ-જોઈને એની નકલ ઉતારેલી. એ વખતે એમ મનાતું કે કાગળ દબાવવાથી એ લેખની છાપ બરાબર ન ઉઠે. લેખનો ઘણો ભાગ વાંચી શકાતો નહોતો અને જે વાંચી શકાતો હતો, તેમાં પણ ભૂલો રહેતી.

૧૯૧૩માં મેં મારા સાહિત્યસખા શ્રીયુત રાખાલદાસ બેનરજી પાસે એની એક પંક્તિ વંચાવી જોઈ. એ સંબંધી ચર્ચા પણ મેં મારા એક રાજ્યકાળ નિર્ણય સંબંધી લેખમાં કરી. આ ચર્ચા વાંચી પ્રસિદ્ધ ઈતિહાસશાસ્ત્રી વિસેન્ટ સ્મિથે મને પૂરેપૂરો લેખ વાંચી જવા તથા છાપવા

ભલામણ કરી. બેનર્જી સાહેબને પણ એમણે એ મતલબનો બીજો એક પત્ર લખ્યો. પટણા આવ્યા પછી અને પટણામાં એક અનુસંધાન સમિતિ નીમાયા પછી મેં બિહારના લાટસાહેબ સર એડવર્ડ ગેટને કહ્યું કે, હાથી ગુફાવાળા લેખની છાપ ગમે તેમ કરીને પણ મેળવવી જોઈએ. સર એડવર્ડના લખવાથી પુરાતત્ત્વ વિભાગના પંડિત રાખાલદાસ બેનર્જી ખંડગિરિ ગયા. એમણે પોતે મારા એક શિષ્ય ચિ. ડૉ. કાલિદાસ નાગની મદદથી એ છાપ ઘણી મહેનતે તૈયાર કરી. બેમાંથી એક મને મોકલી અને બીજી ડૉ. ટોમ્સ (લંડન)ને રવાના કરી. કેટલાય મહિનાના રાત-દિવસના એકધારા પ્રયત્ન, ચિંતન અને મનનને અંતે મેં એ લેખનો પાઠ અને અર્થ બેસાડી, બિહાર-ઓરિસાની રિસર્ચ સોસાયટી તરફથી પ્રકટ થતી પત્રિકામાં ૧૯૧૭માં પ્રકટ કર્યો. છાપના પ્લેટ ચિત્ર પણ પ્રસિદ્ધ કર્યાં. એ પહેલાં એના છાપચિત્ર ક્યાંય બહાર નહોતાં આવ્યાં. યુરોપના ઐતિહાસિક પંડિતોએ તથા પ્રોફેસર લૈનમેન-અમેરિકાવાળાએ અને રાય હીરાલાલ બહાદુરે, શિલાલેખના પાઠ તથા વ્યાખ્યા વિશે ખૂબ ચર્ચા કરી મારા પ્રયત્ન ઉપર પ્રતિષ્ઠાની મહોર આંકી દીધી.

તે દરમિયાન એક જ વર્ષની અંદર મેં પોતે ખંડગિરિ જઈને, પહાડી-ગુફા ઉપર પાલખ બાંધીને, નિરાંતે બેસીને લેખનો અક્ષરે અક્ષર ફરીવાર વાંચ્યો અને બીજીવાર સુધારા-વધારા સાથે, સંસ્કૃત-છાપ સહિત, સંશોધિત કરેલો પાઠ, બિહાર-ઓરિસાની પત્રિકામાં ચોથા પુસ્તકમાં, પ્રકાશિત કર્યો. આટલું છતાં શંકાઓ તો રહી જ હતી. એ શંકાઓ દૂર કરવા, આખા લેખનું એક બીજું વિલાયતી માટીમાં પ્લાસ્ટર ઑફ પેરિસ રૂપે ઢાળવા મેં સરકારને અરજ કરી. બીબું તૈયાર થાય તો હેઠે હૈયે પાઠ વાંચી શકાય. આવું બીબું તૈયાર થાય તે પહેલાં મને લાગ્યું કે, બીજા કોઈ લિપિનો જાણકાર, પહાડ ઉપર ચઢીને, મારા નવા પાઠને એકવાર સરખાવી જુએ, તો બહુ ઠીક થાય. મારી છાપમાં ઘણા અક્ષરો નહોતા આવી શક્યા.

મારી અરજ સરકારે સાંભળી. શ્રી રાખાલદાસ બેનરજી, જેઓ ભારતના સર્વશ્રેષ્ઠ સરકારી લિપિજ્ઞ તરીકે પંકાયેલા હતા. તેમને ખંડગિરિ જવાનો હુકમ થયો. સન ૧૯૧૯માં અમે બંને જણા ત્યાં પહોંચ્યા. બંનેએ

મળીને પાઠ ફરી એકવાર તપાસી જોયો. આ વખતે મને ખારવેલના સમકાલીન એક યુનાની રાજાનો નામોલ્લેખ મળી આવ્યો. આ બધી ધમાલ દરમિયાન, મેં જે માટીનું બીબું માંગ્યુ હતું તે પણ મળી ગયું. અને તેની સાથે કાગળ ઉપર આંકેલી થોડી છાપો સુદ્ધાં આવી ગઈ.

૧૯૨૪માં મેં અને શ્રી રાખાલદાસે સાથે મળીને, ઉપરોક્ત છાપ સાથે મારો પાઠ સરખાવી જોયો. જ્યાં જ્યાં મતભેદ હતા તેનું પણ સમાધાન કરી લીધું. આ મહેનતનું પરિણામ, બીજાં કેટલાક કામકાજને અંગે તરતમાં પ્રસિદ્ધ ન થઈ શક્યું.

૧૯૨૭માં એ પ્રકટ કરતાં પહેલાં બીબાની અને કાગજી છાપની ફરી પુનરાવૃત્તિ કરી જોઈ. ૧૯૨૭ના ડિસેમ્બર મહિનામાં એ પાઠ બિહારની પત્રિકામાં છપાવ્યો. છાપનું ચિત્ર પણ પ્રકટ કર્યું. એ રીતે ૧૦ વર્ષ પછી એ કામ માંડમાંડ પૂરું થઈ શક્યું.

પં. નાથુરામ, મુનિ જિનવિજયજી વગેરે જૈન પંડિતોએ એવી સૂચના કરી કે આ લેખ તથા તેની વ્યાખ્યા મારે હિન્દીમાં છપાવવી જોઈએ. કોઈ કોઈ વિશ્વવિદ્યાલયમાં, આ શિલાલેખવાળો મારો પાઠ, શિલાલેખ શીખવવાના પાઠ્યક્રમમાં સ્વીકારાયો હતો, તેથી જૈન પંડિતોની આજ્ઞા માથે ચઢાવીને, તેમજ વિદ્યાર્થીઓને સરળતા મળે એવા હેતુથી કાશીની નાગરીપ્રચારિણી સભાની પત્રિકા માટે એક લેખ તૈયાર કર્યો. જૈન તથા બીજા વિદ્વાનો મારી ભૂલો સુધારશે અને મને સૂચના આપશે એવી મેં ઉમેદ રાખી.

શિલાલેખનો ઉકેલ બહુ કઠિન વસ્તુ છે. પથ્થર ઘસાઈ જવાથી, કાળના પ્રહારોનો ભોગ બનવાથી કઠણાઈ પાર વગરની વધી પડી છે. કોઈપણ પ્રકારે મૂળ હકીકત ઉપર પ્રકાશ પડવો જોઈએ. એજ મારી એકમાત્ર આકાંક્ષા છે.

## —: શિલાલેખનું મહત્ત્વ અને મુખ્ય હકીકતો :—

આ શિલાલેખ એટલો બધો મહત્ત્વનો છે કે વિન્સેંટ સ્મિથે, ભારત વર્ષનો જે ઇતિહાસ લખ્યો હતો, તેમાં સંપાદકને લખવું પડ્યું કે આ લેખ બહાર આવ્યા પછીએ ગ્રંથનું નવું સંસ્કરણ કરવું પડ્યું.

આજ પર્યંત મળી આવેલા શિલાલેખોમાં આ લેખ જૈન ધર્મના સંબંધમાં સૌથી પ્રાચીન છે. આ લેખ ઉપરથી આપણે એટલું જાણી શકીએ છીએ કે, પાટલીપુત્રના નંદોના સમયમાં ઉત્કલ અથવા કલિંગ દેશમાં જૈન ધર્મનો પ્રચાર હતો અને જિનની મૂર્તિઓ પૂજાતી હતી. કલિંગ-જિન નામની મૂર્તિ નંદરાજા ઓરીસામાંથી ઉપાડી ગયો હતો. ત્યારબાદ જ્યારે ખારવેલે મગધ ઉપર ચઢાઈ કરી ત્યારે સૈકાઓ વીત્યા પછી, એનો બદલો લીધો-જિનમૂર્તિ પાછી કલિંગમાં આવી. અંગ-મગધની રાજઋદ્ધિ પણ તેણે ઘણીખરી કલિંગ ભેગી કરી વાળી.

નંદો તો મગધમાં ઘણા થયા છે. એક નંદે પોતાનો સંવત ચલાવ્યો હતો. અલબેરૂનીએ ઈ.સ. ૧૦૩૦ની આસપાસ એવો સંવત મથુરામાં ચાલતો સાંભળ્યો હતો. એક શિલાલેખમાં ચાલુક્ય વિક્રમાદિત્ય છઠ્ઠાએ ઈ.સ. ૧૦૭૦માં નંદ સંવતનો ઉલ્લેખ કર્યો છે. વિક્રમ સંવતમાં ૪૦૦ ઉમેરવાથી નંદ સંવત નીકળી આવે છે. મહાપદ્મ-મહાનંદ વગેરે પહેલાં જે નંદવર્ધન નામનો પહેલો નંદ થયો, તેનો જ સમય છે એથી સૂચવાય છે. ખારવેલના આ લેખમાં પણ નંદસંવત વ્યવહારાયો છે.

નંદ સંવતના ૧૦૩ના વર્ષમાં એક નહેર ખોદાયાનું એમાં કહ્યું છે. આ નહેરને વધુ આગળ ખોદાવી ખારવેલે કલિંગની રાજધાની સુધી પહોંચાડી દીધી હતી. જેના નામનો સંવત પ્રવર્ત્યો એ નંદરાજ, ખારવેલના લેખનો નંદરાજ છે એ સહેજે સમજી શકાય છે. બે ઠેકાણે એનો ઈશારો મળે છે : એક તો સંવતના વિષયમાં અને બીજી વાર કલિંગ-જિનની મૂર્તિને મગધમાં ઉઠાવી ગયો તે અંગે. નંદરાજા પણ જૈન હોય એમ લાગે છે. નહીંતર એ જિન-મૂર્તિ કેમ લઈ જાય ?

ઈ.સ. પૂર્વે ૪૫૮ વર્ષ પહેલાના સમયમાં વિક્રમ સંવત ૪૦૦ વર્ષ પૂર્વે ઓરીસામાં જૈન ધર્મનો એટલો બધો પ્રચાર હતો કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ ૭૫ વર્ષ બાદ ત્યાં જિનમૂર્તિઓનો પ્રચાર થઈ ગયો. જૈન સૂત્રોમાં લખ્યું છે કે ભગવાન મહાવીરસ્વામી ઓરીસામાં વિહર્યા હતા. ભગવાન મહાવીરના પિતાના એક મિત્ર ત્યાં રાજ્ય કરતા હોવાનું પણ કહ્યું છે.

આ શિલાલેખમાં પણ કહ્યું છે કે કુમારી પર્વત ખંડગિરિ ઉપર, જ્યાં આ લેખ છે ત્યાં ધર્મવિજયનું ચક્ર પ્રવર્ત્યું હતું. એનો અર્થ છે કે ભગવાન મહાવીરે પોતે ત્યાં ધર્મનો ઉપદેશ કર્યો હતો, અથવા તો એમની પહેલાં કોઈ એક તીર્થંકરે એવો પ્રચાર કર્યો હશે. એજ પર્વત ઉપર એક કાયનિષીદી અર્થાત્ જૈન સ્તૂપ હતો. જે સ્તૂપની અંદર કોઈ એક અર્હતનાં અસ્થિ સચવાયાં હતાં.

આ પર્વત ઉપર અનેક ગુફાઓ અને મંદિરો છે. પાર્શ્વનાથનાં ચિહ્ન અને એમની પાદુકાઓ પણ છે. બ્રાહ્મી અક્ષરોમાં કોતરેલા કેટલાક લેખ ખારવેલ અથવા તો એનાં પહેલાંના સમયનાં છે. જૈન સાધુઓ ત્યાં રહેતા એ હકીકતનો એમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. આથી આટલું તો બરાબર સિદ્ધ થાય છે કે, આ સ્થાન એક જૈન તીર્થ છે અને તે પણ બહુ પુરાતન છે. મરાઠાઓના રાજકાળમાં પણ જૈનોએ અહીં એક નવું મંદિર બંધાવ્યું હતું. યાત્રિકોએ બનાવેલા ઘણા-ખરા નાના-નાના સ્તૂપ યા તો ચૈત્ય અહીં એક ઠેકાણે આવેલાં છે-જેને લોકો દેવસભા કહે છે.

ખારવેલે મગધ ઉપર બે વાર આક્રમણ કર્યું. એક વાર ગોરખગિરિનો પહાડી કિલ્લો જે આજે "બરાબર"નો પહાડ કહેવાય છે, તે સર કર્યો અને રાજગૃહને ઘેરી લીધું. એજ વખતે યવન રાજા દિમિત પટણા અથવા ગયાની તરફ માર માર કરતો ધસી આવતો હતો. ખારવેલની લડાયક તાકાતની વાત એના સાંભળવામાં આવી અને ત્યાંથી તે પાછે પગલે નાઠો. મથુરા પણ બચી ગયું. બીજી વાર ખારવેલે મગધરાજ બૃહસ્પતિમિત્રને પોતાના પગ પાસે નમાવ્યો. આ વખતે તે પાટલીપુત્રના સુગાંગેય મહેલ સુધી હાથીઓની સવારી સાથે પહોંચી ગયો હતો.

યવનરાજની ચઢાઈવાળી વાત પતંજલિએ પણ કહી છે : अरुणद् यवनः साकेतं અને ગાર્ગીસંહિતામાં પણ લખ્યું છે કે દુષ્ટ, ભયંકર યવન મથુરા-સાકેતને સર કરતો પટણા (કુસુમધ્વજ) તરફ જશે અને લોકોને થથરાવી મૂકશે. આ શિલાલેખ ઉપરથી હવે આટલું સમજાય છે કે, એ

યવનરાજ દિમિત જ હોવો જોઈએ. યુનાની ઇતિહાસકારો કહે છે તેમ તે હિંદુસ્તાન છોડીને બલ્ખ (બેકટ્રિયા) તરફ પાછો ચાલ્યો ગયો હતો : पुष्यमित्रं यजामहे ।

આ બનાવ ઈ.સ. પૂર્વેના ૧૭૫ માં વર્ષનો છે. પતંજલિનો પણ એ જ સમય છે. એ વખતે મગધનો રાજા અને પતંજલિનો યજમાન પુષ્યમિત્ર હતો. पुष्यमित्रं यजामहे।

પુષ્યમિત્ર પછી એનો પુત્ર અગ્નિમિત્ર ભારતનો સમ્રાટ થયો. એને પણ અમરકોષની એક ટીકામાં ચક્રવર્તી તરીકે ઓળખાવ્યો છે. અગ્નિમિત્રના સિક્કા બરાબર બૃહસ્પતિમિત્રના જેવા જ રૂપ અને એવા જ ઘાટના મળે છે. બૃહસ્પતિમિત્રના સિક્કા, અગ્નિમિત્રના સિક્કા પહેલાના ગણાય છે. બૃહસ્પતિમિત્રનો સગપણ-સંબંધ અહિછત્ર રાજાઓ સાથે હતો. આ અહિછત્ર બ્રાહ્મણ હતા એમ કોસમ-પભોસાનો શિલાલેખ સાબિત કરે છે. મેં પુષ્યમિત્ર (જે શૃંગવંશનો બ્રાહ્મણ હતો) અને બૃહસ્પતિમિત્રને એક જ માન્યા છે. પુષ્ય નક્ષત્રનો સ્વામી બૃહસ્પતિ છે. મારી આ માન્યતા યુરોપના કેટલાક આગળ પડતા ઇતિહાસકારોને રૂચિ છે.

બૃહસ્પતિમિત્ર મગધનો રાજા હતો એ તો નક્કી છે. આ નામ પંડિત ભગવાનલાલ ઇંદ્રજી વગેરેએ "બહુપતિ સાસિન" વાંચેલું. એ પણ એક નામ છે એમ એમને નહોતું સમજાયું.

જૈન ગ્રંથોમાં લખ્યું છે કે ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં જૈન સાધુઓ અને પંડિતોની એક પરિષદ મળી હતી અને જે જૈન આગમો (અંગ) વિચ્છિન્ન થઈ ગયા હતાં તેનો પુનરૂદ્ધાર કર્યો. આ ઉદ્ધાર ઘણાખરા જૈનો મંજૂર નથી રાખતા. આ શિલાલેખમાં લખ્યું છે કે મૌર્યકાળમાં વિચ્છિન્ન થયેલા અંગસપ્તિના ચોથા ભાગનો ખારવેલે પુનરૂદ્ધાર કર્યો.

જૈનોની તપશ્ચર્યા સંબંધી વાત પણ આ લેખમાં છે. જીવ અને દેહ સંબંધી જૈન વિજ્ઞાનની વાતનો પણ એમાં ઉલ્લેખ છે.

ખારવેલ ચેદી વંશનો હતો. કલિંગનો પ્રથમનો રાજવંશ નાશ પામી ચૂક્યો હતો. અશોકે કલિંગ જીત્યા પછી ત્યાં પોતાનો એક વાઈસરોય (ઉપ રાજકુમાર) નીમી દીધો હતો. પણ બૃહસ્પતિમિત્રના સમય પહેલાં થોડા વખત ઉપર એક નવો રાજવંશ સ્થાપિત થઈ ગયો હતો, એજ રાજવંશની ત્રીજી પેઢીએ નવયુવાન અને બહાદુર ખારવેલ થયા. ચેદી વંશનો ઈશારો વેદમાં છે તે બિરાર (વિદર્ભ)માં રહેતો. ત્યાંથી છત્તીસગઢ થઈને મહાકૌશલ થઈને, કલિંગ પહોંચી ગયો હશે. ખારવેલના સમયમાં પશ્ચિમમાં સાતકર્ણી મહારાજાનો રાજઅમલ ચાલતો. શિલાલેખોમાં એના વંશનું નામ સાતવાહન લખ્યું છે. પ્રાકૃત અને સંસ્કૃત ગ્રંથો એને શાલવાહન કહે છે. સાતવાહનોનો પ્રથમ શિલાલેખ ઈ.સ. પૂર્વે ૨૦૦ વર્ષના અક્ષરોમાં અંકાયેલો નાના ઘાટ (નાસિક પ્રદેશ)માંથી મળ્યો છે.

ખારવેલ એક વરસ દિગ્‌વિજય માટે નીકળતા તો બીજે વર્ષે મહેલો વગેરે બનાવડાવતા, દાન દેતા અને પ્રજાહિતનાં બીજા કામોમાં તલ્લીન રહેતા. બીજી ચઢાઈમાં એમને સફળતા મળી એટલે રાજસૂય કર્યો. વર્ષભરના કરવેરા માફ કર્યા અને બીજા પણ નવા હક્ક પ્રજાને આપ્યા. એમની આક્રમણ કરવાની શૈલી ઘણી તેજીલી હતી. સમસ્ત ભારતવર્ષમાં, ઉત્તરાપંથથી લઈ પાંડ્ય દેશ સુધીમાં એની વિજયવૈજયંતિ ફરકી રહી. એમની સ્ત્રીએ, ખારવેલનો એક ચક્રવર્તી તરીકે જે પરિચય કરાવ્યો છે તે યથાર્થ છે. કલિંગ પ્રાંતની અસ્મિતા એ વખતે એની છેલ્લી સીમાએ પહોંચી ચૂકી હતી. ખારવેલની રાણીએ "કલિંગના સાધુઓ" માટે એક પ્રાસાદ કોતરાવી કાઢ્યો હતો. પોતાના પતિને વખતોવખત એ "કલિંગ ચક્રવર્તી" જ કહે છે. પોતાની જિનમૂર્તિને પણ એ "કલિંગ-જિન" કહે છે.

આશ્ચર્યની વાત છે કે જૈન ગ્રંથોમાં ચેદીરાજ ખારવેલના નામનો ઈશારો સરખો પણ નથી. પુરાણોમાં કોશલના જે "મેઘ" ઉપાધિધારીઓની વાત આવે છે તે કદાચ આ "મહામેઘવાહન" ઉપાધિવાળા ખારવેલના વંશની હોય તો ના નહિ.

હિંદુ રાજાઓના સમયમાં આજના કરતાં પણ ઘણી સારી વસતી-ગણતરી થઈ શકતી. પશુ, ગોધન, પેદાશ વગેરેના આંકડા પણ તૈયાર જ રહેતા. એમ કૌટિલીય અર્થશાસ્ત્રના આધારે સમજાય છે. મેગાસ્થનીસે પણ પ્રજાના જન્મ-મરણના આંકડા, મૌર્યોના સમયમાં તૈયાર રહેતા હોવાનું જણાવ્યું છે. પંડિત ભગવાનલાલ ઈંદ્રજી એ હકીકત નહોતા જાણતા, તેથી ખારવેલના પ્રથમ રાજ્યવર્ષના અહેવાલમાં જે વસતી ગણતરી આપી છે તેનો અર્થ ઉકેલી શક્યા નહિ. આજના ઓરીસા કરતાં, કલિંગ ઘણું મોટું હતું. આંધ્ર દેશ-તૈલ નદી સુધી એના સીમાડા પહોંચતા હતા. કલિંગની વસતી, ખારવેલના પહેલા વર્ષમાં ૩૫ લાખની હતી.

એ ગણતરી કેટલી ચોકક્સ હતી તે જાણવાનું એક સાધન આપણી પાસે છે. લગભગ ૭૫ યા ૧૦૦ વર્ષ પહેલાં અશોકે જ્યારે કલિંગમાં કાળો કેર વર્તાવ્યો, ત્યારે એક લાખ બંદીવાન બન્યા અને દોઢ લાખ ઘાયલ થયા-મરાયા, એવી મતલબનો અશોકે પોતે જ એક શિલાલેખમાં ઉદ્ગાર કાઢ્યો છે, તો પછી કલિંગની કુલ વસતી કેટલી હોવી જોઈએ ?

જર્મન યુદ્ધ શાસ્ત્રીઓએ હિસાબી દૃષ્ટિએ એવો નિર્ણય કર્યો છે કે, કુલ વસતીમાંથી સેંકડો પંદર જણ પોતાના દેશની સ્વતંત્રતા માટે લડવા બહાર પડે છે. આ હિસાબે અશોકના વખતમાં કલિંગમાં ૩૮ લાખની વસતી હોવી જોઈએ. આ રીતે ખારવેલના સમયમાં ૩૫ લાખ મનુષ્યોની વસતી હશે.

**શિલાલેખનું પ્રમાણ :** શિલાલેખ ૧૫ ફૂટથી સહેજ વધુ લાંબો અને પાંચ ફૂટથી સહેજ વધુ પહોળો છે. ઘણા કારીગરોના ટાંકણાં એની ઉપર ફરી ગયા હશે, કારણ કે અક્ષરો કંઈ એક જ જાતના નથી.

**લેખ ભાષા :** ભાષા પાલીને બહુ મળતી આવે છે. એના પ્રયોગો પણ જાતક તથા બૌદ્ધપિટકોને મળતા છે. શબ્દની છટા એમ બતાવે છે કે લેખનો રચયિતા કાવ્યકુશળ હોવો જોઈએ. શબ્દો ચૂંટેલા છે : શૈલી સંક્ષિપ્ત છે, સૂત્રોની સાથે પણ સ્પર્ધા કરે એવી.

**વૈદિક વિધિના નિર્દેશ :** ખારવેલનો મહારાજ્યાભિષેક વિધિપુરસર થયો હતો. એ એક જાતનો વૈદિક વિધિ હતો. બૃહસ્પતિ-સૂત્રમાં લખ્યું છે કે ૨૪ વર્ષની વય પછી રાજ્યાભિષેક થવો જોઈએ. આ શિલાલેખથી એ વિધિનો નિર્દેશ મળે છે. ખારવેલ પોતે જૈન હોવાથી અશ્વમેધયજ્ઞ નથી કર્યો, પણ રાજસૂય યજ્ઞ કરીને તેણે પોતાનું સાર્વભૌમપદ જગતને જાહેર કર્યું છે એજ લેખમાં પોતાના ચેદી વંશને રાજર્ષિ-કુલ-વિનિઃસૃત કહ્યો છે. અગ્નિકુંડથી સજ્જિત મકાનો બ્રાહ્મણોને દાનમાં આપ્યાનો નિર્દેશ પણ છે. સોનાના ઝાડ બનાવીને એ વખતે રાજાઓ બ્રાહ્મણોને આપતા, એ મહાદાન ગણાતું. ખારવેલે આવું એક કલ્પવૃક્ષ બનાવીને દાનમાં દીધું હતું. એ દાનનું અનુસંધાન હેમાદ્રિના ચતુર્વર્ગચિંતામણી (દાનખંડ)માં છે.

**રાજા વેન અને શ્રી વર્ધમાન :** ખારવેલને રાજા વેન સાથે સરખાવ્યો છે. આ સરખામણી, ખારવેલના દિગ્વિજયને આભારી છે. વેન રાજાએ આખી પૃથ્વી જીતી લીધી હોવાનું મનાય છે. વેન રાજાના શાસનકાળમાં કાયદા-કાનૂન ઘણાં સારાં હતાં. મનુસ્મૃતિ પણ એ વાતને અનુમોદન આપે છે. પદ્મપુરાણમાં વેનને એક જૈન રાજા તરીકે ઓળખાવ્યો છે. જૈનોમાં વેન રાજાની ભારે પ્રતિષ્ઠા હોવી જોઈએ એમ લાગે છે.

ભગવાન મહાવીરનું બાળપણનું પિતા-માતાએ આપેલું નામ વર્ધમાન હતું. એમના જન્મ સાથે જ, કુટુંબની ઋદ્ધિ-સમૃદ્ધિ ખૂબ ઉભરાવા લાગી. તેથી એમનું નામ વર્ધમાન પડી ગયું. ખારવેલની પ્રશસ્તિમાં જે કહેવાયું છે, તેમાં વર્ધમાન શ્લેષાત્મક હોય એમ લાગે છે. "નાનપણમાં જે વર્ધમાન હતા (અથવા છે) અને દિગ્વિજયમાં જે વેન હતા (અથવા છે)" શ્રી મહાવીર સ્વામીનું નામ સમ-સામયિક હોવાનું આથી સિદ્ધ થાય છે. અહીં એટલું કહી દેવું જોઈએ કે, આ શિલાલેખ જેટલો પુરાણો છે તેટલો પુરાણો કોઈ જૈન ગ્રંથ મળી શક્યો નથી.

અંગ્રેજીમાં તો મેં આ શિલાલેખ સંબંધી ઘણીવાર વિવરણ લખ્યાં છે. લોકભાષામાં ટૂંકમાં આજે અહીં આટલું દિગ્દર્શન માત્ર કરાવ્યું છે.

●

## प्राकृत मूलपाठ / संस्कृत छाया ગુજરાતીઅનુવાદ

**पंक्ति १ :** नमो अराहंतानं [।] नमो सवसिधानं [।] ऐरेन महाराजेन माहामेघवाहनेन चेतिराजवसवधनेन पसथ-सुभलखनेन चतुरंतलुठितगुनोपहितेन कलिंगाधिपतिना सिरि खारवेलेन ।

**सं. छाया :** नमोऽर्हद्भ्यः [।] नमः सर्वसिद्धेभ्यः [।] ऐलेन महाराजेन महामेघवाहनेन चेदिराजवंशवर्धनेन प्रशस्तशुभलक्षणेन चतुरन्त-लुठितगुणोपहितेन कलिङ्गाधिपतिना श्रीक्षारवेलेन ।

(૧) અરિહંતોને નમસ્કાર, સિદ્ધોને નમસ્કાર, ઐર(ઐલ) મહારાજ, મહામેઘવાહન (મહેંદ્ર) ચેદિરાજ-વંશવર્ધન, પ્રશસ્ત લક્ષણવાળા, ચારે દિશાઓમાં ફેલાયેલા ગુણવાળા, કલિંગાધિપતિ શ્રી ખારવેલે.

**पंक्ति २ :** पंदरसवसानि सिरि-कडार सरीरवता कीडिता कुमार-कीडिका [।] ततो लेखरुपगणना ववहार विधिविसारदेन सवविजावदातेन नववसानि योवरजं पसासितं [।] संपुणचतु-वीसति-वसो तदानि वधमान-सेसयो वेनाभिविजयो ततिये ।

**सं. छाया :** पञ्चदशवर्षाणि श्रीकडारशरीरवता क्रीडिताः कुमारक्रीडाः [।] ततो लेख्यरूपगणनाव्यवहारविधिविशारदेन सर्वविद्या-वदातेन नववर्षाणि यौवराज्यं प्रशासितम् [।] सम्पूर्ण चतुर्विंशतिवर्षस्तदानीं वर्धमानशैशवो वेनाभिविजयस्तृतीये ।

(૨) પંદર વર્ષ, ગૌરવર્ણવાળા શરીરથી બાળક્રીડામાં વીતાવ્યાં, તે પછી લેખ્ય (સરકારી આજ્ઞાપત્રિકા) રૂપ (ટંકશાળ) ગણના (સરકારી મહેસુલની આવક તથા ખર્ચ) કાયદાકાનૂન (વહેવાર) અને ધર્મ (વિધિ, શાસ્ત્રો)માં વિશારદ બની, સર્વ વિદ્યાવદાન (સર્વ વિદ્યાઓમાં પારંગતતા પ્રાપ્ત કરી) યુવરાજપદને વિષે નવ વર્ષ લગી શાસન કર્યું. પછી જ્યારે ચોવીસ વર્ષ પૂરાં થયાં ત્યારે, નાનપણથી જ જે વર્ધમાન છે, અભિવિજયમાં વેનરાજા સમાન છે તેમનો ત્રીજા.

**पंक्ति ३ :** कलिंगराजवंस-पुरिसयुगे माहारजाभिसेचनं पापुनाति [।] अभिसितमतो-च पधमे वसे वात विहत-गोपुर-पाकार-निवेसनं पटिसंखारयति [।] कलिंगनगरि [ी]खबीर-इसि-ताल तडाग-पाडियो च बंधापयति [।] सवुयान-पटिसंठपनं च ।

**सं. छाया :** कलिंगराजवंश-पुरुष-युगे महाराज्याभिषेचनं प्राप्नोति [।] अभिषिक्तमात्रश्च प्रथमे वर्षे वातविहतं गोपुरप्राकार-निवेशनं प्रतिसंस्कारयति [।] कलिङ्गनगर्याम् खिबीरर्षि (ऋषि-क्षिबीरस्य तल्ल-तडागस्य) तल्ल तडाग पालीश्च बन्धयति [।] **सर्वोद्यान प्रतिसंस्थापनञ्च ।**

(૩) પુરૂષયુગમાં (ત્રીજી પેઢીએ) કલિંગના રાજવંશમાં મહારાજ્યાભિષેક થયો. અભિષેક પછી પ્રથમ (રાજ્ય) વર્ષમાં, ઝંઝાવાતથી પડી ગયેલા (રાજધાનીના) કિલ્લા, દરવાજા વગેરે સમરાવ્યાં. કલિંગનગરી (રાજધાની)માં ઋષિ ખિવીરના તળાવ-નવાણના પાળા બંધાવ્યા. બધા બગીચાના પુનરૂદ્ધાર કર્યા.

**पंक्ति ४ :** कारयति [।] पनतीसाहि सतसहसेहि पकतियो च रंजयति [।] दुतिये च वसे अचितयिता सातकंणि पछिमदिसं हय गज नर रध बहुलं दंडं पठापयति [।] कन्हवेंनां गताय च सेनाय वितासितं मुसिकनगरं [।] ततिये पुन वसे ।

**सं. छाया :** [॥] कारयति [।] पञ्चत्रिंशद्भिः शतसहस्रैः **प्रकृतीश्च** [पञ्चत्रिंशच्छतसहस्रैः प्रकृतीः परिच्छिद्य परिगणय्य इत्येतदर्थे तृतीया.] रञ्जयति [।] द्वितीये च वर्षे अचिन्त-यित्वा सातकर्णि **पश्चिमदेशं** [दिक् शब्दः पालीप्राकृते विदेशार्थोऽपि] हय गज नर रथ बहुलं दण्डं प्रस्थापयति [।] कृष्णवेणां गतया च सेनया वित्रासितं मूषिकनगरम् [।] तृतीये पुनर्वर्षे ।

(૪) ૪૫ લાખ જેટલી રૈયતને રાજી કરી, બીજા વર્ષમાં સાતકર્ણિ (રાજા)ની લેશમાત્ર પરવા કર્યા વિના પશ્ચિમ દિશામાં, ઘોડા, હાથી, પાયદલ તથા રથવાળી એક મોટી ચઢાઈ કરવા સારું રવાના કરી કન્હબેના (કૃષ્ણવેણા) નદીને આરે આવેલી આ સેનાએ મૂષિક-નગરને થથરાવી દીધું. પછી ત્રીજા વર્ષમાં.

**पंक्ति ५ :** गंधव वेदबुधो दंप नत गीत वादित संदसनाहि उसव-समाज कारापनाहि च कीडापयति नगरिं [।] तथा चवुथे वसे विजाधराधिवासं अहतपुवं कालिगपुवराजनिवेसितं.... वितध मकुटसबिलमढिते च निखित छत-

**सं. छाया :** गान्धर्ववेदबुधो दम्प-नृत-गीतवादित्र-सन्दर्शनैरुत्सवसमाज-कारणैश्च क्रीडयति नगरीम् [।] तथा चतुर्थे वर्षे विद्या-धराधिवासम् अतपूर्वं कलिङ्ग-पूर्वराजनिवेशितं.... वितथम-कुटान साधित-बिल्मांश्च निक्षिप्त- छत्र ।

(૫) એમણે ગંધર્વવેદના પંડિતો પાસે ડફ, નૃત્ય, ગીત, વાજીંત્રના સંદર્શનો (જલસાઓ) કરાવ્યા અને ઉત્સવ, નાટક, મલ્લકુસ્તીના ખેલો ખેલાવી નગરીને હુલાવી બહલાવી. ચોથા વર્ષમાં, વિદ્યાધરાવાસ કે જે કલિંગના પ્રથમના રાજાઓએ બંધાવ્યું હતું. જે પહેલાં કોઈ દિવસ નહોતું પડ્યું........(અહીં અક્ષરો ઉડી ગયા છે) જેના મુકુટ નકામા બની ગયા છે. જેના બખતરનાં બંને છેડા તૂટી પડ્યાં છે, જેના છત્ર વીંધાઈને ભાંગી પડ્યા છે.

**पंक्ति ६ :** -भिंगारे हित-रतन-सापतेये सवरठिक भोजके पादे वंदापयति [।] पंचमे च दानि वसे नंदराज- ति- वस-सत ओघाटितं तनसुलिय-वाटा पनाडिं नगरं पवेस [य] ति [।] सो.... भिसितो च राजसुय [ ं ] संदस-यंतो सव-कर-वणं ।

**सं. छाया :** भृङ्गारान् हृत- रत्न- स्वापतेयान् सर्वराष्ट्रिक भोजकान् पादावभिवादयते [।] पञ्चमे चेदानीं वर्षे नन्दराजस्य त्रिशत वर्षे अवघट्टितां तनसुलियवाटात् प्रणालीं नगरं प्रवेशयति [।] सो (ऽपि च वर्षे षष्ठे) ऽभिषिक्तश्च राजसूयं सन्दर्शयन् सर्व-कर- पणम् ।

(૬) અને જેના ભૃંગાર એટલે કે સોના-રૂપાના રાજચિહ્નો ઝૂંટવી લેવાયા છે, જેના રત્ન તથા ધન પડાવી લીધા છે એવા બધા રાષ્ટ્રિક ભોજકો પાસે ચરણવંદના કરાવી. હવે પાંચમા વર્ષે, નંદરાજના ૧૦૩ વર્ષે (સંવતમાં) નહેર ખોદાવી, તનસુલીય સડકને માર્ગે થઈને રાજધાનીની

અંદર લઈ આવ્યા. (છઠ્ઠા વર્ષમાં) અભિષેક પછી, રાજસૂય જાહેર કરીને કરના બધા નાણાં.

**पंक्ति ७ :** अनुगह अनेकानि सतसहसानि विसजति पोरं जानपदं [।] सतमं च वसं पसासतो विजिरघरव [ ँ ] ति-घुसित- घरि-नीस [मतुकपद] पुंना (ति? कुमार).... [।] अठमे च वसे महता सेना... गोरधगिरिं ।

**सं. छाया :** अनुग्रहाननेकान् शतसहस्त्रं विसृजति पौराय जानपदाय [।] सप्तमं च वर्षं प्रशासतो वज्रगृहवती घुषिता गृहिणी (सन् मातृक पदं प्राप्नोति ?) [कुमारं]...... [।] अष्टमे च वर्षे महता सेना... गोरथ गिरिं ।

(૭) માફ કર્યા : ઘણા નવા હક્ક (અનુગ્રહ) લાખો શહેરીઓને બક્ષ્યા. સાતમા વર્ષમાં રાજશાસન કરતા (ખારવેલે) પોતાની ગૃહિણી વજ્રધરવાળી ધુષિતા (એ નામવાળી યા તો "પ્રસિદ્ધિ") માતૃત્વની પદવીને પામી (?)! (આ પાઠ અને એનો અર્થ પણ સંદિગ્ધ છે.) આઠમા વર્ષમાં મહા....સેના ગોરથગિરિ (એ આજે બરાબર પહાડના નામથી ઓળખાય છે. જૂના વખતના એ પહાડી કિલ્લાની કિલ્લેબંધી આજે પણ મોજૂદ છે.)

**पंक्ति ८ :** घातापयिता राजगहं उपपीडापयति [।] एतिनं च कंमा-पदानंसंनादेन संवित-सेन- वाहनोविपमुंचितु मधुरं अपयातो यवनराज डिमित.... [मो] ? यछति [वि]..... पलव...

**सं. छाया :** घातयित्वा राजगृहमुपपीडयति [।] एतेषां च कर्मावदान-संनादेन संवीतसैन्य- वाहनो विप्रभोक्तं मथुरामपयातो यवनराजः डिमित..... [मो?] [नवमे वर्षे इत्येतस्य मूलपाठो नष्टेन्तार्हताक्षरेषु.] यच्छति (वि)..... पल्लव....

(૮) (ગોરખગિરિ)ને ભેદી, રાજગૃહ ઉપર થાપો માર્યો. એની આ શૌર્ય-કહાણી સાંભળી યુનાની રાજા ડિમિત, સેના અને ખાધાખોરાકી માંડમાંડ ભેગી કરીને, મથુરા છોડીને પાછે પગલે નાસી ગયો. નવમા વર્ષે એણે (ખારવેલે) દાન કર્યું. પત્રો (પાનવાળા).

**पंक्ति ९ :** कपरुरवे हय-गज-रध-सह-यंते सवघरावास-परिवसने स-अगिण ठिया [।] सव- गहनं च कारयितुं बम्हणानं जातिं परिहारं ददाति [।] अरहतो.... व...न...गिय ।

**सं. छाया :** कल्पवृक्षान् हयगजरथान् सयन्तृन् सर्वगृहावास-परिवसनानि साग्निष्ठिकानि [।] सर्वग्रहणं च कारयितुं ब्राह्मणानां जातिं पारिहारं ददाति [।] अर्हतः...व...न... गिया (?)

(૯) કલ્પવૃક્ષનું (સોનાનું કલ્પવૃક્ષ બનાવવામાં આવે છે. અને મહાદાનની કોટિમાં ગણવામાં આવ્યું છે.) અને તે સાથે ઘોડા, હાથી, સારથીઓ સાથે રથ અને અગ્નિકુંડવાળી શાળાઓ તથા મકાનોના પણ દાન દીધાં. એ દાન જેમણે સ્વીકાર્યા તેમને-બ્રાહ્મણોને જાગીરો પણ આપી. અર્હતની

**पंक्ति १० :** .....[क]. f. मान [ति] रा[ज]-संनिवासं महाविजयं पासादं कारयति अठतिसाय सतसहसेहिं [।] दसमे च बसे दंड संधी-साम मयो भरध- वस- पठानं महि- जयनं.... ति कारापयति....[निरितय] उयातानं च मनि- रतना [नि] उपलभते [।]

**सं. छाया :** ......[क] f..... मानति (?) राजसन्निवासं महाविजयं प्रासादं कारयति अष्टात्रिंशता शतसहस्रैः [।] दशमे च वर्षे दण्ड-सन्धि-साममयो भारतवर्षप्रस्थानं महि-जयनं.... ति कारयति.... (निरित्या?) उद्यातानां च मणिरत्नानि उपलभते [।]

(૧૦) ભવ્ય ઈમારત (રાજસંનિવાસ)-મહાવિજય (નામનો) પ્રાસાદ એમણે અડતાલીસ લાખ (પણ રૂપિયા) ખર્ચીને બંધાવ્યો. દસમે વર્ષે દંડ-સંધિ-સામ (નીતિ)ના જાણકાર (એવા ખારવેલે) પૃથ્વીતળ ઉપર વિજય વર્તાવવા ભારતવર્ષમાં પ્રસ્થાન કર્યું...જેના ઉપર આક્રમણ કરી, એનાં મણિ-રત્ન લઈ લીધાં.

**पंक्ति ११ :** ......मंडं च अवराजनिवेसितं पीथुड गदभ- नंगलेन कासयति[f] जनस दंभावनं च तेरसवस- सतिक [ ] तु भिदति तमरदेहसंघातं [।] बारसमे च वसे.... हस.... के. ज. सवसेहि वितासयति उतरापथ- राजानो.....

**सं. छाया :** .....मण्डं-च अपराजनिवेशितं पृथुल- गर्दभ- लाङ्गलेन कर्षयति जिनस्य दम्भापनं त्रयोदश वर्ष-शतिकं तु भिनत्ति तामर- देह संघातम् [।]द्वादशे च वर्षे....भिः वित्रासयति उत्तरा-पथराजान् (एकादशे वर्षे इत्येतस्य मूलपाठो नष्टो गलितशिलायाम्)

(૧૧) (અહીંથી લઈને બાકીની બધી પંક્તિઓના, બાર જેટલા આદિ અક્ષર, પથ્થરના પોપડાં સાથે ઉખડી ગયાં છે.) (અગીયારમા વર્ષે) દુષ્ટ રાજાઓએ બંધાવેલા મંડપ તથા બજાર, મોટાં ગધેડાઓને હળમાં જોડી, ખેડાવી નાંખ્યા. જિન (ભગવાન)નો ખોટો ડોળ દાખવતી, એકસોતેર વર્ષ જૂની સીસાની મૂર્તિઓ તોડી નાંખી. બારમા વર્ષમાં ઉત્તરાપથના રાજાઓ પાસે તોબાહ પોકરાવી.

**पंक्ति १२ :** ......मगधानं च विपुलं भयं जनेतो हथी सुगंगीय [ ं ] पाययति [।] मागधं च राजानं वहसतिमितं पादे वंदापयति [।] नंदराज-नीतं च कालिंग- जिनं संनिवेसं.... गहं- रतनान पडिहारे हि अंगमागध-वसुं च नेयाति [।]

**सं. छाया :** .....मगधानाञ्च विपुलम्भयं जनयन् हस्तिनः सुगाङ्गेय प्राययति [।] मागधञ्च राजानं बृहस्पतिमित्रं पादाव-भिवादयते (।) नन्दराजनीतञ्च कालिङ्गजिनसन्निवेशं.... गृहरत्नानां प्रतिहारैराङ्ग- मागध-वसूनि च नाययति

(૧૨) મગધવાળાઓને ગભરાવી દેતાં તેણે પોતાના હાથીઓ સુગાંગેય મહેલ (મૂળ ચંદ્રગુપ્તનો મહેલ) પાસે ખડા કરી દીધા. મગધના રાજા બૃહસ્પતિ મિત્રને પોતાના પગમાં નમાવ્યો, તથા નંદ રાજા, જે કલિંગની જિનમૂર્તિ લઈ ગયો હતો તે તેમજ ગૃહ-રત્નો વગેરે પ્રતિહારો પાસેથી પડાવી, અંગ મગધનું ધન હરી લીધું.

**पंक्ति १३ :** .....तु [ ं ] जठरलिखिल- बरानि सिहरानि नीवेसयति सतवेसिकनं परिहारेन (।) अभुतमछरियं च हथि-नावन परीपुंर सव-देन हय- हथी रतना (मा) निकं पंडराजा चेदानि अनेकानि मुतमणिरतनानि अहरापयति इध सतो ।

**सं. छाया :** .....तुं जठरोल्लिखितानि वराणि शिखराणि निवेशयति शतवेशिकानां परिहारेण [।] अद्‌भूतमाश्चर्यञ्च हस्तिनावां पारिपूरम् सर्वदेयं हय- हस्ति- रत्न- माणिक्यं पाण्डय-राजात् चेदानीमनेकानि मुक्तामणिरत्नानि आहारयति इह शक्तः [।]

(૧૩) અંદરથી ઉપસાવેલા (અથવા બંધાવેલા) મોટા સુંદર શિખર નિર્માવ્યાં: તે સાથે સો કારીગરોને જાગીરો આપી. અદ્‌ભુત-આશ્ચર્યકારક, હાથીઓ લાવવા-લઈ જવાના જહાજોમાં ઘણા હાથી-ઘોડા, રત્ન, માણિક્ય જેવા નજરાણાં પાંડય રાજા તરફથી આવ્યાં. (પછીનો ભાગ બરાબર સમજાતો નથી.)

**पंक्ति १४ :** ......सिनो वसीकरोति [।] तेरसमे च वसे सुपवत विजय- चक- कुमारी पवते अरहिते [य ?] प- खीण संसितेहि कायनिसीदीयाय याप ञावकेहि राजभितिनि चिनवतानि वसासितानि [।] पूजाय रत-उवास- खारवेल- सिरिना जीवदेह सिरिका परिखिता [।]

**सं. छाया :** ......सिनो वशीकरोति [।] त्रयोदशे च वर्षे सुप्रवृत्त-विजयचक्रे कुमारी- पर्वतेऽर्हिते प्रक्षीण- संसृतिभ्यः कायिकनिषीद्यां यापज्ञापकेभ्यः राज- भृतीश्चीर्णव्रताः [एव?] शासिताः [।] पूजायां रतोपासेन क्षारवेलेन श्रीमता जीव-देह श्रीकता परीक्षिता [।]

(૧૪) ......સ્ત્રીઓને વશ કર્યાં. તેરમાં વર્ષમાં પૂજ્ય કુમારિ-પર્વત ઉપર (જ્યાં આ લેખ છે તે ખંડગિરિ-ઉદયગિરિ) જ્યાં (જૈન-ધર્મનું) વિજયચક્ર સુપ્રવૃત્ત છે, પ્રક્ષીણ-સંસૃતિ-જેના જન્મ-મૃત્યુની ઘટમાળ નાશ પામી છે, કાયનિષીદી (સ્તૂપ) ઉપર રહેનારાઓ, પાપ - જ્ઞાપકો - (પાપ બતાવનારાઓ)ને માટે વ્રત પૂરા થયા પછી રાજભૃતિ કાયમ કરવામાં આવી- અર્થાત્ આજ્ઞા અપાઈ - પૂજામાં ઉપવાસ કરીને ખારવેલશ્રીએ જીવ અને દેહની પરીક્ષા કરી (જીવ-અજીવનો બોધ પ્રાપ્ત થયો).

**पंक्ति १५ :** .....[सु] कति-स मणसुविहितानं [नुं?] च सत दिसानं (नुं?) ञानिनं तपसि- इसिनं संघियनं [नुं?] [;] अरहत निसीदिया समीपे

पभारे वराकर-स मुथपिताहि अनेक-योजना हिताहि प. सि. ओ... सिलाहि सिंहपथ- रानिसि [ ] धुडाया निसयानि ।

**सं. छाया :** .....सुकृति- श्रमणानां सुविहितानां शतदिशानां तपस्वि-ऋषीणां सङ्घिनां [।] अर्हन्निषीद्याः समीपे प्राग्भारे वराकरसमुत्थापिताभिरनेकयोजनाहृताभि.... शिलाभिः सिंहप्रस्थीयायै राज्यै सिन्धुडायै निःश्रयाणि ।

(૧૫) સુકૃતિ શ્રમણ સુવિહિત, સેંકડો દિશાઓના જ્ઞાની, તપસ્વી, ઋષિ, સંઘી લોકોના... અર્હતની નિષીદી પાસે પહાડ ઉપર, સરસ ખાણોમાંથી કાઢેલા, અનેક યોજનો ઉપરથી મંગાવેલાં..પથ્થરોથી સિંહપ્રસ્થવાળી રાણી સિંધુલાને સારુ નિઃશ્રય....

**पंक्ति १६ :** ....घंटालक्तो चतरे वेडूरियगभे थंभे पतिठापयति [,] पान-तरिया सत-सहसेहि [।] मुरियकाल वोछिंनं च चोयठि अंग-सतिकं तुरियं उपादयति [।] खेमराजा स वढराजा स भिखुराजा धमराजा पसंतो सुनंतो अनुभवंतो कलाणानि ।

**सं. छाया :** .....घण्टालक्तः [?] चतुरश्च च वैदूर्य्यगर्भान् स्तम्भान् प्रतिष्ठापयति [,] पञ्चसप्तशतसहस्रैः (।) मौर्यकाल-व्यवच्छिन्नञ्च चतुः षष्टिकाङ्गसप्तिकं तुरीयमुत्पादयति [।] क्षेमराजः स वर्द्धराजः पश्यन् श्रृण्वन्ननुभवन् कल्याणानि ।

(૧૬) .....ઘંટયુક્ત (૦) અને વૈદુર્યથી શણગારેલ ચાર સ્તંભવાળું સ્થાપન કર્યું. ૭૫ લાખના ખર્ચે મૌર્યયુગમાં વિચ્છિન્ન ચોસઠ અધ્યાયવાળા અંગ સપ્તિકના ચોથા ભાગનો ઉદ્ધાર કર્યો. આ ક્ષેમરાજના, વૃદ્ધિરાજના-ભિક્ષુરાજ-ધર્મરાજે કલ્યાણોને જોતા સાંભળતા અને અનુભવ કરતા ધર્મરાજે.

**पंक्ति १७ :** ....गुण-विसेस-कुसलो सव-पासंड- पूजको सव-देवायतन संकारकारको [अ] पतिहत- चकि वाहिनिबलो चक-धुरो गुतचको पवत-चको राजसि-वस-कुल विनिश्रितो महाविजयो राजा खारवेल सिरि ।

**सं. छाया :** ....गुण-विशेष-कुशलः सर्वपाषण्डपूजकः सर्व देवायतन संस्कारकारकः (अ) प्रतिहतचक्रि-वाहिनी- बलः चक्रधुरोगुप्तचक्रः प्रवृत्त-चक्रो राजर्षिवंशकुलविनिः सृतो महाविजयो राजा क्षारवेलश्रीः ।

(૧૭) ........છે ગુણવિશેષ કુશળ, સર્વ સંપ્રદાય વિશે સદ્‌ભાવ ધરાવનાર, સર્વ દેવમંદિરોને સમરાવનાર, કોઈથી જેના રથ તથા સૈન્યનો રોધ કરી શકાયો નથી. ચક્રના ધુરંધર, (રાજ્યના નેતા) ગુપ્ત (રક્ષિત) ચક્રવાળા, પ્રવૃત્ત ચક્રવાળા, રાજર્ષિ વંશ-કુલવિનિઃસૃત મહાવિજય, રાજા ખારવેલશ્રી.

**પરિશિષ્ટ સમાપ્ત**

●

: નોંધ :




વિ.સં.૨૦૪૭-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

## ।। नमो आयरियाणं ।।

जे पावभरक्कंते निवडंते भवमहंधकूवंमि ।
नित्थारयंति जीए ते आयरिए नमंसामि ॥

પાપના ભારથી ભારે બનીને, સંસારરૂપી મોટા ગોઝારા કૂવામાં પડતા જીવોને જે ઉગારી લે છે, તે આચાર્ય ભગવંતોને હું નમસ્કાર કરું છું.



સરિતા જેવા ઉપકારક

पंच प्रस्थान पुण्यस्मृति प्रकाशन सुरत